# ગુજરાતના ૧,૭૦૦ સહિત ભારતના ૩,૫૦૦ એજન્ટ્સ ઈડીના રડાર પરઃ કબૂતરબાજોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકામાં ટ્રમ્પ વહીવટી તંત્રએ ૩૩ ગુજરાતી સહિત ૧૦૪ ગેરકાયદે ભારતીયોને હાથકડી અને પગમાં સાંકળ પહેરાવીને અપમાનજનક રીતે દેશનિકાલ કરતાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો હતો. આ સાથે જ અમેરિકામાં ગેરકાયદે ઘુસાડતા એજન્ટોના નેટવર્કનો ઘટસ્ફોટ થયો છે. લોકોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસણઘોરી કરાવતા એજન્ટો સામે સરકારે કાર્યવાહી હાથ ધરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કહ્યું હતું કે, તે અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા ૪૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે અને ૮૫૦૦ નાણાકીય વ્યવહારો પર તેની ચાંપતી નજર હોવાનું કહ્યું હતું.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડાની સરહદે ડિંગુચા ગામના એક જ પરિવારના ચાર લોકોનાં મોતના પગલે ૨૦૨૩માં નોંધેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને એન્ટી-મની લોન્ડરિંગ કાયદા હેઠળ તેમણે તપાસ હાથ ધરી હતી, જેમાં ગુજરાતથી કેનેડા સ્થિત વિવિધ કૉલેજોમાં કરાયેલા ૮૫૦૦થી વધુ નાણાકીય વ્યવહારો શંકાસ્પદ હોવાનું જણાયું હતું.

ગુજરાત અને પંજાબ સ્થિત એજન્ટો વિરુદ્ધ ચાલી રહેલી તપાસ હેઠળ ઈડીને ભારતીયોને કેનેડા મોકલવા અને ત્યાંથી અમેરિકા લઈ જવા સંબંધિત ૪૦૦૦થી વધુ શંકાસ્પદ લેવડ-દેવડ જાણવા મળી હતી. આ એજન્ટ્સ નિયમિતરૂપે અલગ અલગ માર્ગથી લોકોને ગેરકાયદે રીતે અમેરિકા મોકલે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિદેશમાં ભંડોળ મોકલતી કેટલીક આંતરરાષ્ટ્રીય કંપનીઓ પર તેની ચાંપતી નજર છે. ઈડીએ એક વર્ષમાં ૩૫ દરોડા પાડયા હતા અને રૂા. ૯૨ લાખની સંપત્તિ જપ્ત કરી હતી.

તપાસ એજન્સીએ વધુમાં જણાવ્યું હતું કે, તેની તપાસમાં જણાયું છે કે ગુજરાતમાં અંદાજે ૧૭૦૦ એજન્ટ્સ અને સમગ્ર ભારતમાં અંદાજે ૩૫૦૦ એજન્ટ્સ ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘુસાડવાનું કામ કરતા હોવાનું મનાય છે, જેમાંથી ૮૦૦ એક્ટિવ છે. આ સિવાય કેનેડામાં ૧૧૨ કૉલેજોએ એક કંપની અને અન્ય કંપની સાથે ૧૫૦થી વધુ કૉલેજો સાથે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કરાર કર્યા છે. જેમને પાછળથી ગેરકાયદે રીતે અમેરિકામાં ઘુસાડવામાં આવે છે.

ઈડીની તપાસ રિપોર્ટમાં જણાવાયું હતું કે, તપાસ દરમિયાન જણાયું કે, કેનેડા સ્થિત કૉલેજોને ફીની ચુકવણી એબિક્સકેશના માધ્યમથી કરાતી હતી, જે નાણાકીય સર્વિસ કંપની છે અને વિદેશમાં નાણાં મોકલવાની સુવિધા પૂરી પાડે છે. એબિક્સકેશની પૂછપરછ કરતાં જણાયું કે, ૭ ડિસેમ્બર ૨૦૨૧થી ૯ ઑગસ્ટ ૨૦૨૪ સુધી ગુજરાતના વિદ્યાર્થીઓ તરફથી કેનેડા સ્થિત વિવિધ કૉલેજોમાં ૮૫૦૦માંથી લગભગ ૪૩૦૦ની ડુપ્લિકેટ લેવડદેવડ થઈ હતી, જે દર્શાવે છે કે એક જ વ્યક્તિ સાથે બે વખત લેવડ-દેવડ થઈ હતી. ઈડીને શંકા છે કે આ એક જ મોડસ ઓપરેન્ડીથી ૩૭૦ લોકો ગેરકાયદે રીતે અમેરિકામાં ઘૂસ્યા હતા. ■

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થું રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થું રદ કર્યું હતું. હવે પ્રાંત અધિકારી અને મામલતદારને પણ લોગબુકનો જ ઉપયોગ કરવો પડશે. રાજ્ય સરકારનો આ મહત્ત્વપૂર્ણ નિર્ણય હજારો કર્મચારીઓને અસર કરશે. સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદારને સરકારી કામકાજ અર્થે ફાળવવામાં આવેલા સરકારી પેટ્રોલ અને ડીઝલનાં વાહનો માટે કાયમી ભથ્થું ચૂકવાતું હતું. જોકે આ કાયમી ભથ્થું ચૂકવવાનો ૨૦૨૨નો પરિપત્ર મહેસૂલ વિભાગે રદ કર્યો હતો. હવે આ અધિકારીઓએ પણ લોગબુક અને તે માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. આ વાહનોમાં વપરાતાં પેટ્રોલ-ડીઝલની એક્ચ્યુઅલ કિંમત તેમ જ દૈનિક ભથ્થું આપવામાં આવશે.

આ અંગે સરકારે જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ હેઠળની જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારોને સરકારી કામકાજ અર્થે ફાળવવામાં આવેલ પેટ્રોલ/ડિઝલ સંચાલિત વાહનો માટે કાયમી મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવે છે. પેટ્રોલ-ડિઝલના ભાવોમાં થયેલ વધારા તથા દૈનિક ભથ્થાના દરોમાં થયેલો વધારો લક્ષમાં લઈ સરકારશ્રી પ્રાંત અધિકારી અને મામલતદારોને ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાના દરમાં વંચાણે લીધા ક્રમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા. ૦૧/૦૧/૨૦૨૨ના ઠરાવથી સુધારો કરવામાં આવ્યો હતો. ઉક્ત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકારમાં રજૂ કરેલ ફાઈલ ઉપર સરકારની તા. ૨૩/૦૧/૨૦૨૫ની નોંધથી મળેલી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની પ્રજાલક્ષી સતત ચાલતી પ્રવૃત્તિઓ, યોજનાઓ, કાર્યક્રમોને અસરકારક બનાવવા માટે ક્ષેત્રીય કામગીરી કરતા અધિકારીઓને અવાર-નવાર સરકારી વાહનનો ઉપયોગ કરવાનો થતો હોઈ વંચાણે લીધા ક્રમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા. ૦૧/૦૧/૨૦૨૨ના ઠરાવથી મહેસૂલ વિભાગ હસ્તકના પ્રાંત અધિકારી અને મામલતદારોને ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાની જગ્યાએ રાજ્ય સરકારના અન્ય અધિકારીઓની જેમ લોગબુક ઉપર લાવવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. ■

# અમદાવાદ રેલવે ડિવિઝનને મહાકુંભ ફળ્યો

### એક મહિનામાં ૧૮૬ કરોડ રૂપિયાની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ ખાતે યોજાયેલો મહાકુંભ ભારતીય રેલવેને ફળ્યો છે. જાન્યુઆરી મહિનામાં રેલવેના અમદાવાદ ડિવિઝનને રૂપિયા ૧૮૬.૪૫ કરોડની આવક થઈ છે. આમ, જાન્યુઆરીમાં રેલવેના અમદાવાદ ડિવિઝને દરરોજ સરેરાશ રૂપિયા ૬ કરોડથી વધુની આવક કરી છે. ઉનાળા કે દિવાળી વેકેશન કરતાં પણ મહાકુંભ દરમિયાન રેલવેને સૌથી વધુ આવક થઈ છે. અમદાવાદ ડિવિઝનને નવેમ્બરમાં આવક ૧૬૭.૬૨ કરોડ રૂપિયા, ડિસેમ્બરમાં ૧૭૫.૨૯ કરોડ રૂપિયા હતી, જે જાન્યુઆરીમાં વધીને ૧૮૬.૪૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદ રેલવેને દર મહિને સરેરાશ ૧૭૦ કરોડ રૂપિયાની આવક થતી હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે મહાકુંભને કારણે અનેક લોકોએ નવા નિયમ મુજબ ડિસેમ્બરથી જ એડવાન્સ બુકિંગ કરાવી લીધું હતું. સામાન્ય ટ્રેન હાઉસફૂલ થઈ જતાં અમદાવાદથી ૨૦થી વધુ કુંભ સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત થઈ હતી. આ પૈકીની મોટા ભાગની સ્પેશિયલ ટ્રેનો જાહેરાતની સાથે જ હાઉસફૂલ થઈ ગઈ છે. આ ઉપરાંત જાન્યુઆરી મહિનામાં રેલવે દ્વારા અમદાવાદ સહિત ડિવિઝનના વિવિધ સેક્શનમાં વિશેષ ચેકિંગ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી હતી. જાન્યુઆરી મહિનામાં કુલ ૨૪,૭૫૩ લોકોને ઝડપી તેમની પાસેથી ૧.૭૮ કરોડ રૂપિયા દંડ પેટે વસૂલ કરવામાં આવ્યા હતા. ૨૫ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી આરપીએફની મદદથી રેલવે અધિકારીઓના નેતૃત્વમાં વિશેષ ઝુંબેશ કરાઈ હતી. આ સમય દરમિયાન ટિકિટ વગર તેમ જ અન્ય કોચમાં મુસાફરી કરતા ૯૧૨૬ લોકોને ઝડપી તેમની પાસેથી દંડ પેટે ૬૪.૨૫ લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા. ■

# પાટીદાર અનામત આંદોલનના કેસ પરત ખેંચાતાં ઓબીસી અને આદિવાસી કેસ પણ પાછા ખેંચવા માગ ઊઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલા રાજદ્રોહના કેસ સરકારે પરત ખેંચવાનો નિર્ણય કર્યો હતો. સરકારના આ નિર્ણયથી ધારાસભ્ય હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયાને મોટી રાહત મળી હતી. જોકે આના કારણે રાજકારણ ગરમાયું છે. ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પાટીદાર સમાજના કેસો પાછા ખેંચવાના સરકારના નિર્ણયને આવકાર્યો હતો, પરંતુ ઓબીસી આંદોલન દરમિયાન થયેલા કેસો પણ પરત ખેંચવાની માંગણી કરી હતી. બીજી તરફ, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ સરકારના આ નિર્ણયને આવકારતાં આદિવાસી, ઓબીસી, ખેડૂતો અને રોજગારી માટે આંદોલન કરી રહેલા યુવાનો પરના કેસો પણ પાછા ખેંચવાની માંગણી કરી હતી.

ભાજપના ધારાસભ્ય અને ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોરે સરકારના આ પગલાને આવકારતાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજના કેસો પાછા ખેંચવાનો સરકારનો નિર્ણય યોગ્ય છે અને તેનાથી સમાજમાં સકારાત્મક સંદેશ જશે, પરંતુ અલ્પેશ ઠાકોર અહીં જ અટક્યા નહોતા. તેમણે સરકારને અપીલ કરી હતી કે, જેમ પાટીદાર સમાજના કેસો પાછા ખેંચવામાં આવ્યા છે, તેવી જ રીતે ઓબીસી, એસસી અને એસટી સમાજનાં આંદોલનો દરમિયાન થયેલા કેસોનો પણ સરકારે અભ્યાસ કરવો જોઈએ અને તે કેસોને પણ પાછા ખેંચવા જોઈએ.

આ સાથે, જ ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ ગુજરાત સરકાર દ્વારા પાટીદાર આંદોલનના કેસો પાછા ખેંચવાના નિર્ણયને આવકાર્યો હતો, પરંતુ માત્ર ઓબીસી, એસસી અને એસટી સમાજ જ નહીં, પરંતુ આદિવાસીઓ, ખેડૂતો અને રોજગારી માટે આંદોલન કરી રહેલા યુવાનો પરના ગંભીર કેસો પણ પાછા ખેંચવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં વિવિધ વર્ગો અને સમુદાયો દ્વારા થયેલાં આંદોલનો દરમિયાન ઘણા લોકો પર કેસો થયા છે અને જો સરકાર ન્યાયી અભિગમ અપનાવવા માંગતી હોય તો તમામ વર્ગના લોકોના કેસો પાછા ખેંચવા જોઈએ. ■

# કેનેડાના વર્ક પરમિટ વિઝા કાઢી આપવાનું કહી ગઠિયાએ અમદાવાદના બે લોકો પાસેથી ૫૦ લાખ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાએ તાજેતરમાં જ ગેરકાયદેસર ઘૂસેલા ૧૦૪ ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. જેમાં ૩૩ ગુજરાતીઓનો પણ સમાવેશ થયો હતો. અમેરિકાની આ કાર્યવાહી બાદ પણ લોકોને ગેરકાયદેસર રીતે વિદેશ જવાનો મોહ ઓછો થતો નથી. અમદાવાદની બે વ્યક્તિઓને કેનેડા જવું હોવાથી એક એજન્ટે તેમની પાસેથી કુલ ૫૦ લાખ લઈને વિઝા નહીં આપી ઠગાઈ આચરી હતી. જેની ફરિયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે આરોપી એજન્ટ રાહુલ શાહની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના રાંચરડામાં રહેતા મનોજભાઈ પટેલ અને તેમના મિત્ર ક્ષિતિજ પ્રજાપતિને દોઢ વર્ષ પહેલાં વર્ક પરમિટ વિઝા પર કેનેડા જવું હતું. મનોજભાઈના ભાણાએ અમદાવાદના ગોતામાં બ્લ્યૂસ્કાય વિઝા એન્ડ ઇમિગ્રેશનના સંચાલક રાહુલ શાહ પાસે વિઝાનું કામ કરાવ્યું હોવાથી મનોજભાઈ પણ રાહુલ શાહની ઑફિસે ગયા હતા. રાહુલ શાહે એક વ્યક્તિ દીઠ વિઝા પ્રોસેસનો ૨૫ લાખ ખર્ચ કહીને ડૉક્યુમેન્ટ મેળવ્યાં હતાં. બાદમાં પ્રોસેસ શરૂ કરી દીધી હોવાનું કહીને કેનેડાનો એપ્લિકેશન લેટર બતાવીને વધુ નાણાં મેળવી લીધાં હતાં.

આરોપી રાહુલ શાહે પીપીઆર રિકવેસ્ટ આવી હોવાથી પેમેન્ટ ક્લીયર કરી દેવાનું કહીને વધુ નાણાં પણ મેળવી લીધાં હતાં. પાસપોર્ટ જમા કરાવીને પરત આવી ગયા બાદ પણ વિઝા ન મળતાં ભોગ બનનારે રાહુલ શાહનો સંપર્ક કરતાં વિઝા નહીં મળે તો નાણાં પરત આપવાની બાંયધરી આપી હતી. આરોપી ૫૦ લાખ મેળવીને લાંબા સમય સુધી વિઝાનું કામ ન કરી આપીને ઑફિસ અને ફોન બંધ કરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે સોલા પોલીસે આરોપી રાહુલ શાહ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતમાં પીએમજયમાં ગેરરીતિ કરનારી ૭૧ હૉસ્પિટલ અને નવ તબીબોને યોજનામાંથી સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ખ્યાતિકાંડ બાદ સરકાર એક્શનમાં આવી હતી અને પીએમજય યોજનામાં ગેરરીતિ આચરતી હૉસ્પિટલોને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. ફેબ્રુઆરી-૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતમાં પીએમજયમાં ગેરરીતિ કરવા સાથે સંકળાયેલા હોય તેવા કુલ ૯ તબીબો અને ૭૧ હૉસ્પિટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હૉસ્પિટલો પાસેથી કુલ ૧૫.૦૮ કરોડ રૂપિયાની વસૂલાત કરાઈ છે અને ૧૯.૯૦ કરોડ રૂપિયાની રકમનો દંડ કરાયો છે.

અમદાવાદમાં ખ્યાતિ હૉસ્પિટલનું કૌભાંડ બહાર આવ્યા બાદ સરકાર જાગી હતી અને આ પ્રકારનાં કૌભાંડો કરનારી હૉસ્પિટલો અને ડૉક્ટરો સામે આકરાં પગલાં લેવાનું શરૂ કર્યું હતું. લોકસભામાં કૉંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પૂછેલા એક સવાલના જવાબમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ૭ ફેબ્રુઆરીએ આપેલા જવાબમાં જણાવ્યું હતું કે દેશભરમાં કુલ ૧૧૧૪ હૉસ્પિટલોને પીએમજયની પેનલમાંથી હટાવાઈ છે અને ૧૫૦૪ હૉસ્પિટલો ઉપર ૧૨૨ કરોડ રૂપિયાનો દંડ કરાયો છે. ૫૪૯ હૉસ્પિટલોને સસ્પેન્ડ કરાઈ છે. તેમાંથી ગુજરાતમાં ૯ તબીબો અને ૭૧ હૉસ્પિટલોને પીએમજય યોજનામાં ગેરરીતિ સબબ સસ્પેન્ડ કરાઈ છે. બે હૉસ્પિટલને પેનલમાંથી હટાવાઈ છે જ્યારે એક હૉસ્પિટલને બ્લેક લિસ્ટેડ કરાઈ છે. કેગના ૨૦૧૮થી ૨૦૨૧ના વર્ષ દરમિયાન પીએમજય યોજનાના ઑડિટ રિપોર્ટમાં દેશભરમાં એક જ નંબરથી કાર્ડનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોવાની વિગતો બહાર આવી હતી. તેમાં અનેક લાભાર્થીને ખોટી રીતે પણ જોડવામાં આવ્યા હતા. જોકે મંત્રાલય દ્વારા તેમાં એવી સ્પષ્ટતા કરાઈ હતી કે કેટલાક મામલામાં એવી વ્યક્તિઓ જેમની પાસે મોબાઇલ નંબર ન હોય તેમના કાર્ડ બનાવવા અધિકૃત ઓપરેટરોએ પોતાનો મોબાઇલ નંબર કે ૧૦ આંકડાના નંબરનો ઉપયોગ કર્યો હતો. ગુજરાતમાં આવા ૫૮૦૬૦ કિસ્સામાં એક જ નંબર પરથી લાભાર્થીનું રજિસ્ટ્રેશન કરાયું હોવાનું તે સમયે બહાર આવ્યું હતું. ■

# વડોદરા કૉર્પોરેશનને ૧૫મા નાણાપંચની ભલામણો મુજબ બે વર્ષની ૫૬.૯૬ કરોડ ગ્રાન્ટ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનને કેન્દ્ર સરકારની ૧૫મા નાણાપંચની ભલામણો મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ તથા ૨૦૨૫-૨૬માં ઍર ક્વૉલિટી ઇમ્પ્રુવમેન્ટ પેટે મળનાર ગ્રાન્ટ હેઠળ કરવામાં આવનાર ૬૫.૪ કરોડનાં ૧૨ કામોને સ્ટેન્ડિંગ સમિતિએ મંજૂરી આપી હતી. વડોદરા કૉર્પોરેશનને વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૫.૨૬ કરોડ તથા ૨૦૨૫-૨૬ વર્ષમાં ૩૧ કરોડ મળીને કુલ ૫૬.૯૬ કરોડની ગ્રાન્ટ મળનાર છે. આ ગ્રાન્ટ હેઠળ ૧૮.૪ કરોડનાં રોડ પ્રોજેક્ટનાં કામો થનાર છે. જેમાં ફૂટપાથ બનાવવી, રોડ પહોળા કરવા વગેરે કામોનો સમાવેશ થાય છે. આમાં સૌથી મોટું કામ ઍરપોર્ટ સર્કલથી અમિત નગર ચાર રસ્તા થઈ વુડા સર્કલથી ફતેગંજ સર્કલ સેવન સીઝથી શાસ્ત્રી બ્રિજ સુધી નવી ફૂટપાથ ૩.૭ કરોડના ખર્ચનું છે.

આ ઉપરાંત બે કરોડના ખર્ચે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ફુવારા બનાવવા, સુરસાગર તળાવ ખાતે ફાઉન્ટેન મૂકવા, પ્રધાનમંત્રી ઈ-બસ સેવા હેઠળ ૧૯ કરોડના ખર્ચે ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું, સ્મશાનોમાં ૨૦ કરોડના ખર્ચે ઇલેક્ટ્રિસિટી અને ગેસ ચિતા બનાવવી વગેરે કામોનો સમાવેશ થાય છે.

કૉર્પોરેશનને અગાઉના તમામ નાણાકીય વર્ષ સુધીમાં મળેલ ગ્રાન્ટનો ૭૫ ટકા વપરાશ કરી સરકારમાં યુટીલાઈઝેશન સર્ટિફિકેટ રજૂ કરતાં આગળના વર્ષની ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે છે. જોકે જે કામો મૂકવામાં આવ્યાં છે, તેમાં ફેરફાર કરી નવાં કામ ઉમેરવા કમિશનરને સત્તા આપવામાં આવી છે. ■

# મુખ્ય પ્રધાને અમદાવાદમાં રાજ્યકક્ષાના 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ'નો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં મુખ્ય પ્રધાને રાજ્યકક્ષાના 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ'નો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે મિલેટ વેચાણ અને પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. આ દરમિયાન મુખ્ય પ્રધાને ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અમદાવાદ જિલ્લાનાં ત્રણ અને જામનગર જિલ્લાના એક ગોડાઉન કૉમ્પલેક્ષનું ઈ લોકાર્પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ અવસરે રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં દ્વિ દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' કાર્યક્રમના સમયસર અને સુચારુ આયોજન બદલ રાજ્યના કૃષિ વિભાગને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, આદિકાળથી આપણી ખાનપાન શૈલીનો હિસ્સો રહેલાં બરછટ ધાન્યો આપણો વારસો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, થોડા દાયકા પહેલાં ભારતમાં ઓછી આવક ધરાવતા અને ગરીબ પરિવારોના ખોરાકમાં વપરાતું બરછટ અનાજ હવે અમીર લોકોની થાળીની શાન બન્યું છે અને હવે તો લગ્નપ્રસંગોએ પણ ખાસ મિલેટ કાઉન્ટર જોવા મળે છે. આજે મિલેટ આધારિત પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડ આઇટમ્સ સ્ટોર્સ અને માર્કેટ સુધી પહોંચી છે. દેશમાં આ ક્ષેત્રે ૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ પણ કાર્યરત થયા છે. મોટી સંખ્યામાં એફ.પી.ઓ.આ ક્ષેત્રે આગળ આવ્યા છે તથા સ્વ-સહાય જૂથની મહિલાઓ પણ હવે મિલેટ્સનાં ઉત્પાદનો બનાવીને આત્મનિર્ભર બની છે.

કૃષિ પ્રધાન રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઊજવવાના વડા પ્રધાનના પ્રસ્તાવનું સમર્થન વિશ્વના ૭૨ દેશોએ કર્યું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકાર મિલેટની ખેતીને પ્રોત્સાહન આપી રહી છે. રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાં આઠમી અને નવમી ફેબ્રુઆરીના રોજ બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' યોજાશે. રાજ્યભરના મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઑર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓ એક મંચ પર આવશે. ■

# ગાંધીનગરમાં સૌપ્રથમ બિમસ્ટેક યુથ સમિટનો પ્રારંભ

### સાત સભ્ય દેશોની યુવા પ્રતિભા સહભાગી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી બિમસ્ટેક યુથ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. બે ઑફ બંગાલ ઇનિશિએટિવ ફોર મલ્ટી-સેક્ટોરલ ટેક્નિકલ એન્ડ ઇકોનોમિક કોઑપરેશન રાષ્ટ્રોના યુવાઓની આ પાંચ દિવસીય પ્રથમ સમિટમાં ૭ સભ્ય દેશોની યુવા પ્રતિભા સહભાગી થશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વેક્સિન મૈત્રી અભિયાન, તુર્કીમાં ઑપરેશન દોસ્ત અને યુક્રેનમાં ઑપરેશન ગંગાનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, આવાં ઉદાહરણો જ વૈશ્વિક સ્તર પર સૌના સાથ-સૌના વિકાસ માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બિમ્સટેક યુથ સમિટમાં સામૂહિક વિકાસ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલૉજીઝ, સ્ટાર્ટઅપ્સ તથા સાયબર-સિક્યોરિટી વિષયો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ગુજરાતે આ બધી મોડર્ન ટેક્નોલૉજીના ઉપયોગથી પ્રો-પિપલ ગુડ ગવર્નન્સનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત રજૂ કર્યું છે.

કેન્દ્રીય પ્રધાન ડૉ. મનસુખ માંડવિયાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, બિમસ્ટેક ક્ષેત્રમાં આશરે ૧.૮ અબજ લોકો વસે છે. જે વૈશ્વિક વસતિના લગભગ ૨૨ ટકા અને ૪.૫ ટ્રિલિયન ડૉલરની સંયુક્ત જીડીપી ધરાવે છે. તે માત્ર પ્રાદેશિક જૂથ જ નથી, પરંતુ તે આર્થિક સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થાયી વિકાસ માટે એક સહિયારું વિઝન છે. વર્ષ ૨૦૧૮માં કાઠમંડુમાં ચોથી બિમસ્ટેક સમિટ યોજાઈ હતી, જેમાં વડા પ્રધાન મોદીએ બિમસ્ટેકના માળખાની અંદર યુવાનોના જોડાણની કલ્પના કરી હતી. જેના પરિણામે આ સમિટની શરૂઆત થઈ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી બિમસ્ટેક સ્પોર્ટિંગ ઇકોસિસ્ટમને વધુ મજબૂત કરશે, વૈશ્વિક સ્તરે રોકાણ આકર્ષિત કરશે, તાલીમ સુવિધાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય રમતગમત ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તેનાથી યુવા રમતવીરો માટે નવા માર્ગો ખૂલશે, ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન મળશે અને રમતગમતમાં પ્રાદેશિક સહયોગ સ્થાપિત થશે. ■

# હાથીપગા રોગના નિર્મૂલન માટે ૧૦થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટી.બી., પૉલિયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોનો જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે. તેવી જ રીતે, ફાઈલેરિયા એટલે કે, 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા આગામી તા. ૧૦થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન 'માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન' એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. 'હાથીપગા રોગ મુક્ત ગુજરાત'નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડિયાપાડા તેમ જ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકામાં યોજાશે. જેમાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરિકોને હાથીપગા રોગના કૃમિનો વ્યક્તિના શરીરમાંથી નાશ કરવા માટેની દવા આરોગ્ય કાર્યકર/ દવા વિતરક દ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. બે વર્ષથી નાનાં બાળકો, સગર્ભા મહિલા, અતિશય બીમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવવામાં આવશે નહિ.

આ અભિયાન અંતર્ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ નક્કી કરેલા તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કૉલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. સાથે જ, જાહેર સ્થળો પર ૫૬ જેટલા બુથ ગોઠવીને પણ રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે. આ અભિયાન દરમિયાન અને પછી ત્રણ મેડિકલ કૉલેજના પી.એસ.એમ. ડિપાર્ટમેન્ટ દ્વારા વ્યક્તિગત મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. ■

# સુરત શહેરમાં આપઘાતના બનાવો પર પોલીસ રિસર્ચ કરશે

### માનસિક તણાવ ઘટાડવા કાઉન્સેલિંગ પ્રોગ્રામ શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત વધી રહેલા આપઘાત, નાર્કોટિક્સ અને અકસ્માતના બનાવોને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ દ્વારા તેનાં કારણો જાણીને માનસિક તણાવને ઘટાડવા માટે કાઉન્સેલિંગ પ્રોગ્રામ શરૂ કરાશે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનાં માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ અભિયાનનો ઉદ્દેશ આંકડાકીય માહિતીના આધારે શક્ય તેટલી અસરકારક અને ટાર્ગેટેડ પૉલિસી બનાવી શકાય તે છે.

સુરતમાં રોજ સરેરાશ ત્રણથી વધુ લોકો આપઘાતના કેસોમાં જીવ ગુમાવે છે. સુરત શહેરના સ્લમ વિસ્તારોમાં શૈક્ષણિક દબાણ, આર્થિક તંગી, પરિવારિક ઝઘડા, પ્રેમપ્રસંગ અને નશાખોરી જેવાં કારણો લોકોના જીવન માટે જોખમરૂપ બની રહ્યાં છે. શહેર પોલીસ દ્વારા શહેરના સ્યુસાઈડ હોટસ્પોટ્સની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું કે આ અભિયાનની મદદથી અમે સુરતમાં આપઘાત, નશાખોરી અને અકસ્માતો રોકવા માટે ઠોસ નીતિ બનાવીશું.

ટ્રાફિક દુર્ઘટનાના કારણે દર વર્ષે હજારો લોકો જીવ ગુમાવે છે. આ બધું શા માટે થઈ રહ્યું છે? ક્યાં કારણો જવાબદાર છે? આના ઉકેલ માટે શું કરી શકાય? આ પ્રશ્નોના જવાબ શોધવા માટે પોલીસ કમિશનરે ૪ ડીસીપી અને ૧૧ પીઆઈની વિશેષ ટીમને શહેરમાં વિગતવાર રિસર્ચ શરૂ કરવા આદેશ આપ્યો છે. આ ટીમ છેલ્લાં ૫ વર્ષના ડેટાનો અભ્યાસ કરશે અને મુખ્ય તથ્યો બહાર લાવશે. યુવા પેઢી માટે મોટો ખતરો બની રહેલી નાર્કોટિક્સ સમસ્યાનો રિસર્ચ કરાશે.

શહેરમાં ૩ હજારથી વધુ લોકો અન-નેચરલ ડેથના ભોગ બને છે. પોલીસે ૫૦ ટ્રાફિક બ્લેક-સ્પોટ અને ૧૦૦ હાઈ-રિસ્ક એક્સિડન્ટ ઝોનની ઓળખ કરી હતી. ટ્રાફિક ભંગાણ, ઓવરસ્પીડ અને રોંગ સાઈડ ડ્રાઈવિંગ મુખ્ય કારણો છે. પોલીસ દ્વારા સુરતના ડેન્ઝરસ સ્પોટ પર સ્ટ્રિક્ટ એક્શન અને સેફટી મેજર્સ લાગુ કરાશે. આ સમગ્ર રિસર્ચ બાદ શહેર માટે વિશેષ સુરક્ષા પગલાં ભરાશે. ■

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 6
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માઘ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૨૭ વર્ષે દિલ્હીમાં ભાજપનું ફરી શાસન

## મોદી મેજિક બરકરારઃ
## દિલ્હીવાસીઓએ 'આપ'ને સત્તામાંથી કર્યા 'ફ્રી'






નવી દિલ્હીઃ મતદારોએ ૨૭ વર્ષે દિલ્હીમાં ભાજપને ફરી સત્તાનું સુકાન સોંપી 'આપ'ને સત્તામાંથી 'ફ્રી' કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણીપ્રચાર દરમિયાન 'આપ'નું 'આપ-દા' તરીકે કરેલાં નિરુપણ અને ગરીબ વર્ગના 'આપ'ના વફાદાર મતદારોને ધ્યાનમાં રાખીને કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકવાનાં આપેલાં વચને દિલ્હીમાં ભાજપ સરકારના ૨૬ વર્ષના વનવાસનો અંત આણવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે.

દિલ્હીમાં ભાજપના જ્વલંત વિજય પછી હવે મુખ્ય પ્રધાન કોણ બનશે તેની અટકળો થવા લાગી છે. આ માટે સૌથી પહેલું નામ પ્રવેશ વર્માનું છે અને પાંચ વાર દિલ્હીના વિધાનસભ્ય બનેલા મોહનસિંહ બિસ્ટને તક મળે એવી શક્યતા છે, તો મનોજ તિવારી અને વીરેન્દ્ર સચદેવાનું નામ પણ બોલાઈ રહ્યું છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કુલ ૭૦ બેઠકમાંછી ૪૮ બેઠક મેળવી ભવ્ય વિજય મેળવ્યો હોવા વચ્ચે વિદાય લઈ રહેલી 'આપ' સરકારનાં મુખ્ય પ્રધાન આતિશી અને અન્ય ત્રણ પ્રધાન ગોપાસરાય, મૂકેશ અહલાવત અને ઈમરાન હુસૈને મેળવેલા વિજયે 'આપ'ની થોડીઘણી લાજ રાખી હતી. દિલ્હી વિધાનસભાની ચૂંટણી 'આપ' માત્ર બાવીસ બેઠક જ મેળવી શક્યો હતો.

'આપ'ના નેતા અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાને પણ પરાજનો સ્વાદ ચાખવો પડ્યો હતો.

કાલકાજીમાંથી ચૂંટણી લડેલાં આતિશીએ પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર રમેશ બિધુરી સામે ૩,૫૨૧ મત, બાબરપુરાથી 'આપ'ના ઉમેદવાર ગોપાલરાયે પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર અનિલકુમાર વશિષ્ઠ સામે ૧૮,૯૯૪ મત અને (જુઓ પાનું ૨) ▸▸

## જનાદેશનો સ્વીકારઃ કેજરીવાલ

નવી દિલ્હી : આમ આદમી પાર્ટી (આપ)ના કન્વીનર અરવિંદ કેજરીવાલે શનિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પક્ષને મળેલા પરાજયને સ્વીકારી લીધો હતો. ૭૦ બેઠકવાળી વિધાનસભામાં આપને કારમો પરાજય મળ્યો છે. આપના સુપ્રીમો અને બીજા નંબરના નેતા મનીષ સિસોદીયાની પણ હાર થઈ છે.

આપના સર્વેસર્વા કેજરીવાલે વીડિયો મેસેજમાં કહ્યું હતું કે અમે નમ્રતા સાથે લોકોના ચુકાદાને સ્વીકારીએ છીએ અને જીત માટે હું ભાજપને અભિનંદન આપું છું.

(જુઓ પાનું ૨) ▸▸

## અસત્ય, કપટના શાસનનો અંત : અમિત શાહ

નવી દિલ્હીઃ ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે દિલ્હીની ચૂંટણીનાં પરિણામોને રાષ્ટ્રીય રાજધાનીમાં વિકાસના નવા યુગની શરૂઆત અને જૂઠાણા, કપટ અને ભ્રષ્ટાચારના શાસનનો અંત ગણાવ્યો હતો.

લગભગ ૨૭ વર્ષે શહેરમાં સત્તા પર પાછા ફર્યા બાદ ભગવા પક્ષની છાવણીમાં ઉલ્લાસ વચ્ચે, તેના નેતાઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. એક્સ પર પોસ્ટ્સની શ્રેણીમાં, શાહ - જેમને પાર્ટીની ચૂંટણી વ્યૂહરચના વિગતોને આકાર આપવા માટે શ્રેય આપવામાં આવે છે - કહ્યું કે મોદીના નેતૃત્વમાં દિલ્હી એક આદર્શ રાજધાની બનશે. ભાજપ તેનાં તમામ વચનો પૂરા કરવા અને દિલ્હીને વિશ્વની નંબર વન રાજધાની બનાવવા માટે કટિબદ્ધ છે.

(જુઓ પાનું ૨) ▸▸

## આજે અહંકાર અને અરાજકતાનો પરાજયઃ મોદી



**વિજયનાં વધામણાંઃ** દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષપ્રમુખ જે. પી. નડ્ડાએ ભાજપના વડામથકે (એજન્સી)

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામો આજે જાહેર થયા છે. જેમાં બીજેપી એ ૪૮ સીટ પર જીત મેળવી છે. આપે ૨૨ સીટ પર જીત મેળવી છે. ત્યારે દિલ્હીમાં ભાજપે ૨૭ વર્ષે જીત મેળવતા ભાજપમાં ખુશીની લહેર છવાઈ હતી. ત્યારે જીત બાદ વડા પ્રધાને નિવેદન પણ આપ્યું હતું કે સુશાસન જીત્યું. વડા પ્રધાન મોદીએ બીજેપી મુખ્યાલય ખાતે કાર્યકરોને સંબોધ્યા હતા.

દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં ભાજપ કાર્યકરોને સંબોધિત કરતી વખતે, પ્રધાનમંત્રીએ 'યમુના મૈયા કી જય' ના નારાથી પોતાનું ભાષણ શરૂ કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે દિલ્હીના લોકોને રાહત મળી છે, આજે દિલ્હીને 'આપદા'માંથી મુક્તિ મળી છે.

દિલ્હીમાં પ્રચંડ જીત બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ મુખ્યાલયમાં કાર્યકરોને સંબોધિત કર્યા. તેમણે પોતાના સંબોધનની શરૂઆત યમુના મૈયાના મંત્રોચ્ચારથી કરી. તેમણે કહ્યું કે મેં દિલ્હીમાં ભાજપને ૨૧મી સદીમાં સેવા કરવાની તક આપી છે. ભાજપને દિલ્હીને વિકસિત ભારતની વિકસિત રાજધાની બનાવવાની તક આપી છે. મોદીની ગેરંટી પર વિશ્વાસ કરવા બદલ હું દિલ્હીના લોકોનો આભાર માનું છું.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે દિલ્હીના લોકોનો પ્રેમ અને વિશ્વાસ આપણા બધા પર ઋણ છે. દિલ્હીની ડબલ એન્જિન સરકાર દિલ્હીના ઝડપી વિકાસનું પ્રદર્શન કરશે. આ જીત ઐતિહાસિક છે. દિલ્હીના લોકોએ 'આપ-દા' ને બહાર ફેંકી દીધો. દિલ્હીનો આદેશ આવી ગયો છે. આજે અહંકાર અને અરાજકતાનો પરાજય થયો છે. દિલ્હીવાસીઓને 'આપ-દા'થી મુક્તિ મળવાથી રાહત થઈ છે. એ સ્પષ્ટ થઈ ગયું છે કે દિલ્હીના વાસ્તવિક

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદના સાબરમતીમાં નિર્માણાધિન બુલેટ ટ્રેનના સ્ટેશનમાં આગ



**આગઃ** અમદાવાદમાં શનિવારે નિર્માણાધિન સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશન પર આગ ફાટી નીકળી હતી. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના સાબરમતી વિસ્તારમાં તૈયાર થઈ રહેલા બુલેટ ટ્રેનના સ્ટેશનમાં વેલ્ડિંગ કરતા સમયે આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની ઘટનાનો કોલ મળતાં જ ફાયર વિભાગની ૧૪ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નહોતી.

અમદાવાદ ફાયરબ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર ઇનાયત શેખે જણાવ્યું હતું કે સાબરમતી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કન્સ્ટ્રક્શન સાઈટ પર વહેલી સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો.સૌપ્રથમ સાબરમતી અને ચાંદખેડા ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાર બાદ શાહપુર, નવરંગપુરા, મણિનગર, જમાલપુર સહિતની ગાડીઓ મળી કુલ ૧૪ ફાયરબ્રિગેડની ગાડીઓ અને અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

(જુઓ પાનું ૨) ▸▸

## દ. આફ્રિકામાં અકસ્માતમાં ત્રણ ગુજરાતી યુવકનાં મોત

કેપટાઉનઃ દક્ષિણ આફ્રિકામાં વસતા ગુજરાતી યુવકોનો ગોઝારો અકસ્માત સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ગુજરાતના ભરૂચ જિલ્લાના ત્રણ યુવાનો કામ પર જઈ રહ્યા હોય ત્યારે દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઇટ નજીક તેમની કારની મિનિબસ સાથે અથડામણ થઈ હતી. અકસ્માતની ઘટનામાં કારમાં આગ લાગી હતી અને ત્રણે યુવાનો


(જુઓ પાનું ૨) ▸▸

## અલાસ્કામાં ગુમ થયેલા વિમાનનો કાટમાળ મળ્યો

### દસે દસ પેસેન્જરનાં મૃત્યુ

જૂનો અલાસ્કાઃ નોમે તરફ જતું લાપતા નાનું પેસન્જર વિમાન પશ્ચિમ અલાસ્કામાં તૂટી પડેલું મળી આવ્યું હતું અને એમાં રહેલા દસે દસ જણના મરણ થયાં હતાં. બચાવકારોને શુક્રવારે એનો કાટમાળ સમુદ્રી બરફ પર મળી આવ્યો હતો. યુએસ કોસ્ટગાર્ડના પ્રવકતા માઈક

(જુઓ પાનું ૨) ▸▸



મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૯-૨-૨૦૨૫ થી તા. ૧૫-૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ મકર રાશિમાં તા. ૧૩મીએ પ્રવેશે છે. મંગળ મંદ ગતિએ મિથુન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. બુધ મકર રાશિમાંથી કુંભમાં તા. ૧૧મીએ પ્રવેશે છે. બુધ અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ વૃષભમાં મંદ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મકરમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ કુંભમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીનમાં ભ્રમણ કરે છે. ચંદ્ર મિથુનમાં ભ્રમણ કરે છે. તા. ૧૦મીએ કર્કમાં, તા. ૧૨મીએ સિંહમાં તા. ૧૫મીએ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં લાભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૧, ૧૪, ૧૫ શુભ છે. નવા કારોબારનો પ્રારંભ થશે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને નિજી કામકાજમાં સફળતા જણાશે. પરિવારમાં નવીન પ્રસંગો, નવીન વ્યક્તિનું આગમન ઈત્યાદિ જણાય છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત જળવાઈ રહેશે. અભ્યાસમાં રુચિ, આત્મવિશ્વાસ, કાર્યદક્ષતા, જળવાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૪, ૧૫ શુભ જણાય છે. કુટુંબના સભ્યો સાથેના નાણાં વ્યવહાર સફળ થશે. કુટુંબના વેપારમાં પ્રગતિ જણાશે. મુસાફરી સફળ રહેશે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરીમાં આ સપ્તાહમાં સહકાર્યકરો ઉપયોગી થશે. તા. ૧૩, ૧૪, ૧૫ કામકાજમાં સફળતા દર્શાવે છે. અધિકારીની કૃપા, સહયોગ મેળવશો. વિદેશ પ્રવાસ, લાંબા અંતરના પ્રવાસો સફળ જણાય છે. નાણાં આવકની વૃદ્ધિ થશે. ભાગીદાર સાથેનો વિવાદ હળવો થશે. મહિલાઓનો તીર્થપ્રવાસ સફળ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનું પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં યશ મેળવશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નોકરીના વિશિષ્ટ નિર્ણયો લઈ શકશો. ભાગીદારનો સહયોગ મેળવશો તથા કારોબારના મિત્રો પણ ઉપયોગી થશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રસંગોપાત પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે તથા નવા અભ્યાસનાં સાધનો પણ મેળવશો.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કામકાજમાં વૈવિધ્યતા, સફળતા અનુભવશો. તા. ૧૦, ૧૨, ૧૪ નોકરીનાં નિર્ણયોમાં સફળતા દર્શાવે છે. નોકરી વિશેની મૂંઝવણો પણ આ સપ્તાહમાં દૂર થશે. તા. ૯, ૧૧, ૧૪ કામકાજમાં એકવાક્યતા, ઝડપ અને પ્રગતિ દર્શાવે છે. સપ્તાહમાં નાણાં વ્યવહાર જાળવી શકશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને મદદનીશ નોકર પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચનમાં એકાગ્રતા દાખવી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર શુભ જણાય છે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ જણાય છે. નોકરીના મિત્રો પણ મદદરૂપ થશે. કાર્યક્ષેત્રે મૂંઝવણો દૂર થશે. આત્મવિશ્વાસ અને દઢતા અનુભવશો. કારોબારમાં સંતાન ઉપયોગી થશે. નાણાં વ્યવહાર એકંદરે શુભ જળવાઈ રહેશે. મિત્રોમાં મહિલાઓને સફળતાપૂર્વક પ્રાસંગિક મેળાવડા અનુભવાય. પ્રવાસ સફળ રહેશે. વિદ્યાર્થીઓના અધ્યયનમાં કુટુંબીજનોનો સહયોગ જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કાર્યદક્ષતા, અનુભવ, જ્ઞાનના શુભ પરિણામો અનુભવશો. નોકરીમાં તા. ૧૦, ૧૧, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના હરીફો દૂર થશે. મિલકત, વાહન લે-વેંચના કામકાજમાં સફળતા મેળવશો. પરિવારના સભ્યો સાથેના નાણાંવ્યવહાર સંપન્ન થશે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસની સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ જણાશે. કુટુંબના સભ્યો, નોકરીના પ્રશ્નોમાં ઉપયોગી થશે. નોકરીની અગત્યની પ્રવૃત્તિઓ પણ સફળ બની રહેશે. તા. ૧૧, ૧૩, ૧૪ કારોબાર માટે શુભ ફળદાયી જણાય છે. ભાઈ-બહેનો સાથે નવા મતભેદો આ સપ્તાહમાં દૂર થશે. વાહન, મિલકતની ખરીદી શક્ય જણાય છે. મહિલાઓને ઘરવખરીના કિંમતી સાધનો પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારથી નાણાં લાભ થશે. નોકરી માટે તા. ૯, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ જળવાશે. રાજકારણની પ્રવૃત્તિમાં સફળ નિર્ણયો લઈ શકશો. વેપાર વધશે. નાણાંવ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સભ્યો સાથેના વિવાદનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ સફળ બનતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું કામકાજ શક્ય જણાય છે. તા. ૯, ૧૦, ૧૧, ૧૨ સફળતાસૂચક છે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. રાજકારણ, સામાજિક જીવનના કામકાજમાં આત્મવિશ્વાસ દઢ બનશે. કાર્યક્ષમતા, કાર્યદક્ષતા, જ્ઞાન અને આવડત દ્વારા મુશ્કેલીઓમાં પણ માર્ગ કાઢી શકશો. નવા નાણાં આવકના સાધનો મેળવશો. મહિલાઓને કુટુંબમાં સભ્યોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના અભ્યાસના સાધનો મેળવવાના પ્રયત્નો સફળ નીવડશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક લે-વેંચનો વેપાર નાણાંલાભ અપાવશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૩, ૧૪ સફળ જણાય છે. ભાગીદાર સાથેના મતભેદનો ઉકેલ તા. ૧૩, ૧૪મીએ આવશે. સામાજિક, રાજકીય જવાબદારીઓ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. નાણાંની જવાબદારીઓ માથે લેવી નહીં. મહિલાઓને સંતાનના પ્રશ્નોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને સહોદરો-ભાઈબહેનોનો સહયોગ પ્રાપ્ત થાય.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવી કાર્યપદ્ધતિ શીખવાના સંકલ્પો પૂર્ણ થશે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. રાજકીય પ્રવૃત્તિમાં સફળતા મેળવશો તથા યશસ્વીપણું અનુભવશો. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓ આ સપ્તાહમાં ભાઈ-બહેનોનો સહયોગ પ્રસંગોપાત પ્રાપ્ત કરશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ નીવડશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર હેમંતૠતુ

### રવિવાર, તા. ૯-૨-૨૦૨૫, ભીષ્મ દ્વાદશી, પ્રદોષ.

ભારતીય દિનાંક ૨૦, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬,
માઘ સુદ -૧૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૬મો આસ્તાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭-૫૨ સુધી, પછી પુનર્વસુ.
ચંદ્ર મિથુનમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧,
અમદાવાદ ક. ૦૭ મિ. ૧૭, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ સવારે ક. ૦૯-૧૭, રાત્રે ક. ૨૨-૫૧
ઓટઃ બપોરે ક. ૧૫-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૧ (તા. ૧૦)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ – દ્વાદશી. ભીષ્મ દ્વાદશી, પ્રદોષ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ

પ્રદોષ વ્રત ઉપવાસ, શિવપૂજા, ભક્તિ-ભજન, નામસંકિર્તન, રાત્રિ જાગરણ, રાહુ ગ્રહદેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, ભગવાન સૂર્યનારાયણનું પૂજન,ગાયત્રીદેવી પૂજા, જાપ, હવન, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, આભૂષણ નિર્માણ, વસ્રો, મંદિરમાં ધજા, કળશ, પતાકા ચઢાવવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, રાજ્યાભિષેક, પશુ લેવડદેવડ, ઘર-ખેતર, જમીન મકાન, લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

આચમનઃ સૂર્ય-બુધ યુતિ મહેનતુ, મંગળ-શનિ ત્રિકોણ દઢ નિશ્ચયી, ચંદ્ર-મંગળ યુતિ માથા ફરેલ, ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા.

ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ, મંગળ-શનિ ત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ (તા. ૧૦), ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૧૦).

ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૯-૨-૨૦૨૫ થી તા. ૧૫-૨-૨૦૨૫

રવિવાર, માઘ શુક્લ-૧૨, વિ. સં. ૨૦૮૧, તા. ૯મી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭-૫૨ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. ભીષ્મ દ્વાદશી, પ્રદોષ. ઉપનયન, શુભ દિવસ.

સોમવાર, માઘ શુક્લ-૧૩, તા. ૧૦મી નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૮.૦૦ સુધી પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૧૧-૫૬ સુધી પછી કર્ક રાશિ પર જન્માક્ષર. કલ્પાદિ, વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ – ત્રણ દિવસ (જેસલમેર). લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

મંગળવાર, માઘ શુક્લ-૧૪, તા. ૧૧મી, નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૮-૩૩ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, પારસી ૭મો મહેર માસારંભ, અગ્નિ ઉત્સવ (ઓરિસ્સા), ફ્લોટિંગ ફેસ્ટિવલ – થૈ પુષ્યમ (દક્ષિણ ભારત), બુધ કુંભમાં બપોરે ક. ૧૨-૫૪. ભદ્રા સાંજે ક. ૧૮-૫૫ થી ૩૧-૦૭. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, માઘ શુક્લ-૧૫, તા. ૧૨મી, નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૧૯-૩૪ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૧૯-૩૪ સુધી પછી સિંહ રાશિ પર જન્માક્ષર. માઘી પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ, અન્વાધાન, કુલધર્મ, ગુરુ રવિદાસ જયંતી, સૂર્ય કુંભમાં રાત્રે ક. ૨૧-૫૪, મું. ૩૦. સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ મધ્યાહનથી સૂર્યાસ્ત. લગ્ન, ખાત મુહૂર્ત, શુભ દિવસ.

ગુરુવાર, માઘ કૃષ્ણ-૧, તા. ૧૩મી, નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૧-૦૬ સુધી પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, ગુરુ પ્રતિપદા, ગાણગાપુરયાત્રા. લગ્ન, ખાત મુહૂર્ત, શુભ દિવસ.

શુક્રવાર, માઘ કૃષ્ણ-૨, તા. ૧૪મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૩-૦૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૩ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. લગ્ન, ખાત મુહૂર્ત, ઉપનયન, શુભ દિવસ.

શનિવાર, માઘ કૃષ્ણ-૩, તા. ૧૫મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૮ (તા. ૧૬)મી પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. મોઢેશ્વરી માતા પ્રાગ્ટ્ય (મોઢેરા), ભદ્રા સવારે ક. ૧૦-૪૮થી ૨૩-૫૨, લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ, શુભ દિવસ. ■

# દિલ્હી ચૂંટણીમાં બે રાષ્ટ્રીય પક્ષોને નોટા કરતાં પણ ઓછા મત મળ્યા

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં દિલ્હીના મતદારોએ બે રાષ્ટ્રીય પક્ષો બસપા અને સીપીઆઇ(એમ)ને પસંદ કરવા કરતાં નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ જાણકારી ચૂંટણી પરિણામોમાં સામે આવી છે. શનિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણીની મતગણતરી દરમિયાન ચૂંટણી પંચના તાજા આંકડા પરથી જાણવા મળ્યું કે બહુજન સમાજ પાર્ટીને ૦.૫૫ ટકા અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી(માર્ક્સવાદી)ને ૦.૦૧ ટકા મત મળ્યા હતા, જ્યારે નોટા વિકલ્પને ૦.૫૭ ટકા મત મળ્યા હતા. બસપા અને સીપીઆઇ(એમ) બંને માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય પક્ષો છે. કૉંગ્રેસ, ભાજપ, આપ અને નેશનલ પીપલ્સ પાર્ટી અન્ય માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય પક્ષો છે. આંકડાઓ અનુસાર સીપીઆઇ અને જેડી(યુ)ને અનુક્રમે ૦.૦૧ ટકા અને ૦.૫૩ ટકા મત મળ્યા હતા.

બુધવારે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૯૪,૫૧,૯૯૭ લોકોએ મતદાન કર્યું હતું અને કુલ ૬૦.૫૪ ટકા મતદાન થયું હતું. ૧.૫૫ કરોડથી વધુ લોકો મતદાર યાદીમાં છે. ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલા ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો(ઇવીએમ) પર નોટા વિકલ્પનું પોતાનું પ્રતીક છે. જેમાં એક બેલેટ પેપર પર કાળા રંગનો ક્રોસ બનેલો હોય છે. સપ્ટેમ્બર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચૂંટણી પંચે ઇવીએમમાં નોટા બટનને વોટિંગ પેનલ પર છેલ્લા વિકલ્પ તરીકે ઉમેર્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ પહેલા જે લોકો કોઇપણ ઉમેદવારને મત આપવા માગતા ન હોઇ તેમની પાસે ફોર્મ ૪૯-ઓ ભરવાનો વિકલ્પ હતો. પરંતુ ચૂંટણી આચાર નિયમો, ૧૯૬૧ના નિયમ ૪૯-ઓ હેઠળ મતદાન કેન્દ્ર પર ફોર્મ ભરવાથી મતદાતાની ગુપ્તતાનો ભંગ થતો હતો. ■

# પરિવર્તન માટે લોકોનું મતદાનઃ પ્રિયંકા ગાંધી

વાયનાડ (કેરળ) : ભાજપ ૨૬ વર્ષના ગાળા બાદ દિલ્હીમાં સરકાર રચાવાની છે ત્યારે કૉંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધીએ શનિવારે કહ્યું હતું કે દેશની રાજધાનીના લોકોએ પરિવર્તન માટે મતદાન કર્યું છે કારણ કે તેઓ જે વસ્તુસ્થિતિ હતી એનાથી કંટાળી ગયા હતા. વાયનાડનાં સાંસદ પ્રિયંકાએ પત્રકારોને કહ્યું હતું કે દિલ્હી ચૂંટણી પહેલાંની પક્ષની બેઠકોમાં સ્પષ્ટ થયું હતું કે દિલ્હીના લોકો પરિવર્તન ચાહે છે. જે લોકો જીત્યા છે તેમને મારા અભિનંદન. બાકીનાએ વધુ મહેનત કરવી પડશે. જમીન પર રહીને લોકોની બાબતો ઉપાડવી પડશે. (એજન્સી) ■

# ઓડિશામાં 'રાષ્ટ્રવિરોધી' નિવેદન આપવા બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર

ભુવનેશ્વરઃ ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કથિત રીતે ''રાષ્ટ્રવિરોધી'' નિવેદન આપવા બદલ એફઆઇઆર નોંધવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે ભાજપ, તેની યુવા પાંખ, આરએસએસ, બજરંગ દળ, ઝારસુગુડા જિલ્લાના સભ્યો દ્વારા ગાંધી વિરુદ્ધ આઈજીપી ઉત્તરીય રેન્જ, હિમાંશુ લાલને ૫ ફેબ્રુઆરીએ નોંધાવેલી ફરિયાદના આધારે શુક્રવારે એફઆઇઆર નોંધવામાં આવી હતી. બીએનએસની ભારતની એકતા, સાર્વભૌમત્વ, અખંડિતતા અથવા સુરક્ષા વગેરેને જોખમમાં મૂકતી ખોટી અથવા ભ્રામક માહિતી બનાવવા અથવા પ્રકાશિત કરવા જેવી વિવિધ કલમો હેઠળ ઝારસુગુડા પોલીસ સ્ટેશન (કેસ નંબર ૩૧) હેઠળ ગાંધી વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપ છે કે ગાંધી જાણી જોઈને રાષ્ટ્રવિરોધી નિવેદનો કરી રહ્યા છે જેનાથી દરેક ભારતીય વ્યક્તિને દુઃખ થાય છે. આઈજીપીએ તપાસ અને જરૂરી કાયદાકીય કાર્યવાહી માટે ઝારસુગુડા એસપી પરમાર સ્મિત પરશોત્તમદાસને ફરિયાદ મોકલી આપી હતી. ■

# કોઈ ફાઈલો, દસ્તાવેજો, દિલ્હી સચિવાલયની બહાર ન ખસેડવાનો આદેશ

નવી દિલ્હીઃ શનિવારે વિધાનસભા ચૂંટણીનાં પરિણામોમાં શાસન પરિવર્તન બાદ દિલ્હી સચિવાલય, શહેર સરકારની બેઠક, સત્તાવાર ફાઇલો, દસ્તાવેજો અને કમ્પ્યુટર્સની સલામતી સુનિશ્ચિત કરવા માટે સીલ કરવામાં આવી હતી, અધિકારીઓએ જણાવ્યું હતું.

લેફ્ટનન્ટ ગવર્નર વી કે સક્સેનાની સૂચના પર, દિલ્હી સરકારના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (જીએડી) એ તમામ વિભાગો, એજન્સીઓ અને મંત્રી પરિષદના કેમ્પની ઓફિસોને આદેશ જારી કર્યો છે કે તેઓ વિભાગની પૂર્વ પરવાનગી વિના કોઈપણ રેકોર્ડ અથવા ફાઈલોને દૂર ન કરે.

વિવિધ વિભાગના વડાઓ અને પ્રભારીઓને જારી કરાયેલા જીએડી આદેશમાં કહેવામાં આવ્યું છે કે વિભાગની પૂર્વ પરવાનગી વિના દિલ્હી સચિવાલય સંકુલની બહાર કોઈપણ ફાઇલો, દસ્તાવેજો, કમ્પ્યુટર હાર્ડવેર વગેરે લઈ જઈ શકાશે નહીં. આદેશમાં જણાવ્યું હતું કે ''આ સાથે નિર્દેશ આપવામાં આવે છે કે દિલ્હી સચિવાલયમાં સ્થિત વિભાગો અને કચેરીઓ હેઠળના શાખા પ્રભારીઓને તેમના વિભાગો અને શાખાઓ હેઠળના રેકોર્ડ્સ, ફાઇલો, દસ્તાવેજો, ઇલેક્ટ્રોનિક ફાઇલો વગેરેની સલામતીની ખાતરી કરવા માટે જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવ.'' ■

# ચીનમાં ભૂસ્ખલનને લીધે ૩૦ લોકો લાપતા

બીજિંગ : નૈર્ઋત્ય ચીનના સિચુઆનમાં ભૂસ્ખલનને લીધે ૧૦ ઘરો દટાઈ ગયા હતા અને સેંકડો રહેવાસીઓને ઘરો ખાલી કરવાની ફરજ પડી હતી. ચીનના બચાવકારો ભેખડ પડ્યા બાદ ૩૦ લોકોની શોધ ચલાવી રહ્યા છે.

ઈમરજન્સી મેનેજમેન્ટના મંત્રાલયે જુનલિયાન કાઉન્ટીના ગામમાં ભૂસ્ખલન થયા બાદ સેંકડો બચાવકારોને ત્યાં તૈનાત કર્યા હતા.

દટાયેલા બે જણને સલામત રીતે બહાર કઢાયા હતા. બીજા ૨૦૦ લોકોને બીજે આશરો આપ્યો હતો.

એક ગ્રામવાસીએ બીજિંગ ન્યુસને કહ્યું હતું કે ૨૦૨૪ના ઉત્તરાર્ધથી પર્વત પરથી વારંવાર ભેખડો પડે છે. ભેખડો પડતી વખતે ફટાકડા ફૂટવા જેવો અવાજ આવ્યો હતો. ભૂસ્તરશાસ્ત્રીઓએ ગયા વર્ષે આ વિસ્તારનું નિરિક્ષણ કર્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ૨૭ વર્ષે દિલ્હીમાં

સૂલતાનપુરથી 'આપ'ના ઉમેદવાર અહલાવતે પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર કરમસિંહ કર્મા સામે ૧૭,૧૨૬ મતથી વિજય મેળવ્યો હતો. અન્ન અને પુરવઠા ખાતાના પ્રધાન અને બલ્લિમારન મતદારક્ષેત્રમાંથી 'આપ'ના ઉમેદવાર હુસૈને પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર કમલ બાગરીને ૨૯,૮૨૩ મતથી પરાજય આપ્યો હતો.

નવી દિલ્હી મતદારક્ષેત્રના ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ કેજરીવાલને ૪,૦૮૯ મતથી પરાજય આપ્યો હતો. વર્માએ ૩૦.૦૮૮ તો કેજરીવાલે ૨૫,૯૯૯ મત મેળવ્યા હતા.જાંગપૂરા મતદારક્ષેત્રથી 'આપ'ના ઉમેદવાર મનિષ સિસોદિયાનો પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર તરવિન્દરસિંહ મારવાહ સામે ૬૭૫ મતથી પરાજય થયો હતો.

દિલ્હી વિધાનસભાની કુલ ૭૦ બેઠકમાંથી ૪૮ બેઠક પર વિજય મેળવી ૨૭ વર્ષ બાદ ભાજપ દિલ્હીમાં ફરી સત્તાનું સુકાન સંભાળશે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસનો નાલેશીજનક રકાસ થયો છે અને તે એકપણ બેઠક મેળવવામાં સફળ નથી રહી.

દિલ્હીમાં 'આપ'ના પરાજયને પગલે પક્ષના રાષ્ટ્રીય દરજ્જાને અને ઈન્ડિયા બ્લૉકને પણ મોટો ફટકો પડ્યો છે.

દિલ્હીમાં સત્તામાં પરિવર્તન લાવવાની ભાજપે કરેલી હાકલ અને કેજરીવાલ સહિત પક્ષના નેતાઓ પરના ભ્રષ્ટાચારના આરોપો, શીશમહેલ કૌભાંડે 'આપ'ના પરાજયમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હોવાનું મનાય છે.

દિલ્હીમાં શિક્ષણ અને આરોગ્યને ક્ષેત્રે 'આપ' સરકારે કરેલી કામગીરી, મહિલાઓને મફત બસ પ્રવાસ તેમ જ મફત વીજળી જેવી ગરીબો માટેની કલ્યાણ યોજનાઓના કરવામાં આવેલા સઘન પ્રચારને મળેલી સફળતા તેમ જ તે સમયે તેમનાં પર ભ્રષ્ટાચારનો કોઈ ગંભીર આરોપ ન હોવાને કારણે વર્ષ ૨૦૨૦માં દિલ્હીમાં 'આપ' સરકાર બનાવવામાં સફળ રહી હતી, પરંતુ આ વખતે વાત અલગ હતી.

બીજી મુદતમાં 'આપ' સરકાર પાસે તેમની સફળતા દર્શાવવાની ભાગ્યે જ કોઈ તક હતી. વર્ષ ૨૦૨૦માં 'આપ'ના મત ઓછા થયા હતા, પરંતુ તેમાં મોટું ગાબડું નહોતું પડ્યુ.

વર્ષ ૨૦૨૦માં ભાજપને મળેલા મતનું પ્રમાણ વર્ષ ૨૦૨૫ના ૩૨ ટકાથી વધીને ૩૮.૫ ટકા થયું હતું, પરંતુ 'આપ'ના મતનું પ્રમાણ વર્ષ ૨૦૧૫ના ૫૪ ટકાથી ઘટીને ૫૩.૫ ટકા થયું હતું.

જોકે આ વખતની ચૂંટણીમાં ભાજપને મળેલા મતમાં ૪૬ ટકાનો વધારો તો 'આપ'ને મળેલા મતમાં ૪૩.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન દિલ્હીમાં પાણીપુરવઠા, ગુણવત્તાસભર રસ્તા, પ્રદૂષણ અને કચરાના નિકાલ જેવી સમસ્યાઓ વકરી ગઈ હતી તેને પણ 'આપ'ના પરાજયનું કારણ માનવામાં આવે છે. (એજન્સી) ■

### અમદાવાદના

કન્સ્ટ્રક્શન સાઈટ પર ધાબાનું સેન્ટિંગ ભરાવવાનું કામ ચાલતું હતું. લાકડાની સીટ ટેકા રૂપે મૂકીને બાંધકામ ચાલી રહ્યું હતું એ દરમિયાનમાં વેલ્ડિંગના તણખા ઊડતાં આગ લાગી હતી.

આ સ્ટેશન ૫૦૮ કિમી લાંબી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન યોજનાનો ભાગ છે. આ યોજના ગુજરાત અને મહારાષ્ટ્રને કવર કરે છે. જેમાં મુંબઈ, ઠાણે, વિરાર, બોઇસહર, વાપી, બિલિમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ અને સાબરમતીમાં કુલ ૧૨ સ્ટેશનની યોજના છે. ■

### અમિત શાહ

તેમણે કહ્યું કે દિલ્હીના રહેવાસીઓએ બતાવ્યું છે કે વારંવારનાં ખોટાં વચનો લોકોને ગેરમાર્ગે દોરી શકતા નથી, તેઓએ પ્રદૂષિત યમુના, ગંદા પીવાના પાણી, તૂટેલા રસ્તાઓ, ઉભરાતી ગટરો અને દરેક શેરીમાં દારૂની દુકાનોની સમસ્યાઓનો તેમના મત દ્વારા જવાબ આપ્યો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દિલ્હી હવે એક આદર્શ રાજધાની બનશે.

શાહે કહ્યું કે પરિણામો ઘમંડ અને અરાજકતાની હાર છે. આ 'મોદી કી ગેરંટી'ની જીત છે અને મોદીના વિકાસના વિઝનમાં દિલ્હીની જનતાનો વિશ્વાસ છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એક્સ પરની એક પોસ્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા માટે વિકસિત દિલ્હી અત્યંત જરૂરી છે.

ડબલ એન્જિનવાળી સરકાર દિલ્હીમાં વિકાસની ગતિને નવી ઊંચાઈ પર લઈ જશે. ■

### આજે અહંકાર

માલિક જનતા છે. જે લોકો માલિક હોવાનો ગર્વ અનુભવતા હતા તેઓએ વાસ્તવિકતાનો સામનો કર્યો છે. જનાદેશથી એ પણ સ્પષ્ટ છે કે રાજકારણમાં શોર્ટકટ, જૂઠાણું અને છેતરપિંડી માટે કોઈ સ્થાન નથી. દિલ્હીના લોકોએ મને ક્યારેય નિરાશ નથી કર્યો. ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, દિલ્હીના લોકોએ ભાજપને સાતેય બેઠકો પર વિજય અપાવ્યો.

બીજેપી હેડક્વાર્ટરમાં લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, 'મેં દરેક દિલ્હીવાસીઓને પત્ર મોકલ્યો હતો અને તમે બધાએ મારો પત્ર દરેક પરિવાર સુધી પહોંચાડ્યો હતો. મેં દિલ્હીને વિનંતી કરી હતી કે ૨૧મી સદીમાં ભાજપને સેવા કરવાની તક આપો, દિલ્હીને વિકસિત ભારતની વિકસિત રાજધાની બનાવવા ભાજપને તક આપો. મોદીની ગેરંટી પર વિશ્વાસ કરવા બદલ હું દિલ્હીના દરેક પરિવારના સભ્યોને માથું નમાવીશ. હું દિલ્હીના લોકોનો આભાર વ્યક્ત કરું છું.

દિલ્હી પાર્ટી કાર્યાલયમાં ભાજપની જીત પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આજનો વિજય ઐતિહાસિક છે.' આ કોઈ સામાન્ય જીત નથી. દિલ્હીના લોકોએ 'આપ-દા' ને બહાર ફેંકી દીધો છે. દિલ્હી 'આપ-દા' થી મુક્ત થઈ ગયું છે. દિલ્હીનો આદેશ સ્પષ્ટ છે. આજે દિલ્હીમાં વિકાસ, દ્રષ્ટિ અને વિશ્વાસનો વિજય થયો છે. આજે, દિલ્હીને ઘેરી લેનાર દંભ, અરાજકતા, ઘમંડ અને 'આપ-દા'નો પરાજય થયો છે. આ જીત માટે હું દરેક ભાજપ કાર્યકર્તા અને આપ સૌને અભિનંદન આપું છું. ■

### કેજરીવાલ

હું આશા વ્યક્ત કરું છું કે ભાજપ દિલ્હીના લોકોની અપેક્ષાઓને સાકાર કરશે.

છેલ્લા દાયકામાં આપે કરેલાં કામોની યાદ અપાવતાં કેજરીવાલે કહ્યું હતું કે અમે વીજળી, ઈન્ફ્રાસ્ટ્રકચર, શિક્ષણ અને પાણીમાં પુષ્કળ કામો કર્યાં છે જેથી દિલ્હીવાસીને રાહત મળે.

કેજરીવાલે જણાવ્યું હતું કે આપ સકારાત્મક વિરોધ પક્ષની ભૂમિકા ભજવશે એટલું જ નહીં, એ દિલ્હીના લોકોને ઉપલબ્ધ રહેશે. અમે સત્તા માટે રાજકારણમાં નથી. આને બદલે અમે સત્તાને લોકોની સેવા કરવાનું માધ્યમ ગણીએ છીએ. હું ચૂંટણીમાં સખત કામ કરનાર આપ કાર્યકર્તાઓનો આભાર માનું છું. ■

### અલાસ્કામાં

સાલેર્નોએ કહ્યું હતું કે બચાવકારો હેલિકોપ્ટરમાં વિમાનના છેલ્લા જાણીતા સ્થળમાં શોધ ચલાવતા હતા અને ત્યાં તેમને વિમાનનો ભંગાર નજરે પડ્યો હતો. બે બચાવકાર તરવૈયાઓને તપાસ માટે નીચે ઉતારવામાં આવ્યા હતા.

અલાસ્કાના જાહેર સુરક્ષાના વિભાગે માહિતી આપી હતી કે ગુરુવારે બપોરે બેરિંગ એર સિંગલ એન્જિન ટર્બોપ્રોપ પ્લેન ઉનાલાકલિટથી નવ પેસેન્જર અને એક પાઈલટ સાથે બપોરના ૨-૩૭ કલાકે ઊડ્યું હતું. અધિકારીઓએ એક કલાકથી ઓછા સમયમાં તેનો સંપર્ક ગુમાવી દીધો હતો. બેરિંગ એરના ઓપરેશન્સના ડિરેક્ટર ડેવિડ ઓલ્સને કહ્યું હતું કે વિમાન ઊડ્યું ત્યારે હળવી હિમવર્ષા અને ધુમ્મસ હતા તેમ જ ઉષ્ણતામાન માઈનસ ૮.૩ ડિગ્રી સેલ્સિયસ હતું.

કોસ્ટગાર્ડે કહ્યું હતું કે અધિકારીઓએ એક કલાકથી ઓછા સમયમાં વિમાન સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો. વિમાનનો નોમેના ૩૦ માઈલ દક્ષિણે સંપર્ક તૂટી ગયો હતો. વિમાન કિનારાથી ૧૨ માઈલ દૂર હતું. એમાં ક્ષમતા જેટલા પેસેન્જર મુસાફરી કરતા હતા.

યુએસ સિવિલ એર પેટ્રોલે આપેલા રડાર ફોરેન્સિક ડેટા સૂચવે છે કે બપોરે ૩-૧૮ વાગ્યે પ્લેન સાથે કંઈક થયું હતું અને તે ઝડપથી ઊંચાઈ ગુમાવીને નીચે પડવા લાગ્યું હતું. કોસ્ટ ગાર્ડના કહેવા મુજબ આ પ્લેને સંકટમાં હોવાનો કોઈ સંદેશો મોકલાવ્યો નહોતો. પ્લેનના દસે દસ જણ વયસ્ક હતા.

અમેરિકામાં આઠ દિવસમાં આ ત્રીજી હવાઈ દુર્ઘટના છે. ૨૯ જાન્યુઆરીએ કમર્શિયલ જેટલાઈનર સાથે લશ્કરનું હેલિકોપ્ટર ટકરાતાં ૬૭ લોકોએ જાન ગુમાવ્યા હતા. ૩૧ જાન્યુઆરીએ ફિલાડેલ્ફિયામાં મેડિકલ ટ્રાન્સપોર્ટેશન પ્લેન તૂટી પડતાં વિમાનમાંના છ જણ અને જમીન પરના એક જણનું મરણ થયું હતું. (એજન્સી) ■

### દ. આફ્રિકામાં

દાઝી જવાથી મૃત્યુ પામ્યાં.

પ્રાપ્ત વિગતો અનુસાર અકસ્માતમાં ભરૂચ જિલ્લાના ત્રાલસા કોઠી ગામના ત્રણ યુવાનોના મૃત્યુ થયાં છે. દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઇટ નજીક અકસ્માત સર્જાયો હતો. ભરૂચના ત્રાલસા કોઠી ગામના યુવાનો શહેજાદ ભાગ્યશાલી, સુફિયાન ભાગ્યશાલી અને મુસ્તકીમ દેસાઈ રોજગારી અર્થે સાઉથ આફ્રિકામાં સ્થાયી થયા હતા. તેઓ કામ પર જઈ રહે હોય તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો.

ભરૂચના ત્રણ યુવાનો કારમાં અન્ય યુવાનો સાથે કામના સ્થળ પર જઇ રહ્યા હતા તે દરમિયાન હાઉડસ્પ્રાઇટ નજીક તેમની કાર મીની બસ સાથે અથડાઇ હતી.

મીની બસ સાથેની અથડામણ બાદ કારમાં આગ લાગતાં ભાગદોડની સ્થિતિ સર્જાઇ હતી. જો કે આગની જ્વાળાઓમાં ત્રણેય યુવાનો ગંભીર રીતે દાઝ્યા હતા. અકસ્માતની ઘટનામાં ત્રણે યુવાનોનું મૃત્યુ થયું છે. ■

# નવ વર્ષની બાળકી પર બળાત્કાર કેસમાં નરાધમને ૧૦ વર્ષની જેલ

થાણે: નવ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવાના કેસમાં થાણે જિલ્લાની વિશેષ અદાલતે નરાધમને ૧૦ વર્ષની સખત જેલની સજા સંભળાવી હતી. કોર્ટે શુક્રવારે આરોપીને પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સચ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) એક્ટ હેઠળ દોષી ઠરાવ્યો હતો. થાણેમાં રહેતા આરોપીને દસ વર્ષની કેદની સજા સિવાય રૂ. ૧૦,૦૦૦ દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ દંડની રકમ પીડિતાને વળતર તરીકે આપવાનો નિર્દેશ કર્યો હતો તથા ડીએલએસએને વધારાનું વળતર આપવાનું કહ્યું હતું,

પીડિતાના વકીલે અદાલતને જણાવ્યું હતું કે પીડિત બાળકી અને તેની વિધવા મા તેના દાદાદાદીના ઘરે રહેવા ગયા હતા ત્યાં આરોપી પણ રહેતો હતો. આરોપી તેમનાં સંબંધી હતો.

આરોપી પીડિતાને વાંધાજનક વીડિયો દેખાડતો હતો અને જ્યારે બન્ને એકલા હોય ત્યારે તેના પર બળાત્કાર ગુજારતો હતો. એપ્રિલ ૨૦૧૮થી માર્ચ ૨૦૧૯ સુધી આરોપીએ પીડિતા પર ઘણી વખત બળાત્કાર ગુજાર્યો હતો.

બાળકી એક દિવસ વાંધાજનક વીડિયો જોઇ રહી હતી ત્યારે તેની માતાએ તેને જોઇ. ત્યાર બાદ બાળકીએ આ વિશે તેની માતાને બધી વાત કહી હતી, એમ અદાલતને જણાવાયું હતું. જમીન વિવાદને કારણે આરોપી સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે, એવી દલીલ બચાવ પક્ષ દ્વારા કરાઇ હતી, પરંતુ અદાલતે તેની દલીલ ફગાવી દીધી હતી. ■

# નાશિકમાં વિદ્યાર્થિનીને ઘરે બોલાવી દુષ્કર્મ કર્યું: હેડમાસ્તર સહિત શિક્ષકની ધરપકડ

## રોષે ભરાયેલા ગામવાસીઓના સ્કૂલ બહાર દેખાવ કર્યા

નાશિક: નાશિકમાં ૧૩ વર્ષની વિદ્યાર્થિનીને પોતાના ઘરે બોલાવી હેડમાસ્તરે કથિત બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતાં પોલીસે હેડમાસ્તર સહિત ક્લાસ ટીચરની પણ ધરપકડ કરી હતી. ઘટનાને પગલે ગામવાસીઓ સ્કૂલમાં ધસી ગયા હતા અને હંગામો મચાવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે ઈગતપુરી તાલુકામાં બની હતી. ૧૩ વર્ષની વિદ્યાર્થિની છઠ્ઠા ધોરણમાં ભણે છે અને આરોપી ગોરખનાથ મારુતિ જોશી તેના વર્ગ શિક્ષક છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે ક્લાસ ટીચર જોશી વિદ્યાર્થિનીને હેડમાસ્તર તુકારામ ગોવિંદ સાબળે (૫૩)ના ઘરે લઈ ગયો હતો, જ્યાં સાબળેએ તેની સાથે કથિત કુકર્મ આચર્યું હતું. બાદમાં વિદ્યાર્થિનીને તેના ઘરે મોકલી દેવાઈ હતી.

ઘરે પહોંચ્યા પછી બાળકીનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. માતાએ વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં વિદ્યાર્થિનીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. વિદ્યાર્થિનીના વડીલોએ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે બન્નેની ધરપકડ કરી હતી. પોલીસે સાબળે અને જોશી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

દરમિયાન બાળકી સાથેના કુકર્મની વાત ફેલાતાં ગામવાસીઓ રોષે ભરાયા હતા. સ્કૂલ બહાર મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ દેખાવ કર્યા હતા અને ગુનામાં સંડોવાયેલાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી વિદ્યાર્થિનીને ન્યાય આપવાની માગણી કરી હતી. (પીટીઆઈ)■






# સગીરા સાથે લગ્ન: પતિ સહિત પાંચ સામે ગુનો

થાણે: કલ્યાણમાં ૧૭ વર્ષની સગીરા સાથે લગ્ન કરવા પ્રકરણે પોલીસે પતિ સહિત પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે સગીરા ગર્ભવતી બનતાં આ મામલો સામે આવ્યો હતો. આ પ્રકરણે સગીરાના વડીલો, પતિ અને તેના વડીલો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો, પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને ચાઈલ્ડ મૅરેજ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કલ્યાણમાં આવેલા એક બંગલોમાં ૨૧ જાન્યુઆરીએ ૧૭ વર્ષની સગીરાનાં લગ્ન કરાવવામાં આવ્યાં હતાં. (પીટીઆઈ)■



**પ્રદર્શન:** નેશનલ સોસાયટી ઓફ ધ ફ્રેન્ડ્સ દ્વારા રૂપારેલ કોલેજમાં બે દિવસ માટે શાકભાજી, ફળો અને ફૂલોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં દરેક છોડ-વૃક્ષના વૈજ્ઞાનિક નામ ઉપયોગ વગેરેની માહિતી પણ આપવામાં આવી છે. આજે પણ આ પ્રદર્શન જોવા મળશે. (અમય ખરાડે)

# માતા રમાબાઈ આંબેડકરના બેનરના અનાદરને કારણે કોપરગાંવમાં તણાવ

રાહતા: કોપરગાંવ શહેરમાં ગઈ કાલે વહેલી સવારે માતા રમાઈ આંબેડકર જયંતી નિમિત્તે લગાવેલા બેનરનું અપમાન કરવાની ઘટનાને કારણે તણાવનું વાતાવરણ સર્જાયું હતું. આ ઘટનાના વિરોધમાં ભીમ સૈનિકો અને મહિલાઓએ ડો. બાબાસાહેબ આંબેડકર સ્મારક સામે ધરણા શરૂ કર્યા હતા. ગુસ્સે ભરાયેલા નાગરિકોએ કોપરગાંવ બંધનું એલાન કર્યું હોવાથી સમગ્ર શહેરમાં કડક બંધ પાળવામાં આવ્યો હતો, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું હતું. ગુસ્સે ભરાયેલા ભીમ સૈનિકોએ બસ સ્ટેશન વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરતા સમગ્ર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય મુસાફરોને ભારે નુકસાન થયું, જાહેર પરિવહન પર અસર થવાને કારણે નાગરિકોને ભારે અસુવિધા થઈ હતી. તેમ જ શહેરની તમામ રિક્ષાઓ બંધ કરી દેવામાં આવી છે. બેનરના અનાદરને કારણે આંબેડકર સમુદાયના નાગરિકોમાં તીવ્ર રોષ હતો. કોપરગાંવ શહેરના સાંઈબાબા કોર્નર ખાતે અહિલ્યાનગર-મનમાડ હાઇવે પર મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને રસ્તા રોકો આંદોલન શરૂ કર્યું હતું અને મોટા પાયે સૂત્રોચ્ચાર કર્યા હતા. રોડ બ્લોક થવાથી હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

છેલ્લા પાંચ દિવસમાં રમાબાઈ આંબેડકર અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના બેનરને ફાડી નાખવાની અને અપવિત્ર કરવાની આ બીજી ઘટના હોવાથી લોકો આક્રમક બન્યા છે. ઘટનાસ્થળે મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે ઘટનાની તપાસ ચાલી રહી છે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ■






# બીડ પોલીસે નાગરિકો સુધી પહોંચ વધારવા માટે ક્યૂઆર કોડ સિસ્ટમ શરૂ કરી

છત્રપતિ સંભાજીનગર: મધ્ય મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં પોલીસે નાગરિકોને તેમના મોબાઇલ ફોન દ્વારા વિભાગને લગતી મહત્ત્વપૂર્ણ ઇનપુટ્સ, સૂચનો અને પ્રતિસાદ શેર કરવામાં મદદ કરવા માટે ક્યૂઆર (ક્વિક રિસ્પોન્સ) કોડ સિસ્ટમ રજૂ કરી છે, એમ એક અધિકારીએ જણાવ્યું.

જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો અને સ્ટેશન ઇન્ચાર્જના ડેસ્ક પર પણ ક્યૂઆર કોડ રાખવામાં આવ્યા છે.

નવી સિસ્ટમ પોલીસ અધિક્ષક (એસપક) ના કાર્યાલયના નિયંત્રણ હેઠળ રહેશે, અને તેના દ્વારા સંપર્ક કરતા નાગરિકોની વ્યક્તિગત વિગતો ગુપ્ત રાખવામાં આવશે.

ક્યૂઆર કોડ સ્કેન કર્યા પછી, નાગરિકોએ તેમનો સંપર્ક અને અન્ય માહિતી દાખલ કરવાની રહેશે. જો કોઈ વ્યક્તિ ચોક્કસ પોલીસ સ્ટેશનના પ્રતિભાવથી ખુશ ન હોય, તો તે આ સિસ્ટમ દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે અને એસપીની ઓફિસ તેનો સીધો સંપર્ક કરશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમ જનભાગીદારી દ્વારા ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં પણ ઉપયોગી થઈ શકે છે. બીડ પોલીસ સોશિયલ મીડિયા દ્વારા ક્યૂઆર કોડ સિસ્ટમનો પ્રચાર કરવાની યોજના ધરાવે છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

# પુણેમાં કોલસા બનાવવાના એકમમાંથી ૨૬ મજૂરોને મુક્ત કરાવાયા

થાણે: પુણેમાં કોલસા બનાવતા એકમમાંથી છવીસ બંધુઆ મજૂરો અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૪૮ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના તમામ પીડિતોની ફરિયાદના આધારે પોલીસે સયાજી બાંદલકર નામના એક વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે, જેણે કથિત રીતે તેમને બળજબરીથી મજૂરી કરાવી હતી.

પુણેના ઇન્દાપુર તહસીલના ગિરવી ગામમાં કોલસાના એકમ માટે, બાંદલકરે કથિત રીતે પુરુષોને જંગલમાંથી લાકડા લાવવા દબાણ કર્યું હતું, જ્યારે સ્ત્રીઓ અને બાળકોને સ્થળ પર બંધક બનાવીને રાખવામાં આવ્યાં હતાં અને ઘણીવાર તેમની પાસે ખેતરોમાં કામ કરાવવામાં આવતું હતું. બંધુઆ મજૂરોની દુર્દશા વિશે જાણ્યા પછી, એક બિન-લાભકારી શ્રમજીવી સંગઠને અધિકારીઓ સાથે મળી ૨૬ બંધુઆ મજૂરો અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૪૮ વ્યક્તિઓને બચાવી લીધા હતા. બાંદલકર પર ભારતીય ન્યાય સંહિતા અને બંધાયેલા મજૂર પ્રણાલી (નાબૂદી) અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે ઇન્દાપુર તહસીલદારે મજૂરોને દસ્તાવેજો જારી કર્યા છે, જેનાથી તેમને તેમના બંધાયેલા દરજ્જામાંથી મુક્ત કરવામાં આવ્યા છે, અધિકારીએ જણાવ્યું હતું. ■

# અપહરણ બાદ સગીરા સાથે દુષ્કર્મ: યુવકની ધરપકડ

થાણે: મોટી બહેન સાથે થયેલી બોલાચાલી બાદ ઘરેથી નીકળીને તળાવને કિનારે બેસેલી ૧૩ વર્ષની સગીરા સાથે અપહરણ બાદ કથિત દુષ્કર્મની ઘટના સામે આવતાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના થાણે પરિસરમાં બુધવારની રાતે બની હતી. આ મામલે ફરિયાદ બાદ શુક્રવારે ૧૯ વર્ષના યુવકને પકડી પાડવામાં આવ્યો હતો.

બુધવારની રાતે સગીરાનો તેની મોટી બહેન સાથે વિવાદ થયો હતો. બોલાચાલી બાદ ગુસ્સામાં ઘરેથી નીકળી ગયેલી સગીરા નજીકના તળાવને કિનારે બેઠી હતી. તે સમયે આરોપી તેની પાસે આવ્યો હતો.

ફરિયાદ અનુસાર વાતોમાં ભોળવી આરોપી સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં તેની સાથે કથિત બળાત્કાર ગુજાર્યો હતો. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૫, ૩૫૨ અને ૧૩૭(૨) તેમ જ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મહિલાના મૃત્યુ બાદ પરિવારજનોનો ડૉક્ટર પર હુમલો: ત્રણ સામે ગુનો

થાણે: થાણે નજીક ઘોડબંદર રોડ પરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થતાં તેના પરિવારજનોએ ડૉક્ટર પર હુમલો કર્યો હોવાની ઘટના બની હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટના પાંચમી ફેબ્રુઆરીની બપોરે બની હતી. આ પ્રકરણે ૨૪ વર્ષના ડૉક્ટરે નોંધાવેલી ફરિયાદને આધારે ચિતળસર પોલીસે ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ૩૦ વર્ષની મહિલાની સારવાર ડૉ. નીતિન અનિલ તિવારીની દેખરેખ હેઠળ ચાલુ હતી. જોકે મહિલાનું નિધન થતાં તેના પરિવારજનો ઉશ્કેરાયા હતા. તબીબોની ટીમની બેદરકારીને કારણે મહિલાએ જીવ ગુમાવ્યો હોવાનો આક્ષેપ પરિવારે કર્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે મહિલાના પરિવારજનોએ ડૉક્ટરને ગાળો ભાંડી હતી અને ધમકી આપી હતી. એક આરોપીએ સ્ટીલની ખુરશી મારતાં ડૉક્ટર ઘવાયો હતો.

આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧) સહિત અન્ય સુસંગત કલમો તેમ જ મહારાષ્ટ્ર મેડિકૅર સર્વિસ પર્સન્સ ઍન્ડ મેડિકૅર સર્વિસ ઈન્સ્ટિટ્યૂશન્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી શનિવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# આશ્રમ શાળાના ૩૫ વિદ્યાર્થીને ફૂડ પોઇઝન

મુંબઈ: નાંદેડની આશ્રમ શાળામાં નાસ્તો કર્યા પછી ૩૫ વિદ્યાર્થીને કથિત ખોરાકી ઝેરની અસર થતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ નાંદેડના વાઘળા ખાતેની મહાત્મા ફુલે પ્રાઈમરી ઍન્ડ હાયર સેકન્ડરી આશ્રમ શાળામાં શનિવારે ઘટના બની હતી. આશ્રમ શાળામાં ૨૨૫ વિદ્યાર્થી રહે છે અને અભ્યાસ કરે છે. કહેવાય છે કે સવારે અનેક વિદ્યાર્થીઓએ તેમના ક્લાસમાં નાસ્તો કર્યો હતો. પછી બપોરે અચાનક ઊલટી થવા લાગતાં વિદ્યાર્થીઓની તબિયત લથડી હતી. શાળા દ્વારા વિદ્યાર્થીઓને તાત્કાલિક ડૉ. શંકરરાવ ચવ્હાણ ગવર્નમેન્ટ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ખોરાકી ઝેરની અસરને કારણે આવું થયું હોવાનું માનવામાં આવે છે. (પીટીઆઈ)■

# ઘરમાં ડ્રગ્સ બનાવતા કેમિસ્ટ્રીમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ યુવાનની ધરપકડ: ૨.૪૨ કરોડનું એમડી જપ્ત

પાલઘર: કેમિસ્ટ્રીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરનારો યુવાન ઘરમાં જ પ્રતિબંધિત ડ્રગ્સનું ઉત્પાદન કરતો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પાલઘર પોલીસની ટીમે બોઈસરના ઘરમાં રેઇડ કરી ૨.૪૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કરી યુવાનની ધરપકડ કરી હતી. પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ અમાન મુરાદ તરીકે થઈ હતી. મળેલી માહિતીને આધારે પોલીસની ટીમે શુક્રવારની રાતે મુરાદના બોઈસર ખાતેના ઘરે દરોડો પાડ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપી મુરાદ કેમિસ્ટ્રીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ છે. કેમિકલના જ્ઞાનનો ઉપયોગ તેણે ડ્રગ્સ બનાવવામાં કર્યો હતો. તેના ઘરમાંથી ૨.૪૨ કરોડ રૂપિયાનું એમડી અને ડ્રગ્સ બનાવવાનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં, એવું ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ વિકાસ નાઈકે જણાવ્યું હતું.

નાઈકના જણાવ્યા મુજબ આરોપી વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ડ્રગ્સના ઉત્પાદનમાં આરોપીના કોઈ સાથી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. આરોપી કોને ડ્રગ્સ સપ્લાય કરતો હતો અથવા તેના ગ્રાહકોની પણ વિગતો મેળવવામાં આવી રહી છે. ■











# ૧૫ વર્ષ પહેલાના મારપીટના કેસમાં ત્રણ વર્ષની જેલ

થાણે: મહારાષ્ટ્રના થાણેની સેશન્સ કોર્ટે લગભગ ૧૫ વર્ષ પહેલાં નોંધાયેલા મારપીટના કેસમાં ૩૪ વર્ષના એક પુરુષને દોષિત ઠેરવી ત્રણ વર્ષની જેલની સજા ફટકારી છે. એડિશનલ સેશન્સ જજ એ એન સિરસીકરએ ૩૧ જાન્યુઆરીએ આપેલા આદેશની નકલ શુક્રવારે ઉપલબ્ધ થઈ હતી.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર રશ્મિ જી. ક્ષીરસાગરે જણાવ્યું હતું કે હવે દોષી ઠરેલા ધનરાજ ઉર્ફે ધન્યા રમાકાંત તોડણકર અને અન્ય ચાર જણે ૨૦૧૦માં ગણેશ પંડાલની સ્થાપનાને મુદ્દે થાણે શહેરમાં ગણેશ અગાવણે અને દિનેશ યાદવની મારપીટ કરી હતી. તોડણકરે ચોપરથી યાદવ પર હુમલો કરતા યાદવે ૧૩ દિવસ હોસ્પિટલમાં વિતાવ્યા હતા.

તોડણકર પર હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, યાદવની ઇજા ગંભીર હોવાનું સૂચવતા કોઈ તબીબી અભિપ્રાય ન હોવાનું અવલોકન કર્યા બાદ અદાલતે આરોપ પડતો મૂક્યો હતો.

અદાલતે તોડણકરને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ હેઠળ ઈરાદાપૂર્વક જોખમી શસ્ત્રો દ્વારા નુકસાન પહોંચાડવા બદલ દોષી ઠેરવ્યો હતો અને તેને ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી. (પીટીઆઈ)■

સૉલ ઓફ ટૂર

# તુર્કી: જ્યાં સપના એજિયનને મળે છે - વૈભવી, સાહસ અને અદ્ભુત સુંદરતાની સફર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા





તુર્કી એક એવું સ્થળ છે જે મનને ઉત્તેજિત કરે છે - જ્યાં પ્રાચીન અજાયબીઓ આધુનિકતાને મળે છે, અને એજિયન સમુદ્ર પરનો દરેક સૂર્યાસ્ત પ્રવાસીઓ માટે પ્રેમ પત્ર જેવો લાગે છે. ભલે તમે સૂર્ય-ચુંબનવાળા દરિયાકિનારા, જીવંત નાઇટલાઇફ અથવા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો શોધતા હોવ, તુર્કી ઉત્કટ અને શોધની યાત્રાનું વચન આપે છે.

બોડ્રમ: તુર્કીના દરિયાકાંઠાનું તાજ રત્ન જ્યારે અંતાલ્યા લાંબા સમયથી પ્રિય રહ્યું છે, ત્યારે બોડ્રમ ઉચ્ચ કક્ષાના રિટ્રીટ ઇચ્છતા લોકો માટે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. એજિયન સમુદ્ર કિનારે વસેલું, આ આકર્ષક દરિયાકાંઠાનું શહેર સુંદર દરિયાકિનારા, વિશ્વ કક્ષાના સર્વસમાવેશક રિસોર્ટ્સ અને ઝાકઝમાળ રોશનીથી ઝળહળતી નાઇટલાઇફ હોય છે. કલ્પના કરો કે તમે બુટિક દરિયાકિનારે આવેલી હોટલમાં જાગી ગયા છો, સવારનો સૂર્ય પાણી પર નાચતો હોય છે, અને રાત્રિનો અંત એક ભવ્ય બીચ ક્લબમાં થાય છે, સંગીત અને તારાઓ નીચે હાસ્ય ગુંજતું હોય છે.

બોડ્રમનું આકર્ષણ તેના વિશિષ્ટ વાતાવરણમાં રહેલું છે, જ્યાં વૈભવી ઇતિહાસને મળે છે. અંતાલ્યાના મોટા, વધુ વ્યાપારીકૃત રિસોર્ટ્સથી વિપરીત, બોડ્રમ બુટિક સોફિસ્ટિકેશન ઓફર કરે છે - યાટ્સથી સજ્જ આકર્ષક મરીનાથી લઈને તાજા સીફૂડ પીરસતા ઘનિષ્ઠ, મીણબત્તીઓથી પ્રકાશિત દરિયાકિનારે આવેલા રેસ્ટોરન્ટ્સ સુધી. ગુમ્બેટ બીચ, કેમલ બીચ અને બોડ્રમ દ્વીપકલ્પના એકાંત ખાડીઓનું આકર્ષણ તેને બીચ પ્રેમીઓ માટે સ્વર્ગ બનાવે છે.

ઇસ્તંબુલ: રોમાંસ અને ભવ્યતાનું શહેર ઇસ્તંબુલ એ એક એવી જગ્યા છે જ્યાં પ્રેમ અને ઇતિહાસ એકબીજા સાથે જોડાયેલા છે. હાગિયા સોફિયા અને તકસીમમાં ફરો, સૂર્યાસ્ત સમયે બોસ્ફોરસ સાથે ક્રૂઝ કરો અથવા ગ્રાન્ડ બજારના જાદુમાં ખોવાઈ જાઓ. શહેરની જીવંત ઊર્જા, છતની ટેરેસ અને ચમકતી સ્કાયલાઇન અદ્ભુત ક્ષણો માટે સંપૂર્ણ વાતાવરણ બનાવે છે.

કપ્પાડોકિયા: આકાશમાં એક સ્વપ્નભૂમિ એક એવી જગ્યા જ્યાં ગરમ હવાના ફુગ્ગાઓ સવારના આકાશને નરમ પેસ્ટલ રંગોમાં રંગે છે, કપ્પાડોકિયા અવિસ્મરણીય છે. ગુફા હોટલમાં રહો, રહસ્યમય ખીણોનું નિરીક્ષણ કરો અને પરીકથા જેવો સૂર્યોદય જુઓ. સાહસિકો માટે, ક્વોડ બાઇકિંગ અને છુપાયેલા ભૂગર્ભ શહેરો અનંત ઉત્તેજના પ્રદાન કરે છે.

યાદ રાખવા જેવી નાઇટલાઇફ જ્યારે સૂર્યાસ્ત થાય છે, ત્યારે તુર્કી સંગીત, નૃત્ય અને ચમકતી રોશનીથી જીવંત થઈ જાય છે. જ્યારે અંતાલ્યામાં ક્લબોનો પોતાનો હિસ્સો છે, ત્યારે બોડ્રમની નાઇટલાઇફ અજોડ છે. સુપ્રસિદ્ધ હેલીકાર્નાસસ ક્લબથી લઈને સમુદ્રને નજર રાખતા ટ્રેન્ડી રૂફટોપ બાર સુધી, અહીંની ઊર્જા માદક છે. પછી ભલે તે મરીના પાસે આરામદાયક સાંજ હોય કે આખી રાતની પાર્ટી, બોડ્રમ એક એવો અનુભવ આપે છે જે ભવ્ય અને ઉત્તેજીત હોય છે.

અલ્ટીમેટ ટર્કિશ એસ્કેપ ટર્કી ફક્ત એક ગંતવ્ય સ્થાન જ નથી - તે એક અનુભૂતિ છે. બોડ્રમની સોનેરી રેતીથી લઈને ઇસ્તંબુલની જીવંત શેરીઓ અને કપ્પાડોકિયાના અતિવાસ્તવવાદી લેન્ડસ્કેપ્સ સુધી, અહીંની દરેક ક્ષણ સુંદરતા અને અજાયબીથી ભરેલી છે. જો તમે એવી જગ્યા શોધી રહ્યા છો જ્યાં વૈભવી સાહસને મળે છે, જ્યાં રાતો અવિસ્મરણીય હોય છે અને સમુદ્ર પ્રાચીન પ્રેમની વાર્તાઓ ગુંજે છે - તમને તુર્કી બોલાવી રહ્યું છે.

Aurora Travel Tours Pvt. Ltd: 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos: +91222 3519710/11/12/14, 98219 21920. E-mail:-info@auroratravels.com





SCAN, QR CODE TO BOOK YOUR TICKETS NOW bookmyshow
SCAN, QR CODE TO BOOK YOUR TICKETS NOW PVR INOX PICTURES
FOR GROUP BOOKING RSVP
KAUSHAL SHAH & TUSHAR VORA 9820113571


# ઘાટકોપરમાં પાંચ ધોરણના વિદ્યાર્થીઓ માટે ફક્ત બે શિક્ષકો

મુંબઈ: એક તરફ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પોતાના બજેટમાં શિક્ષણ માટે કરોડો રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવે છે અને બીજી તરફ પોતાની સ્કૂલમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવાથી દૂર ભાગી રહી છે. ઘાટકોપર (પૂર્વ)માં પંતનગરમાં પહેલાથી પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ માટે ફક્ત બે શિક્ષકો જ ભણાવવાનું કામ કરી રહ્યા હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે. તેમાં પણ પહેલાથી ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે તો આંગણવાડીની શિક્ષિકાની નિમણૂક કરવામાં આવી હોવાનું જણાયું છે. શૈક્ષણિક પાત્રતા પૂરી ન હોવા છતાં તેમની શિક્ષક તરીકે ભરતી કરવામાં આવી હોવાથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક નુકસાન થવાનો ભય છે. પૂરતા પ્રમાણમાં નિયમિત શિક્ષક ન હોવાથી વિદ્યાર્થીઓ તથા વાલીઓ તરફથી નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી છે. ■

# પુણેમાં કોલસાના એકમમાંથી છવીસ મજૂરને મુક્ત કરાવાયા

થાણે: પુણેમાં કોલસા બનાવતી એકમમાંથી ૨૬ બંધુઆ મજૂરો અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૪૮ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાના તમામ પીડિતોની ફરિયાદના આધારે પોલીસે સયાજી બાંદલકર નામના એક વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે, જેણે કથિત રીતે તેમને બળજબરીથી મજૂરી કરાવી હતી.

પુણેના ઇન્દાપુર તહસીલના ગિરવી ગામમાં કોલસાના એકમ માટે, બાંદલકરે કથિત રીતે પુરુષોને જંગલમાંથી લાકડા લાવવા દબાણ કર્યું હતું, જ્યારે સ્ત્રીઓ અને બાળકોને સ્થળ પર બંધક બનાવીને રાખવામાં આવ્યા હતા અને ઘણીવાર તેમની પાસે ખેતરોમાં કામ કરાવવામાં આવતું હતું. બંધુઆ મજૂરોની દુર્દશા વિશે જાણ્યા પછી, એક બિન-લાભકારી શ્રમજીવી સંગઠને અધિકારીઓ સાથે મળી ૨૬ બંધુઆ મજૂરો અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૪૮ વ્યક્તિઓને બચાવી લીધા હતા. બાંદલકર પર ભારતીય ન્યાય સંહિતા અને બંધાયેલા મજૂર પ્રણાલી (નાબૂદી) અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે ઇન્દાપુર તહસીલદારે મજૂરોને દસ્તાવેજો જારી કર્યા છે, જેનાથી તેમને તેમના બંધાયેલા દરજ્જામાંથી મુક્ત કરવામાં આવ્યા છે, અધિકારીએ જણાવ્યું હતું. ■

# મર્ચન્ટ નેવીના ગુમ કર્મચારીનો મૃતદેહ મળ્યો

મુંબઈ: મર્ચન્ટ નેવીના ગુમ થયેલા ૨૩ વર્ષીય કર્મચારીનો મૃતદેહ અરબી સમુદ્રમાંથી મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

રાજસ્થાનનો વતની સુનિલ પાચર ગયા વર્ષે નવેમ્બરથી મર્ચન્ટ નેવીના જહાજમાં કામચલાઉ કર્મચારી તરીકે કામ કરતો હતો. સોમવારે રાત્રે, તે જહાજના ડેક પર સૂવા ગયો પછીથી તે ગુમ થયો હતો. જહાજ પર તે ન મળતાં, તેના સાથીઓએ અહીંના યેલો ગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બુધવારે, કેટલાક સ્થાનિકોએ સસૂન ડોક વિસ્તારમાં દરિયામાં તરતી એક લાશ જોઈને પોલીસને જાણ કરી હતી. બાદમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતકની ઓળખ પાચર તરીકે કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, વ્યક્તિનું મોત ડૂબવાથી થયું હોવાનું જાણવા મળ્યું છે. ■


૧૫મી પુણ્યતિથી



શ્રી અશોકકુમાર પાનાચંદ ધોળકિયા
સ્વર્ગવાસ: તા. ૦૯.૦૨.૨૦૧૦
કોઈ ક્ષણ એવી નથી,
જ્યાં આપનું સ્મરણ નથી.
કોઈ એવી જગ્યા નથી,
જ્યા આપના પુનિત પગલા નથી.
શોક મગ્ન
ગોપાલ અશોકકુમાર ધોળકિયા
કવિતા ગોપાલ ધોળકિયા
રાજ ગોપાલ ધોળકિયા


# બળાત્કાર કેસમાં મહિલાએ જુબાનીમાં ફેરવી તોળતા તેને મળતા સરકારી લાભો પાછા ખેંચાયા

થાણે: મહારાષ્ટ્ર સરકારની બળાત્કાર પીડિતો માટે મનોધૈર્ય યોજના હેઠળ એક મહિલાને આપવામાં આવેલી નાણાકીય સહાય પાછી ખેંચી લેવામાં આવી રહી છે કારણ કે તેણે ટ્રાયલ દરમિયાન પોતાની જુબાની પાછી ખેંચી લીધી હતી, જેના પરિણામે આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો, એમ થાણે ડિસ્ટ્રિક્ટ લિગલ સર્વિસ ઓથોરિટી (ડીએલએસએ)ના અધિકારીએ જણાવ્યું હતું.

બળાત્કાર, જાતીય હુમલો અને એસિડ હુમલાનો ભોગ બનેલી મહિલાઓને નાણાકીય સહાય અને પુનર્વસન પૂરું પાડવા માટે રાજ્ય સરકારે ૨૦૧૩ માં મનોધૈર્ય યોજના શરૂ કરી હતી.

ડીએલએસએના સચિવ ઈશ્વર સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, તે સમયે ૪૦ વર્ષની મહિલાએ કલ્યાણ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો અને ૨૦૨૨ માં તેને મનોધૈર્ય યોજના હેઠળ ૨૫,૦૦૦ રૂપિયા મળ્યા હતા, જ્યારે બાકીના ૭૫,૦૦૦ રૂપિયા તેના નામે ફિક્સ ડિપોઝિટમાં રાખવામાં આવ્યા હતા.

"જિલ્લા અને સત્ર અદાલતમાં ટ્રાયલ દરમિયાન તેણે તેના અગાઉના નિવેદનોનો વિરોધાભાસ કર્યો, જેના પરિણામે આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો. તેને આપવામાં આવેલી સહાય પાછી વસૂલ કરવી જોઈએ." એમ તેમણે કહ્યું હતું. ■


દુઃખદ નિધન



દિલગીરી સાથ જણાવવાનું કે
અમારા પ્રિય
ડૉ. નવીનચંદ્ર રમણીકલાલ શેઠ
સ્વ. શ્રીમતી નલિની શેઠના પતિ
૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ
અવસાન થયેલ છે
પ્રભુ તેમના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.
પ્રાર્થના સભા
રવિવાર, ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી
ચેતવાની હોલ, તેલી ગલી,
અંધેરી (પૂર્વ).
પ્રીતિ અને પારસ શાહ
નીતા અને ધીરેન મર્ચન્ટ
સ્વ. મીતા શેઠ
નમન, ફોરમ અને આરવ શાહ
રોનક, ખુશ્બુ અને ઇરા મર્ચન્ટ
ભાવિન અને સલોની શાહ
શેઠ અને મહેતા પરિવાર







# આદિવાસીઓના જમીન સંપાદનના વળતરની ઉચાપત કરવા બદલ ચારની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં મુંબઈ-વડોદરા હાઇવે માટે જેમની જમીન સંપાદિત કરવામાં આવી હતી, એ ૧૦ આદિવાસીના ૭૪.૫ લાખના વળતરની ઉચાપત કરવા પ્રકરણે ચાર વ્યક્તિની ધરપકડ કરાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે બદલાપુરના કુલગાંવ પોલીસ સ્ટેશનમાં સાત જણ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો, જેમાંથી ચારની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બાકીના ત્રણ જણની શોધ ચલાવવામાં આવી રહી છે.

સિનિયર ઇન્સ્પેક્ટર ગોવિંદ પાટીલે જણાવ્યું હતું કે અંબરનાથ તાલુકામાં રહેતી જીજાબાઇ દિવેકરે ૨૪ જાન્યુઆરીએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે હાઇવે પ્રોજેક્ટ માટે સંપાદિત કરાયેલી જમીનના વળતરની રકમની ઉચાપત કરાઇ હતી.

દિવેકરે આક્ષેપ કર્યો હતો કે તેની ખેતીની જમીન પ્રોજેક્ટ માટે સંપાદિત કરાઇ હતી અને ૫.૭ કરોડ રૂપિયા વળતર તરીકે તેના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા.

કાનૂની જરૂરિયાત અનુસાર આ રકમનો એક ભાગ પાછળથી દસ વારસદારોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

ફરિયાદ અનુસાર દિવેકરનો પરિચિત એવા એક આરોપીએ ફેબ્રુઆરી, ૨૦૨૧માં બેન્કમાંથી રૂપિયા ઉપાડવામાં મદદ કરવાને બહાને જમીનમાલિકોને ભોળવીને બેન્કની રસીદો પર તેમના અંગૂઠાના નિશાન લઇ લીધા હતા.

રકમ સોંપવાને બદલે તેણે તેમને માત્ર એક લાખ રૂપિયા આપ્યા હતા અને નવ લાખ રૂપિયા એક અલગ ખાતામાંથી ઉપાડી લીધા હતા. પોલીસે જણાવ્યું હતું કે આવા વ્યવહારો ચાલુ રહ્યા અને ૭૪.૫ લાખ રૂપિયા અનધિકૃત ખાતાંઓમાં વાળવામાં આવ્યા હતા. (પીટીઆઇ)■

# કોહલી ફિટ છે તો પછી આઉટ કોણ થશે? યશસ્વી કે પછી બીજું કોઈ?

## ભારત આજે જ સિરીઝ જીતવાના મૂડમાંઃ હાઈ-સ્કોરિંગ મૅચની સંભાવના

કટકઃ ટીમ ઇન્ડિયા અહીં બારામતીના સ્ટેડિયમમાં આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) ઇંગ્લૅન્ડને બીજી વન-ડેમાં પણ હરાવીને ત્રણ મૅચની સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ લેવા મક્કમ છે અને એમાં ટીમને વિરાટ કોહલીનો મજબૂત ટેકો મળી શકશે, કારણકે તે ફિટ છે. જોકે તેને કોના સ્થાને ઇલેવનમાં સમાવાશે એ મોટો સવાલ છે. ઓપનર યશસ્વી જયસ્વાલને ડ્રૉપ કરીને કોહલીને ટીમમાં સમાવવામાં આવશે એવી મોટી સંભાવના છે.

યશસ્વી છઠ્ઠી ફેબ્રુઆરીએ હજી વન-ડે કરીઅર શરૂ કરી ત્યાં તો તેને બીજી જ મૅચમાં પડતો મૂકવામાં આવે એવા સંજોગો ઊભા થયા છે. કોહલીને સમાવવા શ્રેયસ ઐયરને પડતો મૂકવો મુશ્કેલ છે, કારણકે છઠ્ઠી ફેબ્રુઆરીએ નાગપુરની પ્રથમ વન-ડેમાં તેણે ૩૬ બૉલમાં બહુમૂલ્ય ૫૯ રન બનાવ્યા હતા અને મૅચ-વિનર શુભમન ગિલ (૮૭ રન) સાથે ત્રીજી વિકેટ માટે ૯૪ રનની મૅચ-વિનિંગ પાર્ટનરશિપ કરી હતી.

એ જોતાં, યશસ્વીને જ પડતો મૂકવામાં આવશે એવી સંભાવના છે. જોકે કોહલીને સમાવવા કોઈ બોલરને ડ્રૉપ કરાશે એવી પણ ચર્ચા હતી.

કોહલીને પાંચમી ફેબ્રુઆરીએ જમણા ઘૂંટણમાં ઈજા થઈ હતી જેને લીધે બીજા દિવસે તે નહોતો રમી શક્યો. જોકે બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે કહ્યું છે કે 'કોહલી પૂર્ણપણે ફિટ છે અને રવિવારની મૅચમાં રમી શકે એમ છે.'

છેલ્લાં ૨૦ વર્ષમાં ભારતમાં ઇંગ્લૅન્ડે ભારતને ૩૧ વન-ડેમાંથી ફક્ત પાંચ વન-ડેમાં હરાવ્યું હોવાથી ભારતનો હાથ ઉપર છે. ૨૦૧૭માં આ જ સ્થળે (કટકમાં) ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે હાઇ-સ્કોરિંગ મૅચ રમાઈ હતી. ત્યારે ભારતે કોહલીના નેતૃત્વમાં રમાયેલી મૅચમાં યુવરાજ (૧૫૦) અને ધોની (૧૩૪)ની સદીની મદદથી છ વિકેટે ૩૮૧ રન બનાવ્યા બાદ ઇંગ્લૅન્ડને ૩૬૬/૮ના સ્કોર સુધી સીમિત રાખ્યું હતું અને ૧૫ રનથી વિજય મેળવ્યો હતો. ■

# ભારતની સ્પિન ત્રિપુટી જગન્નાથપુરીના મંદિરમાં

## રોહિતસેના આજે જ ઇંગ્લૅન્ડ સામે સિરીઝ જીતી લેવાના મૂડમાં


ગઈ કાલે જગન્નાથના મંદિરમાં (ડાબેથી) અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર અને વરુણ ચક્રવર્તી. (પીટીઆઇ)

કટકઃ ઓડિશા રાજ્યમાં આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) કટક શહેરના બારામતી સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ સામે રમાનારી સિરીઝની બીજી વન-ડે પણ જીતી લેવા મક્કમ કેટલાક ભારતીય ક્રિકેટરો ગઈ કાલે ગયા શહેરના જગવિખ્યાત જગન્નાથ પુરીના મંદિરમાં ભગવાન જગન્નાથના આશીર્વાદ લેવા પહોંચી ગયા હતા. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે છઠ્ઠી ફેબ્રુઆરીએ નાગપુરની પ્રથમ મૅચ જીતી લીધી હતી. ત્રણ મુકાબલાની આ સિરીઝમાં હવે ભારત આજે પણ વિજયી થશે તો સિરીઝની ટ્રૉફી પર રોહિતસેનાનો કબજો થઈ જશે. ત્રીજી અને છેલ્લી વન-ડે બુધવારે અમદાવાદમાં રમાવાની છે. સ્પિનર વરુણ ચક્રવર્તી, સ્પિન ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર તેમ જ બીજા સ્પિન ઑલરાઉન્ડર અક્ષર પટેલ સહિતના ભારતીય ખેલાડીઓ ગઈ કાલે ઈ-ઑટોમાં બેસીને કડક સલામતી બંદોબસ્ત વચ્ચે લૉર્ડ જગન્નાથના પુરી શ્રીમંદિર' ખાતે પહોંચ્યા હતા. તેમને મંદિરમાં રત્ન સિંહાસન સુધી લઈ જવામાં આવ્યા હતા. તેઓ ભગવાન જગન્નાથના આશીર્વાદ લીધા બાદ પાછા ભુવનેશ્વરની હોટલ પર આવી ગયા હતા.

ભારતીય ખેલાડીઓએ આજની મૅચ માટે ગઈ કાલે મંદિરના પ્રવાસ બાદ કટકના મેદાન પર પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. ■

# ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતવી પૂરતી નથી, ભારતને તો હરાવજો જઃ પાકિસ્તાનના વડા પ્રધાનની શેખી

લાહોર/નવી દિલ્હીઃ ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ વર્ષોથી માને છે કે કોઈ પણ આઇસીસી ટૂર્નામેન્ટમાં ભારત ટ્રૉફી ભલે ન જીતી શકે, પણ એ સ્પર્ધામાં પાકિસ્તાન સામેનો મુકાબલો તો જીતી જ લેવો જોઈએ. ભારતીય ક્રિકેટલવર્સ માટે પાકિસ્તાન સામેનો વિજય ફાઇનલની જીતથી પણ વિશેષ છે. ટ્રૉફી ગુમાવી હશે તો ચાલશે, પણ પાકિસ્તાનને જો હરાવ્યું હશે તો એકેએક ભારતીયને એ ટૂર્નામેન્ટમાં સફળ થયા હોવાનો સંતોષ થયો હશે. હવે આવી જ વાત પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે કરી છે. તેમણે શુક્રવારે રાત્રે લાહોરના સમારોહમાં મીડિયાને અને મહેમાનોને સંબોધીને કહ્યું હતું કે 'આપણા પાકિસ્તાનની ટીમ ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતે એ પૂરતું નથી, ભારતને તો હરાવવું જ જોઈશે.'

એક હકીકત કોઈ પણ ક્રિકેટપ્રેમી નહીં નકારે. વાત એ છે કે જે ટૂર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાનની ટક્કર જો ન થવાની હોય તો એ ટૂર્નામેન્ટ ફિક્કી કહેવાય. આ હાઈ-વૉલ્ટેજ મુકાબલો તો થવો જ જોઈએ અને આયોજકો એટલે જ ભારત-પાકિસ્તાનની ટક્કર રાખવાનું હવે ક્યારેય નથી ચૂકતા.

પાકિસ્તાનમાં ૨૯ વર્ષે આઇસીસી ઇવેન્ટ યોજાઈ રહી છે. શુક્રવારના સમારંભમાં પાકિસ્તાનના જાણીતા સિંગર્સ અલી ઝફર, આરિફ લોહર અને એઇમા બેગે સ્ટેજ પર પર્ફોર્મ કર્યું હતું. ત્યાર બાદ ફટાકડાની આતશબાજી પણ થઈ હતી.

ચૅમ્પિયન્સ ટ્રૉફી માટે કરાચી તથા રાવલપિંડી ઉપરાંત લાહોરના ગદાફી સ્ટેડિયમમાં પણ મોટા પ્રમાણમાં રિનોવેશન કરવામાં આવ્યું છે. આ નવ-નિર્મિત સ્ટેડિયમના ઉદઘાટન સમારોહ વખતે શરીફે કહ્યું, 'આપણી ટીમ ઘણી સારી છે. તાજેતરમાં આ ટીમે ખૂબ સારું પર્ફોર્મ કર્યું છે. જોકે આ ટીમની ખરી જવાબદારી માત્ર ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતવાની નથી, કટ્ટર હરીફ ભારતને હરાવવાની તો ખાસ જવાબદારી છે. હું ઇચ્છું છું કે આપણા ખેલાડીઓ દુબઈમાં રમાનારી મૅચમાં ભારત સામે પોતાનો બેસ્ટ પર્ફોર્મન્સ આપે. આપણો આખો દેશ ત્યારે તમારી પડખે રહેશે.'

ભારત-પાકિસ્તાનની મૅચ દુબઈમાં રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ ભારતીય સમય મુજબ બપોરે ૨.૩૦ વાગ્યાથી રમાશે. બન્ને કટ્ટર દેશ વચ્ચે અનેક મુકાબલા થયા છે અને ૧૯૯૦ના દાયકાથી માંડીને અત્યાર સુધીમાં આ મુકાબલાઓમાં ભારતનો હાથ ઉપર રહ્યો છે.

ભારતે પોતાની ટીમને પાકિસ્તાન નથી મોકલી એ પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને નથી ગમ્યું.

ચૅમ્પિયન્સ ટ્રૉફી છેલ્લે ૨૦૧૭માં રમાઈ હતી જેમાં પાકિસ્તાન ચૅમ્પિયન બન્યું હોવાથી આ વખતે પાકિસ્તાન ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે રમશે. સ્પર્ધાની પ્રથમ મૅચ બુધવાર, ૧૯મી ફેબ્રુઆરીએ કરાચીમાં પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાશે. ■

# ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં કયા સ્ટાર ખેલાડીઓ નથી રમવાના? કયા દેશોને નુકસાન થઈ શકે

## બુમરાહ નહીં રમી શકે તો ભારતને મોટું નુકસાન, કિવીઓને ફર્ગ્યુસનની ખોટ પડી શકે

નવી દિલ્હીઃ પાકિસ્તાનમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રૉફી શરૂ થવાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે કેટલાક દેશોના સ્ટાર ખેલાડીઓની ઈજા યા બીજા કોઈ કારણસર આ સ્પર્ધામાંથી બાદબાકી થતાં આ આઇસીસી ટૂર્નામેન્ટ થોડી ઝાંખી પડી જશે એમાં શંકા નથી. ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર લૉકી ફર્ગ્યુસનને ઈજા થઈ છે અને તે આ સ્પર્ધામાં કદાચ નહીં રમે. ભારતનો જસપ્રીત બુમરાહ પણ પીઠના દુખાવાને કારણે ડાઉટફુલ છે. ખાસ કરીને ઑસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને સાઉથ આફ્રિકાને તેમના કેટલાક ખેલાડીઓની ગેરહાજરી વર્તાશે. દરેક ટીમે બુધવાર, ૧૨મી ફેબ્રુઆરી સુધીમાં ૧૫ ખેલાડીઓના નામવાળી અંતિમ યાદી આઇસીસીને આપી દેવાની છે.

ભારતની તમામ મૅચો દુબઈમાં રમાવાની છે જેમાં ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે.

આઠ દેશને બે ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા છે. ભારતના ગ્રૂપમાં પાકિસ્તાન ઉપરાંત બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલૅન્ડ છે. ગ્રૂપ-બીમાં ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન સામેલ છે.

સૌથી મોટો ફટકો ઑસ્ટ્રેલિયાની ટીમને પડ્યો છે. ટીમના સૌથી સફળ કૅપ્ટન અને ફાસ્ટ બોલર પૅટ કમિન્સને પગની ઘૂંટીમાં ઈજા છે અને તે આ બહુચર્ચિત ટૂર્નામેન્ટમાં નથી રમવાનો. કમિન્સ ઉપરાંત ઑલરાઉન્ડર મિચલ માર્શ પણ નહીં રમે. તેને પીઠમાં દુખાવો છે. બીજો ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડ થાપામાં દુખાવો હોવાથી ૧૮ દિવસની આ સ્પર્ધામાં નહીં રમે. ઑલરાન્ડર માર્કસ સ્ટોઇનિસ વર્ષોથી ઈજાઓનો શિકાર થયો જેને પગલે છેવટે તેણે અચાનક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લઈ લેતાં ઑસ્ટ્રેલિયાને તેની ગેરહાજરીનો પણ ફટકો પડ્યો છે.

યજમાન પાકિસ્તાનની ટીમને બાવીસ વર્ષના યુવાન બૅટર સઇમ અયુબની ગેરહાજરી નડશે. તે પગની ઘૂંટીની ઈજાને કારણે લીધે નહીં રમે. વન-ડેની ફક્ત ત્રણ મહિનાની કરીઅરમાં અયુબ ૫૧૫ રન બનાવી ચૂક્યો છે અને નવાઈની વાત એ છે કે એમાં ત્રણ સેન્ચુરી સામેલ છે. નવ ઇનિંગ્સમાં તેના સ્કોર્સ આ મુજબ રહ્યા છેઃ ૧, ૮૨, ૪૨, ૧૧, ૧૧૩ અણનમ, ૩૧, ૧૦૯, ૨૫ અને ૧૦૧.

સાઉથ આફ્રિકાનો ફાસ્ટ બોલર ઍન્રિક નોર્કિયા પીઠના દુખાવાને કારણે ચૅમ્પિયન્સ ટ્રૉફીની બહાર થઈ ગયો છે. બીજો પેસ-સેન્સેશન જેરાલ્ડ કૉએટ્ઝીના પગના સ્નાયુઓ ખેંચાઈ જવાને કારણે આ ટૂર્નામેન્ટમાં નહીં રમે. કૉએટ્ઝી બૉલની ઝડપ અને સચોટ લાઇન અને લેન્ગ્થને કારણે જાણીતો છે. તે પણ સિલેક્શન માટે ઉપલબ્ધ ન હોવાથી સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલિંગ વિભાગમાં સારા બોલર્સની અછત ઊભી થઈ છે. ■

### કયા ખેલાડીઓ ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં નહીં રમી શકે?

(૧) પૅટ કમિન્સ, ઑસ્ટ્રેલિયા, પગની ઘૂંટીમાં ઈજા
(૨) મિચલ માર્શ, ઑસ્ટ્રેલિયા, પીઠમાં દુખાવો
(૩) જૉશ હૅઝલવૂડ, ઑસ્ટ્રેલિયા, થાપામાં ઈજા
(૪) માર્કસ સ્ટોઇનિસ, ઑસ્ટ્રેલિયા, ઓચિંતી નિવૃત્તિ
(૫) સઇમ અયુબ, પાકિસ્તાન, પગની ઘૂંટીમાં ઈજા
(૬) ઍન્રિક નોર્કિયા, સાઉથ આફ્રિકા, પીઠમાં દુખાવો
(૭) જેરાલ્ડ કૉએટ્ઝી, સાઉથ આફ્રિકા, પગમાં ઈજા

નોંધઃ ભારતનો જસપ્રીત બુમરાહ પીઠના દુખાવા બદલ તેમ જ ન્યૂ ઝીલૅન્ડનો લૉકી ફર્ગ્યુસન સાથળની ઈજાને લીધે ડાઉટફુલ છે.

# પૅટ કમિન્સ નવજાત પુત્રીને જન્મના ગણતરીના કલાકો બાદ બીચ પર લઈ ગયો!

## ઑસ્ટ્રેલિયાના કૅપ્ટને આ વખતે ખાસ કઈ તકેદારી રાખવાનું નક્કી કર્યું છે જાણો છો?



મેલબર્નઃ ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન પૅટ કમિન્સની પત્ની બેકીએ પુત્રીને જન્મ આપ્યો છે અને તેના જન્મ બાદ ગણતરીના કલાકો બાદ તેઓ તેને લઈને એક બીચ પર પહોંચી ગયાં હતાં જેની તસવીરો સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ છે.

છેલ્લાં બે વર્ષમાં પૅટ કમિન્સ વિશ્વભરની ક્રિકેટ ટીમોનો સૌથી શ્રેષ્ઠ કૅપ્ટન સાબિત થયો છે. જોકે તે પૅટરનિટી લીવ પર હોવાથી શ્રીલંકા સામેની વર્તમાન ટેસ્ટ-સિરીઝમાં નથી રમી રહ્યો. જોકે કમિન્સને પગની ઘૂંટીમાં ઈજા છે જેને કારણે તે ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં નથી રમવાનો. અહીં ખાસ જણાવવાનું કે ચૅમ્પિયન્સ ટ્રૉફીની મૅચો લાહોર તેમ જ કરાચી અને રાવલપિંડીમાં રમાવાની છે. આતંકવાદીઓના હુમલાના ભયને લીધે તેમ જ પાકિસ્તાન સાથેના સંબંધો સારા ન હોવાને કારણે ભારત પોતાની ટીમને રમવા માટે પાકિસ્તાન નથી મોકલવાનું અને ભારતની મૅચો દુબઈમાં રમાવાની છે. ૨૦૦૯માં લાહોરના ગદાફી સ્ટેડિયમ નજીક શ્રીલંકાના ખેલાડીઓની બસ પર ટેરરિસ્ટ-અટૅક થયો હતો અને ત્યાર બાદ ઘણા વર્ષે વિવિધ દેશોએ પોતાના પ્લેયર્સને રમવા માટે પાકિસ્તાન મોકલ્યા હતા.

દરમ્યાન, પૅટ કમિન્સ અને પત્ની બેકીએ નવજાત પુત્રીનું એડી નામ રાખ્યું છે. આ તેમનું બીજું સંતાન છે. ૨૦૨૧માં બેકીએ પુત્રને જન્મ આપ્યો હતો જેનું નામ ઍલ્બી છે.

પત્ની બેકી ગર્ભવતી હોવાની કમિન્સે ઑક્ટોબરમાં જાહેરાત કરતી વખતે જ સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે '૨૦૨૧માં પુત્ર ઍલ્બીના જન્મ વખતે હું પરિવારને (ક્રિકેટ શેડ્યૂલ વ્યસ્ત હોવાને કારણે) પૂરતો સમય નહોતો આપી શક્યો, પરંતુ આ વખતે મારે ખાસ ધ્યાન રાખવું છે. નવજાત પુત્રી એડી તેમ જ સમગ્ર પરિવાર સાથે હું કેવી રીતે બને એટલો વધુ સમય વીતાવીશ એ હું વર્કઆઉટ કરી રહ્યો છું.'

કમિન્સે ત્યારે મીડિયામાં એવું પણ જણાવ્યું હતું કે 'જો કોઈ ખેલાડી પોતાના પરિવારને પ્રાધાન્ય આપવાનો અભિગમ બતાવશે તો એની સામે કોઈને નવાઈ નથી લાગવાની, કોઈ વિરોધ નથી કરવાનું. અમે ક્રિકેટરો છીએ એટલે રમવાનું તો આખું વર્ષ ચાલ્યા જ કરવાનું. ફૅમિલી ફર્સ્ટના અપ્રોચને બાજુ પર રાખીને રમતા જ રહો એવું ખેલાડીઓને ક્યારેય કોઈ નથી કહેવાનું. ખેલાડીઓએ પોતાના પરિવારને પણ સમય આપવો જોઈએ એની અમે બધા તરફેણમાં છીએ.' ■

# મેસીના દીકરાએ શું એક જ મૅચમાં ૧૧ ગોલ કર્યા?!



માયામીઃ વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસી થોડા દિવસથી ન્યૂઝમાં નથી, પણ એવામાં તેનો ૧૨ વર્ષીય પુત્ર ગઈ કાલે અચાનક જ ચર્ચામાં આવી ગયો. વાત એવી છે કે ટિઍગો મેસીએ ત્રણ દિવસ પહેલાં એક નાની ટૂર્નામેન્ટની એક જ મૅચમાં એક પછી એક ૧૧ ગોલ કર્યા એવા અહેવાલે ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા આજે સવારથી ગજવી નાખ્યું હતું. જોકે વાત કંઈક જુદી જ છે જેના પર આપણે વિગતે ચર્ચા કરીશું.

રિપોર્ટમાં એવું પણ જણાવાયું હતું કે પિતાની જેમ ઇન્ટર માયામી વતી રમી રહેલા ટિઍગો મેસીએ આ ક્લબની અન્ડર-૧૩ ટીમ વતી રમેલી મૅચમાં આ અસાધારણ સિદ્ધિ મેળવી હતી. કેટલાક ન્યૂઝ પ્લૅટફૉર્મ પર તો ટિઍગો મેસીએ કઈ મિનિટમાં ગોલ કર્યો એની વિગત પણ આપી હતી. એમાં જણાવાયું હતું કે ૧૦ નંબરની જર્સી પહેરીને રમતા ટિઍગોએ ઍટલાન્ટા યુનાઇટેડ સામેની આ મૅચમાં ૧૨મી મિનિટમાં ગોલ કરવાનું શરૂ કર્યું હતું અને આખી મૅચમાં તેણે પ્રભુત્વ જમાવ્યું હતું. આ અહેવાલમાં જણાવાયું હતું કે ટિઍગોએ જે ૧૧ ગોલ કર્યા એના ટાઇમિંગની વિગત આ મુજબ છેઃ ૧૨મી, ૨૭મી, ૩૦મી, ૩૫મી, ૪૪મી, ૫૧મી, ૫૭મી, ૬૭મી, ૭૬મી, ૮૭મી અને ૮૯મી મિનિટ.

'બાપથી બેટા સવાયા' એવી કહેવતને ધ્યાનમાં રાખીને કેટલાક મીડિયામાં લિયોનેલ મેસીના નાનપણના પર્ફોર્મન્સ કરતાં તેના પુત્રના આ ૧૧ ગોલવાળા દેખાવને ચડિયાતો ગણાવવામાં આવ્યો હતો.

જોકે હવે હકીકત પરથી પડદો ખૂલી રહ્યો છે. માયામીના એક જાણીતા અખબાર માટે અહેવાલ બનાવનાર મિશેલ કૉફમૅન નામની પત્રકારે ટિઍગો મેસીના ૧૧ ગોલવાળા અહેવાલને ખોટો ગણાવ્યો હતો. આ રિપોર્ટને 'ફેક રિપોર્ટ' તરીકે ઓળખાવીને મિશેલે સત્ય વાત જણાવતાં લખ્યું હતું કે 'ઘણા લોકોએ સોશિયલ મીડિયામાં વાંચ્યું હશે કે લિયોનેલ મેસીના પુત્ર ટિઍગો મેસીએ ઇન્ટર માયામી ઍકેડેમી વતી એક જ મૅચમાં ૧૧ ગોલ કર્યા. જોકે એમાં કંઈ જ તથ્ય નથી. વાત તદ્દન ખોટી છે. એવી કોઈ મૅચ જ નહોતી રમાઈ. કોઈક ફૅન વેબસાઇટે આ બધુ ઉપજાવી કાઢ્યું અને પછી એ વાઇરલ થઈ ગયું.'

ઉલ્લેખનીય છે કે લિયોનેલ મેસીનો દીકરો ટિઍગો મેસી ૨૦૨૩માં ઇન્ટર માયામી ઍકેડેમી સાથે જોડાયો હતો. હા, એક વાત સાચી છે કે લેજન્ડરી પિતા લિયોનેલની જેમ ટિઍગો પણ આક્રમક મિડફીલ્ડર છે અને મેદાન પર કંઈકને કંઈક નવું કરી બતાવતો હોય છે. ટિઍગો તેના પિતાના પગલે ચાલી રહ્યો છે એ વાત સાચી છે. તે ઇન્ટર માયામી અન્ડર-૧૩ ટીમમાં નિવૃત્ત ફૂટબોલર લુઇસ સુઆરેઝના પુત્ર બેન્જામિન સુઆરેઝ સાથે ઘણી મૅચો રમી ચૂક્યો છે. લિયોનેલ મેસી અને લુઇસ સુઆરેઝ પણ બહુ સારા મિત્રો અને સાથી ખેલાડીઓ છે. ■

# ૧૬મી માર્ચે મુંબઈ વૉકેથન, રજિસ્ટ્રેશન શરૂ

મુંબઈઃ આગામી ૧૬મી માર્ચે જૂહુમાં મુંબઈ વૉકેથનની સૌપ્રથમ સીઝન યોજાશે જે માટેના રજિસ્ટ્રેશનની શરૂઆત થઈ ગઈ છે.

'જસ્ટ ગો ફૉર અ વૉક' એવી સલાહ ઘણી વાર ડૉક્ટર કે કોઈ મિત્ર તરફથી આપવામાં આવતી હોય છે. ચાલવાની કસરતને સૌથી સરળ, સૌથી પ્રાચીન છતાં સૌથી આધુનિક ગણવામાં આવે છે અને એની આ ઇવેન્ટને ૧૬મી માર્ચે જમનાબાઈ નરસી સ્કૂલ ગ્રાઉન્ડ ખાતેથી ફ્લૅગ-ઑફ કરવામાં આવશે. સ્પર્ધકોએ હિન્દી ફિલ્મોના શહેનશાહ અમિતાભ બચ્ચનના નિવાસસ્થાન નજીકના માર્ગ પરથી પસાર થઈને જૂહુ બીચ ખાતે પહોંચ્યા બાદ પાછા આવવાનું રહેશે. આ ઇવેન્ટમાં ત્રણ કૅટેગરી રાખવામાં આવી છેઃ (૧) ૧૦ કિલોમીટર પ્રો વૉક (૨) પાંચ કિલોમીટર ફૅમિલી વૉક (૩) ત્રણ કિલોમીટર ફન વૉક. વધુ વિગતો મુંબઈ વૉકેથન, ૨૦૨૫ની વેબસાઇટ પરથી મળી શકશે. ■

# ઑસ્ટ્રેલિયા સામે શ્રીલંકા મુશ્કેલીમાં

ગૉલઃ બીજી ટેસ્ટમાં શનિવારના ત્રીજા દિવસે ઑસ્ટ્રેલિયા સામે યજમાન શ્રીલંકાની ટીમ બીજા દાવમાં ૫૪ રનથી આગળ હતી, પરંતુ હાલત એ છે કે સ્ટીવ સ્મિથના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમ આજે (રવિવારે) ચોથા દિવસે જ આ મૅચ જીતી શકે એમ છે. પ્રથમ દાવમાં શ્રીલંકાએ ૨૫૭ રન બનાવ્યા બાદ ઑસ્ટ્રેલિયાએ સ્ટીવ સ્મિથના ૧૩૧ રન અને ઍલેક્સ કેરીના ૧૫૬ રનની મદદથી ૪૧૪ રન બનાવીને ૧૫૭ રનની લીડ લીધી હતી. ત્યાર બાદ બીજા દાવમાં શ્રીલંકાએ ૨૧૧ રનમાં આઠ વિકેટ ગુમાવી દીધી હતી. ઍન્જેલો મૅથ્યૂઝે ૭૬ રન બનાવ્યા હતા, જ્યારે વિકેટકીપર કુસાલ મેન્ડિસ ૪૮ રન પર રમી રહ્યો હતો. ઑસ્ટ્રેલિયાના લેફ્ટ-આર્મ સ્પિનર મૅથ્યૂ કુહનેમને ચાર તથા સ્પિનર નૅથન લાયને ત્રણ વિકેટ લીધી હતી. કુહનેમને પ્રથમ દાવમાં ત્રણ વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાએ પહેલી ટેસ્ટ એક ઇનિંગ્સ અને ૨૪૨ રનથી જીતી લીધી હતી. ■

# મુંબઈને ધબડકા પછી મુલાની-કોટિયને બચાવ્યું, ગુજરાતે સૌરાષ્ટ્રને ૨૧૬માં ઑલઆઉટ કર્યું

## તમિલનાડુ સામે વિદર્ભનો કરુણ નાયર ૧૦૦ રન બનાવીને નોટઆઉટઃ કેરળ સામે જમ્મુ અને કાશ્મીરે આઠ વિકેટે ૨૨૮ રન બનાવ્યા



કોલકતા/રાજકોટઃ રણજી ટ્રૉફીનો ક્વૉર્ટર ફાઇનલ રાઉન્ડ શરૂ થઈ ગયો છે અને એમાં આજે કોલકાતામાં હરિયાણા સામેની પાંચ દિવસીય મૅચના પ્રારંભિક દિવસે મુંબઈને એના બે બૅટરે ધબડકા પછી ઉગારી લીધું હતું. શમ્સ મુલાની (૯૧ રન, ૧૭૮ બૉલ, દસ ફોર) અને તનુષ કોટિયન (૮૫ રન, ૧૫૪ બૉલ, અગિયાર ફોર)ની જોડીએ આઠમી વિકેટ માટે ૧૬૫ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈના માથેથી મુશ્કેલી દૂર કરી હતી.

મુંબઈના કૅપ્ટન અજિંક્ય રહાણેએ ટૉસ જીત્યા બાદ બૅટિંગ પસંદ કરી હતી. પ્રથમ દિવસની રમતને અંતે મુંબઈનો પહેલા દાવનો સ્કોર આઠ વિકેટે ૨૭૮ રન હતો. એક તબક્કે મુંબઈનો સ્કોર ચાર વિકેટ ફક્ત પચીસ રન હતો. ૬૫ રન પર પાંચમી અને ૯૪ રન પર છઠ્ઠી વિકેટ અને ૧૧૩મા રને સાતમી વિકેટ પડી હતી. જોકે મુલાની-કોટિયનની જોડીએ ટીમની આબરૂ બચાવી હતી. ૮૫ રન બનાવનાર કોટિયન સાથે મોહિત અવસ્થી (૦) દાવમાં હતો. એ પહેલાં, મુંબઈના સ્ટાર ખેલાડીઓ સારું રમવામાં નિષ્ફળ ગયા હતા. સૂર્યકુમાર યાદવ ફક્ત નવ રન બનાવીને પેસ બોલર સુમિત કુમારના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો. રહાણે ૩૧ રન બનાવીને મુખ્ય પેસ બોલર અંશુલ કમ્બોજના બૉલમાં વિકેટકીપર રોહિત શર્માના હાથમાં કૅચઆઉટ થયો હતો. હરિયાણાનો આ રોહિત શર્મા ૩૧ વર્ષનો છે અને આ તેની ૪૪મી ફર્સ્ટ-ક્લાસ મૅચ છે. તે હજી સુધી એકેય આંતરરાષ્ટ્રીય મૅચ કે આઇપીએલ નથી રમી શક્યો.

શિવમ દુબે ૨૮ રન અને શાર્દુલ ઠાકુર ૧૫ રન બનાવીને આઉટ થયો હતો. યુવા ઓપનર આયુષ મ્હાત્રે (૦) મૅચના પહેલા જ બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો. તેને કમ્બોજે ક્લીન બોલ્ડ કર્યો હતો. વિકેટકીપર આકાશ આનંદ (૧૦)ની વિકેટ સુમિત કુમારે લીધી હતી. સિદ્ધેશ લાડ (૪) પણ સારું રમવામાં નિષ્ફળ રહ્યો હતો. કમ્બોજે સૌથી વધુ ત્રણ વિકેટ તથા સુમિતે બે વિકેટ લીધી હતી.

રાજકોટની ક્વૉર્ટરમાં સૌરાષ્ટ્રની ટીમ ગુજરાત સામે પહેલા દિવસે માત્ર ૨૧૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ત્યાર બાદ ગુજરાતે વિના વિકેટે ૨૧ રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્રના ૨૧૬ રનમાં ઓપનર ચિરાગ જાની (૬૯ રન)નું સૌથી મોટું યોગદાન હતું. ટીમનો તે એકમાત્ર હાફ સેન્ચુરિયન હતો. ચેતેશ્વર પુજારા માત્ર ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. ગુજરાતના પેસ બોલર ચિંતન ગજાએ સૌથી વધુ ચાર વિકેટ તેમ જ જયમીત પટેલ તથા સિદ્ધાર્થ દેસાઈએ બે-બે વિકેટ લીધી હતી. સ્પિનર રવિ બિશ્નોઈ ગુજરાત વતી રમે છે અને તેણે તેમ જ અર્ઝાન નાગવાસવાલાએ એક-એક વિકેટ મેળવી હતી.

પુણેની ક્વૉર્ટરમાં કેરળ સામે જમ્મુ અને કાશ્મીરે આઠ વિકેટે ૨૨૮ રન બનાવ્યા હતા, જ્યારે નાગપુરમાં તામિલનાડુ સામે વિદર્ભએ કરુણ નાયરના (૧૦૦ નૉટઆઉટ, ૧૮૦ બૉલ, એક સિક્સર, ૧૪ ફોર) સૌથી મોટા યોગદાન અને ડેનિશ માલેવારના ૭૫ રનની મદદથી છ વિકેટે ૨૬૪ રન બનાવ્યા હતા. ■

**દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામ**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ૨૭ વર્ષે ભાજપે સત્તા હાંસલ તો કરી, પણ...

**'ભારતીય જનતા પાર્ટી'એ અરવિંદ કેજરીવાલની 'આમ આદમી પાર્ટી'ને એમની જ દવાનો ડોઝ પિવડાવીને ધૂળ ચાટતી કરી, પણ ભાજપે સત્તાસ્થાને કુશળ આદમી નિયુક્ત કરવા ઉપરાંત મતદારોને આડેધડ દીધેલાં વચનો પૂરાં કરવાની મુશ્કેલ જવાબદારી પણ નિભાવવી પડશે**

ભાજપના આ વિજયમાં મહત્ત્વની વાત એ છે કે, 'આપ'ના કર્તા-હર્તા એવા અરવિંદ કેજરીવાલ પોતે ચૂંટણી હારી ગયા છે અને એમના નાયબ મુખ્ય પ્રધાન રહેલા મનિષ સિસોદિયા પણ ઘરભેગા થયા છે.

છેલ્લા કેટલાક મહિના પહેલાં જ દિલ્હીના મુખ્ય પ્રધાનપદે આવેલાં આતિશી અને ગોપાલ રાય જેવા ગણ્યાગાંઠ્યા નેતાઓને બાદ કરતાં 'આમ આદમી પાર્ટી'ના મોટા ભાગના ટોચના નેતાઓને પછાડવામાં ભાજપ ધાર્યા કરતાં વધુ સફળ થયો છે.

દિલ્હીમાં સુષ્મા સ્વરાજના નેતૃત્વમાં ભાજપ ૧૯૯૮માં શીલા દીક્ષિતની કૉંગ્રેસ સામે હારેલો એ સાથે જ ભાજપનો વનવાસ શરૂ થયેલો, પણ એ લાંબો વનવાસ પણ આ જીત સાથે પૂરો થયો છે. દિલ્હીમાં છેલ્લાં ૨૭ વર્ષથી ભાજપ સત્તામાં નહોતો. ૧૯૯૮થી સળંગ ૧૫ વર્ષ માટે કોંગ્રેસનાં શીલા દીક્ષિત મુખ્ય પ્રધાનપદે રહ્યાં પછી 'આમ આદમી પાર્ટી'ના અરવિંદ કેજરીવાલનો યુગ શરૂ થયેલો. કેજરીવાલે નવીસવી બનાવેલી 'આમ આદમી પાર્ટી' ૨૦૧૩ની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી નહોતી મેળવી શકી તેથી કૉંગ્રેસના ટેકાથી બનાવેલી સરકાર ત્રણ મહિનામાં ઘરભેગી થયેલી, પણ ૨૦૧૫ અને ૨૦૨૦માં સ્પષ્ટ બહુમતી મળતાં તો સળંગ ૧૦ વર્ષથી 'આમ આદમી પાર્ટી'નું સળંગ શાસન રહ્યું હતું. કેજરીવાલ સળંગ ત્રીજી વાર જીત મેળવીને હેટ્રિક કરવા થનગનતા હતા, પણ એમની મહેચ્છા ભાજપના કારણે મનની મનમાં રહી ગઈ છે.

કેજરીવાલ આમ તો રાજકીય દાવપેચના જોરદાર ખેલાડી છે તેથી ભાજપ કેજરીવાલને હરાવી શકશે કે નહીં એ સવાલ પણ ઘણા સમયથી પુછાતો હતો, પણ ભાજપે હામ હાર્યા વિના કેજરીવાલ સામે જંગ ચાલુ રાખ્યો તેમાં છેવટે સફળતા મળી છે.

ભાજપે ૨૦૨૦ની ચૂંટણી વખતે ઉગ્ર હિંદુત્વના મુદ્દે કેજરીવાલને હરાવવાની રણનીતિ અમલમાં મૂકી હતી, પણ એ વ્યૂહરચના ચાલી નહોતી એટલે આ વખતે ભાજપે ગિયર બદલીને દિલ્હીના મુખ્ય પ્રધાન જે ખુદ ભ્રષ્ટાચારી હોવાનો મુદ્દો અને લિકર સ્કેમ તથા



શીશ મહેલ સહિતના મુદ્દા ચગાવ્યા હતા. 'કેજરીવાલે લોકોને શિક્ષણ અને આરોગ્ય સેવાઓ આપવાના નામે ઉલ્લુ બનાવ્યા છે' એ મુદ્દે જોરદાર પ્રચાર કરીને ભાજપ ચૂંટણી લડ્યો ને એ ફળ્યો પણ ખરો.

જોકે ભાજપની જીતમાં ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચનોનો ફાળો વધારે છે કેમ કે ભાજપે સમાજના કોઈ વર્ગને બાકી નહોતો રાખ્યો. મહિલાઓથી માંડીને બેરોજગારો સુધીના બધાને એમના ખાતામાં દર મહિને રકમ જમા કરાવવાની લાલચ આપીને ભાજપે કેજરીવાલ સામે એમનો જ દાવ અજમાવીને મફત વીજળી, બસ અને પાણીની 'આમ આદમી પાર્ટી' સરકારની યોજનાઓ ચાલુ રાખવા ઉપરાંત બીજી અનેક રાહતોનાં વચનોની લહાણી પણ છૂટ્ટે હાથે કરી હતી.

કેજરીવાલ દ્વારા અપાતી રાહતનાં વચનો તો 'રેવડી' છે, એમ કહીને મજાક ઉડાવનારા નરેન્દ્ર મોદીના ભાજપે લોકોને લોભાવવા માટે એકવાર નહીં, ત્રણ-ત્રણ વાર સંકલ્પપત્ર બહાર પાડ્યા હતા. આ સંકલ્પપત્રો દ્વારા ભાજપે મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા, ગરીબ મહિલાઓને સિલિન્ડર પર ૫૦૦ રૂપિયા સબસિડી, હોળી-દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવાની જાહેરાત કરીને મહિલાઓને પોતાની તરફ વાળવા કરેલી કોશિશ ફળી છે. ભાજપ તરફથી 'માતૃ સુરક્ષા વંદના' યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયા અને ૬ પોષણ કિટ્સ પણ આપવામાં આવશે. એ જ રીતે, વૃદ્ધોને પોતાની તરફ ખેંચવા ૬૦-૭૦ વર્ષના લોકોનું પેન્શન ૨૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા ઉપરાંત વિધવાઓ, વિકલાંગો અને ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને ૩૦૦૦ રૂપિયાનું પેન્શન આપવાનું વચન પણ ભાજપે આપેલું. એ જ રીતે 'અટલ કેન્ટિન યોજના' હેઠળ ઝૂંપડપટ્ટીમાં ગરીબોને ૫ રૂપિયામાં પૌષ્ટિક ભોજન, સરકારી સંસ્થાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કેજીથી પીજી સુધી મફત શિક્ષણનું વચન પણ જાહેર કરેલું. એટલું જ નહીં , યુવાનોને આકર્ષવા યુપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારોને એકવાર ૧૫ હજાર રૂપિયાની સહાય, પોલિટેકનિક અને સ્કિલ કેન્દ્રોમાં અભ્યાસ કરતા એસસી વિદ્યાર્થીઓને બાબાસાહેબ આંબેડકરના નામે ૧,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઇપેન્ડ, ઘરેલુ નોકરાણીઓના કલ્યાણ માટે બોર્ડ, ઘરેલુ નોકરો અને ઑટો-ટૅક્સી ડ્રાઇવરો માટે રૂ. ૧૦ લાખનો વીમો અને રૂ. પાંચ લાખનું અકસ્માત કવર ઉપરાંત નોકરાણીઓને છ મહિનાની પેઇડ મેટરનિટી લીવ આપવાનાં વચન આપ્યાં છે. આ ઉપરાંત સ્વતંત્ર કૉન્ટ્રાક્ટરો, કામદારોને જીવન અને અકસ્માત વીમો, બાંધકામ કામદારોને ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ટૂલકિટ, ૩ લાખ રૂપિયા સુધીની લોન, યુવાનો માટે ૫૦,૦૦૦ સરકારી નોકરીઓ, ૨૦ લાખ રોજગાર અને સ્વરોજગારની તકો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત મુસાફરી સહિતનાં ઢગલાબંધ વચનો મન મૂકીને ભાજપે આપેલાં.

આ પહેલાં હરિયાણા અને મહારાષ્ટ્રમાં આ પ્રકારનાં વચનો આપીને ભાજપે જીત મેળવી હતી તેથી દિલ્હીમાં પણ આ દાવ સફળ થશે એવો ભાજપને ભરોસો હતો, જે ખરેખર સાચો પડ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાજપે કેજરીવાલને એમની જ દવાનો ડોઝ આપીને પછાડી દીધા છે.

અહીં એક બીજી મહત્ત્વની વાત એ છે કે, બહુ લાંબા સમય પછી એક્ઝિટ પોલનો વરતારો સાચો પડ્યો. પાંચ ફેબ્રુઆરીના મતદાન પત્યું પછી આવેલા ૧૦ એક્ઝિટ પોલમાંથી ૮ એક્ઝિટ પોલમાં ભાજપને બહુમતી મળશે એવી આગાહી કરવામાં આવી હતી, જ્યારે ૨ એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટી (AAP)ની સરકાર બનશે એવો દાવો થયો હતો. એક્ઝિટ પોલમાં ભાજપને મહત્તમ ૬૦ બેઠકો મળશે એવી આગાહી હતી, પણ મોટા ભાગના પોલ ભાજપને પચાસેક બેઠક અને કેજરીવાલની પાર્ટીને વીસેક બેઠક મળશે એવી આગાહી કરતા હતા.

કૉંગ્રેસ ખાતું નહીં ખોલી શકે ને બહુ જોર કરીને બહુબહુ તો એક-બે બેઠકો મેળવશે એવી પણ એક્ઝિટ પોલની આગાહી હતી. ચૂંટણી પંચ છેલ્લે પરિણામો જાહેર કરશે ત્યારે મોટા ભાગે આ જ પ્રકારનાં પરિણામ આવશે એવું લાગે છે એ જોતાં એક્ઝિટ પોલવાળા આ વખતે સાચા પડ્યા એમાં તેમની આબરૂ પણ સચવાઈ ગઈ છે.

ભાજપમાંથી મુખ્ય પ્રધાનપદનો કળશ કોના પર ઢોળાય છે એ જોવાનું રહે છે કેમ કે દિલ્હી ભાજપમાં 'એક અનાર સો બીમાર' જેવી હાલત છે. મનોજ તિવારીથી માંડીને કેજરીવાલને હરાવનારા પ્રવેશ વર્મા સુધીના ઢગલાબંધ દાવેદારો છે તેથી ભાજપ કોની પસંદગી કરે છે એ જોવાનું રહે છે.

૧૯૯૩માં દિલ્હી રાજ્ય બન્યું પછી પહેલી ચૂંટણીમાં જીતીને સરકાર ભાજપે બનાવેલી અને મદનલાલ ખુરાના મુખ્ય પ્રધાન બનેલા. ખુરાના ભાજપના દિગ્ગજ નેતા હતા, પણ ભાજપમાં જ જાટ નેતાઓએ એમની સામે બાંયો ચડાવતાં ખુરાનાને બદલીને સાહિબસિંહ વર્માને મુખ્ય પ્રધાન બનાવવામાં આવેલા, પણ વર્મા વર્સીસ ખુરાના કૅમ્પનો ઝઘડો ચાલુ રહેતાં છેવટે ચૂંટણીના બે મહિના પહેલાં સુષ્મા સ્વરાજને ગાદી સોંપાયેલી. સુષ્મા લોકપ્રિય હતાં, પણ એમની પાસે કશું કરવાનો સમય જ નહોતો તેથી એ ભાજપને જિતાડી શક્યાં નહોતાં. એ પછી ભાજપનાં એવાં વળતાં પાણી થયાં કે, ૨૭ વર્ષ સત્તામાંથી બહાર રહેવું પડ્યું.

હવે સત્તા મળી છે ત્યારે ભાજપે કોઈ એવા માણસને મુખ્ય પ્રધાનપદે બેસાડવો પડે કે જે બધાં જૂથોને એક રાખી શકે અને 'આમ આદમી પાર્ટી'ને પણ ખાળી શકે. ભાજપે હાથમાં આવેલી સત્તા જાળવવા માટે વચનોનું પાલન અને સારી નેતાગીરી એ બે વાત પર વિશેષ ધ્યાન આપવું પડશે. ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# આજીવન યાદગાર અજાયબીઓ

**મહાકુંભથી દુનિયાની અમુક અલૌકિક અજાયબીઓ સુધી પ્રવાસ**



મહાકુંભ મેળો 2025 ઈતિહાસમાં અસાધારણ અવસર છે. આ આજીવન યાદગાર રહી જાય તેવા કુંભમેળાને આશરે દરેક 140 વર્ષમાં એક વારઆવતી અજોડ દૈવી ઘટના સાથે જોડવામાં આવે છે. હિંદુ જ્યોતિષ પ્રમાણે ચોક્કસ રાશિ નક્ષત્રોમાં સૂર્ય, ચંદ્ર અને ગુરુ ગ્રહનું સ્થાન સમય નક્કી કરે છે. આ ખગોળીય સુમેળ આધ્યાત્મિક શુદ્ધિકરણ અને મુક્તિ માટે અત્યંત પાવન માનવામાં આવે છે, જેને કારણે તેને ભક્તો માટે અજોડ તક બનાવે છે.

ત્રણ પવિત્ર નદીઓ-ગંગા, જમુના અને પૌરાણિક સરસ્વતીનો સંગમ જ્યાં થાય તે પ્રયાગરાજ શ્રદ્ધાના ધમધમતા શહેરમાં ફેરવાઈ જાય છે.હંગામી છાવણીઓમાં હજારો લોકો મુકામ કરે છે, જેથી પૃથ્વી પરનો આ સૌથી વિશાળ મેળાવડો બની જાય છે. કુંભમેળો 2025 દરમિયાન 40 કરોડથી વધુ ભક્તો પ્રયાગરાજની મુલાકાત લેશે એવી ધારણા છે, જેમાં મૌની અમાવસ્યા અને વસંતપંચમી જેવા દિવસોમાં 3 કરોડથીવધુ ભક્તોએ શાહી સ્નાન કર્યું છે.

મહાકુંભ ફક્ત શ્રદ્ધાસ્થાન નથી, પરંતુ તે સાધુઓ, બૌદ્ધિકો, પર્યટકો અને તેની ભવ્યતાની તસવીરો મઢી લેવા માટે તસવીરકારો પણઅહીં મોટી સંખ્યામાં ઊમટી પડે છે. વિવિધ અખાડાઓ રંગબેરંગી શાહીસ્નાન દરમિયાન તેમની આધ્યાત્મિક અને લડાયક પરંપરાઓ દર્શાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મહાકુંભ જેવા અવસરો આપણને સમય અને સ્થળ ખાતે લોકોને એકત્ર લાવતા અલૌકિક નજારાની યાદ અપાવે છે.આવા અવસરો નિસર્ગ, સંસ્કૃતિ અથવા ઈતિહાસમાં મૂળ ધરાવે છે, જે જોડાણ અને ચકિત થવાનું મજબૂત ભાન કરાવે છે.આથી ચાલો, પ્રયાગરાજની પાર દુનિયાભરમાં આવી સદીમાં એક વાર આવતી અથવા આવી જ અલૌકિક અજાયબીઓ વિશે જાણીએ.

**સદીમાં એક વાર આવતી નૈસર્ગિક ઘટનાઓ**

નિસર્ગ ભાગ્યે જ સર્જાતા ભવ્ય નજારાઓથી આપણને ચકિત કરે છે, જે આજીવન યાદગાર અનુભવ કરાવે છે.આ અવસરો પૃથ્વી અને બ્રહ્માંડના લય દ્વારા આકારબદ્ધ આપણી દુનિયાની અજાયબીને મઢી લે છે.

આવી એક સૌથી પ્રતિકાત્મક ઘટના હેલીઝ કોમેટ છે, જે આકાશમાં દરેક 76 વર્ષમાં એક વાર સર્જાય છે. ચીની ખગોળશાસ્ત્રીઓ દ્વારા 240 BCEમાં સૌપ્રથમ નોંધ કરેલો આ ધૂમકેતુ ભ્રમણાઓ તેમ જ વૈજ્ઞાનિક ખોજથી પણ પ્રેરિત છે. હવે પછી 2061 માં આપણા બ્રહ્માંડનાજૈવી નૃત્યમાં અવિસ્મરણીય ઝાંખી કરાવશે.

આ રીતે સંપૂર્ણ સૂર્યગ્રહણ વારંવાર ઉદભવે છે, પરંતુ યુએસમાં દરિયાકાંઠાથી દરિયાકાંઠો દ્રષ્ટિગોચર ગ્રેટ અમેરિકન સૂર્યગ્રહણ દરેક 100 વર્ષમાંએક વાર જોવા મળે છે. હવે 2047 માં ચંદ્રના પડછાયા હેઠળ હજારોને એકત્ર કરશે.

પૃથ્વીની પાર જોતા હોય તેમને માટે એક પછી એક ઉદભવથી ચકિત કરનારી ઘટના ટ્રાન્ઝિટ ઓફ વિનસ છે.આ અવસર દરમિયાન શુક્ર (વિનસ) ગ્રહ સીધો જ પૃથ્વી અને શનિ વચ્ચેથી પસાર થાય છે, જે સૌર સપાટી સામે નાનું કાળું ટપકું જેવું દેખાય છે.છેલ્લે 2012 માં અને હવે 2117 માં તે જોવા મળશે.

**અલૌકિક નૈસર્ગિક અજાયબીઓ અને ઘટનાઓ**

અમુક નૈસર્ગિક અજાયબીઓ એટલી અલૌકિક હોય છે કે પૌરાણિક હોય તેવું મહેસૂસ કરાવે છે.

ટાઈટન એરમ અથવા કોર્પ્સ ફ્લાવર અનેક વર્ષ પછી એક વાર ખીલે છે. સુમાત્રા રેઈનફોરેસ્ટ્સમાં જોવા મળતું આ વિરાટ ફૂલ પરાગરજકોનેઆકર્ષવા માટે સડેલા માંસ જેવી દુર્ગંધ ઉત્સર્જિત કરે છે. આ ફૂલનું દુર્લભ અને નાટકીય રીતે ખીલવાનું જોવા માટેઆ બોટેનિકલ ગાર્ડન્સમાં દુનિયાભરના સેંકડો લોકો આવે છે.

ભારતની પશ્ચિમી ઘાટીમાં નીલાકુરિંજી ફૂલો દરેક 12 વર્ષમાં એક વાર ટેકરીઓને આકાશી સમુદ્રમાં ફેરવી દે છે.આ અદભુત નજારો સ્થાનિક સંસ્કૃતિમાં ઊંડાણથી મૂળ ધરાવે છે, જે નવાચારનું પ્રતીક છે અને સમુદાયો અને પ્રવાસીઓ દ્વારા પણઉજવણી કરવામાં આવે છે.

**સાંસ્કૃતિક અને ઐતિહાસિક અલૌકિકતાઓ**

ઈતિહાસમાં અમુક ઘટનાઓ ભાગ્યે જ સર્જાય છે જે પેઢી દર પેઢીની વ્યાખ્યા કરે છે.

આવી જ એક ઘટના સેન્ટેનરી ઓલિમ્પિક્સ છે, જે આધુનિક ઓલિમ્પિક ગેમ્સમાં દરેક સો વર્ષની ઉજવણી છે. આ સેન્ટેનિયલ ગેમ્સ ફક્ત સ્પર્ધા નથી, પરંતુ માનવી ખંતને સલામી છે. છેલ્લે 1996 માં આ ઐતિહાસિક સિદ્ધિઓની ઉજવણી કરાઈ હતી. હવે 2096 માં આગામી અવસર નિ:શંક રીતે પોતાનીછાપ છોડીને રહેશે.

રાજાનો રાજ્યાભિષેક વધુ એક દુર્લભ ઘટના છે. તાજેતરમાં 2023 માં કિંગ ચાર્લ્સ ત્રીજાનો રાજ્યોભિષેક 70 વર્ષમાં પ્રથમ બ્રિટિશ રાજ્યાભિષેક હતો.ઘણાં બધાં શાહી રાજ્યાભિષેક દાયકાઓ અથવા સદીથી અલગ પડે છે ત્યારે દરેક સાતત્યતાનો અવસર છે, જે વર્તમાનને ભવ્ય ભૂતકાળ સાથે જોડે છે.

**અનોખી વૈજ્ઞાનિક અને ટેકનોલોજિકલ સિદ્ધિઓ**

માનવી કૌશલ્યએ ઘણી બધી અસાધારણ સિદ્ધિઓને અવકાશ આપ્યો છે, જેમાંથી ઘણી સદીમાં એક વાર અથવા તેનાથી ઓછીસાતત્યતામાં પણ સર્જાય છે.

એક અદભુત દાખલો સદીઓમાં પેઢી દર પેઢીને જોડવા માટે તૈયાર કરાયેલા ટાઈમ કેપ્સ્યુલ્સનું નિર્માણ અને સંવર્ધન છે. એટલાન્ટામાં ઓગ્લેથોર્પે યુનિવર્સિટી ખાતે 1940 માં સીલ કરવામાં આવેલું ધ ક્રિપ્ટ ઓફ સિવિલાઈઝેશન 6000 વર્ષ પછી એટલે કે, 8113 માં ખૂલશે. 20 મી સદીના જીવનને આલેખિત કરતી કળાકૃતિઓ, જેમ કે, માઈક્રોફિલ્મ લખાણ, રોજબરોજની વસ્તુઓ, રાજકીય ભાષણોનું રેકોર્ડિંગ અને મોશન પિક્ચર પ્રોજેક્ટરના સમાવેશ સાથે તે વારસો સંવર્ધન કરવાની માનવી ઈચ્છાઓમાં ઝાંખી કરાવે છે.

આ જ રીતે જાપાનની એક્સપો 70 ટાઈમ કેપ્સ્યુલ 1970 માં ઓસાકા વર્લ્ડ એક્સપોઝિશનમાં નિર્માણ કરાઈ હતી, જેમાં બે સમાન કેપ્સ્યુલ છે,જેમાંથી એક 5,000 વર્ષમાં ખોલવામાં આવશે, જ્યારે અન્ય દરેક 500 વર્ષે સમીક્ષા કરાશે. ઓસાકાના રાજમહેલની નીચે દાટવામાં આવેલીઆ કેપ્સ્યુલો બીજથી લઈને સૂક્ષ્મજીવોથી ઘરગથ્થુ ચીજો, જેમ કે, રાઈસ કૂકર સુધી 2,000 થી વધુ કળાકૃતિઓ ધરાવે છે,જે તેમના યુગની સંસ્કૃતિ અને ટેકનોલોજી પ્રદર્શિત કરે છે.

**વૈશ્વિક સેન્ટેનિયલ્સ અને મિલેનિયલ ઘટનાઓ**

અમુક ઘટનાઓ એક જીવનકાળની પાર જઈને માનવીની પ્રગતિ અને સ્થિતિસ્થાપકતાની છાપ છોડે છે.

વર્ષ 2,000 પ્રતિબિંબ અને ઉજવણીનો વૈશ્વિક અવસર હતું. દુનિયાભરના શહેરોએ ભવ્યતા સાથે આ નવી સદીનું સ્વાગત કર્યું હતું.સિડનીમાં હાર્બર બ્રિજ પર આતશબાજી કરાઈ હતી, પેરિસના આઈફિલ ટાવરને રોશનાઈથી ઝળહળતો કરી દેવાયો હતો.આવી ઘટનાઓ દૂરની લાગે છે, પરંતુ આપણને પેઢી દર પેઢી પરંપરાઓ અને આકાંક્ષાઓ કઈ રીતે આપણે પસાર કરી છે તે યાદ અપાવે છે.

વધુ એક દાખલો લૉંગ નાઉ પ્રોજેક્ટ છે. 10,000 વર્ષમાં એક વાર ટિક કરવા તૈયાર કરાયેલું આ લૉંગ નાઉ ક્લોક ટેક્સાસ માઉન્ટનમાં નિર્માણ કરાયું હતું, જે માનવીની અસીમિત દૂરદ્રષ્ટિનું પ્રતીક છે. તે સદીમાં એક વાર ઘંટારવ કરે છે, જેથી જૂજ લોકો તેમના જીવનકાળમાં તેના સમયના સાક્ષી બને છે.

**અલૌકિક ઘટનાઓની અજાયબી**

આપણને આ અલૌકિક અને અસાધારણ ઘટનાઓનું આકર્ષણ શા માટે છે. તે સદીમાં એક વાર અથવા મિલેનિયમમાં કે તેથી વધુ લાંબા સમયમાં એક વાર આવે, તે આપણને પોતાના કરતાં પણ કશાક વિશાળ અર્થ સાથે જોડે છે. આ અવસરો આપણી સમક્ષ અને જેઓ આવશે તેમને જોડતાં ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વચ્ચેનું અંતર દૂર કરે છે.

તે આપણને થોભવા, દુનિયાના સૌંદર્યને માણવા અને તેની ભીતર આપણા સ્થળને સમજવા માટે પ્રોત્સાહન આપે છે.તો, તમે કઈ આજીવન યાદગાર ઘટનાના સાક્ષી બનવા માગો છો? દુનિયા વાટ જોઈ રહી છે અને તેની દુર્લભ અજાયબીઓ બોલાવી રહી છે.

તો આગામી સમય સુધી કરતા રહો ઉજવણી જીવનની!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

વીણા વર્લ્ડ વુમન્સ સ્પેશિયલ
ચાલો, ઊઠો, નીકળો, બહાર આવો! આપણા અતુલનીય ભારતમાં મન મૂકીને ભ્રમંતી કરો અથવા અનોખી દુનિયાની અફલાતૂન સેર કરો. આત્મવિશ્વાસ વધારો,દ્રષ્ટિકોણ વ્યાપક બનાવો.પોતાની પર અને જીવન પર પ્રેમ કરો. ભવિષ્ય માટે અણમોલ યાદોનો સંગ્રહ કરો, કારણ કે આપણી ખુશી એટલે આખું ઘર ખુશ.સો... ટ્રેવલ! એક્સપ્લોર! સેલિબ્રેટ લાઈફ! સેલિબ્રેટ વુમનહૂડ!
લેટ્સ ગો! રોક ધ વર્લ્ડ! વી આર અનસ્ટોપેબલ!
ચાલો,બેગ ભરો,નીકળી પડો!
Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979


હેલો ગર્લ્સ!
તમે ક્યાં સેલિબ્રેટ કરી રહી છો આ વર્ષનો આપણો વુમન્સ ડે?
સ્કેન કરો અને જુઓ વુમન્સ સ્પેશિયલમાં આવેલી ગર્લ્સ શું કહી રહી છે.
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




‘હબીબભાઇ કી મૌત કો લે કર ભાઇ બહુત દુ:ખી હૈ,..ઔર ગુસ્સે મેં ભી હૈ,’ રઝાકે બેસતાની સાથે કહ્યું.

‘પૂરી ફિલ્મ ઇન્ડસ્ટ્રી...અપને લોગ સબ હૈરાન હૈ.’ આદિલ ખાને કહ્યું.

‘ફિલ્મ ઇન્ડસ્ટ્રી કા અપના કારોબાર પહેલે જૈસા ચાલુ રખના હૈ. ઇસકે લિયે ભાઇ અપના દુસરા બંદા બિઠાયેગા.’

કોણ હશે ભાઇનો એ બીજો ખાસ માણસ......બસ્તા શેઠને બદલે ભાઇ એનો કોઇ બીજો બંદો પસંદ કરશે તો. આદિલ ખાન મૂંઝવણ અનુભવી રહ્યો હતો.

‘બસ્તા શેઠ કો મિલના હૈ.’ રઝાક બોલ્યો.

‘કભી ભી....આપ બોલો તબ મિટિંગ કરેંગે.’ આદિલ ખાનને મિટિંગનું કારણ પૂછવાની ઇચ્છા થઇ, છતાં એ ચૂપ રહ્યો.

‘હબીબભાઇ કો કિસીને ઉડાયા તો નહીં?’ તૂમ કો ક્યા લગતા હૈ.?’ રઝાકના સવાલે આદિલ ખાનના દિલના ધબકારા વધારી દીધા.

‘એસા તો નહીં લગતા. સિમ્પલ એક્સિડેન્ટ લગતા હૈ.’ આદિલ ખાને કહ્યું.

‘બસ્તા શેઠ કે સાથ મિટિંગ લગાઓ.’ રઝાક ટીપોઇ પર પડેલો ફોન બતાવતા બોલ્યો. આદિલ ખાને બસ્તા શેઠને ફોન જોડ્યો.

‘હેલ્લો બસ્તા શેઠ, આદિલ બોલ રહા હું. ભાઇ કા એક ખાસ બંદા આપસે મિલના ચાહતા હૈ.’

*******************

એ જ રાતે બસ્તા શેઠના ઘરે રઝાકની મિટિંગ થઇ. મિટિંગમાં આદિલ ખાનની ગેરહાજરીથી બસ્તા શેઠને આશ્ચર્ય જરૂર થયું...પણ એમણે રઝાકને પૂછ્યું નહીં અને રઝાકે એમને જણાવવાની જરૂર લાગી નહીં. રઝાકનો ફંડા સ્પષ્ટ હતો. એણે આદિલ ખાનને માત્ર મિટિંગ ગોઠવવાનું કહ્યું હતું, સાથે રહેવાનું નહીં. બીજી બાજુ આદિલ ખાનના પેટમાં હબીબભાઇના મર્ડરનું પાપ બોલતું હતું, જોકે બસ્તા શેઠના પેટનું પાણીય હલતું નહતું.

રઝાક પાસે હબીબના મોતનો માતમ મનાવવામાં બસ્તા શેઠે કોઇ કસર છોડી નહીં.

‘હબીબભાઇ મેરા દોસ્ત નહીં, ભાઇ થા.’ બસ્તા શેઠના હાથમાં દારૂનો ગ્લાસ હતો અને આંખમાં મગરમચ્છના આંસુ હતા.

‘આપકો ક્યા લગતા હૈ હબીબભાઇ કા એક્સિડેન્ટ હૈ કી મર્ડર.?’ અચાનક આવી પડેલા સવાલથી બસ્તા શેઠ અંદરથી હલી ગયા.

‘નહીં નહીં....સિમ્પલ એક્સિડેન્ટ લગતા હૈ.’ એક સરખા સવાલના એક સરખા જવાબ. રઝાકની આંખોના ભંવાં ઉપર તણાયાં.

‘મૈં ફિલમ ઇન્ડસ્ટ્રીવાલોં કી મિટિંગ બુલાતા હું. લાખો-કરોડો કા બિઝનેસ હૈ. ચલતા હું.’ રઝાક ઊભો થયો.

‘અરે....આપને પિઆ નહીં.? ગ્લાસ એસે હી પડા હૈ.’ બસ્તા શેઠે કહ્યું.

‘મૈં શરાબ નહીં પીતા બસ્તા શેઠ.’ ખુદા હાફિઝ કહીને નીકળી ગયો.

રઝાક મિટિંગ કરવા આવ્યો. ફિલ્મ ઇન્ડસ્ટ્રીનું સુકાન સોંપવાની કોઇ વાત કરી નહીં.? આદિલના કહેવા મુજબ હબીબ પછી મારું જ છે. બસ્તા શેઠને રઝાકના આવવા અને જલ્દી નીકળી જવાનું કારણ સમજાયું નહીં

****************

ચંદનના મોત વિશે ક્યારેક તો જોરાવર કાંઇક બકી દેશે એવી આશાએ મોતીબાબુ રોજ એની સાથે દારૂ પીવા બેસતો. બે-ત્રણ દિવસ પછી એક સાંજે જોરાવર બારમાં ગયો. મોતીબાબુએ એને જોતા વેંત પૂછ્યું: ‘કહાં ચલે ગયે થે ઇતને દિન.?’ મોતીબાબુ ચંદનના મોતનું રહસ્ય જલ્દી ઉકેલી નાખવાની તાલાવેલી સાથે રોજ જોરાવરની રાહ જોતો.

‘કૂછ કામ થા.’ ટ્રક અકસ્માતની ઘટના પછી જોરાવર રાત-દિવસ બસ્તા શેઠની સાથે જ રહેતો. બસ્તા શેઠે હબીબને ઉડાવવાના લીધેલા જોખમને લીધે એને બસ્તા શેઠ કરતાંય વધુ ચિંતા રહેતી. એ બસ્તા શેઠની સાથે પડછાયાની જેમ રહેતો.

‘વો ચંદનવા જો થા....વો કઇસા આદમી થા.?’ મોતીબાબુએ પહેલીવાર પૂછી લીધું.

‘અચ્છા આદમી થા.’ જોરાવરે કહ્યું.

‘ઉપર સે અચ્છા થા અંદર સે કઇસા થા.?’

‘તૂમ ઉસકા ટેક્સી ચલાતા થા. તૂમકો પતા નહીં કી વો કૈસા આદમી થા.?’

‘મૈં તો સિર્ફ ઉસકી ટેક્સી ચલાતા થા. મગર વો ભગૌડે લોંગોં કો છૂપાતા થા..અપને રૂમ મેં.’ મોતીબાબુ જોરાવરને ઉશ્કેરી રહ્યો હતો...રખેને કોઇ રહસ્ય એના મોંમાંથી નીકળી જાય, પણ એવું કાંઇ થયું નહીં. મોતીબાબુ ખયાલોમાં ડૂબી ગયો.

> ‘ડોનની ટોપ સિક્રેટ મિટિંગમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીના લાખો કરોડો રૂપિયાનો કારોબાર કોને સોંપાશે એની ચિંતા સૌના ચહેરા પર હતી.’

એકવાર રહસ્ય હાથ લાગી જાય પછી સીમા પોતાની જાસૂસીગીરીને બીરદાવશે.....અને પોતે છાતી ફુલાવીને એની સામે લગ્નનો પ્રસ્તાવ મૂકશે ને સીમા એના ગાળામાં મોતીની વરમાળા પહેરાવશે...અને પોતે સીમાને બાહુપાશમાં સમાવી લેશે....મનમાં આકાર લઇ રહેલી દશ્યરચનાને અંતે મોતીબાબુનું મન થનગની ઉઠ્યું.

‘તુમકો કલ બસ્તા શેઠને બુલાયા હૈ.’ જોરાવરના અવાજે મોતીબાબુનો થનગનાટ ઢીલો પાડી દીધો.

ક્યું..કોઇ બડા કાંડ કર કે આ રહા હૈ.?’ મોતીબાબુએ પૂછ્યું.

‘બસ્તા શેઠ કો હી પૂછના.’ એણે વાત ઉડાડી દીધી. ચંદનના મોતનો ભેદ ક્યારે ઉકેલી શકાશે એની મથામણ સાથે મોતીબાબુ દારૂ ગટગટવી ગયો.

***************

જુહુની ફાઇવસ્ટાર હોટલના એક પાર્ટી હોલમાં બંધ બારણે મિટિંગ ભરાઇ હતી. જેમાં ડોન સાથે સંકળાયેલા ફિલ્મ ઇન્ડસ્ટ્રીના ફિલ્મ પ્રોડ્યુસર્સ-ડાયરેક્ટર્સ તેમ જ કલાકારો પણ સામેલ હતા. રઝાક તરફથી મળેલા સંદેશાને પગલે એક પછી એક આવી રહેલાઓમાં અશોક ટંડન અને મહિન્દર મોહન પણ હતા. ફાઇવ સ્ટાર પાર્ટી હોલ હતો, પણ પાર્ટીનો માહોલ નહતો. દારૂ હતો, પણ ગ્લાસ હાથ અને હોઠથી દૂર હતા. વેઇટરો ગાયબ હતા. આ ટોપ સિક્રેટ મિટિંગમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીના લાખો કરોડો રૂપિયાનો કારોબાર કોને સોંપાશે એની ચિંતા સૌના ચહેરા પર હતી. હબીબભાઇ પછી કોણ? હોલમાં ઝીણો ગણગણાટ હતો. રઝાકની એન્ટ્રી સાથે હોલમાં સન્નાટો છવાઇ ગયો. રઝાકને વીંટળાઇને ઊભેલા ફિલ્મ જગતના ધૂરંધરો હબીબના મોતનો ખરખરો કરવા લાગ્યા અને અચાનક દરવાજો ખુલ્યો. આદિલ ખાને બસ્તા શેઠની સાથે એન્ટ્રી મારી.

‘આઇએ બસ્તા શેઠ આપકા હી ઇન્તેઝાર થા.’ ડાઇનિંગ ટેબલની ઓથે ઊભેલા રઝાકે કહ્યું. બસ્તા શેઠ રઝાકને ભેટીને બાજુમાં ઊભા રહ્યા.

‘મુઝે ઝયાદા બોલને કા નહીં હૈ. ફિલમ ઇન્ડસ્ટ્રી કા સારા કારોબાર અબ સે.’ રઝાકની અછડતી નજર ફરતી ફરતી બસ્તા શેઠ અને પછી આદિલ ખાન પર જરા અટકીને ફરી બસ્તા શેઠ પર આવી.‘બસ્તા શેઠ સંભાલેંગે.’ આટલું બોલીને રઝાક પાર્ટી હોલના તોતિંગ દરવાજાને બે હાથે હડસેલી બહાર નીકળી ગયો ને વેઇટરોનું ઝુંડ અંદર પ્રવેશ્યું. હવે પાર્ટી હોલમાં પાર્ટીનો માહોલ ઝુમવા લાગ્યો....શેમ્પેઇનનો ફુવારો ઝુમર સુધી ઉડ્યો.....ગ્લાસથી ગ્લાસ ટકરાયા...બસ્તા શેઠને અભિનંદન મળવા લાગ્યા....બસ્તા શેઠ સાથે દોસ્તી બંધાવા લાગી....

‘મૈંને કહા થા ના કી હબીબભાઇ કે બાદ આપ હી હો.’ આદિલ ખાને કહ્યું.

વિચારમાં ખોવાયેલા બસ્તા શેઠે થોડીવારે કહ્યું: ‘તેરે દિમાગ મેં ઓર કૂછ ચલ રહા હૈ ના.?’

અભિને રસ્તામાંથી હટાવવા માગતા આદિલે ખાને કહ્યું: ‘ઓર એક કામ કરના હૈ.’

****************

રઝાક એરપોર્ટ પર ઉતર્યો. અંદર પ્રવેશતા પહેલાં એણે પોતાના એક સાગરીતને કહ્યું: ‘ઉસ પર નઝર રખો.’

‘હાં ભાઇ...પહેલે આપ અંદર જાઓ, મલેશિયા કી ફલાઇટ મિસ હો જાયેગી.’

‘મુઝે લિયે બગૈર નહીં જાએગી.’ એ જ વખતે અંદરથી એક જણે આવીને કહ્યું: ‘ભાઇ, આપકે નામ કા એનાઉન્સમેન્ટ હો ચૂકા હૈ.’

‘બાદ મેં દેખેંગે ઉસકા ક્યા કરના હૈ....નઝર રખો ઉસ પર.’ રઝાક બોલીને અંદર જતો રહ્યો.

***************

બીજે દિવસે મોતીબાબુ બસ્તા શેઠના દરબારમાં હાજર થયો. વહેલી સવાર સુધી પાર્ટી ચાલી. પછી બસ્તા શેઠ સૂવાને બદલે નાહીને સીધા પૂજામાં બેસી ગયા. મોતીબાબુ જોરાવરે આપેલા સમયે પહોંચી ગયો હતો. જોરાવર એને બેસાડીને ગયો પછી એ વિચારતો હતો કે પોતાની કોઇ સમસ્યાનું નિરાકરણ આવતું નથી. ચંદનના મોતનું કારણ હાથ લાગતું નથી ને અત્યારે બસ્તા શેઠે શા માટે બોલાવ્યો છે એની ખબર પડતી નથી. મારું તકદીર જ ખરાબ છે. અચાનક બસ્તા શેઠ હાથમાં પ્રસાદ લઇને પ્રવેશ્યા. મોતીબાબુ ઊભો થઇ ગયો.

‘બૈઠો. પ્રસાદ લો.’ મોતીબાબુએ પ્રસાદ લઇને મોંમાં મૂક્યો. ફટ સે બોલો ને કી કિસ....કો કહાં સે લે કર કે રૂમ મેં છૂપાના હૈ....મોતીબાબુ મનમાં બબડ્યો.

‘તેરે કુ એક આદમી કો જામીન પે છૂડાને કા હૈ. જોરાવર તુઝે અપને એક વકીલ કે પાસ લે કે જાયેગા. કાગઝપતર લે કે તું ઉનકે સાથે વાઇ પુલીસ સ્ટેશન જાયેગા.’

‘વાઇ પુલીસ સ્ટેશન? બમ્બઇ મેં કહાં હૈ? નામ સૂના નહીં કભી.’

મોતીબાબુ બે બાબતે ગૂંચવાયો હતો. એક, જામીન પર કોઇને છોડાવવાના નવા કામ બાબતે અને બીજું વાઇ પોલીસ સ્ટેશનના નામ બાબતે.

‘વાઇ નામ કા ગાંવ હૈ. મહાબલેશ્ર્વર સે પહેલે આતા હૈ.’

જોરાવર તૈયાર જ ઊભો હતો.

‘મોતીબાબુને વકીલની ઓફિસે લઇ જા. એ બંને જઇને પેલા ડ્રાઇવરને જામીન પર છોડાવશે.’ બસ્તા શેઠે કહ્યું.

(ક્રમશ:)■

આકાશ મારી પાંખમાં
કલ્પના દવે
feedback@bombaysamachar.com

# - તો, પીડિતા શું કરે?



કોમી એકતા માટે જાણીતા અમદાવાદ શહેરમાં તે અરસામાં જાતીય હુલ્લડો ફાટી નીકળ્યા હતા. હુમલાખોરો હાથમાં શસ્ત્રો ધારણ કરીને આતંક ફેલાવી રહ્યા હતા. ચૂંટણી માટે હવે એક મહિનો જ બાકી હતો. હુમલાખોરો ગમે તે સ્થળે ત્રાટકતા અને જાહેરસ્થળો પર તોડફોડ કરીને લોકોના જાન-સામાનને નુકશાન પહોંચાડતા. પોલીસ ફોજ તૈનાત હતી છતાંય ચારે બાજુ ભયનું વાતાવરણ ફેલાયેલું હતું.

પોલીસ ઈન્સપેક્ટર રાજેશ ચૌહાણ તેની સગર્ભા પત્નીને કારમાં હોસ્પિટલ લઈ જતા હતા, ત્યાં જ છ-સાત બુકાની બાંધેલા શસ્ત્રધારીઓએ જાહેર રસ્તા પર તેમની કાર રોકી. રાજેશ અત્યારે ડ્યુટી પર ન હતા એટલે સફેદ શર્ટ અને બ્લ્યુ જીન્સ પહેર્યું હતું. પેલા હુલ્લડખોરોએ તેમની કાર અટકાવી.

દેખો, મૈં મેરી વાઈફ કો હોસ્પિટલ લે જા રહા હૂં, અરજંટ હૈ. રાજેશે કહ્યું.

પહેલે કારમેં સે બહાર નીકલ.

બે હુમલાખોર ડ્રાઈવર સીટ પર બેઠેલા રાજેશ સામું બંદુક તાણી રહ્યા.

દર્દમાં પીડાતી સીમાએ કહ્યું:- હમે જાને દો. હોસ્પિટલ જાના હૈ.

દેખ, મૈં પુલીસ ઈન્સપેક્ટર હૂં. કહેતા રાજેશે પોતાનું આઈ કાર્ડ બતાવ્યું. એક ફોન ઘૂમાકર અંદર કરવા દૂંગા.

સીમા મોબાઈલ કાઢીને ફોન કરવા લાગી. ત્યાં તો પેલા બે શસ્ત્રધારી એની તરફ ધસ્યા. રાજેશે કહ્યું:- મારી વાઈફને કોઈ ઈજા ન પહોંચાડતા. વો તો પેટસે હૈ. મૈં બહાર આતા હૂં.

હુમલાખોરોએ રાજેશને પિસ્તોલની ધાક બતાડી. રાજેશે તરત પોતે પહેરેલી સોનાની ચેન, વીંટી અને બધી જે રોકડ રકમ હતી તે પણ આપી દીધી. લાગ જોઈને પોતાના મોબાઈલ પરથી પોલીસ સ્ટેશને ફોન લગાડ્યો. બાજુમાં ઊભેલા એકે એનો ફોન ઝૂંટવી લીધો. અને એ ખૂનખાર બુકાનીધારીએ રાજેશ સામે ગોળીઓ છોડી અને ઈન્સપેક્ટર રાજેશ ધરતી પર ઢળી પડ્યો. જાહેર રસ્તો હતો પણ પોતાનો પ્રાણ બચાવવા ત્યાંના લોકો પણ કોઈ સલામત સ્થળે ભાગી ગયા.

રાજેશની લાશને ત્યાં જ રાખી આતંકીઓ ભાગી રહ્યા હતા. તેમાંના એકને દયા આવી. ભાઈ, દેખો, યે ઓરત બેશુધ્ધ હો ગઈ- ઔર વો પેટસે હૈ, કયા કરે? મરને દે ઈધર હી.

ભાઈ લોગ, તુમ ભાગો. મૈં ઈસકો નજદીક કે કોઈ ડોકટર કે પાસ લે જાઉંગા.

દેખ તું ફસેગા. કલ ભાઈ કે પાસ આના. હાં, યે નેક કામ હૈ. ઓરત ઔર બચ્ચા કો બચાલે

પેલાએ લાશને ત્યાં જ રાખી અને કાર આગળ ભગાવી ગયો.

સીમા થોડી ભાનમાં આવતાં બબડવા લાગી- મેરે પતિ કો છોડ દો. મારું બાળક ઓહ ખૂબ પીડા થઈ રહી છે.

પેલાએ બુકાની છોડી દીધી. હાથમાંની બંદુક કારની પાછલી સીટ પર ફેંકતા કહ્યું:- આ સામે એક કલીનીક સેન્ટર પર હું તને લઈ જઈશ. જો, રસ્તામાં જે થયું એના વિશે બોલીશ ને તો ભાઈજાન તને ખતમ કરી દેશે.

સીમા બેબાકળી થઈ ગઈ. એક તરફ ખૂનખાર ટોળકીથી પોતાની જાતને બચાવવાની, કાખના બાળકનું રક્ષણ કરવાનું અને નજર સામે પતિની હત્યાના મૂક સાક્ષી બનવાની કરૂણતા- એનું મન આક્રંદ કરી રહ્યું હતું.

આ કોણ છે, જે મને મદદ કરવા આવ્યો છે. એણે પૂછયું- તું કોણ છે, પેલા હત્યારાઓ કયાં છે? હું એમને નહીં છોડુ.

જો, હું તને મદદ કરવા આવ્યો છું. ચૂપ રહેજે. ડોકટરને કહેજે કે હું તારો ભાઈ છું. જો જરા ય ચાલાકી કરી તો તારા આ બાળક સાથે જ

જો, હવે આ નર્સીંગ હોમ આવ્યું-

ક્રીસ્ના નર્સીંગ હોમના કાઉન્ટર પાસે સીમા અને પેલો યુવક ઊભા હતા. સુમિત્રા ડોકટરે સીમાને તપાસતાં કહ્યું- આમ તો બાળકની પોઝીશન સારી છે, પણ સ્ટ્રેસને કારણે બી.પી. હાઈ છે. આજે ઈંજેક્ષન આપું છું. અહીં થોડો આરામ કરો, પછી ઘરે જજો.

લો, આ દવા લઈ આવો. પેલાનું કામ થઈ ગયું હતું, દવા લેવાને બહાને એ ગયો. રાજેશ ઈન્સપેકટરની અંગત ગાડી લઈને એ ગયો તે ગયો.

સીમા સ્વસ્થ થઈ. એણે નક્કી કર્યું કે હું આ આખી ટોળકીને જેલમાં ધકેલાવીશ. મારી નજર સામે એ તાંડવ ખેલાયું છે.

નર્સીંગ હોમમાંથી સીધી એ રાજેશની જ પોલીસ ચોકીમાં પહોંચી. ધોળે દહાડે જાહેરમાર્ગ પર થયેલી પોતાના જ પતિ ઈન્સપેકટર રાજેશની હત્યા. સીમાએ ફરિયાદ નોંધાવી.

સીમાએ પોતાની સાથે બનેલી કરૂણ ઘટના જણાવી.

ભારે હૈયે સીમાએ કુટુંબીજનો સાથે અંતિમક્રિયા પાર પાડી, અને પતિની એ અંતિમ જવાળાના દર્શન કરતાં પ્રતિજ્ઞા કરી હું આનો બદલો લઈશ. જરૂર પડે તો હાઈકોર્ટ કે છેક સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવીશ. મેં મારી નજર સામે મારા પતિની હત્યા થતાં જોઈ છે.

એક મહિલા નેતા સીમાને રાજ્યના એક પ્રધાન પાસે લઈ ગયાં, અને વિશેષ તપાસ કરાવવા તથા સીમાને જલદી ન્યાય મળે એવી અપીલ કરી.

તાત્કાલીક પગલાં લેવાની જાહેરાત કરતાં ટી.વી. ચેનલ પરથી પ્રધાને કહ્યું:- આતંકવાદને અટકાવવા પ્રજા અમને મદદ કરે, જાગૃત રહે. આવી કોઈ ઘટનાની જાણ થતાં તુરંત આ હેલ્પલાઈનને ફોન લગાડો. આતંકવાદને દૂર કરવા અમે તાત્કાલીક પગલાં લઈશું. રાજેશ ઈન્સ્પેક્ટરના હત્યારાને અમે જલદી પકડી પાડીશું. સીમાબેન, સરકાર તમારી સાથે જ છે.

મહિલા નેતાએ કહ્યું- આતંકવાદીઓ વિરુદ્ધ જાગૃત રહો. જાહેર જનતાએ કોઈ કોમી દંગલમાં ફસાવવું નહીં. ધર્મના નામે ફેલાતા કોમી સરઘસમાં ભાગ લેવો નહિ. તમારી આસપાસ કોઈ દુર્ઘટના બને તો તરત હેલ્પલાઈનમાં નંબર જોડો, મને સમજાતું નથી કે કોમીએકતા માટે જાણીતા આપણા શહેરને આ શું થયું છે.

પ્રધાને ટી.વી સ્ક્રીન પરથી જનતાનું અભિવાદન કરતાં કહ્યું- આ આતંકીઓ જાણી જોઈને ચૂંટણી ટાણે આવી દહેશત ઊભી કરે છે. જો, આ દહેશત દૂર કરવા અમારી ‘લોકમત’ પાર્ટીને વિજયી બનાવો.

દિવસો પસાર થવા લાગ્યા. વરસ પર વરસ પસાર થઈ ગયા. ન્યાય મેળવવા સીમા મરણિયા પ્રયત્નો કરતી હતી. અહીં મધ્યમ વર્ગની આ વિધવા સ્ત્રીને ઠાલા વચનો સિવાય શું મળવાનું છે.

સમયનું ચક્ર કયાં અટકે છે? પોતાના લાડલા પુત્ર જયેશને ઈન્સ્પેકટર પિતાના ફોટાને પગે લગાડતાં સીમા એના દીકરાને કહે છે:- બેટા, તું તારા પિતાની હત્યાનો બદલો લેજે. હું તો પંદર વર્ષથી કોર્ટ-કચેરીના ચકકર કાપું છું.

મા, તેં પોતે આતંકીઓને હત્યા કરતાં જોયાં, પપ્પા પોલીસ ઈન્સ્પેક્ટર હતા, તો ય આવું?

બેટા, એ આતંકીઓ તો ભાગી ગયા, બીજા આતંકીઓ પણ આવ્યા ને ગયા. બધું રાજતંત્ર બરાબર ચાલે છે. પણ ફક્ત ન્યાય મળવો બાકી છે.

ન્યાયદેવીને આંખે પાટા છે, એનો અર્થ એ છે કે દરેક વ્યકતિને નિષ્પક્ષ ન્યાય મળી શકે. પણ, વાસ્તવમાં એવું થાય છે ખરું?

તો, પીડીતા શું કરે? ■

ફોકસ
અનંત મામાતોરા
feedback@bombaysamachar.com

## કાશ્મીરને પ્રદૂષણમુક્ત કરવાનો યુવાનોનો ભગીરથ પ્રયાસ

# છેવટે ઝુંબેશ ફેરવાઈ ગઈ લાખો રૂપિયાના બિઝનેસમાં!

ધરતી પરનું સ્વર્ગ એટલે કાશ્મીર એવું કહેવામાં આવે છે. હિમાચ્છાદિત પર્વતો, વૃક્ષો, ઘરો સહિત સંપૂર્ણ વિસ્તારમાં ફક્ત બરફની ચાદર જોવા મળે. કાશ્મીરનો આ બ્લેક એન્ડ વાઇટ લૂક પણ જોવા જેવો હોય છે. તેથી જ અહીં પર્યટકોની ભીડ વધુ જોવા મળતી હોય છે. માણસો જ્યાં પહોંચે ત્યાં પ્રદૂષણ થવાનું નક્કી જ હોય. કાશ્મીરમાં મોટી સંખ્યામાં પર્યટકો આવતા હોવાથી તેમની માટે સુવિધા વધારવા માટે વિવિધ માળખા-બાંધકામો કરાયા છે, વાહનોની વધતી અવરજવર પ્રદૂષણના મુખ્ય કારણ બન્યા છે. જે હવે ચિંતાનો વિષય બન્યો છે.

કાશ્મીરને પ્રદૂષણમાંથી મુક્ત કરવા માટે ઘણી સંસ્થાઓ અને પ્રશાસન તરફથી ઝુંબેશો હાથ ધરવામાં આવી છે ત્યારે અમુક સ્વયંસેવકો કહો કે યુવાનો પણ આ તરફ આગળ આવ્યા છે અને પોતપોતાની રીતે નવા આઇડિયાનો ઉપયોગ કરીને કાશ્મીરને પ્રદૂષણમુક્ત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. બે મિત્રએ કાશ્મીરને પ્રદૂષણમુક્ત કરવાનું બીડું ઝડપ્યું હતું, પણ હવે તેમની આ ઝુંબેશ નવા બિઝનેસમાં ફેરવાઇ ગઇ છે અને તેઓ વર્ષે આ ઉદ્યોગથી એક-બે નહીં, પણ ૩૦-૩૦ લાખ રૂપિયા કમાવી રહ્યા છે.






કાશ્મીરના રહેવાસી યુવાનો શેખ યમીન અને તેનો મિત્ર ઝુબેર અહેમદ ભાટ તેમના વતન શ્રીનગરમાં બરફની જાડી ચાદર પથરાય તેની કાગડોળે રાહ જોતા હોય છે. બાળપણમાં તેઓ બરફના બોલ બનાવીને એકબીજાને મારવાની રમત રમતા, સ્નોમેન બનાવતા. દિવસ દરમિયાન નીલા રંગનું સ્વચ્છ આકાશ રહેતું. ખીણપ્રદેશને કોઇ અડી શક્યું પણ ન હોય એવી શુદ્ધ હવા રહેતી હતી. આ રહી બાળપણની વાત, પણ હાલમાં તેઓને આવો મોકો બહુ ઓછો મળે છે અને તેનું કારણ છે હિમવર્ષાનું ઘટતું પ્રમાણ.

યમીન જણાવે છે કે એક વખત એવો હતો જ્યારે અમારા ઘૂંટણ સુધીની બરફની ચાદરમાંથી અમને પસાર થવું પડતું હતું. હિમવર્ષા એટલે અમારી માટે એક ઉજવણી સમાન હતી. બપોરના સમયે લોકો પોતાના છાપરા પરથી, પ્રાંગણમાંથી બરફ સાફ કરતા નજરે પડતા. વૃક્ષો પણ બરફથી ઢંકાયેલા જોવા મળતા હતા. આ બરફને પ્રકૃતિ તરફથી મળેલી ગિફ્ટ માનવામાં આવતી હતી.

આ દિવસો હવે ભૂતકાળ બની ગયા છે. સંપૂર્ણ વર્ષ જ્યાં પર્યટકોની અવરજવર રહેતી હતી ત્યાં હવે ફક્ત વર્ષમાં એક-બે વખત જ પર્યટકો આવે છે. જે સ્વચ્છ આકાશ જોવા મળતાં હતાં તે હવે સ્મોગ હેઠળ ઢંકાઇ ગયા છે. દેશના સૌથી પ્રદૂષિત ૧૦ શહેરોમાં કાશ્મીરનો સમાવેશ થયો છે. કાશ્મીરે હવે પોતાની સુંદરતા ગુમાવી દીધી છે એમ કહેવું યોગ્ય રહેશે, એવી વેદના યમીને ઠાલવી હતી.

૨૭ વર્ષના યુવાન યમીનને કાશ્મીરના પ્રદૂષણની ચિંતા સતાવવા લાગી. તેનું મન મૂંઝાતું રહ્યું. આમાંથી ખીણ પ્રદેશને કેવી રીતે મુક્ત કરવો એ વિશે તે દિવસ-રાત વિચાર કરવા લાગ્યો.

યમીન જણાવે છે કે પહેલા જે રસ્તા પરથી પસાર થવા માટે અડધો કલાકથી વધુનો સમય લાગતો નહોતો ત્યાંથી પસાર થવામાં હવે એક કલાકથી વધુનો સમય લાગવા લાગ્યો છે. વાહનોની અવરજવર વધવા લાગી છે. આ વાહનોથી પ્રદૂષણ પણ વધી રહ્યું છે. ખીણપ્રદેશ સિવાય હવે આ પ્રદૂષણ આસપાસના પર્વતો સુધી ફેલાઇ રહ્યું છે.

યમીનની ચિંતા વધી ગઇ અને એક દિવસ તેણે પોતાની વ્યથા મિત્ર ઝુબેર અહેમદ સાથે ચા પીતા-પીતા શેર કરી. તેમની વચ્ચે થયેલી ચર્ચાઓ બાદ જે ઉકેલ નીકળ્યો તે હતો કર્વ ઇલેક્ટ્રિક. આ બાઇક હાલમાં પર્યટકો અને સ્થાનિકો માટે બેસ્ટ ટ્રાન્સપોર્ટેશનનું સાધન બની છે.

આખરે ૨૦૨૨માં બન્ને મિત્રએ મળીને ઇ-બાઇક કર્વ ઇલેક્ટ્રિકને લોન્ચ કરી. આ બાઇકે લોકોમાં કાશ્મીરમાં ફેલાતા પ્રદૂષણને ડામવા અંગે જાગરૂકતા ફેલાવવાનું પણ કામ કર્યું તથા રોજિંદા ઉપયોગ માટે પણ આ બાઇક આશીર્વાદરૂપ બની.


પ્રદૂષણરહિત હોવાની સાથે આ બાઇકની ડિઝાઇન કાશ્મીરના જનજીવનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. કાશ્મીરના સાંકડા રસ્તાઓ, ટ્રાફિક વગેરે બાબતો પણ ધ્યાનમાં રાખવામાં આવી હતી. બે વર્ષમાં જ અમને અમારી ઝુંબેશનું ફળ દેખાવા લાગ્યું. ૭૫૦૦ વૃક્ષો દ્વારા જેટલો કાર્બનડાયોક્સાઇડ શોષી લેવામાં આવે છે તેટલો કાર્બન ઓછો થયો. સ્થાનિક લોકોએ પણ અમારી આ ઝુંબેશને એક જવાબદારી રીતે સ્વીકારી. એ વાતનો અમને આનંદ છે, એમ યમીન જણાવે છે.

કાશ્મીરને પ્રદૂષણમુક્ત કરવાની બન્ને મિત્રની આ ઝુંબેશ બિઝનેસમાં ફેરવાઇ. ૧૪ લાખ રૂપિયાથી શરૂ કરેલો ઉદ્યોગ હવે લાખો રૂપિયામાં ફેરવાઇ ગયો છે. ગયા વર્ષે તેમને વર્ષે ૩૦ લાખ રૂપિયાની કમાણી થઇ હતી. હવે આ મિત્રોએ કમાણી પંચાવન લાખ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# લાલો લાભ વગર ન લોટે



**મનુષ્યને** લાભ દેખાતો હોય, પોતાનો જ્યાં સ્વાર્થ હોય ત્યાં સર્વસ્વ લૂંટાવી દેવા તૈયાર હોય છે. આજના ભૌતિક યુગમાં માત્ર પોતાનો લાભ જોવામાં આવે છે. સંવેદનાનું મહત્ત્વ ઘટતું ગયું છે. નિઃસ્વાર્થ સેવા એ ઉત્તમ ભાવના છે, પણ આજના સમયનું સત્ય એ છે કે લાલો લાભ વગર ન લોટે. અહીં લોટે શબ્દનો અર્થ પડે એવો થાય છે. આ કહેવત પાછળ એક મજેદાર કથા છે. ગામમાં એક મા અને એમનો પુત્ર રહેતાં હતાં. યુવાનીમાં પ્રવેશ્યો હોવા છતાં ગામ આખામાં પુત્ર લાલો તરીકે જ ઓળખાતો હતો. એકવાર લાલો ઘી લઈ પાછો ફરતો હતો ત્યારે ઘીનું વાસણ રસ્તા પર પડી ગયું. લાલો જમીન પર બેસી ઘી અને સાથે ધૂળ વાસણમાં ભેગી કરવા લાગ્યો. કોઈએ જોયું અને લાલાના ઘરે પહોંચી માને જણાવ્યું કે 'તમારો લાલો પડી ગયો છે ને ઢોળાયેલું ઘી અને ધૂળ ઉસરડી ડબ્બામાં ભેગું કરી રહ્યો છે. મા લાલાને બરાબર જાણતી હતી. એટલું જ બોલી કે 'મારો લાલો લાભ વગર ન લોટે.' થોડી વાર પછી લાલો ઘરે આવ્યો ત્યારે માએ દીકરાને પૂછ્યું કે 'દીકરા કેમ કરતાં પડી ગયો?' વાંચો લાલાનો જવાબઃ 'હું ઘરે આવી રહ્યો હતો ત્યાં જમીન પર સોનામહોરની પોટલી દેખાણી. હવે જો નીચો નમીને લેવા જાઉં તો કોઈની નજરે ચડી જાઉં. એટલે હાથે કરીને પડી ગયો ને ઘીનું વાસણ સોનામહોરની પોટલી પર પડવા દીધું. રસ્તાની ધૂળ સાથે સોનામહોર પણ લેતો આવ્યો છું. ધૂળ અને ઘીમાંથી સોનામહોર કાઢી લેજે.' દીકરાના ડહાપણ પર મા ખુશ થઈ અને બોલી કે 'મને ખાતરી જ હતી કે તું લાભ વિના ન લોટે.'

સગ્ગી બહિણ

## IDIOM STORY



અંગ્રેજી ભાષાની કહેવત કથાના દોરમાં એક રૂઢિપ્રયોગ વિશે જાણીએ. Spill the beans means to leak a secret. આ રૂઢિપ્રયોગનો ભાવાર્થ છાની વાત કહી દેવી, રહસ્ય ઉઘાડું પાડી દેવું થાય છે. I wanted to give a surprise birthday party to my wife but my mother spilled the beans. પત્નીને સરપ્રાઈઝ બર્થડે પાર્ટી આપવી હતી, પણ મારાં મમ્મીએ વાત છાની ન રહેવા દીધી. ગુજરાતીમાં આને સમકક્ષ એક રૂઢિપ્રયોગ વાચકોને યાદ જરૂર આવી ગયો હશે. જી હા, વટાણા વેરી નાખવા. પોલીસની પૂછપરછમાં આરોપીએ વટાણા વેરી નાખ્યા અને આખી ટોળકી મુદ્દામાલ સાથે પકડાઈ ગઈ. આ રૂઢિપ્રયોગ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યો એ કથા જાણવા જેવી છે. એનું અનુસંધાન ગ્રીસ દેશની મતદાન પ્રક્રિયા સાથે જોડાયેલું છે. પ્રાચીન કાળમાં મતદાન કરવા આવતા લોકો કાળા અથવા સફેદ બીન્સ (વાલનો દાણો)ની મદદથી મતદાન કરતા હતા. સફેદ બીન મતલબ હોકાર - હા પાડવી અને કાળા બીન એટલે નકાર - ના પાડવી એમ સમજવામાં આવતું હતું. આનો અર્થ એ થયો કે જો ડબ્બામાં રહેલાં બીન્સ વેરાઈ જાય તો ચૂંટણીનાં પરિણામ નક્કી કરેલા સમય કરતાં વહેલા જાહેર થઈ જાય. એના પરથી બીન્સ વેરાઈ જવા એને છાની વાત જાહેર કરવા સાથે જોડી દેવામાં આવ્યું. ત્યારથી આ રૂઢિપ્રયોગ અસ્તિત્વમાં આવ્યો અને આજની તારીખમાં પણ એના મૂળ અર્થ સાથે અકબંધ છે. આ અંગ્રેજી રૂઢિપ્રયોગ સાથે સમાન અર્થ ધરાવતી અંગ્રેજી કહેવત પણ છેઃ Let the cat out of the bag. છાની રાખવાની કોઈ વાત અથવા રહસ્ય બેદરકારીને કારણે અથવા ભૂલથી ઉઘાડું પડી જાય ત્યારે આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. પશુધનની લે-વેચ કરતા કેટલાક દલાલો વધુ નફાની લાલચે સોદો થયા પછી ગ્રાહકને બૅગમાં વેચાણ થયેલા પ્રાણીને બદલે બિલાડી પકડાવી દેતા, કારણ કે વજન સરખું હોવા છતાં બિલાડીનું આર્થિક મૂલ્ય ઓછું રહેતું. ગ્રાહક ઘરે પહોંચી બૅગ ખોલે ત્યારે બિલાડી બહાર નીકળતાં છેતરાયા હોવાની જાણ થતી અને દલાલનું રહસ્ય ઉઘાડું પડી જતું.

राष्ट्र भाषा

## कहावत की कथा

કહેવત પાછળની કથા ભાષાજ્ઞાન આપવા ઉપરાંત સમજણનો પણ વિસ્તાર કરે છે. **ऊंट की चोरी निहुरे – निहुरे** કહેવત પરથી આ વાત સુપેરે સમજાય છે. ઊંટની ચોરી કોઈને ખબર ન પડે એમ સંતાઈને કરવી એ આ કહેવતનો ભાવાર્થ છે. એક શાતીર ચોર હતો જે ગાય-ભેંસ કે ઘોડા જેવાં જાનવરો તો ક્યારેક બકરીની ચોરી કરતો અને પછી બીજા નગરમાં કે મેળામાં ચોપગાં પ્રાણી વેચી આવતો. એક વખત એવું બન્યું કે આસપાસનાં ગામમાંથી એક બકરી સુદ્ધાં ન પામ્યો. ચોરનું ઘર ચોરીના માલના વેચાણમાંથી મળતા પૈસા પર ચાલતું હતું એટલે બે ટંક ભોજનના વાંધા પડવા લાગ્યા. દુકાનદારોએ ઉધાર માલ આપવાનું બંધ કરી દીધું હતું. ઉદ્યમ કરવાથી દૂર રહેતો આ ચોર ચોરીચપાટી કરવા દૂર એક ગામમાં જઈ પહોંચ્યો. મધરાતે ગામના લોકો પોઢી ગયા ત્યારે કોઈ પ્રાણી હાથ લાગે એ માટે આંટાફેરા શરૂ કરી દીધા. બહુ ફાંફાં માર્યા પછી એક ઊંટ પર ચોરની નજર પડી. દબાતા પગે ઊંટ પાસે પહોંચી એને બાંધેલું દોરડું છોડી ચાલતી પકડી. થોડું અંતર કાપ્યા પછી કેટલાક લોકો તાપણું કરતા દૂરથી નજરે પડ્યા. બાજુમાં એક વાડ હતી જેની આડશમાં કોઈની નજરે ન ચડી જવાય એમ નિહુરે નિહુરે એટલે કે સંતાતો સંતાતો આગળ વધવા લાગ્યો. ચોર તો લોકોની નજરે ન ચડ્યો, પણ લાંબો ઊંટ ગામવાસીઓ જોઈ ગયા. ગામમાં એક જ ઊંટ હતો એટલે એ વ્યક્તિનો ઊંટ દોરડું છોડી ચાલી નીકળ્યો છે એવું લોકોએ માની લીધું. જોકે, એક ચતુર ગામવાસીને દાળમાં કાળું લાગ્યું. એ બોલ્યો કે 'જો ઊંટ દોરડું છોડીને નીકળ્યો હોત તો એની નાથ (નાકમાં કાણું પાડી નાખવામાં આવતી દોરડી)નું દોરડું પાછળની બાજુએ હોય. અહીં તો ઊંટની નાથનું દોરડું આગળની બાજુએ દેખાય છે.' તરત બધા લોકો દોડી ઊંટ પાસે પહોંચ્યા તો જોયું કે ચોર દોરડું ઝાલી સંતાઈ સંતાઈને ઉતાવળ કરી જઈ રહ્યો હતો. એ જોઈ એક ગામવાસી બોલ્યો કે **ऊंट की चोरी निहुरे – निहुरे**

सग्गी बहिण

## म्हणीची कथा

મરાઠીની એક મજેદાર કહેવત છે भोंगळ कारभार असणे. याचा अर्थ गैरशिस्तीचा, शिथिल कारभार असणे म्हणजे भोंगळ कारभार असणे असं होतो. શિસ્તની ગેરહાજરી હોય એવા શિથિલ કારભાર એવો એનો ભાવાર્થ છે. આ કહેવતનું અનુસંધાન વસઈના કિલ્લા સાથે છે. ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર ૧૩૯૪થી ૧૪૧૪ના સમયકાળ દરમિયાન ભોંગળ રાજાએ એ કિલ્લો બાંધ્યો હતો. ત્યાર બાદ સુલતાને ભોંગળ રાજાને યુદ્ધમાં હરાવી એમને ઠાર કરી વસઈ પોતાના તાબામાં લીધું અને પછી ત્યાં પોર્ટુગીઝોનું આગમન થયું. ટૂંકમાં વસઈ કિલ્લાના જનક ભોંગળ રાજા જ હતા. આના પરથી એવું અનુમાન કરવામાં આવ્યું છે કે ભોંગળ રાજાના કારભારમાં શિસ્તનો અભાવ હતો અને એમની પકડ નહોતી, કારભાર ઢીલો હતો. એટલે ભોંગળ કારભાર વિશેષણ લાગી ગયું હશે. એમ તો આપણે ત્યાં રામરાજ્ય (ન્યાય અને નીતિવાળું કલ્યાણ રાજ)નું ઉદાહરણ પણ જોવા મળે છે. રામરાજ્યના રામ કોણ એ આપણે જાણીએ છીએ, પણ ભોંગળ કારભારના ભોંગળને આપણે વીસરી ગયા છીએ. જેના પરથી વિશેષણ પડ્યું એને જ ભૂલી ગયા. આ પણ ભોંગળ કારભાર જ થયો ને. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# આર્ટિફિશિયલ જજ કરે માગણીઓ મોર!

જસ્ટ, આ સિનારિયાની કલ્પના કરો...

આજથી ત્રીસ વરસ પછી ૨૦૫૫ ના સપ્ટેમ્બરની છઠી તારીખ....ભારતના કોઇ શહેરની કોર્ટ...

સવારના સાડા દસે કેસમાં મુદત માંગવા બકાલા બજાર જેવો શોરબકોર.

('બકાલા' શબ્દ ન સમજાયો? આજની જનરેશનની ટર્મિનોલોજીમાં એનો અર્થ થાય વેજીટેબલ માર્કેટ)


જજસાહેબે ચેમ્બરનું બારણું રિમોટથી ખોલ્યું જજસાહેબ ચેમ્બરમાં દાખલ થયા. અસલ રોબો જેવી જેન્ટલમેન ચાલ, પરંતુ ૧૦૦% હ્યુમન લાગે.

દમામભેર એ ખુરશીમાં ગોઠવાયા. આંખના લેસર કિરણોથી સૌને બેસવા આદેશ આપ્યો. કોર્ટની કાર્યવાહી કરવા રોબો ક્લાર્કને ઓટીપીથી આદેશ આપ્યો.

કેસ નંબર XXX- ૨૦૫૨. રસ્તા પર રખડતા ઢોરનો ત્રાસ. પીઆઇએલ હતી.

'વ્હોટ ઇઝ ધીસ?. હજુ પણ ઢોરને રસ્તા પર કોણ છોડી જાય છે?' જજે ક્લાર્કને કાનમાં પૂછયું.

'મિ લોર્ડ, અહીં શહેરમાં પાલતુ ઢોર રસ્તા પર અડિંગો જમાવે છે. તેને હટાવવા પીઆઇએલ થઇ છે.' ક્લાર્કે જવાબ



આપ્યો.

'મતલબ કે રિયલ ટાઇમના એટલે કે ઓફલાઈન ગુના ઓનલાઇન ડિજિટલ યુગમાં બની રહ્યા છે?'

'યસ મિ લોર્ડ, છેલ્લા પાંચ હજાર વરસમાં કોઇ નવો ગુનો થયો નથી. તમામ ગુના રિપીટ થાય છે.'

ક્લાર્કે ઓનલાઇન જવાબ આપ્યો. ક્લાર્કના જવાબથી આર્ટિફિશિયલ જજ કન્ફયુઝડ ! માનો ફયુજ ઊડી ગયો. પળ માટે આંખો બંધ કરી સિસ્ટમ- ઇન બિલ્ટ ડેટા કોર્ટ કેસ ચેક કર્યા.....No data found જેવો જવાબ ફલેશ થયો.

'અવિશ્ર્વસનીય ઘટના. મારા ઉત્પાદક દેશમાં આવી ઘટના બનતી નથી.. માટે હું કેસના આરોપીને ફાંસીની સજા ફરમાવું છું.'આમ કહીને કૃત્રિમ જજે માઉસ મચડી નાખ્યું (ઇન ઓલ્ડ ડેઇઝ ચુકાદો આપનાર જજ પેન તોડી નાખતા હતા!).

આ ચુકાદાથી હોબાળો મચી ગયો. માલધારીઓએ એમના તમામ ઢોર રોડ પર છોડી દીધા. ચારેબાજુ અંધાંધૂંધી મચી ગઈ. કાયદા વિભાગે AI judge સપ્લાય કરનાર ચીની કંપનીને આ વિશે પૂછ્યું તો જવાબ મળ્યોઃ

'પ્રોગ્રામિંગ ચાઇનીઝ ભાષામાં થયો છે. કેસોનો ડેટામાં ચાઇનીઝ કોર્ટના ચુકાદા ફીડ કર્યા હોવાના કારણે આ પ્રોબ્લેમ થયો છે. એટલે આવું થતું રહેશે. આમેય તમારે ત્યાં તો છેક ઉપલી અદાલત સુધી અપીલ થાય છે.' કંપનીએ જવાબ આપ્યો.

એક વાર ચેઇન સ્નેચિંગનો કેસ આવ્યો. AI judge ગુસ્સે થઇ ગયા. એટલા ગરમ થઇ ગયા કે વાયરોમાંથી સ્પાર્કિંગ-તિખારા ઊડવા માંડ્યાં. જો કે સમયસર મેન સ્વિચ બંધ કરી ન હોત તો આગ લાગી જાત !

'આ ગંભીર ગુનો છે. રેરેસ્ટ ઓફ રેર ક્રાઇમ છે. અમારા ત્યાં આવા ગુના બનતા જ નથી. ગુનેગારોને દાખલારૂપ આકરી કે કઠોરતમ સજા કરવામાં આવે છે. તમારા કાનૂનમાં જોગવાઈ હોય કે ન હોય હું આરોપીના હાથ કાપવાની સજા ફરમાવું છું.' જજે સજા ફટકારી.

આ હુકમથી હાહાકાર ને સન્નાટો મચી ગયો. તહોમતદારમાંથી આરોપી પુરવાર થયેલાના પરિવારજનોએ રડારોળ કરી.

આરોપીએ AI જજ તરફ ચપ્પલ ફેંક્યું. જજ AI એ એક કી દબાવી. ચપ્પલ બુમરેંગની માફક આરોપીના મોઢા પર સુદર્શન ચક્રની જેમ ઝિંકાયું.!

આવું તો સખળડખળ રગડદગડ ઘણા કેસોમાં ચાલતું રહ્યું. ચીનની દીવાલ, બૈજિંગ, વુહાન ટિનામેન સ્કેવર જેવા શબ્દો AI ને કાને પડતા ન હતા ઉપરાંત AIને ઓફલાઈન કે રિયલ જજની માફક વિન્ટર વેકેશન, સમર, ક્રિસમસ વેકેશનની બ્રિટિશ જમાનાની બાદશાહી વેકેશનનો લાભ નહતો મળતો એટલે બધા ગિન્નાયા હતા.

પરિણામે ૨૦૫૫ ના વરસમાં તમામ કોર્ટમાં મળીને એક અબજ કેસ પેન્ડિંગ છે. ડિજિટલ જજ પણ તારીખ પે તારીખનું ચક્કર ચલાવે છે.

એક દિવસ બધા AI- જજોએ રસ્તા પર રેલી કાઢીઃ 'વી વોન્ટ જસ્ટિસ... વી વોન્ટ પ્રમોશન.... વી વોન્ટ હોમ ઈન ચાઈના' જેવાં સૂત્રોને સાથે 'વી વોન્ટ લીવ ઇન રીલેશનશિપ' જેવાં સૂત્રોચ્ચાર પણ થયાં !

કહે છે કે કાળિયા જોડે ધોળિયો બાંધો તો વાન ન આવે પણ શાન આવે જ તે આનું નામ. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લતાજીને કચ્છી બોલી ખૂબ મીઠી લાગતી



છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૨ના સૂરોની રાણી લતા મંગેશકરજીની વિદાયથી સમગ્ર ભારત દેશ ગમગીન બન્યું હતું. કચ્છ સાથે એમની યાદો વાગોળતાં આજે લખવાનું નિમિત્ત બન્યું છે. લતાજીનાં માતા ગુજરાતી હોવાથી તેઓનો ગુજરાત સાથે તો નાતો હતો જ, કચ્છ સાથે પણ સીધા કોઈ સંબંધ ભલે ન હોય, પણ અનેક કચ્છીઓ સાથે એમનો ઘરોબો હતો. તેમના ચાહનારાઓમાં સમગ્ર ભારત હોય તો કચ્છ કેમ બાકાત રહે! આ જ દીવાનગીના લીધે કચ્છ સાથે અનેક પ્રસંગો એવા હતા જેના થકી લતાજીએ કચ્છને પણ યાદ કરેલ. વિવિધ ૩૫થી વધુ ભાષામાં ગીત ગાયાં બાદ કચ્છીમાં પણ એક ગીત ગાવાની એમની ગુપ્ત ઇચ્છા પૂરી ન થઈ શકી.

ભારતરત્ન લતાજીએ કચ્છના કુંદરોડી ગામના પણ પાછળથી મુંબઈમાં સ્થાયી થયેલ જૈન વણિક વ્યાપારી વીરજી પ્રેમજી શાહ અને હંસબાઈ વીરજી શાહના પુત્રો કલ્યાણજી આણંદજી સાથે ૧૯૫૬થી ૧૯૯૪ સુધીની હિન્દી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. હિંદી ચલચિત્ર જગતની સંગીત-દિગ્દર્શક જોડી પૈકીના કલ્યાણજીએ કુમારાવસ્થામાં પાષાણ-તરંગ નામનું પથ્થરનું વાદ્ય બનાવીને કચ્છના મહારાજની પ્રશંસા મેળવી હતી. વિનમ્ર અને નિરાભિમાની એવાં લતાજી સાથે સંગીતકાર બેલડીનો પચાસ વર્ષ જૂનો નાતો એ કચ્છ માટે ગૌરવપ્રદ યાદ છે. દીદીએ કોરા કાગઝ માટે જે ગીત ગયું હતું તેમાં બેસ્ટ સંગીત આપવા બદલ બેલડીને રાષ્ટ્રીય એવોર્ડ મળેલો.

અન્ય એક કચ્છ મૂળના કલાકાર ઓસમાણ મીરને લતાજી કહેતાં કે, 'આપ દિલ સે ગાતે હો. ઔર જો દિલ સે ગાતા હૈ ઉસકી આવાજ લોગો કે દિલ તક જરૂર પહોંચતી હૈં.' ઓસમાણભાઈએ 'બેદર્દી તેરે પ્યાર મેં દિવાના કર દિયા' ગીત લતાજીને સમર્પિત કર્યું હતું. તેમનો કચ્છમાં કોઈ પ્રવાસ તો નથી થયો, પણ કળાના માધ્યમે કચ્છ દીદી સુધી પહોંચ્યું છે. જેમાં કચ્છના મડવર્કનાં કારીગર ફરીદાબહેન અબ્દુલ છડીદારને તેમણે વર્ષ ૨૦૧૫માં ફોન કરી મુંબઈ ખાતે રૂબરૂ મળવા બોલાવ્યાં હતાં. ફરીદાબેન લતાજીના અદમ્ય ચાહક છે, તેમણે લતાજી વિશે અનેક કવિતા અને ગઝલો તૈયાર કરી છે. તેમણે પોતાની કળાના માધ્યમથી પણ લતાજી પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરેલો જેને નિહાળી લતાજી ખૂબ ખુશ થયેલાં. ફરીદાબહેને લતાજીના ચિત્રવાળી તથા તેમના વિશે લખેલી કવિતાવાળી મડવર્કની ફ્રેમ તેમને આપી હતી જેને દીદીએ ઓટોગ્રાફ આપીને યાદગીરી સ્વરૂપે ફ્રેમ પરત કરી હતી. આ ફ્રેમ હજુ પણ ફરીદાબેને સાચવી રાખી છે.

ભાવાનુવાદઃ છ ફેબ્રુઆરી ૨૦૨૨ જો સૂરજી રાણી લતા મંગેશકરજી વિડાયસે સજો ભારત ડેસ ગમગીન ભની વ્યો હો. કચ્છ ભેરી ઇનીજી જાધગીરીસેં અજ઼ લખેજો થ્યો આય. લતાજીજા મા ગુજરાતી હૂંધે જે કારણ ઇનીજો નાતો ગુજરાત ભેરો ત હો જ, કચ્છ ભેરા ઇનીજા સિધાં કો સંબંધ ભલે ન વે પ કિઇક કચ્છીએં ભેરો ઇનીજો અતૂટ નાતો હો. ઇનીજે ચાહકવર્ગમેં કચ્છ ભલા કીં બાકાત રેં! હિન લગાવ જે લિધે જ અમુક પ્રિસંગ એડા઼ થ્યા વા જુકો લતાજીકે કચ્છજી જાધ ડેંરાય વે. પાંતરી કનાં વધુ ભાષામેં ગીત ગાતેવારા લતાજીકે કચ્છીમેં પ હિકડો઼ ગીત ગાતેજી ઇચ્છા વિઇ જુકો પૂરી ન થિઈ.

કચ્છજે કુંદરોડી ગોઠ્મેં નેં પૂંઠીયાનું મુંભઈ સ્થાઇ થેલ જૈન વણિક વેપારી વીરજી પ્રેમજી શાહ ને હંસબાઈ વીરજી શાહજા પુતર કલ્યાણજી-આણંદજી ભેરા ૧૯૫૬ સેં ૧૯૯૪ તંઇ હિન્દી ફિલ્મોમેં સંગીત ડીંનોં હો. હિંદી ચલચિત્રજગતજી સંગીત-દિગ્દર્શક કલ્યાણજી નિંઢપણમેં 'પાષાણ-તરંગ નાંલેજો પાયણેજો વાજો ભનાયને કચ્છજે મહારાવજા વખાણ કમાયા હોઆ. વિનમ્ર ને નિરાભિમાની એડા઼ ભારતરત્ન લતાજી ભેરો સંગીતકાર બેલડીજો પંજા વરે જૂનો નાતો ઇ કચ્છજે માટે ગૌરવપ્રદ જાધ આય. દીદીજો ગાતલ 'કોરા કાગજ...' ગીતમેં બેસ્ટ સંગીત ડે ભદલ બેલડીકે રાષ્ટ્રીય એવોર્ડ જુડલ હો.

અનાં હિકડ઼ા પ્રિખ્યાત કચ્છ મૂરજા કલાકાર ઓસમાણ મીરકે લતાજી ચેંવે ક, 'આપ દિલ સે ગાતે હો. ઔર જો દિલ સે ગાતા હૈ ઉસકી આવાજ લોગો કે દિલ તક જરૂર પહોંચતી હૈ.' ઓસમાણભા 'બેદર્દી તેરે પ્યાર મેં દિવાના કર દિયા' ગીત લતાજીકે અર્પણ કયો હો.

દીદીજો કચ્છમેં કો પ્રિવાસ ત નાય થ્યો, પણ કલાજે માધ્યમસેં કચ્છ દીદી તંઇ પુગ્યો આય. જેમેં ભુજ રોંધલ મડવર્કજા કારીગર ફરીદાભેંણ અબ્દુલ છડીદારકે ઇની વરે ૨૦૧૫મેં ફોન કરે મુંભઈ રૂબરૂ બોલાયા વા. ફરીદાભેંણ લતાજીજા વડા ચાહક ઐં, ઇતરે લતાજી વિશે કિઇક કવિતા ને ગઝલું લખ્યું ઐં. હિની પિંઢજી કલાજે માધ્યમસેં લતાજીલા પિંઢજો પ્રેમ વ્યક્ત કરલ હો જેંકે ન્યારી લતાજી ગ઼ચ રાજી થ્યા વા. ફરીદાભેંણ ઇનીજે ચિતરવારી તીં ઇની વિસેં લિખલ કવિતાવારી મડવર્કજી ફ્રેમ ભેટ કિઇ હુઇ જુકો ન્યારી દીદી પિંઢજો ઓટોગ્રાફ ડિઇને ફ્રેમ પાછી ઇનીકે ગિફ્ટ કિઇ હૂઇ. ઇ ફ્રેમ અનાં ફરીદાભેંણ વટ સાચવલ આય.

લતાજીની આસપાસ રહેતા લોકોમાં કચ્છીઓનો પણ સમાવેશ થતો હતો એટલે તેમને કચ્છી બોલી ખૂબ મીઠી લાગતી. અને અંતે ફિલ્મ 'કિનારા'ના લતાજીએ જ ગાયેલા ગીતના શબ્દો સાદર,

नाम गुम जाएगा, चेहरा ये बदल जाएगा
मेरी आवाज़ ही पहचान है, गर याद रहे ■

ફોકસ

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# કોંક્રિટના જંગલમાં પક્ષીઓ માટે બનાવ્યું ઘરમાં નાનું વન



વનવાસી પોપટ તુજને પિંજર કેમ ગમે?, આકાશે ઉડનારો ભાઇ, બંધન કેમ ગમે? બાળપણમાં બાલભારતીમાં આ કવિતા જોવા મળતી હતી. એ કવિતાનો ભાવાર્થ હતો કે પક્ષીઓને પિંજરામાં પૂરવાને બદલે તેમને મુક્ત આકાશમાં વિહરવા દેવા જોઇએ. તેમનું વિશ્વ એટલે પિંજરા સુધી સીમિત કરવાનું યોગ્ય નથી. પક્ષીઓનો કલરવ મધુર લાગે, પણ પિંજરામાં પૂરાયેલો પોપટ તેની ભાષા ભૂલી આપણી ભાષા બોલવા લાગે જે યોગ્ય નથી. પક્ષીઓ પ્રત્યેનો પ્રેમ યોગ્ય છે, પણ તેમને પિંજરામાં પૂરી આપણી પાસે પરાણે બંધનમાં રાખવું એ યોગ્ય નથી. તેના બદલે એવું કંઇ કરવું જોઇએ કે પક્ષીઓ આપણી પાસે પણ આવે અને તેઓને બંધનમાં પણ ન રહેવું પડે. આવો જ એક આઇડિયા અપનાવ્યો રાધિકા મોનિકરે.

કોરોના મહામારી વખતના લોકડાઉનમાં લોકો ઘરમાં પુરાઇ ગયા. ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઇ ગયું. જે લોકોના ઘરે બાલ્કની હતી તેઓ ફક્ત બાલ્કનીમાં આવીને બહારની દુનિયાને, સવાર-સાંજને, ખાલી પડેલા રસ્તાઓને જોઇ શકતા હતા. બાકીના લોકોને આવો લાભ પણ મળી રહ્યો નહોતો. રાધિકા સોનાવણેએ પણ આ લોકડાઉનમાં બાલકનીમાં જ પોતાનું નાનું વિશ્ર્વ સર્જ્યુ. રાધિકાના ઘરની બાલકનીમાં પહેલા કોઇ કાગડો પણ ફરકતો નહોતો. બાલ્કનીમાં મૂકેલું ખાવાનું ખાવા પણ કોઇ પક્ષી ત્યાં આવતું નહોતું, પણ હવે એવું રહ્યું નથી. તેની બાલ્કની હવે વિવિધ પક્ષીઓનું ઘર બની ગયું છે જ્યાં તેઓ આવીને ખાવાની સાથે મસ્ત રીતે ન્હાવા, કલરવ કરવા લાગ્યા છે.

રાધિકાને પક્ષીઓ પ્રત્યે પ્રેમ તો હતો જ, પણ પહેલા તેમની માટે કંઇ કરવાનો સમય નહોતો. આ સમય મળ્યો રાધિકાને લોકડાઉનમાં. બાલ્કનીમાં પક્ષીઓ આવતા નથી એ તેના મનમાં ખટકી રહ્યું હતું. તેથી તેને એક વિચાર આવ્યો. તે વિવિધ છોડવા, બર્ડ ફીડર લઇ આવી. છોડવાઓને એવી રીતે ગોઠવ્યા જેમને બાલ્કની નાનું ગાર્ડન બની ગયું. તેમાં પક્ષીઓને ચણવાની સુવિધા, ન્હાવા માટેના બાથ ટબ ગોઠવવામાં આવ્યા, આ બધુ કર્યા પછી પણ એકદમથી પક્ષીઓ આવ્યા નહીં, પણ મોડેથી તો મોડેથી આવ્યા જરૂર. ધીરે ધીરે પક્ષીઓ આ નાનકડા વનમાં આવવા લાગ્યા. પહેલા બાલ્કનીમાં કોઇ પક્ષી આવતું નહોતું, હવે પક્ષીઓ રીતસરના રાધિકાના હાથમાં આવીને દાણા ચણે છે. રાધિકાના આ નાનકડા જંગલમાં પોપટ, ચકલીઓ, બુલબુલ જેવા પક્ષીઓ હવે રોજ આવે છે. રોજ સવારે આ પક્ષીઓનો કલરવ અને તેની સાથે રાધિકાની ચા એ રુટિન થઇ ગયું છે. પક્ષીઓ અને રાધિકા વચ્ચેના સંબંધો હવે ગાઢ બની ગયા છે. પક્ષીઓ હવે રાધિકાના મિત્ર નહીં, પણ ફેમિલી મેમ્બર બની ગયા છે. ઘણી વખત તેના ખભા પર આવીને બેસી જાય, તેના હાથ પર આવીને દાણા ચણવા લાગે એ હવે સામાન્ય થઇ ગયું છે.

પક્ષીઓ પ્રત્યેનો રાધિકાનો પ્રેમ અહીં સુધી અટક્યો નહીં. તેને આ અંગે લોકોમાં જાગરૂકતા લાવવાનું શરૂ કર્યુ. કોંક્રીટના જંગલમાં પક્ષીઓ માટે પોતાના ઘરમાં જ નાનું જંગલ કહો કે વન કેવી રીતે બનાવી શકાય એ અંગે રાધિકાએ લોકોને સમજાવવાનું શરૂ કર્યુ. જો દરેક નહીં, પણ અમુક ઘરમાં પણ આવા જંગલ ઊભા કરવામાં આવે તો પક્ષીઓને રાહત થઇ શકે છે એની જાણ તેણે લોકોને કરી. તેની એક જ સલાહ છે કે પક્ષીઓ આકાશમાં ઉડવા માટે બન્યાં છે, પિંજરામાં પૂરવા માટે નહીં. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# મડિયાના ભરોસાથી ગદગદિત થઈ ગઈ

મારું પોતાનું ઘર હોવા છતાં હું ઘર વિનાની હતી. બિલ્ડર સમયસર ફ્લૅટ તૈયાર ન કરી શક્યો હોવાથી મારે વારંવાર ઘર બદલવું પડી રહ્યું હતું. ઘરવખરી સાથે જગ્યા બદલવી એ માથાના દુખાવાનું કામ છે. એમાં હું તો નવી જગ્યામાં માંડ સેટ થઈ, એની આદત પડવા લાગી ત્યાં નવા ફ્લૅટમાં જવાનો દિવસ આવી ગયો. ખ્રિસ્તી બાઈનાં તેવર જોયાં પછી મને હાંકી કાઢીને જ એને જંપ વળશે એની મને ખાતરી થઈ ગઈ હતી. મારે તો ઘરની ચિંતા કરવાની હતી. ઘર નાનું હોય કે મોટું એની સાથે કોઈ નિસબત નથી હોતી, જ્યાં મીઠાશ ન હોય ત્યાં કીડીઓ પણ નથી જતી.

બિલ્ડરે ગોઠવણ કરી આપી એ ફ્લૅટમાં હું ને મારાં બાળકો ગોઠવાઈ ગયાં. પહેલા માળનો એ ફ્લૅટ વેચાઈ ગયો હતો, પણ એ માલિક હજી રહેવા નહોતો આવ્યો. ક્યારે આવશે એની ખબર બિલ્ડરને પણ નહોતી. મારે તો માથા ઉપર છાપરું જોઈતું હતું અને એટલે ફ્લૅટનો રહેવાસી ક્યારે આવશે એનો વિચાર કર્યા વિના મારો બધો સામાન શિફ્ટ કરી હું તો રહેવા લાગી. શિફ્ટ થયા પછી થોડા દિવસમાં જ મારે મરાઠી નાટકની ટુરમાં ઈન્દોર જવાનું થયું. એ વખતે સમયાંતરે મારે નાટ્ય પ્રવાસે નીકળવું પડતું હતું. મેં પ્રભુનો પાડ માન્યો કે પ્રવાસે નીકળવાનું થયું એ પહેલાં સમસ્યા ઊભી થઈ અને એનો નિકાલ પણ આવી ગયો. મારી ગેરહાજરીમાં જો પેલી ખ્રિસ્તી બાઈ મારા બાળકોને ઘર છોડવા કહેત તો શું થાત એ વિચાર જ ધ્રુજારી પેદા કરનારો હતો. હું નાટક કરવા ગઈ ત્યારે નિરાંત જીવે ગઈ હતી, પણ કોણ જાણે કેમ ઈન્દોરમાં મારો જીવ ચૂંથાતો હતો. બેચેનીનો અનુભવ થયા કરતો હતો. ઝટ ઝટ ઘરે પાછા ફરવાની અદમ્ય ઇચ્છા થઈ આવી. અલબત્ત નાટ્ય પ્રવાસના જેટલા શો નક્કી કર્યા હોય એ તો પૂરા કરવા જ પડે. સાથી કલાકારોના ધ્યાનમાં પણ આ વાત આવી. તેમણે ચિંતાનું કારણ પૂછ્યું તો મેં કંઈ કહ્યું નહીં.



## એક જ નાટક, પણ લાખો મેં એક -

કોઈ સર્જકની અનેક કૃતિઓ પૈકી કોઈ એક કૃતિ અત્યંત બળકટ કે પ્રભાવી હોય તો એ સર્જન પછી સર્જકની ઓળખ બની જાય છે. અન્ય કૃતિ કે સર્જન ઓછાં યાદ રહે છે. જોકે, હિન્દી સાહિત્ય જગતના બહુમુખી પ્રતિભા ધરાવતા કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર અને સંપાદક ડો. ધર્મવીર ભારતીએ તેમની લેખન આયુમાં માત્ર એક જ નાટક લખ્યું છે - 'અંધા યુગ' (૧૯૫૩), પણ આજે સાત દાયકા પછી સુદ્ધાં એ હિન્દી રંગભૂમિનું એક અગ્રણી નાટક માનવામાં આવે છે. નેશનલ સ્કૂલ ઑફ ડ્રામાના ડિરેક્ટર ઈબ્રાહિમ અલકાઝી, અલ્કાઝી પછી એનએસડીનું સુકાન સંભાળનારા તેમ જ રંગભૂમિ ઉપરાંત ફિલ્મ ક્ષેત્રમાં પણ યોગદાન આપનારા સત્યદેવ દુબે અને મણિપુરના ખ્યાતનામ પ્રયોગશીલ નટ રતન થિયમ જેવા મહારથીઓ તેમ જ નવોદિત રંગકર્મીઓ પર 'અંધા યુગ' એકસરખો પ્રભાવ પાડવાનું કૌવત ધરાવે છે. અનેક લોકોએ આ નાટકની ભજવણી કરી છે. મહાભારત સાથે અનુસંધાન ધરાવતા આ નાટકનાં મુખ્ય પાત્રો પાંડવો - કૌરવો નથી, પણ ધૃતરાષ્ટ્ર, ગાંધારી, અશ્વત્થામા અને યુયુત્સુ છે. ધર્મવીર ભારતીના નાટકમાં કૃષ્ણનું પાત્ર વિવાદાસ્પદ બન્યું હતું. સદેહે તખ્તા પર લાવ્યા વિના લેખકે કૃષ્ણને પ્રભાવીપણે રજૂ કરવામાં સફળતા મેળવી હતી. ધર્મવીર ભારતીના આ પદ્યનાટકમાં પાત્રાલેખન અને એના ચોટદાર સંવાદો નાટકનું જમાપાસું છે. *(સંકલિત)*

શો પૂરા થયા અને હું ઘરે પહોંચી તો મારી બેચેનીનો જવાબ મને મળી ગયો. છોકરીઓનાં વીલાં મોઢાં જોઈ મને તો પેટમાં ફાળ પડી. 'મમ્મી, ફ્લૅટના માલિક આવ્યા હતા અને કહી ગયા છે કે હું રહેવા આવવાનો છું એટલે ઘર ખાલી કરી આપો', મારી દીકરીએ ધ્રૂજતા સ્વરે મને કહ્યું. જોકે, પછી મને ખબર પડી કે અમુક સ્થાનિક લોકો ફ્લૅટના માલિકને જઈ પિન મારી આવ્યા કે 'બિલ્ડરે તારા ફ્લૅટમાં કોઈને રહેવાની વ્યવસ્થા કરી આપી છે. માલિક તું છે અને રહે છે બીજું કોઈ. આવું થોડું ચલાવી લેવાય?' એટલે મારી ગેરહાજરીમાં એ આવીને મારી દીકરીઓને ઘર બને એટલું જલદી છોડવાની ચેતવણી આપી ગયો. મેં બાળકોને સાંત્વના આપી અને આનો રસ્તો જરૂર નીકળશે એવી હૈયાધારણ આપી. મારાં બાળકોનું મનોબળ મારા જેવું જ મક્કમ રહે એવી કોશિશ હું સતત કરતી હતી. હું ગઈ સીધી બિલ્ડર પાસે અને તેમને બધી વાત જણાવી. સાથે એમ પણ કહ્યું કે બીજે રહેવા જવા માટે મારી પાસે કોઈ મૂડી નથી બચી. બિલ્ડર પણ વિચારમાં પડી ગયો અને મારી મૂંઝવણનો ઉકેલ શું લાવવો એ વિશે વિચારવા લાગ્યો.

એ વખતે હું બોરીવલીની આઈસી કોલોનીમાં આવેલી સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલના મેદાનમાં મોરારી બાપુની કથા સાંભળવા દરરોજ જતી હતી. બાપુની વાણી, એમની કથા સાંભળી મારું મક્કમ મનોબળ વધુ મજબૂત બન્યું હોવાનો અનુભવ મેં કર્યો. અલક ચલાણું બહુ થયું અને મેં નિર્ધાર કરી લીધો કે હવે બીજા કોઈના ફ્લૅટમાં રહેવા જવું જ નથી. કોને ખબર ક્યારે અચાનક ખાલી કરવાનો વારો આવે. હવે બસ મારા જ ફ્લૅટમાં રહેવા જવું હતું. બિલ્ડરને પૂછ્યું કે મારો ફ્લૅટ કેટલો તૈયાર થયો છે? બિલ્ડર દેખાડવા લઈ ગયો તો ખબર પડી કે ફ્લૅટની બાલ્કની તૈયાર નહોતી થઈ. ફક્ત કિચનનું પ્લૅટફૉર્મ અને ટોયલેટ રેડી હતાં. સૌથી મહત્ત્વની વાત એ હતી કે ઘરનો મુખ્ય દરવાજો જ નહોતો તૈયાર. પાણીનું કનેક્શન પણ નહોતું મળ્યું.

આવી બધી તકલીફ હોવા છતાં મારા પોતાના ફ્લૅટમાં રહેવા માટે મનને મનાવી લીધું. સવારે ત્રણ વાગ્યાના બ્રહ્મ મુહૂર્તમાં અમે ગૃહપ્રવેશ કર્યો અને બપોરે ત્રણ વાગ્યે સામાન ખસેડી અમે રહેવા પહોંચી ગયાં. અગવડો ઘણી હતી, પણ અહીંથી મને કોઈ કાઢે એમ નહોતું એ વાત નિરાંત આપનારી હતી. પીવાનું પાણી રાતે સાડા નવ વાગ્યે બહાર ભરવા જવું પડતું હતું. વિચાર કરી જુઓ કે એક સ્ત્રી તેનાં ત્રણ બાળકો સાથે ઘરનો મુખ્ય દરવાજો જ નહીં, બાલ્કની પણ નહીં એવા ઘરમાં કેમ રહ્યાં હશે? રાતના ઊંઘ આવતી હશે ખરી? જીવ કેવા ફફડતા હશે?

જોકે, ઈશ્વરની મોટી મહેરબાની કે એક પણ દિવસ બહારથી કોઈ તકલીફ મારા માટે ઊભી ન થઈ. બિલ્ડિંગના બાંધકામમાં મજૂરી કરતા અને ત્યાં જ રહેતા લોકો નાના મોટા કામમાં મદદ કરતા અને ચિંતા ન કરવા સમજાવતા. આવા વાતાવરણને કારણે ભય તો દૂર જ થઈ ગયો અને અગવડો, પરેશાનીનો ત્રાસ પણ ઓછો લાગ્યો. ત્યાં રતિભાઈ નામના કૉન્ટ્રેક્ટર હતા અને બિલ્ડરના કહેવાથી મારો ફ્લૅટ દોઢેક મહિનામાં તેમણે તૈયાર કરી આપ્યો. 'મારે પણ એક ઘર હોય'ની તમન્ના અંતે ફળીભૂત થઈ. પોતાનું ઘર છોડીને આવી હતી અને મારી મહેનતથી પોતાનું ઘર બની ગયું એના હરખ અને આનંદનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી.

અચાનક એક દિવસ કાંતિ મડિયાએ મેસેજ મોકલી મળવા બોલાવી. વાત એમ હતી કે મડિયા ત્યારે 'કોઈ ભીંતેથી આયના ઉતારો' નાટક તૈયાર કરી રહ્યા હતા. એમાં તેમણે હેમા દીવાન નામની અભિનેત્રીને લીધી હતી. મડિયાની નાટક તૈયાર કરવાની શૈલી અનુસાર આખું નાટક તેમને સંતોષ થાય એ રીતે બરાબર બેસી ગયું ત્યાં સુધી રિહર્સલ થયાં. નાટક ઓપન થવાને દસેક દિવસની વાર હતી ત્યાં હેમા દીવાને બૉમ્બ ફોડ્યો. 'આ રોલમાં કોઈ દમ નથી. હું કામ નહીં કરું' એમ કહી નાટક છોડી જતી રહી. નાટકનો મહત્ત્વનો કલાકાર અચાનક ખસી જાય તો કેવી મુશ્કેલી થાય એ હું જાણતી હતી. હું મડિયાને મળી ત્યારે બધી વાતની મને જાણ થઈ. 'મહેશ્વરી, દસ દિવસ છે આપણી પાસે. તારે આટલા ટૂંકા સમયમાં રોલ માટે તૈયારી કરવાની છે. તું ના નહીં પાડે અને આટલા સમયમાં તું રોલમાં સેટ થઈ જઈશ એની મને ખાતરી અને વિશ્વાસ છે.' કાંતિ મડિયા જેવા ધુરંધર નાટ્યકારે દેખાડેલા કૉન્ફિડન્સથી હું ગદગદિત થઈ ગઈ અને મડિયાને ફરિયાદનો કોઈ મોકો નહીં આપું એવી ગાંઠ મેં મનમાં વાળી લીધી. રિહર્સલમાં હું જોડાઈ ગઈ અને રોલની ઝીણામાં ઝીણી વિગત પ્રત્યે મારી સભાનતા જોઈ મડિયા પણ ખુશ થઈ ગયા અને નાટક ઓપન થવાનો દિવસ આવી ગયો. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ત્રિવેણી સંગમ: કુંભથી લઈને 'ગ્રેમી' સુધી!

### અમદાવાદ- IIMનો અભ્યાસ કરનારાં ચન્દ્રિકા ટંડને સંગીતમાં મેળવ્યું શીર્ષસ્થ સન્માન

અત્યારે બહુધા ભારતીયોનું હાલપૂરતું લક્ષ્ય છે - ત્રિવેણી સંગમ. કુંભમાં જઈને ત્રણ નદીઓના સંગમસ્થાને ડૂબકી લગાવવી, સ્નાન કરવું અને પુણ્ય કમાવવું ને જન્મારો સફળ કરવો.

ત્રિવેણી સંગમ માટે ઉત્તરપ્રદેશ જવું પડે, પરંતુ ત્રિવેણીએ અમેરિકામાં પણ જયજયકાર બોલાવ્યો. ૭૧ વર્ષીય મૂળ તો ભારતીય ગણાય એવાં ગાયિકા-ઉદ્યોગપતિ અને ફિલાન્થ્રોપિસ્ટ (દાનવીર) તરીકે જાણીતાં ચંદ્રિકા ટંડને 'ગ્રેમી' એવોર્ડ જીત્યો છે. મ્યુઝિકની દુનિયાનો 'ઓસ્કાર' એટલે ગ્રેમી.

લોસ એન્જલસમાં આયોજિત ૬૭મા ગ્રેમી એવોર્ડ્સમાં એમના આલ્બમ 'ત્રિવેણી'ને 'બેસ્ટ ન્યૂ એજ, એમ્બિયન્ટ એન્ડ ચાન્ટ આલ્બમ' કેટેગરીમાં એવોર્ડ મળ્યો.

સંગીત માટે 'ગ્રેમી' જેવો એવોર્ડ મળવો એ આમ પણ અલ્ટિમેટ ઘટના ગણાય. કોઈ પણ સંગીતકારનું તે સપનું હોય છે. આ કોઈ સામાન્ય જીત નથી આ ભારતીય સંગીત અને સંસ્કૃતિ માટેની યાદગાર ક્ષણ છે, કારણ કે ચંદ્રિકા ટંડને એમના સહયોગીઓ - દક્ષિણ આફ્રિકાના વાંસળીવાદક વાઉટર કેલરમેન્સ અને જાપાની સેલિસ્ટ એરુ માત્સુમોટો સાથે એમના સાત ટ્રેકના આલ્બમ દ્વારા પ્રાચીન વૈદિક મંત્રોને જીવંત બનાવ્યા છે..

ચેન્નાઈમાં જન્મેલાં - ઊછરેલાં ચંદ્રિકા એવા પરિવારમાંથી આવે છે જે શિક્ષણ અને સંસ્કૃતિને ખૂબ મહત્ત્વ આપે છે. બહુ ઓછા લોકો જાણે છે કે એ 'પેપ્સિકો'ના ભૂતપૂર્વ સીઈઓ ઈન્દ્રા નૂયીનાં મોટાં બહેન છે.. ચંદ્રિકાનું શિક્ષણ મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાં થયું હતું. શરૂઆતમાં એ કાયદાનો અભ્યાસ કરવા માંગતાં હતાં, પરંતુ એક પ્રોફેસરે એમને બિઝનેસ સ્ટડિઝનો અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કર્યાં. આના કારણે એમને પ્રતિષ્ઠિત 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ અમદાવાદ (IIM-A)'માં પ્રવેશ મળ્યો, એ વખતે ત્યાં ફક્ત આઠ જ યુવતીને એડમિશન મળેલું, તેમાંથી ચંદ્રિકા એક હતાં. ચંદ્રિકા ગુજરાતમાં અમુક વર્ષ સુધી રહ્યાં છે.

લેબનીઝ ગૃહયુદ્ધનાં અરાજકતા ભરેલાં વર્ષો દરમિયાન, એમણે લેબનોનના બૈરૂતની સિટી બૅન્કમાં વ્યવસાયી કારકિર્દીની શરૂઆત કરી હતી. બાદમાં, ૧૯૯૨માં, એમણે 'ટંડન કૅપિટલ ઍસોસિયેટ્સ'ની સ્થાપના કરી, જે એક નાણાકીય સલાહકાર પેઢી છે. ચંદ્રિકાજીએ ચેઝ મેનહટન કૉર્પોરેશન, બૅન્ક ઑફ અમેરિકા અને ABN AMRO સહિત બૅન્કિંગ જગતની કેટલીક મોટી સંસ્થાઓ સાથે કામ કર્યું છે. કૉર્પોરેટ જગતમાં એમની સફળતા અભૂતપૂર્વ હતી. ન્યૂ યૉર્ક સિટીની અગ્રણી કન્સલ્ટિંગ ફર્મ મેકકિન્સે એન્ડ કંપનીમાં ભાગીદાર બનનારાં એ પ્રથમ ભારતીય-અમેરિકન મહિલા હતાં જોકે, અનેક વ્યવસાયી સિદ્ધિઓ મેળવવાં છતાં, સંગીત જ એમનો મુખ્ય લગાવ રહ્યો.

કૉર્પોરેટ કરિઅર ઉપરાંત, ચંદ્રિકા એમનાં પરોપકારી કાર્યો માટે પણ જાણીતાં છે. ૨૦૧૫માં, એમણે અને એમના પતિ રંજન ટંડને 'ન્યૂ યૉર્ક યુનિવર્સિટી સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ'ને ૧૦૦ મિલિયન ડૉલરનું દાન આપ્યું હતું, જેનું નામ પાછળથી એમના માનમાં 'NYU ટંડન સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ' રાખવામાં આવ્યું. ૨૦૦૪માં એમણે 'કૃષ્ણમૂર્તિ ટંડન ફાઉન્ડેશન'ની સ્થાપના પણ કરી, જે કલા, શિક્ષણ અને સમુદાયના ડેવલપમેન્ટ માટે સહાય આપે છે. એમના યોગદાનથી અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન, યેલ યુનિવર્સિટી અને બર્કલી કૉલેજ ઑફ મ્યુઝિક સહિત વિવિધ સંસ્થાઓને ટેકો મળ્યો છે.

આટલાં બધાં કામ વચ્ચે સંગીત ક્યાં આવ્યું?



ચંદ્રિકા ટંડન એક એવા પરિવારમાં ઊછર્યાં છે, જ્યાં પરંપરાગત ભારતીય સંગીતનું મૂલ્ય ઘણું હતું. એ અને એમની બહેન ઇન્દ્રા નૂયી નાનપણથી જ કર્ણાટકી સંગીત અને વૈદિક મંત્રોચ્ચાર સાંભળતાં. બાદમાં એમણે શાસ્ત્રીય ગાયિકા શુભ્રા ગુહા અને ગાયક ગિરીશ વઝલવારના માર્ગદર્શન હેઠળ સંગીત શીખવાની શરૂઆત કરી.

ચંદ્રિકા ટંડનના ગ્રેમી-વિનિંગ આલ્બમ 'ત્રિવેણી'નું નામ ત્રણ પવિત્ર ભારતીય નદી ગંગા-યમુના અને સરસ્વતીના સંગમ પરથી રાખવામાં આવ્યું છે. આ આલ્બમમાં સાત ટ્રેક છે, જે પ્રાચીન ભારતીય મંત્રોનું સમકાલીન સંગીત શૈલીઓની સાથે ફ્યુઝન છે. આ સાતેય ટ્રેકનાં ગીત સાંભળીને શ્રોતાને આધ્યાત્મિકતાનો અનુભવ થાય છે.

'ગ્રેમી' એવોર્ડ સ્વીકારતી વખતે ચંદ્રિકા ટંડને સુંદર રીતે સંગીત પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં કહ્યું: 'સંગીત પ્રેમ છે, સંગીત પ્રકાશ છે અને સંગીત હાસ્ય છે. ચાલો, આપણે બધા પ્રેમ-પ્રકાશ અને હાસ્યથી ઘેરાયેલા રહીએ. સંગીતનો આભાર અને સંગીત બનાવનારા દરેકનો આભાર.'

રસપ્રદ વાત એ છે કે, ચંદ્રિકા ટંડનની આ પહેલી 'ગ્રેમી' ઇવેન્ટ ન હતી. ૨૦૧૦માં એમના આલ્બમ: 'ઓમ નમો નારાયણ: સોલ કોલ' માટે બેસ્ટ કન્ટેમ્પરી વર્લ્ડ મ્યુઝિક આલ્બમ કેટેગરીમાં નામાંકિત કરવામાં આવ્યા હતા. ભલે તે વખતે એમને એવોર્ડ મળ્યો ન હતો, પરંતુ એમની સંગીત પ્રત્યેની અવિરત ચાહતને કારણે એમને ૨૦૨૪માં 'ગ્રેમી' મળ્યો.

આ વર્ષે, ચંદ્રિકા ટંડનનો મુકાબલો ભારતીય સિતારવાદક અનુષ્કા શંકર, રિકી કેજ, સ્વર્ગસ્થ જાપાનીઝ ઉસ્તાદ ર્યુઇચી સાકામોટો અને રાશિકા વેકરિયા જેવા સશક્ત કલાકારો સામે હતો. સ્પર્ધા બહુ કઠિન હતી, છતાં ચંદ્રિકા આવા દિગ્ગજો સામે જીત્યાં એની વિશેષ નોંધ લેવામાં આવી છે.

આમ જુવો તો ચંદ્રિકા ટંડનની કહાની ફક્ત 'ગ્રેમી' એવોર્ડ પૂરતી સીમિત નથી. એ હાથમાં લીધેલું પ્રત્યેક કામ ઉત્કંટતા સાથે કરે છે પછી એ બૅન્કિંગથી લઈને એનજીઓ સુધી અને હવે સંગીત સુધી કેમ ન હોય..!

'ગ્રેમી' એવોર્ડની આ જીત સાથે એ પ્રાચીન ભારતીય સંગીતને વૈશ્વિક મંચ પર લઈ આવ્યાં છે.. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# બુઢ્ઢા હોગા તેરા બાપ...!

### આવું કોઈ સંભળાવી જાય એ પહેલાં માર્કેટિંગના આ અનુઠા સેગ્મેન્ટ વિશે પણ જાણી લો...

**માર્કેટિંગની** વ્યૂહરચનામાં એક મહત્વનું પાસુ એટલે નવા નવા સેગ્મેન્ટ ગોતવા. અમુક પ્રોડક્ટ કે સર્વિસ માટે અમુક સેગ્મેન્ટ નક્કી હોય અને લોકો તેને જ ટાર્ગેટ કરે. ઉદાહરણ તરીકે, બાળકોનાં રમવાનાં રમકડા, કોલ્ડ ડ્રિંક્સ યુવાનોને, ઇન્સ્યોરન્સ પુરુષ જે કમાય છે. સહજ પણે જોવામાં આવ્યું છે કે કોઈ પણ બ્રાન્ડ મોટે ભાગે યુવાનોને ટાર્ગેટ કરવા માંગે છે. લોકોનું એમ માનવું છે કે યુવાનીમાં જે એ આપણી બ્રાન્ડના ચાહક બની ગયા તો આખી જિંદગીભર બ્રાન્ડ સાથે જોડાયેલા રહેશે. જયારે વેપારમાં સ્થિરતા આવવા લાગે ત્યારે લોકો કાં તો નવા પ્રોડક્ટ માર્કેટમાં લાવે અથવા નવા સેગ્મેન્ટ વિષે વિચારે છે, જેમ કે ઑટોમોબાઇલમાં ટુ અને ફોર વિલર જે ફક્ત પુરુષો માટે ગણાતું ત્યાં અમુક બ્રાન્ડે સ્ત્રી પણ ચલાવી અને ખરીદી શકે છે તે વાત લઈને આવી. 'વાઇ શુડ બોય્સ હેવ ઓલ ધ ફન? ' અને 'કુછ લોગ સુમો ચલાતે હે...' આ કેમ્પેઇન તમને યાદ જ હશે, જે સ્ત્રીને ધ્યાનમાં રાખી બનાવવામાં આવી હતી. આને ખરા અર્થમાં 'આઉટ ઓફ ધ બોક્સ' વિચારધારા કહી શકાય.

યુવાનોને ધ્યાનમાં રાખવા જરૂરી છે, પણ આજે એક એવા સેગ્મેન્ટની વાત કરવાની છે જે વિવિધ બ્રાન્ડ માટે મોટી તક બની શકે છે. અમુક બ્રાન્ડ્સ એને ટાર્ગેટ કરવા પણ લાગી છે. આ સેગ્મેન્ટ એટલે 'સિલ્વર જનરેશન' અર્થાત્ જેને 'બેબી બૂમર્સ' પણ કહેવામાં આવે છે. જે લોકો ૧૯૪૬ થી ૧૯૬૪ ની વચ્ચે જન્મેલા છે અને આજે તે લોકો ૬૦ થી ૭૮ વર્ષની વચ્ચે હશે. થોડા મહિનાઓ પહેલા આવેલા રિપોર્ટ પ્રમાણે આ જનરેશન અર્થાત પેઢી મોટે ભાગે ડિજિટલ પર જોવા મળે છે. એ સોશ્યિલ મીડિયા, ટીવી, ડિજિટલ ઓડિયો સાથે આરામથી તાલ મેળવે છે. આપણે ઘરમાં જોયું હશે કે જે વડીલો એક સમયે મોબાઈલ વાપરવાની આનાકાની કરતા હતા એ બધા આજે વોટ્સએપથી લઈને ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર જોવા મળે છે. યુટ્યુબ અને મ્યુઝિક એપ પર મનગમતા ગીતો, ભાષણો અને ભજનો પણ સાંભળે છે. શેર બજારનું ઓનલાઇન ટ્રેડિંગ સુદ્ધાં કરે છે. એ ઓનલાઇન પેમેન્ટ કરે છે, 'પેટીએમ' અને 'જીપે' એમના માટે વાપરવું આસાન છે.



ભારતની સરખામણીએ વૈશ્વિક સ્તરે આ પેઢીની વસતિ ઘણી વધુ છે. ચોક્કસ ડેટા નથી, પણ કહેવાય છે કે ભારતમાં અંદાજે ૧૦% વસતિ ૬૦ વર્ષની ઉપરની છે, જે ૨૦૫૦ સુધી અંદાજે ૧૯.૫% સુધી પહોંચી જશે.

હવે વિચારો કે ૧૪૦ કરોડની વસતિમાં ૧૦% એટલે અંદાજે ૧૪ કરોડ લોકો.... આટલું મોટું સેગ્મેન્ટ જે વધવાનું છે તેની ઉપેક્ષાતમે કઈ રીતે કરી શકો?! બીજી મહત્વની વાત એટલે ફક્ત આ સેગ્મેન્ટ મોટુ છે તેથી તેમને ટાર્ગેટ કરો? ના. આ સેગ્મેન્ટ પાસે પૈસા વાપરવાની શક્તિ છે. આ પેઢીએ બચત કરી છે અને એ હવે તેને વાપરવા તૈયાર છે. આ સેગ્મેન્ટ તે નથી, જે આપણા દાદા પર દાદા એમના પુત્રો પર નિર્ભર હતા. આ પેઢી પોતાના પગ ખડી થઈ છે. મોટા ભાગના લોકો પોતાની જિંદગી જીવી શકે તેની પૂરતી તૈયારી કરી રાખી છે. એક વાક્ય ઘણું પ્રચલિત થઇ રહ્યું છે આ પેઢીમાં. આપણે વોટ્સએપ પર પણ આ વિષયે વાંચ્યુ હશે કે 'હવે પોતા માટે જીવો...' આ જાણે એમનું જીવન મંત્ર બની ગયું છે. આ પેઢી આજે ખરા અર્થમાં જીવવા માંગે છે ત્યારે બ્રાન્ડ માટે આ એક સફળ સેગ્મેન્ટ પુરવાર થઇ શકે છે.

આ 'બેબી બુમર્શ' પેઢીને ક્વોલિટી અર્થાત ગુણવત્તા સભર જીવન જીવવું છે. હેલ્થકેર સારું હોવાથી એમનું આરોગ્ય સારું રહે છે. આ લોકો એવી જગ્યાએ રહેવાનું પસંદ કરશે, જ્યાં એમને બધી સુખ સગવડો હાથવેગી મળી રહે. આથી સિનિયર હોમ્સ (ઘરડા ઘર નહિ)નો કોન્સેપ્ટ ઘણા બિલ્ડરો અમલમાં મૂકી રહ્યા છે. એ નવી ગાડી લેશે, નવો ફોન લેશે અને સ્માર્ટ વોચ પણ ખરીદશે. એ પેઢી પણ ટ્રેન્ડી ડ્રેસ પહેરશે. એ ઇન્સ્યોરન્સને પણ મહત્વ આપશે. એ ઓર્ગેનિક પદાર્થો આરોગશે. પાર્ટી કરશે, નાચશે, ગાશે અને દુનિયા પણ ફરશે. આજે આપણે કરાઓકેના સ્ટુડિયો ઠેર ઠેર જોઈએ છીએ..

-અને એટલે જ જો આ સેગ્મેન્ટને ટાર્ગેટ કરવું હશે ત્યારે કોમ્યૂનિકેશન સરળ રાખવું પડશે, વીડિઓ દ્વારા એમને સમજાવશો તો જલ્દી સમજાશે, એમને માટે પર્સનલ સેલિંગ પણ મદદરૂપ થશે. એમને કોઈ એવો જોઈએ જે એમને વિશ્વાસ આપે કે એ સાચી અને સારી વ્યક્તિ સાથે ડિલ કરી રહ્યા છે. આમ એમને ધ્યાનમાં રાખી, એમની મર્યાદા જાળવી,એમને લાગતી - વળગતી વાતો કમ્યુનિકેશનમાં લઈ આવો જેથી એ તેની સાથે કનેક્ટ થઇ શકે.

આમ, સિલ્વર જનરેશન કે બેબી બૂમર્સ વ્યવસાય માટે નિર્ણાયક સેગ્મેન્ટ છે, કારણ એ અન્ય કોઈપણ વય જૂથ કરતાં વાર્ષિક વધુ ખર્ચ કરે છે. તેથી, આ પેઢીને અસરકારક રીતે કેવી રીતે માર્કેટિંગ કરવું તે સમજવું એ માત્ર એક વ્યૂહરચના નથી, પણ વ્યવસાય માટે તે આવશ્યક છે.

આથી જો તમે એમ વિચારશો કે ફક્ત યુવાનોને ટાર્ગેટ કરો, કારણ આ વર્ગ તો બુઢો છે તો આ પેઢી બ્રાન્ડેડ કપડા પહેરી, મોંઘી ગાડીમાં આવી યુવાનોની સ્ટાઈલમાં તમને કહેશે:

'બુઢ્ઢા હોગા તેરા બાપ...!' ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# પ્રતિભાવંત સર્જક જમિયત પંડ્યા 'જિગર'

*જ્યાં થયું આપણી ઊર્મિઓનું મિલન*
*રાગિણી ચોતરફ નૃત્ય કરતી રહી*
*તેં લટોને વિખેરી તો તારા ખર્યા*
*ચાંદ હસતો ગયો, રાત શરમાઈ ગઈ*

ગુજરાતી ગઝલને હર હાલમાં જીવતી રાખવા માટે શરૂઆતના ગઝલકારોએ જે સંઘર્ષ કર્યો હતો, તેનો ઇતિહાસ લખવામાં આવે તો અનેક ભેખધારીઓનાં નામ સામે આવશે. ચડતી-પડતી તો આવે, પણ અપમાન, અવહેલના, ઉપેક્ષા અને અવમાનના સામે સતત અણનમ રહીને ગઝલને લોકો સુધી પહોંચાડવામાં જેમણે ખમીર અને ખુમારી દાખવ્યાં છે. તેમાં મોખરાનું એક નામ છે જમિયતરામ કૃપાશંકર પંડ્યા. ભાતીગળ અને બહુમુખી પ્રતિભા ધરાવતા જમિયત પંડ્યાએ ઉપનામ-તખલ્લુસ 'જિગર' રાખ્યું હતું.



ફારસી, ઉર્દૂ અને સંસ્કૃતના પ્રખર પંડિત ઉર્દૂ ગઝલો અને ઉર્દૂની તેહઝીબ સમજીને એ રંગને ગુજરાતી ગઝલમાં ઓતપ્રોત કર્યો. પિતા અને માતા બન્ને કવિજીવ. આમ જમિયત પંડ્યા પિતૃપક્ષ અને માતૃપક્ષ બન્ને તરફથી કવિતાનો વારસો પામ્યા હતા. જન્મ તારીખ અને વર્ષ વિશે જુદી જુદી નોંધ મળે છે, પણ કવિશ્રી જનાબ જલન માતરીએ નોંધ્યું છે તે પ્રમાણે એમનો જન્મ ખંભાતમાં ૧૦મી ઑગસ્ટ ૧૯૦૮માં થયો હતો અને મૃત્યુ ૨૮મી માર્ચ ૧૯૯૦માં થયું હતું. છ દાયકા ગઝલની અને શબ્દની આરાધના કરી. નવલકથા, વાર્તા, ચરિત્ર, ગઝલ અને અનુવાદ એમ વિવિધ શાખાઓમાં અક્ષરની ઉપાસના કરી. એમની મુખ્ય ઓળખ ગઝલકાર તરીકેની રહી છે. જમિયતભાઈએ કારકિર્દી પત્રકાર તરીકે શરૂ કરી હતી. એ વખતે પ્રગટ થતા 'ગુજરાતી' સાપ્તાહિકમાં રિપોર્ટર હતા અને સદ્ભાગ્ય એવું કે બાપુના સાન્નિધ્યમાં રહીને ઐતિહાસિક 'દાંડીકૂચ'નું રિપોર્ટિંગ કર્યું હતું.

જમિયતભાઈએ ૧૯૩૫માં 'નવપ્રભાત' માસિક શરૂ કર્યું અને આઝાદી સંગ્રામના નવજુવાળમાં પ્રાણ પૂર્યા. શયદા સાહેબને ગઝલગુરુ સ્વીકાર્યા. ગઝલ યાત્રાના પ્રથમ પડાવમાં 'જામોમીનાં' અને 'રંગેહીના' નામે ગઝલસંગ્રહો પ્રગટ કર્યા. પ્રથમ નવલકથા 'કમનશીબનું કિસ્મત' ૧૯૩૫માં આવી. એમનું પ્રથમ કાવ્ય ગુલબંડી છંદમાં લખાયું હતું. ગુજરાતીમાં ઉર્દૂ જેવી ગઝલ લઈ આવ્યા. અનેક વાર્તાસંગ્રહો, જીવનચરિત્ર, વરદાન ગઝલસંગ્રહ, નઝમ-મુકતકનો સંગ્રહ ઝાળ અને ઝાકળ. અન્ય કવિઓનાં મુક્તકોનો સંગ્રહ નજરાણું આપ્યો. ઉર્દૂ અને ગુજરાતી ગઝલની ઉત્પત્તિ અને વિકાસના બે ગ્રંથો પ્રગટ કર્યા અને ગઝલનું છંદશાસ્ત્ર એમ ત્રીસેક પુસ્તકો લખ્યાં છે. તાજ ખંડકાવ્ય એમનું વિશિષ્ટ પ્રદાન છે.

પરભાષાની ઉત્તમ લાગતી કૃતિઓને ગુજરાતીમાં અવતારવાનું સુંદર કામ એમનું કવિકર્મ દાખવે છે. બધાએ જોયેલા-જાણેલા અને અન્ય કવિઓએ વર્ણવેલા વિષયો રસભાવ વગેરેનાં અવનવાં નિરૂપણને કારણે, વસંતમાં ખીલી ઊઠતાં વૃક્ષોની માફક, શોભી ઊઠે છે જે ગુજરાતી ગઝલ-સૃષ્ટિને અમુક પ્રકારે લાગુ પડે છે.

આપણા અગ્રગણ્ય વિવેચક રામપ્રસાદ બક્ષીએ સાચ્ચે જ કહ્યું છે ગઝલ અનેકવિધ વિષયોમાં વિસ્તર્યા છતાં, પોતાનો મૂળ મિજાજ લાંબા સમયથી જાળવી રાખવા સક્ષમ બની છે અને અવનવી લીલાથી પાંગર્યા કરી છે. એમની ગઝલોમાં બે સંસ્કૃતિઓનો અને બે ભાષાઓનો સમન્વય કદાચ બીજાઓથી વધારે પ્રમાણમાં થતો જણાશે. વારસામાં સંસ્કૃતનું અધ્યયન, વેદશાસ્ત્રનો અને વેદકનો ઊંડો અભ્યાસ એમની ગઝલોમાં દેખાય છે. એક ગઝલનું શીર્ષક 'અનલહક' છે તો તેના જેવું જ સંસ્કૃતનું શીર્ષક 'એકોડહં બહુસ્યામ્'છે.

ગઝલમાં દરેક શેરનું ભાવવિશ્વ અને વિષય બદલાય છે, પણ અમુક વિશિષ્ટ ભાવથી વાચકને પ્રભાવિત કરી શકે છે. પ્રતીકો બદલાય, પણ દરેક પ્રતીક અમુક અભિપ્રેત ભાવનો સંસ્કાર મૂકતું જાય અને સમગ્ર ગઝલ વાંચતાં એ ભાવના સંસ્કારો સમન્વિત થાય. જમિયત પંડ્યાની જુદી જુદી ગઝલોમાં આવો અનુભવ થાય છે. એમની ગઝલોમાં વ્યાપક ભાવ અધ્યાત્મ છે, ખુમારી છે અને ઝિંદાદિલી છે. એમની કૃતિઓમાં ફારસી, ગુજરાતી, ઉર્દૂ, સંસ્કૃતની રંગસભર રંગોળી છે અને બારીક નકશીકામની મીનાકારી છે. સાથી શાયરોને કંઈક નવીન, કંઈક નોખું લખવાની શીખ આપે છે, સાથે સાથે શું લખવું તેનો ઈશારો પણ કરે છે:

*હવે તો વાસ્તવિક જીવનની કૈં ઝાંખી કરાવી દ્યો*
*મદિરા જામને તોડો, સુરાહીને ફગાવી દ્યો*
*સમયનો સાદ હો એવી ગઝલ મિત્રો! સુણાવી દ્યો*
*જીવનના પંથમાં આશા તણા દીપક સજાવી દ્યો*
*નવા સંદેશથી શેઅરો સુખન ઝગમગાવી દ્યો*
*નવી દૃષ્ટિ, નવું ચેતન, નવી ઊર્મિ વહાવી દ્યો.*

જમિયત પંડ્યાની બહુવિધ અને બહુશ્રુત જીવનયાત્રાના અનેક મુકામો આવ્યા. ચડતી-પડતી પણ જોઈ, પણ સર્જનની ધૂણી હંમેશાં ધખતી રાખી હતી. એમના થોડાક લોકપ્રિય શેર અને મુક્તક માણીએ:

*પતંગાની માફક અમે આંખ મીંચી*
*નથી ઝંપલાવ્યું દીપક પર, પરંતુ,*
*વિરહ આગને જાળવી ધીરે ધીરે*
*સીઝાતાં સીઝાતાં શહાદત કરી છે*

***

*જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો*
*ફૂલની શય્યા ગણી અંગાર પર હસતો રહ્યો*
*ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે*
*તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો*

***

*નવરાશ મેળવીને ફરી આવજે મરણ!*
*તારે ય હશે કામ ને મારે ય કામ છે*
*લાચાર છું હું આજ તને આવકારવા*
*છે નામ એનું હોઠ પર, પકડેલ જામ છે*

***

***તું દેવતા મટીને શું પથ્થર બની ગયો?***
***ઉત્તર તો આપ, કેમ નિરુત્તર બની ગયો?***
***સોદા ય થાય છે અહીં તારા જ નામ પર***
***બેકાર પૂજારી તણું વળતર બની ગયો ?***
***તું ખુદ બની ગયો કે બનાવ્યો તને અમે?***
***છે એ જ પ્રશ્ન પ્રશ્નનો ઉત્તર બની ગયો !***

***

*ભરી વસંતમાં જીવન-સુહાગ સળગે છે*
*હસે છે ફૂલ પરંતુ પરાગ સળગે છે*
*હજીય કૃષ્ણ ને રાધાના નામની ઓથે*
*કવન રચાય છે, ફાગણના ફાગ સળગે છે*

***

*તમારું આજનું વર્તન અને ગઇકાલની વાતો*
*જરા તો હોશ સંભાળો, કથાનક સાર બદલે છે*
*'જિગર', તું કયા સુધી સંજોગને આધીન થૈ રે'શે?*
*બદલનારા કદી લાચાર થઈ કિરતાર બદલે છે*

***

*જ્યાં થયું આપણી ઊર્મિઓનું મિલન*
*રાગિણી ચોતરફ નૃત્ય કરતી રહી*
*તેં લટોને વિખેરી તો તારા ખર્યા*
*ચાંદ હસતો ગયો, રાત શરમાઈ ગઈ*

***

*આવો, ફરીને એક વાર આવો તો આવકાર છે*
*વર્ષોથી વાટ જોઉં છું, સૂનાં હૃદયનાં દ્વાર છે;*
*આવો ને ઝણઝણાવી લ્યો નયતી નયનની ફેરવી;*
*એની એ દિલ-સિતાર છે એના એ તારે તાર છે.*

***

*હવા થઈ બંસરી શ્વાસોની શું ગાઈ રહી છે*
*કિરણ થઈને યુવાની કેમ વળ ખાઈ રહી છે!*
*ગગન કોનો દુપટ્ટો થઈ ગયું છે આજ સાકી!*
*ઘટા કોની બનીને ઝુલ્ફ લહેરાઈ રહી છે !*

***

*ન પામ્યો ફૂલોની સરસતા કે સૌરભ*
*દીપકથી મળ્યું ના જીવન-માર્ગદર્શન*
*ફક્ત એ અનુષ્ઠાનના દંભ પાછળ*
*ભર્યું છે ખરેખર પૂજાનું પ્રદર્શન!*

*** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ફરિયાદ ઓછી કરો ને સંજોગો સામે ઝઝૂમો વધુ!

લેખ:

થોડા સમય અગાઉ એક યુવાને મારા એક પરિચિત પાસેથી મારો મોબાઈલ ફોન નંબર મેળવીને સંપર્ક કર્યો. એણે કહ્યું, 'મારું કુટુંબ ગરીબ છે એટલે મને ભણવાની બહુ તક મળી નથી. મારાં માતા-પિતા કોચિંગ ક્લાસની ફી ભરી શકે એમ નહોતાં. મને ઉચ્ચ અભ્યાસ માટે બહાર પણ મોકલાવી શકે એમ નહોતાં એટલે હું ગ્રેજ્યુએટ થયા પછી આગળ ન ભણી શક્યો, પણ મને તક મળે તો હું ઘણું કરી શકું એમ છું.'


એ યુવાને બીજી પણ ઘણી હૈયાવરાળ ઠાલવી. એ કહેઃ 'મારે કશો વ્યવસાય કરવો હોય તોપણ હું એ દિશામાં વિચારી શકું એમ નથી. મારા પિતા આર્થિક રીતે નિષ્ફળ સાબિત થયા એની સજા મને મળી રહી છે!'

એ યુવાનની આવી માનસિકતાને કારણે મને એના પર દયા પણ આવી ને અકળામણ પણ થઈ. પરિચિતે મને કહ્યું હતું કે 'એ યુવાન આર્થિક રીતે પગભર નથી થયો, પણ એણે લગ્ન કરી લીધાં છે! પત્ની ગર્ભવતી છે એટલે એના પિતાએ એને કહ્યું કે કોઈ નાની-મોટી નોકરી લઈ લે, પણ પેલો યુવાન કહે છે કે મને પસંદ નહીં હોય એવી નોકરી નહીં કરું.'

મેં પહેલાં તો પેલા યુવાનને કહ્યું કે 'તું તારા પિતા વિશે વાત કરે છે એવી જ વાત તારું સંતાન તારા વિશે નહીં કરે? એ નહીં કહે કે 'મારા પિતા આર્થિક રીતે નિષ્ફળ સાબિત થયા એની સજા મને મળી રહી છે?'

યુવાને તરત જ જવાબ આપ્યોઃ 'એટલે જ મારે કશુંક કરવું છે. મને ક્યાંક સારી નોકરી અપાવો અથવા તો ધંધો કરવા માટે કોઈ આર્થિક મદદ કરે કે મારા ધંધામાં રોકાણ કરે એવો કોઈ માણસ શોધી આપો.'

'હું તને મદદરૂપ બનવાની કોશિશ ચોક્કસ કરીશ, પણ એ પહેલાં તો તારે પોતે પોતાને મદદ કરવી પડશે. તારી માનસિકતા બદલાવ. પિતાની આર્થિક નિષ્ફળતાની અને બીજી બધી ફરિયાદો કરવાનું બંધ કર અને સારા પગારની નોકરી શોધવાને બદલે ક્યાંકથી શરૂઆત કર, નહીં તો તું 'ભાભીજી ઘર પર હૈ' ટીવી સિરિયલનો બેકાર વિભૂતિ નારાયણ મિશ્રા જેમ 'પોતે છપરા યુનિવર્સિટીનો ટોપર છે એટલે અમુક લેવલથી નીચેનું કામ ન જ કરી શકે' એવા ભ્રમમાં રખડતો રહે છે એમ તું પણ બેકાર જ રખડતો રહીશ! આપણા દેશમાં કરોડો ગ્રેજ્યુએટ બેકાર ફરી રહ્યા છે. એમાંના કેટલાક તો માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી રેલવે સ્ટેશન પર જૂતાં પૉલિશ કરવાનું કામ કરી રહ્યા છે તો કોઈ ટૅક્સી ડ્રાઈવર તરીકે કામ કરી રહ્યા છે અને એ કામ કરતાં-કરતાં યોગ્ય તક શોધી રહ્યા છે કે આગળ અભ્યાસ કરી રહ્યા છે. સફળ થયેલા બધા માણસો કંઈ શ્રીમંત કુટુંબોમાંથી નથી આવતા હોતા.' મેં એ યુવકને વિસ્તારથી સમજાવ્યો.



એ પછી મેં અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકનના જીવનનો એક કિસ્સો કહ્યો. સંઘર્ષને કારણે ધીરજ ગુમાવી રહેલા યુવાનોએ તો અબ્રાહમ લિંકનના જીવન વિશે ખાસ જાણવું જોઈએ.

લિંકને કિશોરાવસ્થામાં અને યુવાનીમાં તો ઠીક મોટી ઉંમર સુધી ખરાબ આર્થિક સંજોગોનો સામનો કરવો પડ્યો હતો. એ વકીલ બનવા માટે લૉનો અભ્યાસ કરી રહ્યા હતા એ સમયમાં પણ એમની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ હતી. એ કાનૂનનાં પુસ્તકો વાંચવા માગતા હતા, પણ એમની પાસે પુસ્તકો ખરીદવાના પૈસા પણ નહોતા. એ સમયમાં એમને ખબર પડી કે એક ન્યાયાધીશ નિવૃત્ત થઈને એમના ગામથી થોડે દૂરના ગામમાં રહેવા આવ્યા છે. એમની પાસે કાનૂનનાં પુસ્તકોની લાઇબ્રેરી છે. લિંકને એમની પાસે જઈને પુસ્તકો વાંચવા આપવા માટે મદદ માગવાનું નક્કી કર્યું.

લિંકન તે નિવૃત્ત ન્યાયાધીશના ગામે જવા નીકળ્યા. ત્યાં સુધી પહોંચવા વચ્ચે એક મોટી નદી પાર કરવી પડે એમ હતી.

એક નાની હોડીમાં બેસીને એ નદી પાર કરી રહ્યા હતા એ વખતે હોડી એક મોટા પથ્થર સાથે ટકરાઈ ને હોડીમાં પાણી ભરાવા લાગ્યું. હોડી ડૂબવા માંડી. લિંકનને તરતાં આવડતું હતું. એ તરત જ ડૂબી રહેલી હોડીમાંથી કૂદી પડ્યા અને નદીના સામા કાંઠા તરફ તરવા લાગ્યા.

શિયાળાના એ દિવસો હતા નદીનું પાણી બરફ જેવું ઠંડું હતું, પણ એની પરવા કર્યા વિના લિંકન સામા કાઠે પહોંચી ગયા અને પછી શિયાળાની કડકડતી ઠંડીમાં ભીનાં કપડાં અને ઉપરથી ફૂંકાઈ રહેલા પવનમાં એ પેલા નિવૃત્ત ન્યાયાધીશના ઘરે પહોંચ્યા.

એમણે ન્યાયાધીશને વિનંતી કરી કે 'મહેરબાની કરીને મને તમારી લાઇબ્રેરીનાં પુસ્તકો વાંચવા આપો. એના બદલામાં હું તમારા ઘરનાં કામ કરી આપીશ...' એ પછી લિંકન પેલા ન્યાયાધીશના ઘરનાં બધાં કામો કરવા લાગ્યા. ઘરની સાફસફાઈથી માંડીને રસોઈ માટે નજીકના જંગલમાંથી લાકડાં કાપી આપવા સહિતનાં કેટલાંય કામ એ કરતા. બદલામાં તેમને નિવૃત્ત ન્યાયાધીશની લાઇબ્રેરીનાં પુસ્તકો વાંચવાની સુવિધા મળી.. આ રીતે કાનૂનનાં પુસ્તકોનો અભ્યાસ કરીને લિંકન થોડાં વર્ષો પછી લૉની ડિગ્રી મેળવીને વકીલ બન્યા.

ઘણા લોકો સાધનોના અભાવની વાતો કરતા રહે છે. એમણે અબ્રાહમ લિંકનના જીવનનો આ કિસ્સો નજર સામે રાખવો જોઈએ. દૃઢ સંકલ્પ હોય તો માણસને સાધનોનો અભાવ નથી નડતો. બાકી ફરિયાદ કરતાં રહે એવા લોકોની જિંદગી રોદણાં રડવામાં જ વેડફાઈ જતી હોય છે.

ફરિયાદો કરવાને બદલે સંજોગો સામે ઝઝૂમતાં શીખવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# બાવન કરોડનો કોયડોઃ કલાના કદરદાન કેવા કેવા?!

**ટાઇટલ્સઃ**

સાથ આપે તે મિત્ર, બાકી કાગળનાં ચિત્ર. (છેલવાણી)

એક આર્ટ ગેલેરીમાં મહાન ચિત્રકારનું મોંઘું ચિત્ર ખરીદવા લોકો લાખો રૂપિયાની બોલી લગાવી રહ્યા હતા. ત્યારે એક કલા સમીક્ષકે ચિત્રકારને કહ્યુંઃ

'વાહ, તમારા વ્યક્તિત્વમાંની અંદરની વ્યથાનું રમણીય રંગોનાં છાંટણાંથી શું તમે ચિત્રણ કર્યું છે! આ તમારું શ્રેષ્ઠ સર્જન છે ને?'

'ના, આ તો ગાભો છે.. પીંછી સાફ કરવાના કપડાને કોઈએ ફ્રેમમાં ટિંગાડી દીધું ને લોકો મૉડર્ન આર્ટ સમજીને તૂટી પડ્યા!' ચિત્રકારે કંટાળીને કહ્યું.

આનો ભાવાર્થ એટલો જ કે 'જો ચિત્રકારનું નામ હોય તો પીંછી પોંછવાનું કપડુંય કળા અને કલાકાર જો ગુમનામ હોય તો એનાં ખરેખરાં ઉત્તમ ચિત્રો વેચવામાં એનાં જૂતાં ઘસાઈ જાય.'

તમે માનશો કે હમણાં ન્યૂ યૉર્કની આર્ટ ગેલેરીમાં ભીંત પર ગ્રે ટેપથી ચોંટાડેલા ૧ કેળાનું કહેવાતું આધુનિક એબ્સર્ડ ચિત્ર લગભગ ૪૫ કરોડમાં વેચાયું, જેને જસ્ટિન સન નામના ક્રિપ્ટો કરંસીના એક ખેલાડીએ ૬.૨ મિલિયન અમેરિકન ડૉલરમાં ખરીદ્યું ને પેરોટિન આર્ટ ગેલેરીને ૧ કરોડ ડૉલરનું કમિશન પણ મળ્યું!

હવે પેલા અમીરજાદા જસ્ટિને ટ્વિટર (X) પર નવો ઢંઢેરો પીટ્યો છે કે ન્યૂ યૉર્કના મેનહટન વિસ્તારની જે ફળોની દુકાનમાંથી મૂળ કેળું ખરીદીને પેંટિંગ બનાવેલું ત્યાંથી એ ૧લાખ કેળાં ખરીદવાનું વિચારી રહ્યો છે!

આમ માણસનું દિમાગ, કેળાની છાલ પરથી લપસીને છટકી શકે, પણ કેળું જોતાંવેત જ છટકી જાય એ પહેલી વાર જોયું! માન્યું કે જગતમાં કલાકારો પાગલ હોય છે, પણ આમ ને આમ તો આપણે પાગલ થઈ જશું.

વળી આર્ટ ગેલેરી પાસે ફ્રૂટની દુકાનમાં કામ કરનાર બાંગલાદેશી વૃદ્ધ શાહઆલમે કેળું માત્ર ૨૫ સેન્ટમાં વેચ્યું હતું. શાહઆલમ કહે છે કે જો એ લોકો મારી પાસેથી ૧ લાખ કેળાં ખરીદશે તોપણ મને કોઈ ફાયદો નહીં થાય, કારણ કે એમાંથી જે નફો થશે એ દુકાનના માલિકને જશે અને હા, એ નફો પેલા પેંટિંગમાંના કેળાની કિંમતની સામે તો કંઈ જ ન કહેવાય.. આ તે કેવી અસામનતા?



એ વિચિત્ર ચિત્રના ઇટાલિયન કલાકાર મૌરિઝિયોનું કહેવું છે, 'આ તો એક કળા છે, કળા જે સમાજના વિરોધાભાસને રમૂજ વડે પેશ કરે છે. માટે જ તો મારી આ કલાકૃતિનું 'કૉમેડિયન' નામ છે!'

મૌરિઝિયો કેળું વેચનાર શાહઆલમની વેદના સમજે છે, પણ એ કહે છે કે 'કલા પાસે દુનિયાની સમસ્યાનો ઉકેલ ન મળે, હોય તો એ પોલિટિક્સ બની જાય!'

જોકે મૌરિઝિયો શરૂઆતથી વિચિત્ર ખોપડી છે. એક વાર એણે ૧૮ કેરેટ સોનાનું ટોયલેટ બનાવેલું! એ કલાકાર, એ હદે ધૂની કે પાગલ છે કે એક વાર એણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પને લોનની ઑફર કરી હતી! જોકે આપણે ત્યાં બિહાર-ઝારખંડના કોઈ નેતાને કોઈ કલાકાર કરોડોની લોન ઑફર કરે તો નેતાજી બિંદાસ લઈ પણ લે, તો આવું રિસ્ક કોણ લે? બીજું બધું તો ઠીક, પણ હવે આપણા ગળામાંથી કેળું નીચે નહીં ઊતરે, આપણને થશે કે હાય હાય, આપણે ૪૫ કરોડ ખાઈ રહ્યા છીએ!

**ઇન્ટરવલઃ**

*યહ કિસ ને ફૂલ ફૂલ પે કિયા સિંગાર હૈ?*
*યહ કૌન ચિત્રકાર હૈ? યહ કૌન ચિત્રકાર હૈ?*
(ભરત વ્યાસ)

આપણે ત્યાં મોટે ભાગે 'માથે બેડલું મૂકેલી પનિહારી' જેવાં ચિત્રોને જ સૌ મહાન 'કલા' સમજે છે. મૉડર્ન આર્ટ, આમ આદમીની આંખ માટે ઉખાણાં છે. મહાન ચિત્રકાર પિકાસોને કોઈએ કહ્યુંઃ 'મને તમારી કલા જરાય સમજાતી નથી.'

*પિકાસોએ ઠંડકથી પેલાને સામે પૂછ્યુંઃ*
*'તમને મેંડેરિઅન ભાષા સમજાય છે?'*
*પેલાએ કહ્યુંઃ 'ના.'*

'પણ ચીનમાં તો એ કરોડો લોકોને સમજાય છે! તમને ના સમજાય એટલે કોઈ ચીજ નકામી નથી બની જતી!' પિકાસોએ લૉજિક આપ્યું.

એક વાર કેટલાક અતિ-ગંભીર દાઢીવાળા બૌદ્ધિકો, ફૂટબોલ સાઇઝની બીંદી લગાડેલી સિલ્ક સાડીધારી સ્ત્રીઓ, લાંબા વાળવાળા લઘરવઘર યુવાનો એક આર્ટ ગેલેરીમાં ભેગાં થયેલાં. ત્યાં એક વિચિત્ર ચિત્રને જોઈને કોઈ ચિત્રકારને પૂછ્યુંઃ 'આવા ઢંગધડા વિનાના ચિત્રને મૉર્ડન આર્ટ કહેવાય?'

ચિત્રકારે કહ્યુંઃ 'ના, એને અરીસો કહેવાય!' એટલે કે ત્યાં અરીસો હતો ને પેલાનું ડાચું જ ઢંગધડા વિનાનું હતું, જેને એણે ચિત્ર માની લીધેલું!

વળી દરેક આધુનિક ચિત્ર એક આયનો હોય છે, જેમાં જોનારાને એ પોતાની દૃષ્ટિ અને મનઃસ્થિતિ પ્રમાણે સમજાય છે.

સામાન્ય લોકોને નથી સમજાતું કે ન સમજાતાં ચિત્રને કરોડોમાં કોઈ શા માટે ખરીદે છે? વિવાદાસ્પદ પણ વિખ્યાત ચિત્રકાર એમ.એફ. હુસૈને, માધુરી દીક્ષિતને લઈને બનાવેલ 'ગજગામિની' ફિલ્મના સેટ માટે જે માટીનાં હાંડલાં ચીતરેલાં એ પણ લાખોમાં વેચાયેલાં. સામાન્ય માણસને એમાં માત્ર માટલું દેખાય છે, કલારસિકને એમાં માધુરી દેખાઈ શકે! વળી હવે મૉડર્ન આર્ટ પણ એક ઇંડસ્ટ્રી છે. આજે અનેક ધનાઢ્ય લોકો મૉડર્ન આર્ટનાં ચિત્રો ખરીદીને ઇન્વેસ્ટમેંટ કરે છે. કળા-ફળામાં ઝાઝું ના સમજતી ગુજરાતી પ્રજા પણ હવે જમીન-ઝવેરાત કે શેરબજારની સાથોસાથ મૉડર્ન આર્ટમાં રોકાણ કરવા માંડ્યા છે. ૨૦૧૨માં લીઓન બ્લેક નામના ધનવાને, એડવર્ડ મંક નામના ચિત્રકારનું છેક ૧૮૯૩માં બનેલું 'સ્ક્રીમ' નામનું ચિત્ર ૧,૧૯,૯૨૨,૬૦૦ ડૉલરમાં ખરીદેલું.

રશિયામાં એક વાર શ્રમમંત્રી ચિત્રપ્રદર્શનનું ઉદ્ઘાટન કરવા ગયા. ત્યાં એક ચિત્રનું શીર્ષક હતુંઃ 'કામ કરતાં સરકારી કામદારો'

મંત્રીજીએ ચિત્રકારને પૂછ્યુંઃ 'આ ચિત્રમાં તો અડધું બનેલું મકાન છે, પણ મજૂરો તો દેખાતાં જ નથી!'

ચિત્રકારે કહ્યું, 'સાહેબ, શીર્ષક ફરીથી વાંચો' કામ કરતાં સરકારી કામદારો' લખ્યું છે. તમારા રાજમાં સરકારી કામદારો કામ કરે છે ખરા?' મંત્રીશ્રી ચૂપ!

જોક્સ અપાર્ટ, કેળું હોય કે કાવ્ય. કલા તમને ખામોશ પણ કરી શકે છે કે પછી શોર કરવા મજબૂર પણ!

***એંડ-ટાઇટલ્સઃ***

*આદમઃ તને કયો રંગ ગમે?*
*ઈવઃ પ્રેમરંગ!* ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ગરીબ દેશમાં વીઆઈપી સંસ્કૃતિની આ તે કેવી અમીરી!



**તાજેતરમાં** કુંભમેળામાં નાસભાગ-ભાગદોડ થઈ એમાં અનેક લોકો મરી ગયા તે પછી ઉત્તરપ્રદેશ સરકારે તાબડતોબ અમુક પગલાં ભર્યાં ત્યારે આપણને ખબર પડી કે કુંભમાં સ્નાન અને દર્શન માટે વીઆઈપી પાસ - વીઆઈપી પાર્કિંગ અને વીઆઈપી ઘાટ પણ હતો. સરકારે તાબડતોબ તે વ્યવસ્થા રદ કરી.

ભારતમાં વીઆઈપી સંસ્કૃતિનું આ વરવું સ્વરૂપ છે. સરકારો આવી અને ગઈ, પણ વીઆઈપી સંસ્કૃતિ યથાવત્ છે. ગયા એપ્રિલ મહિનામાં જ 'મન કી બાત' કાર્યક્રમમાં વડા પ્રધાને કહ્યું હતું કે, 'વીઆઈપી સંસ્કૃતિ બ્રિટિશરોની દેન હતી અને એમના ગયા પછી નાબૂદ થઈ જવી જોઈતી હતી. મારા માટે એવરી પર્સન ઈઝ ઇમ્પોર્ટન્ટ (ઈપીઆઈ).'

મધ્યયુગીન યુરોપમાં જ્યારે સામંતવાદી સમાજવ્યવસ્થા એની સરગર્મી ઉપર હતી ત્યારે એના વિદ્રોહમાં લોકશાહીનો જન્મ થયો હતો. લોકશાહીનો પાયાનો આદર્શ બરાબરી અને એક જાતનો છે. સ્કૂલોમાં જે યુનિફોર્મનો નિયમ છે તે આ લોકતાંત્રિક વ્યવસ્થાનું પ્રતીક છે. જ્યાં દરેક વિદ્યાર્થી, સામાજિક ઊંચાઈ કે નીચાઈ, છતાં સમાન નજર આવે છે. અંગ્રેજો ભારતની સ્કૂલોમાં વર્દીની સમાનતા તો લઈ આવ્યા, પરંતુ વાઈસરોય માટેનું ભવ્યાતિભવ્ય રાષ્ટ્રપતિ ભવન, સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ અને ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ અને કલેક્ટર માટે વિશાળ બંગલો તેમ જ બ્રિટિશ રાજકર્તાઓની આગળ-પાછળ વળાવિયા (કોન્વોય)નાં પ્રતીકોમાં એ જ રાજા-મહારાજા અને ઠાકોરોના 'વેરી ઇમ્પોર્ટેન્ટ પર્સન' (વી.આઈ.પી.)ની તહજીબ મૂકતા ગયા.

વીઆઈપી સંસ્કૃતિ એ માનસિકતામાંથી આવે છે કે માણસો 'હાઇરાર્કી'માં વહેંચાયેલા છે અને નીચેના માણસે ઉપરના માણસની અધિનતા અને અધિકાર સ્વીકારવાના હોય છે. જંગલના જીવનમાં 'સબળા' અને 'નબળા'નો આવો ભેદ બહુ સ્પષ્ટ છે. માનવજીવનમાં આવી અસમાનતા સૌથી પહેલી ધર્મમાંથી આવી હતી. ગુજરાતીમાં 'દેવના દીધેલ' શબ્દપ્રયોગ છે (જે ઝવેરચંદ મેઘાણીએ પ્રયોજ્યો હતો). કેટલાક લોકો ભગવાનના ખાસ અથવા નજીક છે અને બીજાથી ઉપર છે. બાવા - સાધુ - સંત - પુરોહિત એટલે જ વીઆઈપી સન્માન મેળવે છે. એનું બીજું ઉદાહરણ આપણાં ઘર અને દફતરોમાં છે, જ્યાં નોકરો, પટાવાળા (જે કમરમાં પટ્ટો પહેરતા હતા તે) કે ઑફિસ બોય 'સાહેબ'ની સેવામાં હોય છે. એમની રહેવાની (કે દફતરમાં બેસવાની) જગ્યા અલાયદી હોય છે. ઘરમાં તમારી કામવાળી તમારી સાથે સોફામાં બેસીને ટીવી ન જોઈ શકે.

આવી વીઆઈપી સંસ્કૃતિ હવામાંથી નથી આવતી. એ આપણા દિમાગમાં છે, ઘરની ચાર દીવાલોમાં છે. જો ચાન્સ મળે તો અને જો કોઈ જોતું ન હોય તો, તમારામાંથી કેટલા ટ્રાફિક નિયમ તોડીને જતા રહેવાની અભીપ્સા ઉપર કાબૂ રાખી શકે?

મુંબઈમાં અગ્રણી કૉંગ્રેસી નેતા મુરલી દેવરાનું અવસાન થયું ત્યારે શ્રદ્ધાંજલિ આપતાં અરુણ જેટલીએ કહ્યું હતું કે દેવરાની ઓળખાણ અને પહોંચને કારણે મારા વિસ્તારના ઘણા વિદ્યાર્થીઓને ગમતી સ્કૂલમાં એડમિશન મળી જતાં હતાં...!

ઓળખાણથી સ્કૂલમાં એડમિશન મેળવવું એ એક પ્રકારની 'લાલબત્તી' જ છે!

ભારતની આઝાદી માટે લડાઈમાં જોડાયેલા નેતાઓની એક લડાઈ ગોરા સામંતો, હાકેમો અને ઘરઆંગણાના જમીનદારો સામે પણ હતી. આ 'રાજા-મહારાજાઓ'એ જ ભારતની પૂરી સંપદાને પોતાના 'એકાધિકાર'માં રાખી હતી એટલા માટે જ આઝાદ ભારતે પ્રારંભમાં મૂડીવાદ નહીં, પણ સમાજવાદનો માર્ગ પકડ્યો હતો, જેથી દરેક વર્ગને સમાન જીવન મળે. આઝાદીના બે જ દસકમાં સમૃદ્ધિ ઉપર સવાર ભારતે વીઆઈપીઓનો એક નવો વર્ગ ઊભો કર્યો, જે પેલા સામંતો અને જમીનદારોની જ આગલી કડી હતી. આધુનિક શાસન વ્યવસ્થામાં 'વીઆઈપી' શબ્દ એક મહાન છોગું છે. વીઆઈપી ઝોન, વીઆઈપી ખુરસી, વીઆઈપી પેવેલિયન, વીઆઈપી સિક્યુરિટી, વીઆઈપી લગ્ન અને વીઆઈપી લાઈન જેવાં તો અનેક છોગાં છે. અલગ અને ઉપર હોવાની આ 'વીઆઈપી લાગણી' ભૌતિક સમૃદ્ધિ અને એકાધિકારમાંથી આવી છે, જે આત્મિક દેવાળિયાપણાની નિશાની છે.


આઝાદીના નેતાઓ દિમાગથી સમૃદ્ધ હતા એટલે લંગોટી અને ટ્રેનના ત્રીજા ડબ્બામાં ફરતા હતા. આજે ગેંગસ્ટરો અને કૌભાંડીઓને પણ 'વિશેષ' સન્માન મળે છે. બીજાના ચરણસ્પર્શ કરવાની આપણી માનસિકતા આના માટે જવાબદાર છે. કોઈનાય પગ (તમારા સહિત) વીઆઈપી નથી હોતા. વીઆઈપી સંસ્કૃતિ દિમાગ જ નહીં, સમાજની ગરીબી માટેય જવાબદાર છે. ભ્રષ્ટાચારની, અન્યાયની શરૂઆત જ 'તને ખબર છે હું કોણ છું?'માંથી થાય છે. લોકશાહી માટે સૌથી મોટો ખતરો ગરીબી નથી, કારણ કે ગરીબીમાં તો એક પ્રકારની ઇજ્જત, આશા અને સંયમ હોય છે. વીઆઈપી સંસ્કૃતિમાં આ ત્રણેય ભાવોથી વિપરીત માનસિકતા છે અને એ માનસિકતા ભારતની મહાનતાને નડે છે. ભારતમાં ગરીબી દૂર કરવાની નહીં, વીઆઈપી સંસ્કૃતિ દૂર કરવાની તાતી જરૂર છે. ગરીબી આપોઆપ દૂર થઈ જશે.

એટલા માટે જ આપણે 'લાલબત્તી' બંધ કરવાથી પણ આગળ વધવું પડશે. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

### ટ્રમ્પના કારણે વૈશ્વિક ટેરિફ યુદ્ધ ફાટી નીકળે તો પણ...

# ભારત સામે આડેધડ પગલાં ભરવાનું અમેરિકા માટે પણ આસાન નહીં હોય!



**અમેરિકન** સરકારે તાજેતરમાં ૨૦૦થી વધુ ભારતીયોને ભારત પાછાં મોકલી દીધા છે. હજુ ત્યાં ગેરકાયદેસર વસી ગયેલા અનેક 'ઘરવાપસી'ની ક્યૂમાં છે.

આવા ગેરકાનૂનીઓને અમેરિકા ન ચલાવે તો એમાં કંઈ જ ખોટું નથી. અહીં મૂળ મુદ્દો એ નથી, પણ મૂળ વિષય ટ્રેડ ટેરિફનો છે તેના પર નજર કરવી જોઈએ.

ટ્રમ્પે ટેરિફના મામલે ભારત સામે હજી કોઈ કડક યા અવ્યવહારુ પગલું ભર્યુ નથી, એ જોવું વધુ મહત્વનું છે. આ વાત ભારતની ક્ષમતા-સમર્થતા અને ગ્લોબલ ઈમેજ દર્શાવે છે. ટેરિફ -વોરની ભારતીય અર્થતંત્ર પર સંભવિત અસર.

ડોનલ્ડ ટ્રમ્પે એમની બીજી મુદતમાં ચીન, મેક્સિકો અને કેનેડામાંથી ચીજવસ્તુઓની આયાત ઉપર વેરા લાદીને ખળભળાટ મચાવી દીધો છે. (જોકે ટ્રમ્પે આ નિર્ણયને કામચલાઉ વિલંબમાં મુકયો છે.)

આવા ટેરિફ આપણી વિરુદ્ધ જો અમલમાં આવે તો ભારતીય અર્થતંત્ર અને બજારો ઉપર એની બે મોટી અસર પડશે. એક,ભારતીય ઉત્પાદન ક્ષેત્ર ઉપર વ્યાપક પ્રભાવ પડશે, જે વૈશ્વિક કંપનીઓ એમના સોર્સિંગ બેઝના વૈવિધ્યીકરણ માટે ચીનથી દૂર રહેવાનું પસંદ કરે છે એમને વધુ બળ મળી શકે છે, કારણ કે મેક્સિકો અને કેનેડા સાથે અમેરિકન કંપનીઓ દ્વારા આયાત કરવાનું મોંઘું બનશે.

બીજી મોટી અસરમાં ભારતીય શેરબજારોને મોટો ફરક પડશે. ડૉલરની મજબૂતાઈ સમગ્ર બજાર વ્યવસ્થા માટે નેગેટિવ પરિબળ જ છે, પરિણામે વિદેશી ઈન્વેસ્ટરો ભારતીય બજારોમાં માલ વેચવાનું ચાલુ રાખશે. જોકે આ અસર કેટલી લાંબી ચાલશે એ કહેવું હાલ કઠિન છે.

## ચીનનો લાભ ભારતને મળશે?

અમેરિકાએ ચીન-કેનેડા- મેક્સિકોથી આયાત થતાં માલ-સામાન પર જે ટેરિફ વેરો નાખવાનું નક્કી કર્યું છે. તેથી અમેરિકાના આયાતકારો વૈકલ્પિક સોર્સિંગ દેશો શોધવાનું ચાલુ રાખશે. આ વાત ભારતના લાભમાં છે, કારણ કે અનેક મલ્ટિનેશનલ કંપનીઓએ 'ચીન પ્લસ વન' રણનીતિ અપનાવી છે. મેક્સિકો અમેરિકાનો સૌથી મોટો નિકાસકાર દેશ છે, પરંતુ ટ્રમ્પના નિર્ણયને લીધે કંપનીઓ માટે આ દેશ મોંઘો અને જોખમી પણ બનશે એટલે ભારત માટે વ્યૂહાત્મક નિકાસની તક વધી શકે છે.

## ટેરિફ વધારો : ગ્લોબલ યુદ્ધ બની જવાનો ભય

જોકે એ કેટલી હદે વાસ્તવિક બનશે એ કહેવું મુશ્કેલ છે, કારણ કે અમેરિકા-ચીન વચ્ચેના ટેરિફ-યુદ્ધથી વૈશ્વિક વ્યાપાર યુદ્ધ ફાટી નીકળવાનો ભય છે. આનાથી બે મુખ્ય ચિંતા ઊભી થાય છે જેના પરસ્પર વિરોધી પરિણામ ઉદ્દભવી શકે છે:

એકઃ આવી અનિશ્ચિતતાથી વૈશ્વિક સ્તરે સપ્લાય વ્યવસ્થા ખોરવાઈ શકે છે. એને પરિણામે ભારતીય અર્થતંત્ર માટે ફુગાવાની સ્થિતિ બની શકે છે, કારણ કે આપણે હજી પણ ઘણા બધા માલસામાનના પુરવઠા માટે આયાત ઉપર નિર્ભર છીએ.

બેઃ ઊંચા ટેરિફનો સામનો કરી રહેલા દેશો ભારતીય ઉદ્યોગો માટે ખતરારૂપ બની શકે છે, કારણ કે તે દેશો એમની અધિક ક્ષમતાનો નિકાલ કરવા માટે અન્ય દેશોને શોધે છે. આ એક મોટી ચિંતા સર્જી શકે છે, કારણ કે 'બીજા દેશની શોધ'ની સંભાવનાથી આપણાં સ્થાનિક ઉદ્યોગો સતર્ક થઈ ગયા છે અને એમના ઈન્વેસ્ટમેન્ટ નિર્ણયોને પાછળ ઠેલવી રહ્યા છે. આનાથી આર્થિક વિકાસની ગતિ મંદ પડી શકે છે.

એ સારું છે કે પ્રારંભિક ટેરિફ યાદીમાં ભારતનું નામ નથી. એને લીધે અમેરિકા સાથે વ્યાપાર સંબંધોને વધારે મજબૂત કરવા ભારત માટેના માર્ગ ખુલ્લા છે. અમેરિકાના વહીવટીતંત્રએ જે આ રાજદ્વારી સદ્ભાવના બતાવી છે તેનો ઉપયોગ ભારત ભાવિ વ્યાપાર સમજૂતીઓમાં અનુકૂળ શરતો પર મંત્રણા માટે કરી શકે છે. ખાસ કરીને આનાથી ભારતીય નિકાસકારોને અમેરિકાની બજારમાં બહેતર પ્રવેશ મળી શકે છે. જોકે આની આપણે હજી રાહ જોવી પડશે. હવે ટૂંક સમયમાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ડોનલ્ડ ટ્રમ્પને મળવાનાં છે. અને તેમની મુલાકાત બાદ સમીકરણો કેવા બદલાય છે તેનાં પર બજારની નજર રહેશે. જોકે અત્યાર સુધીના આ બન્ને મહાનુભાવોનાં પારસ્પરિક સંબંધો જોતાં બન્ને દેશોનાં હિત જળવાઈ રહે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

## કરન્સી અસ્થિરતા ને બાહ્ય સંતુલન

કડક ટેરિફસને કારણે જાગતિક કરન્સી બજારોમાં અસંતુલન ઊભું થયું છે. ડૉલર સ્થિર ગતિએ વધી રહ્યો છે. ટ્રમ્પની નીતિની અસર તો ગયા સપ્ટેમ્બરમાં જ મૂડીબજારોમાં દેખાવા માંડી હતી. ડૉલર ઈન્ડેક્સ ૧૦૦થી વધીને ૧૧૦ થયો. રૂપિયો તેની ૩૦ સપ્ટેમ્બરની ૮૩.૮ના ટોચેથી ગબડીને ૮૭.૧૬ આવી ગયો. એ સમયગાળા દરમિયાન વિદેશી હૂંડિયામણ રિઝર્વ ૭૦૭.૮૯ અબજ ડોલરથી ઘટીને ૬૨૯.૫૬ અબજ ડોલર થયું. જોકે અન્ય દેશોની સરખામણીમાં ભારતીય રૂપિયાનો ઘસારો પ્રમાણમાં ઓછો હતો. દેખીતી રીતે જ, રૂપિયાની કિંમત ઘટે એટલે ભારત માટે આયાતનો ખર્ચ વધે અને પરિણામે ફુગાવાનું દબાણ વધે. તેનાથી વિપરીત, ભારતીય નિકાસ વધારે સ્પર્ધાત્મક બને.

## વિદેશી ફંડના પ્રવાહ પર અસર

હાલની આવી સ્થિતિને લીધે ભારતની મૂડીબજારો પર સૌથી મોટું જોખમ ખડું થયું છે. વિદેશી રોકાણકારોએ ભારતની મૂડીબજારોમાંથી રૂ.૧.૭૮ લાખ કરોડ ઉપાડી લીધા અને બીજી તરફ, ભારતીય ઋણ બજારોમાં રૂ.૧૧,૩૩૭ કરોડની ખરીદી કરી. જો ડૉલર વધારે મજબૂત બનવાનું ચાલુ રહે તો તેમની વેચવાલી આગળ જતા પણ ચાલુ રહી શકે. ઈમિગ્રેશન, ટેરિફ અને કરવેરા અંગે ટ્રમ્પની નીતિઓ ફુગાવો પેદા કરી શકે. આ પરિસ્થિતિ ઊભરતી બજારોની સંપત્તિઓ માટે હાનિકારક બની શકે.


જોકે, આ બધા વચ્ચે ભારતીય મૂડીબજારો અત્યાર સુધી તો રિટેલ ઈન્વેસ્ટરોએ શેરબજારોમાં નિરંતર દાખવેલા રસને કારણે એકંદરે સ્થિર રહ્યા છે.

આવકમાં નબળી વૃદ્ધિને લીધે ફંડામેન્ટલ્સ સામે પડકાર ઊભો થયો છે. તેમાંય, સરકાર દ્વારા ઈન્વેસ્ટમેન્ટ અપેક્ષા કરતાં ઓછું રહેતા, શેર્સમાં મોટા પાયે પડેલા ગાબડાં અને બજારોમાં એકંદરે સેન્ટિમેન્ટ નબળું બનતા રિટેલ ઈન્વેસ્ટરોની ભાગીદારી ઈક્વિટી ભાવ માટે મુખ્ય ચાલકબળ બની રહેશે. આવકની ગાડી પાટા પર પાછી ન આવે ત્યાં સુધી વર્તમાન મૂલ્યાંકનોને જ ઉચિત ગણવા પડે.

હવે પછી ટ્રમ્પ દુનિયાના ચોક્કસ દેશોને નચાવશે, જેને લીધે ગ્લોબલ અસર થયા વિના રહેશે નહીં અને એ અસરમાંથી ભારત સાવ મુક્ત રહી શકે નહીં. આમ છતાં, ભારતની અર્થવ્યવસ્થા હાલ જે સંજોગોમાં છે અને સરકાર જે દિશામાં કદમ ભરી રહી છે તેને ધ્યાનમાં રાખવા ઉપરાંત ભારતનું યુવા બળ -ટેક બળ-વપરાશ બળ-ડિમાંડ બળ વગેરેને લીધે ભારત એવું પણ નિર્બળ નથી કે કપરાં સંજોગોનો સામનો ન કરી શકે.... ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હિન્દુ સંસ્કૃતિ માટે વિદેશીનો ૧૮ દેશમાં ૬૫૦૦ કિલોમીટરનો પગપાળા પ્રવાસ





**પ્રયાગરાજમાં** ચાલતા મહાકુંભ વિશેની જાણકારીમાં ડૂબકી મારીએ તો એનો અંત જ ન આવે. રોજ કરોડો માનવીઓને શ્રદ્ધા એક જ સ્થળે ભેગા કરતી હોય એવા સ્થળ, મેળા, ઉત્સવ કેટલાં હશે? અહીંની ધાર્મિક-આધ્યાત્મિક વિગતો સમુદ્ર જેટલી વિશાળ અને ઊંડી છે. એમાં ડૂબકી મારવાનું બધાનું ગજું નહીં.

આ બધાં વચ્ચે ઘણાં વ્યક્તિત્વ મીડિયાની નજરે ચડી ગયાં હતાં. આમાં એક નામ છે બેન બાબા. પહેલી સ્પષ્ટતા એ કે ભલે કહેવાય 'બેન' પણ એ ભાઈ છે અને 'બાબા' એની અટક એટલે કે સરનેમ નથી. નથી ઉંમરમાં બાબો કે નથી સંસાર ત્યજી ચૂકેલા બાબા. 'બેન બાબા' તો ભારતીય મીડિયાએ આપેલું હુલામણું નામ છે, જે ખૂબ લોકપ્રિય થઈ ગયું છે.

બેન બાબાનું સાચું નામ છે બેન્જામિન વિયાટ્ટે (Benjamin Viatte). આ ભાઈસાહેબે ૨૦૨૧ના ભારત અને કુંભમેળામાં પહોંચવા માટે જે કર્યું એ ખરેખર કલ્પનાતીત છે.

આ બેનભાઈએ એવાં તે શાં તીર માર્યાં કે મીડિયાવાળા એના પર સમરકંદ બુખારા ઓવારી જાય. આ ૩૩ વર્ષનો યુવાન મૂળ સ્વિટઝર્લૅન્ડનો નિવાસી. ત્યાં આઈ.ટી. સેક્ટરમાં હા વેબ ડિઝાઈનર તરીકે કસદાર નોકરી કરતો હતો. કલાક દીઠ દશ યુરો ડૉલર (રૂપિયામાં કન્વર્ટ કરવા હોય તો ગુગલગુરુને મળો)ની આવક. સધ્ધર- પ્રેમાળ પરિવાર. પોતીકું ઘર અને કાર. ટૂંકમાં લક્ઝુરિયસ લાઈફ હતી બેનભાઈની. છોગામાં યુવાનીના દિવસો એટલે બીજી શેની ફિકર હોય?

પણ આ બેનભાઈ કંઈક અલગ માટીના ઘડાયેલા હતા. એને જીવનમાં ખાલીપો લાગે. કંઈક ખૂટતું હોવાને અહેસાસ સતત કોરી ખાય. માતા યોગ (યોગા નહિ) શિક્ષક એટલે ભાઈને યોગમાં રસ પડવા માંડ્યો. અહીં મનના ઊકળતા ઉત્પાતને થોડીક શાંતિ મળી. આ સાથે હિન્દુત્વ, ધ્યાન અને યોગમાં એની દિલચસ્પી વધવા માંડી. આમાં ઊંડા ઊતરવા સાથે દિલ ભારત-ભારત કરવા માંડયું. હિન્દુસ્તાનની ધરતી જાણે એને બોલાવતી હતી. મન મૂંઝાતું હતું કે કરવું શું?

એક દિવસ આ મૂંઝવણનો કાયમી ઉકેલ આવી ગયો. બેન નોકરી, ઘર, મોટર અને બધેબધું છોડીને નીકળી પડ્યો. સાથે કોઈ સામાન નહિ, ને પગમાં ચંપલ-બુટ સુદ્ધાં નહીં. એ ભારત ભણી પગપાળા ચાલવા માંડ્યો. ભારત એમ નજીક નહોતું. ૧૮ દેશમાંથી પસાર થવાનું હતું. ને હજારો કિલોમીટરનું અંતર કાપવાનું હતું. બેન ચાલતો થયો. જ્યાં જે મળે એ ખાઈ લે. મેળ ખાય ત્યાં રાતવાસો કરી લે. સંન્યાસીની જેમ ભિક્ષા માંગીને પેટિયું ભરી લે. ક્યારેક સતત ત્રણ-ચાર દિવસ ચાલવું પડે. કારણ કે રસ્તામાં કોઈ શહેર, ગામ કે ઝૂંપડુંય નજરે ન પડે.

બેન બાબા એક દેશમાંથી રવાના થાય ત્યારે આગલા દેશના વિઝા કઢાવી લે. એના સામાનમાં એક પ્લાસ્ટિકની બેગ અને પાણી પીવાનો સ્ટીલનો ગ્લાસ. એના ધોળા વાળને લીધે સૌને કુતૂહલ થાય કે આ યુવાન શું કામ પગપાળા નીકળી પડ્યો છે. પણ આ બધા સવાલો અને આશ્ચર્યથી વિસ્ફારિત થતી નજરો વચ્ચે બેન ચાલતો રહ્યો, ચાલતો જ રહ્યો.

સ્વાભાવિક છે કે પત્રકારો પગપાળા યાત્રા, ને એ દરમ્યાન થયેલા અનુભવો અને ખાસ તો પડેલી તકલીફ વિશે પૂછે જ. પુસ્તક અને ઑડિયો થકી હિન્દી શીખીને હવે અસ્ખલિતપણે આપણી રાષ્ટ્રીય ભાષાને આ વિદેશી બોલી શકે છે. એને કોઈ દેશ કે એની પ્રજા સામે લેશમાત્ર ફરિયાદ નથી.

ભારતમાં અચૂક પુછાય કે ભાઈ, પાકિસ્તાનમાં કેવું લાગ્યું? તેણે સરસ જવાબ આપ્યોઃ 'વાસ્તવિકતાને બે દૃષ્ટિથી જોઈ શકાય. લોકોના મત મુજબ કાં પોતે અનુભવીને. મને બીજો વિકલ્પ ગમ્યો. જે જે દેશમાં હું ગયો ત્યાં બધે એમ જ કર્યું એનો મને આનંદ છે. આપણે જાણીએ છીએ કે પાકિસ્તાનની ઈમેજ બહુ સારી નથી. ઘણા મને મોઢા પર પૂછી બેસતા કે એ દેશ ખૂબ ભયંકર ને જોખમી છે, તું ત્યાં શું કરે છે? પરંતુ મારો અનુભવ એવો છે કે એ મને જરાય જોખમી દેશ ન લાગ્યો. હું ત્યાં અદ્ભુત માનવીઓને મળ્યો. મને પોતાના કુટુંબીજન જેવા લાગ્યા. એકેય સાથે ત્યાં જરાય ઘર્ષણ થયું નહોતું. મારું માનવું છે કે અમુક માણસોને ત્યાં નકારાત્મક અનુભવો થયો કારણ કે તેઓ એની પ્રતીક્ષા કરતા હતા.

હા, તુર્કીમાં બેનને તકલીફ પડી હતી ખરી. ત્યાંના લશ્કરને હું વિદેશનો લશ્કરી હુમલાખોર લાગ્યો. મારે સાબિત કરવું પડ્યું કે હું સ્વિટઝર્લૅન્ડથી આવું છું ને પગપાળા ચાલીને ભારત પહોંચવું છે. એકવાર મારી વાત ગળે ઊતરી ગયા બાદ એ લોકોએ મને આર્મી કેબિનમાં રહેવા દીધો અને ખાવા-પીવાની સગવડ પણ કરી આપી.'

સ્વિટઝર્લૅન્ડથી નીકળ્યા બાદ યુરોપ, તુર્કી, ઈરાન, આર્મેનિયા, જ્યોર્જિયા, રશિયા, કિર્ગીસ્તાન, ઉઝબેકિસ્તાન, કઝાકસ્તાન, ચીન અને પાકિસ્તાન થઈને એ ચાર વર્ષે ભારત પહોંચ્યો અને એ બધો પ્રવાસ ગજવામાં એક કાણી કોડીય રાખ્યા વગર કર્યો હતો.

અહીં બેન બાબાએ હિમાચલ પ્રદેશની ધર્મશાળામાં ધામા નાખ્યાં. ૨૦૨૧ના માર્ચમાં ફરી ૨૮ દિવસ પગપાળા ચાલીને બેન હરિદ્વાર પહોંચ્યો અને મહાકુંભમાં ભાગ લીધો.

ભારતની ધરતી અને સંસ્કૃતિમાં પોતાના આત્માના ઉદ્ધાર કરનારા ઘણાં વિદેશી છે પણ આવો આકરો માર્ગ અપનાવનારા વીરલા બહુ ઓછા મળશે. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ઓશોના અનુયાયીઓની અદ્ભુત હિન્દી

તો આપણે વાત માંડવાની હતી ઓશોના અનુયાયીઓની અદ્ભુત હિન્દી ભાષાની, પણ ગયા રવિવારે આપણે ચઢી ગયા ૧૯ જાન્યુઆરીના પ્રવીણ જોશી અને ઓશોના લીલા સમાપ્તિ દિનના રવાડે. આજે એ વાતની શરૂઆત કરીએ.

એસ ધમ્મો સનંતનો ઓશોની ભગવાન બુદ્ધ ઉપરની વકતવ્ય શ્રેણી છે. મારા હિસાબે આખા જગતમાં પારાવાર સ્વીકારાયેલા અને એ વખતના કમનસીબ ભારત દ્વારા લગભગ અસ્વીકારાયેલા ભગવાન બુદ્ધ ઉપર આનાથી વધુ અધિકૃત અને અવર્ણનીય સુંદર, ૧૨૦ વક્તવ્યોની શ્રેણી જગતમાં બેજોડ છે. પહેલા વક્તવ્યથી જ ઓશો જગતમાં જે હિન્દી ભાષા પાથરે છે કે બુદ્ધ હિમાલય જેવા છે. મહાન, બરફાચ્છાદિત પર્વતો તો જગતમાં ઘણા છે, પણ હિમાલય હિમાલય છે. હિમાલય અજોડ છે. હિમાલયની સરખામણી ફકત એક જ પર્વત સાથે થઈ શકે, સ્વયમ હિમાલય સાથે. બુદ્ધની સરખામણી બુદ્ધ સિવાય બીજા કોઈ પણ સાથે શક્ય જ નથી. એ ભગવાનશ્રી બુદ્ધની, જીવનની એક કશ્મકશની વાર્તા બુદ્ધના કોઈ અનુયાયી (લગભગ તો સ્વામી સત્યવેદાંત જ) ઓશોને લખી આપે છે અને ૯૮મા લેકચરની શરૂઆત આ વાર્તાપઠનથી કરે છે.



સૂત્રસંદર્ભઃ કથા એમ છે, ભગવાનનો પ્રભાવ દિનબદિન વધતો જતો હતો અને જે વસ્તુતઃ ધર્માનુરાગી હતા એ અતીવરુપથી આનંદિત હતા. એમનાં હૃદયકુસુમ પણ ભગવાનનાં કિરણોમાં ખીલતાં હતાં. એમના મનપંખી ભગવાન સાથે અનહદ અને અનંતના ઉડ્ડયન માટે તત્પર બનતા જતા હતા, પણ આવા લોકો તો દુર્ભાગ્યથી થોડા જ હતા. વધારે તો એવા હતા જેમના જીવનમાં ભગવાનની ઉપસ્થિતિ ભાલાની જેમ ભોંકાતી હતી. ભગવાનનો વધતો પ્રભાવ એમને ક્રોધના ઝેરથી ભરી રહ્યો હતો. ભગવાનનાં વચન એમને વિધ્વંસક લાગતાં હતાં. એમને લાગતું હતું કે આ ગૌતમ ઈશ્વરનો નાશ કરવા ઊતર્યો છે અને એમની વાતમાં થોડી સચ્ચાઈ પણ હતી. કારણકે ગૌતમ બુદ્ધની કેળવણી જેને આ મતાંધો ધર્મ સમજતા હતા એનાથી બિલકુલ વિરોધની હતી. ગૌતમ કોઈ ઔર જ ધર્મની વાત કરતા હતા. ગૌતમ વાત કરતા હતા શુદ્ધ ધર્મની. ગૌતમ પરંપરાવાદી નહોતા, ન સંપ્રદાયવાદી હતા, ન શાસ્ત્રોના પૂજક હતા, ન રૂઢિઓ અંધવિશ્વાસોના... ગૌતમનો ધર્મ અતીત પર નિર્ભર જ નહોતો. ગૌતમનો ધર્મ ઉધાર નહોતો. સ્વાનુભવ પર આધારિત હતો. ગૌતમ સ્વયમ્ પોતે પોતાનાં શાસ્ત્ર હતા. ગૌતમનો ધર્મ સ્થિતિસ્થાપક નહોતો. આમૂલ ક્રાંતિકારી હતો. ધર્મ કેવળ ક્રાંતિકારી જ હોઈ શકે. ગૌતમની નિષ્ઠા સમાજમાં નહીં, વ્યક્તિમાં હતી અને ગૌતમની આધારશીલા મનુષ્ય હતો, આકાશના કોઈ પરમાત્મા કે દેવી-દેવતા નહીં.... ગૌતમે મનુષ્યની અને મનુષ્ય દ્વારા ચૈતન્યની પરમ પ્રતિષ્ઠા આદરી હતી. આ બધાથી રૂઢિવાદી, સડાઉ, ધર્મના નામે વિવિધ શોષણોમાં સંલગ્ન, પ્રકાર પ્રકારના પંડિત-પુરોહિતો અને તથાકથિત ધર્મગુરુઓમાં કોઈ પણ પ્રકારે ગૌતમને બદનામ કરવાની હોડ બકાઈ... એમણે એક સુંદરી નામની પરિવ્રાજિકાને વિશાળ ધનરાશિનો લોભ ધરીને રાજી કરી લીધી કે એ એટલે કે સુંદરી બુદ્ધની અકીર્તિ ફેલાવે. એ, સુંદરી, એ બધા સાથે સંલગ્ન થઈ ગઈ.

સુંદરી કઈ કક્ષાએ ઊતરી અને ભગવાન બુદ્ધ કઈ કક્ષાએ જીવન લઈ ગયા કે જ્યારે એમણે બુદ્ધ નામને યથાર્થતા ધરી, એ હવે પછીના કેટલાક રવિવાર સુધી ચાલશે એ સૌ માટે ઓશો ઇચ્છા બલિયસી...

બુદ્ધના અનુયાયીની હિન્દીનું શોભિત દ્વારા ગુજરાતી નવસંસ્કરણ કેવું લાગ્યું એ જરૂર જણાવજો.

***ઘરની ભીંતોમાં ક્યાં કોઈ સમૃદ્ધ થાય છે!?***
***સ્વીકારે છે અસીમને તો બુદ્ધ થાય છે....***

આજે આટલું જ... ■


# દાસ પેંડાવાળાના સૌજન્યથી ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ દ્વારા ૩૨ વૃક્ષોનું વૃક્ષારોપણ

## સરજુભાઈના પુત્રના લગ્નની ખુશાલીમાં કર્યું વૃક્ષારોપણ






ભાવનગર શહેરને હરીયાળુ બનાવવામાં ગ્રીનસીટીને ઉદ્યોગપતિઓનો ઘણો જ સહયોગ મળી રહ્યો છે. હાલમાં જ ભારતભરમાં પ્રખ્યાત એવા દાસ પેંડાવાળા પરિવારના CA સરજુભાઈ મહેતાના પુત્ર માનવ મહેતાના લગ્નની ખુશાલીમાં દાસ પેંડાવાળાના સૌજન્યથી ૩૨ ઈન્ડિયન ક્રીસમસ વૃક્ષોનું વૃક્ષારોપણ ગ્રીનસીટી દ્વારા ક્રેસંટ થી ઘોઘાસર્કલના ડિવાઈડર પર કરવામાં આવ્યું હતું. આ અંગે સરજુભાઈએ જણાવ્યું કે આ નિમિતે ગ્રીનસીટી હસ્તે અમોને ભાવનગરને હરિયાળુ બનાવવાના અભિયાનમાં નિમિત બનવા મળ્યું તેની ખુશી છે. દેવેનભાઈ શેઠ એ દાસ પેંડાવાળા પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. શહેરના પ્રવેશદ્વાર સમા ગૌરવ પથ પર નવા બનેલા ડીવાઈડરમાં પણ દાસ પેંડાવાળા ૭૨ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાવવાનું નકકી કર્યુ છે.

**આ પ્રાઈમ લોકેશન સમા રોડ પરના ડિવાઈડરમાં ગ્રીનસીટી દ્વારા ૫૦૦ આકર્ષક ફૂલોના વૃક્ષોનું વૃક્ષારોપણ ટ્રી-ગાર્ડ સાથે કરવામાં આવશે તેમ શેઠબ્રધર્સના દેવેનભાઈ શેઠે જણાવ્યુ હતુ.**


ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# અમાપ વ્યોમ સુધી વ્યાપેલા દુર્ગમ પહાડો વચ્ચે વસેલું મનમોહક સામ્રાજ્ય મિડલ લૅન્ડ - સ્પિતિ

**હિમાલયના** ઊબડખાબડ રસ્તા પર બુલેટ ચાલી રહ્યું છે અને અહીંનો ઠંડો વાયરો જાણે એકદમ ઉત્સાહિત થઈને મીઠો આવકારો આપી રહ્યો છે. વાદળોની દોડતી સેના મને જોઈને હરખઘેલી થઈને સ્મિત આપી રહી છે. આજુબાજુનાં વૃક્ષો જાણે કુદરતના અંગરક્ષકો હોય એવી મુદ્રામાં વિરાજમાન દીસી રહ્યા છે. દૂર દેખાતા બરફાચ્છાદિત પહાડોમાં રહેલ મેગ્નેટ મને જાણે એની તરફ ખેંચતું હોય, મારું મન બુલેટના હેન્ડલ પર લાગેલા નાના નાના રંગબેરંગી ફ્લેગ્સની જેમ પવનના સંગીતમાં નાચતું હોય એવો ભાસ સ્પષ્ટપણે અનુભવી રહ્યો છું. આવા સમયે કોઈ દૃશ્ય આંખે વળગી જાય અને બુલેટ સાઈડમાં એમ જ ઊભું રાખીને કોઈ નશીલા કશ માફક એક ઊંડો શ્વાસ કુદરતના ઘૂંટડા ભરતો હોઉં એવો અનુભવ મારા જીવનની શ્રેષ્ઠ ક્ષણોમાંની એક છે એમ માણી રહ્યો છું. હવે મને એમ જ લાગી રહ્યું છે કે જેટલા દૂર આ વાદીઓ, પહાડીમાં નીકળી પડ્યો છું એટલો જ હું ખુદની નજીક આવી રહ્યો છું. મિડલ લૅન્ડ સ્પિતિની આ જ તો ખાસિયત છે કે એ આ પ્રકારનો જાદુઈ અનુભવ દરેક જીવમાત્રને કરાવે છે. જીવંતતાને વીસરતાં જતાં આપણે ભૌતિકતાના નશામાં ચૂર થઈ ગયા છીએ. નિસર્ગના સંપર્કમાં મળતાં સુકુનને ફાઈવસ્ટાર હોટેલ્સ ને મોંઘા રિસોર્ટમાં શોધવાની ખોટી મથામણમાં પડેલો આ માણસ કુદરતના સંપર્કમાં રહેતાં જીવ આગળ બુદ્ધિમત્તાની સાપસીડીમાં થાપ ખાઈ બેઠેલો છે. એટલે જ થોડું સુકુન પોતાને માટે શોધી કાઢવું જ જોઈએ તો જરૂરિયાતનું ચક્ર ક્યારેક નહીં થંભે.










ઊબડખાબડ રસ્તાઓ, બાળકો માફક દોટ લગાવતાં વાદળો, ક્યારેક ભૂખરા તો ક્યારેક રાખોડી તો વળી ક્યારેક અવનવા રંગો સજીને ઊભેલા પહાડો કોઈ નવા જ ગ્રહ પર આવ્યા હોઈએ એવો અનુભવ કરાવે જે આશરે ૧૨૭૭૪ ફૂટની ઊંચાઈ પરના અફાટ સૌંદર્ય વચ્ચે એકલા અટૂલા હોવા છતાં પોતાની જાતને મળી રહ્યા હોય એવું મહેસૂસ થાય ત્યારે આ સ્થળ પ્રત્યે આપોઆપ લગાવ થઈ જાય. ભારતીય ઉપમહાદ્વીપ અને યુરેશિયા વચ્ચે એક મજબૂત દીવાલ તરીકે ઊભેલા હિમાલયમાં આશ્ચર્યમાં ગરકાવ થઈ જવાય એવા ખૂંદાયેલા અથવા તો ન ખૂંદાયેલ અઢળક સ્થળો આવેલાં છે. અહીં ખુલ્લાં વિશાળ બર્ફીલાં મેદાનો, ક્યાંક અવનવા રંગોના પથ્થરના પહાડો, ક્યાંક વાદળો સાથે હળીમળીને રહેતા બર્ફીલા પહાડો તો વળી ક્યાંક સહેજ કોઈ આંગળી મારે ને ઢળી પડે તેવા માટીના પહાડો આવું તો કેટકેટલુંય વૈવિધ્ય હિમાલયમાં ભરેલું છે. જેણે હિમાલય જોયો જ નથી તેમના માટે કલ્પનામાં પણ ન સમાઈ શકે તેવી રચનાઓ કુદરતે અહીં કરી છે. આ પ્રદેશને સ્પિતિના નામે ઓળખવામાં આવે છે. આ પ્રદેશ જેટલો સૌમ્ય છે એટલા જ અહીંના લોકો પણ સૌમ્ય છે.

ભારત અને તિબ્બતની વચ્ચે આવેલો જમીનનો ટુકડો એટલે સ્પિતિ વેલી જ્યાં કુદરતે ખુલ્લા મનથી રંગો પૂર્યા છે. દરેક મહિનામાં અહીં અલગ જ રંગોમાં કુદરત સજેલી દેખાય. સ્પિતિનાં દૃશ્યો અન્ય પહાડી વિસ્તારોથી ખાસ્સા પ્રમાણમાં અલગ છે. અહીંની પહાડીઓ વૃક્ષરહિત અને બરફની સફેદ ચાદરોમાં વીંટળાયેલા પહાડોનો ઠંડોગાર વગડો છે. હરિયાળી નહિવત્ હોવા છતાં અહીંનું સૌંદર્ય અદ્ભુત અને મનને ઠારે તેવું છે. તેના માટે તો બસ એવું જ કે તમે ત્યાં ગયા વગર તે સ્થળને જાણી શકો, પણ માણી ન શકો. મુખ્યત્વે બૌદ્ધ અને હિંદુધર્મનો પ્રભાવ અહીં જોવા મળે છે અને અહીંના બૌદ્ધ મઠો નજીકથી પસાર થતા પણ 'ૐ મણિ પદ્મે હમ' મનમાં એક અલગ જ પ્રકારની ચેતના જગાવી જાય છે. ટૂંકમાં, હિમાલયમાં વસેલુ આ ઠંડું રેગિસ્તાન આપણી કલ્પનાઓથી પરે છે.

હિમાચલ પ્રદેશના શિમલાથી સ્પિતિ જતા રસ્તાઓ પરથી નજર ક્ષણવાર માટે પણ હટે નહીં એવા સુંદર લૅન્ડસ્કેપ નજર સમક્ષ શિમલા છોડતાં જ તરવરવા લાગે. શિમલાથી કિન્નોર વિસ્તારમાં પ્રવેશીએ કે ઠેર ઠેર રસ્તાની કિનારી પર જ લચી પડેલાં સફરજનનાં વૃક્ષો દેખાય એને જોઈ એમ થાય કે આમાં ફળ વધુ છે કે પાન? આગળ રિકંગ પિયો, સાંગલા જેવાં સ્થળો પર પથ્થરની કુદરતી કોતરણીવાળા વિશાળ પહાડો વચ્ચેથી પસાર થતાં વિશાળ સતલુજ નદી આંગળી પકડીને કુદરતનાં અજોડ સર્જન એવા સ્પિતિ વેલી તરફ દોરી જાય. અહીંના પહાડોએ મને લગભગ અવાચક કરી મૂક્યો જાણે મારી વાચા સંપૂર્ણપણે હરાઈ ગઈ હોય. એક પછી એક વળાંકો લઈને કિન્નોર કૈલાસને પાછળ મૂકીને સ્પિતિ તરફ આગળ વધ્યો કે રસ્તાની સાથે સાથે કંપની આપતી સતલુજ નદી એક ઊંડો રાગ છેડતી પ્રચંડ ધ્વનિ સાથે વહેતી હોય, વાદળો જાણે મારા જ સ્વાગતની તૈયારીઓમાં આમ તેમ દોડતા હોય એમ આ રસ્તાઓ પસાર કરતાં કરતાં ધીરે ધીરે કુદરતની અજાયબીમાં પ્રવેશ કર્યો. હા અહીં રસ્તાઓ થોડા અઘરા છે, ચોમાસામાં અને શિયાળામાં તો થોડી મુશ્કેલી જરૂર પડે, પણ અહીંના સૌંદર્ય સામે એ મુશ્કેલી ખૂબ જ ઝાંખી છે. આ રસ્તો વર્ષના ૩૬૫ દિવસો દરમ્યાન ચાલુ હોય છે. સ્પિતિનાં નાનાં નાનાં ગામડાઓમાં વસતા લોકોની જીવનશૈલી, તેમનું સંઘર્ષમય જીવન અને તેમની સાદગી તેમને આવી કુદરતી ભવ્યતાની ભેટ આપે છે. સ્પિતિ સર્કિટની શરૂઆતમાં જ સૌથી પહેલાં નાકો ગામ આવે છે. અહીં અંદાજે ૪૦ થી ૫૦ આસપાસ સુંદર ઘર છે, અહીંના લોકો ખૂબ જ પ્રેમાળ છે જ્યાં હોમસ્ટે લઈ શકાય અને અહીંની સ્થાનિક વાનગીઓ ખાઈને સ્થાનિક લોકો સાથે એકાદ દિવસ હિમાચલી મહેમાનગતિ માણી શકાય. ગામની વચ્ચે જ એક ખૂબ જ સુંદર તળાવ છે. રિયો પુરગ્આલના બર્ફીલા ઢોળાવમાંથી વહેતાં પાણીથી સર્જાયેલા આ તળાવ આસપાસ મહાલવાની તક ચુકાય એવી નથી. આ ગામ રિયો પુરગ્આલ પહાડના બેક્ડ્રોપને શોભાવતું ગામ છે જે હિમાચલ પ્રદેશનો સહુથી વધુ ઊંચાઈ ધરાવતો પહાડ છે જેની ઊંચાઈ ૨૨૦૦૦ ફૂટ કરતાં પણ વધુ છે. અહીં એક નાનકડી મોનેસ્ટ્રી છે. અહીંનો સૂર્યોદય અને સૂર્યાસ્ત કોઈ પણના માનસપટ પર ગજબની સ્મૃતિ ઉપસાવી જશે, જાણે કુદરત જાતે જ ધરતી પર મહાલવા નીકળી પડે છે. આમ જોઈએ તો સ્પિતિના રસ્તાઓ જ તેનું આકર્ષણ છે સ્પિતિ ટ્રાવેલિંગ એટલે રોડ ટ્રાવેલિંગ. મંજિલ કરતાં રસ્તાઓ ખૂબસૂરત લાગે એ સામાન્ય કહેવત અહીં સાચા અર્થમાં પરિપૂર્ણ છે. શહેરના ટ્રાફિક જામ અને સિગ્નલો વચ્ચે અટવાયેલા આપણે અહીં કંઈક અલગ જ શાતા મેળવીએ છીએ. નાકોથી આગળનો પડાવ તાબો ગામ આવે છે જ્યાં ખૂબ જૂની મોનેસ્ટ્રી છે, મેડિટેશનની ગુફાઓ છે તેને અજંતા ઑફ હિમાલયા પણ કહેવાય છે. અહીં ૧૦૦૦ વર્ષ આસપાસ જૂનાં ભીંતચિત્રો, સ્કલ્પચર, પાંડુલિપિઓ વગેરે સચવાયેલાં છે. તાબો મઠ હિમાલયના સૌથી જૂના મઠમાંથી એક છે. અહીં નજીકમાં જ ગ્યુ ગામમાં આવેલ ગ્યુ મોનેસ્ટ્રીમાં કોઈ પણ કૃત્રિમ રસાયણોના ઉપયોગ વગર સચવાયેલું ૫૦૦ વર્ષ જૂનું મમી મળી આવ્યું છે જેના નખ અને વાળ પણ વધી રહ્યા છે. સ્થાનિકોને મતે એ બૌદ્ધ સાધુ સાંઘા તેનજીગનું મમી છે. સ્પિતિ વેલી આસ્થા અને અનેક રહસ્યોનું સંગમ છે.

સર્પાકાર રસ્તાઓની મજા માણતાં માણતાં આગળ વધીએ કે પિન અને સ્પિતિ નદીના સંગમ એવા ધનકાર પહોંચીએ કે આભા થઈ જઈએ એવાં દૃશ્યો નજર સમક્ષ ખડાં થઈ જાય. પૃથ્વી કરતાં સાવ જ અલગ ધરતીની રચના હોય તે પ્રકારનાં દૃશ્યો અહીં સર્જાય છે. અહીં આંખ પહોંચે એટલા વિશાળ પટમાં અલગ અલગ ધારાઓ ભેગી થઈને પિન અને સ્પિતિ નદી એકમેકમાં ભળે છે. અહીં સુધી પહોંચ્યા પછી શારીરિક થાક હોવા છતાં માનસિક રીતે એટલા પ્રફુલ્લિત થઈ જવાય છે કે જરા પણ થાકનો એહસાસ થતો નથી.

હજુ તો સ્પિતિની શરૂઆત થઈ છે. ભારતની આ અનન્ય ભૂમિ પર શાબ્દિક અને વિઝ્યુઅલ સફરને આવતા અઠવાડિયે આગળ ધપાવીશું જેમાં વિશ્વના સહુથી ઊંચા ગામ, વિશ્વની સહુથી ઊંચી પોસ્ટ ઑફિસ, એશિયાના સહુથી ઊંચા સસ્પેન્શન બ્રિજ અને આવાં અવનવાં સ્થળો પર ભ્રમણ કરીશું. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ચેટબોટ સાથે ચેટિંગઃ લાવી દો, આંગળીના વેઢે નીવેડો!




વાતની શરૂઆત થોડી ફ્લેશબેકથી..

કોરોના વાઈરસનો કાળમૂખો સૂર્ય જ્યારે ઉનાળાના મધ્યાહન જેટલી તીવ્રતા ધરાવતો હતો એ સમયે 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને' આપણને સૌને આપણા વોટ્સએપમાં ડાયરેક્ટ શું કરવું અને શું ક્યારેય ન કરવું એ અંગે સચોટ અને વિશ્વસનીય માહિતી આપી હતી. આપણામાંથી કોઈ પાસે એના સંસ્થાના નંબર ન હતા, ન તો એ સંસ્થા પાસે આપણા કોઈ ચોક્કસ નંબરની માહિતી હતી. આમ છતાં આપણા સુધી વાઈરસથી એલર્ટ રહેવા માટેની સંપૂર્ણ સાચી માહિતી પહોંચી.

આ પાછળ જે સિસ્ટમ કામ કરી રહી હતી એનું નામ હતું 'ચેટબોટ'. કોરોના કાળમાં ટેકનોલોજી ક્ષેત્રે અસાધારણ કહી શકાય એવા પ્રયોગ થયા, જે સફળ પણ થયા. ચેટબોટ ટેકનોલોજીને સમજીએ અને પછી એનાથી થતા ચિટિંગથી બચવાના ઉપાય અંગે વિસ્તારથી જોઈએ.

**ચેટબોટ અને ચેટજીપીટીમાં શું ફેર?**

કોઈ જ પ્રકારના નંબર લીધા વગર માત્ર એક QR કોડ સ્કેન કરતાં જ તમામ વિગત મળી જાય એનું નામ ચેટબોટ. જોકે, એની પાછળ પણ કમાલ તો એક નંબરની જ હોય છે. આ એક એવી પ્રોગ્રામિંગ લેંગ્વેજનું પરિણામ છે, જેને મેસેજિંગ એપ્લિકેશન સાથે જોડીને પ્રાથમિક માહિતીને હજારો લોકો સુધી પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાયું છે.

વર્ષ ૧૯૮૮માં સૌ પ્રથમ રોલો કાર્પેન્ટર નામના એક પ્રોગ્રામરે ચેટબોટની શરૂઆત કરેલી. આ પાછળનું કારણ એ હતું કે, એની સાથે ટેકનોલોજી વાત કરી શકે એ રીતે પ્રોગામિંગની દુનિયામાં આ ભાઈને કંઈક નવું કરવું હતું. આ ચેટબોટમાં જે તે વ્યાપાર કે વ્યવસાયની પ્રાથમિક માહિતી જેને લોકો સુધી પહોંચાડવી છે એને ક્રમિક રીતે ગોઠવીને નંબર સાથે જોડીને સેટ કરી શકાય છે. ઉદાહરણ તરીકે જ્યારે કોઈ વ્યક્તિ કસ્ટમર કેરમાં ફોન કરે છે એ સમયે એને જે તે નંબર રહેલા મેનુ કે એની માહિતીના શોર્ટફોર્મ વોઈસનોટથી જણાવવામાં આવે છે. બસ, આ જ રીતે અહીં નંબર સાથે માહિતીની નોટ કનેક્ટ થયેલી હોય છે.

હવે ચેટબોટ અને ચેટજીપીટીમાં ફેર માત્ર એટલો જ છે કે, ચેટબોટમાં તમે પણ માહિતીને ગોઠવી શકો, શેર કરી શકો. આ માટે કોઈ ચોક્કસ કી-વર્ડના ઈનપુટની જરૂર નથી. જ્યારે ચેટજીપીટીમાં કી-વર્ડ જેટલા ચોક્કસ અને પર્ફેક્ટ એટલો તમને મળતો જવાબ ક્રમબદ્ધ.

**AI સાથે ચેટબોટે હાથ મિલાવ્યા**

વર્ષ ૧૯૮૮માં શરૂ થયેલી આ પ્રોગ્રામિંગ ટેક્નોલોજીની ઊપજ એટલે કે ચેટબોટ એ સમયે સફળ થયું. આ પાછળનું કારણ એ હતું કે, જે પ્રોગ્રામ અંદર ફીટ કરવામાં આવ્યાં હતા એ માત્ર કોમ્પ્યુટરની કેટલીક ભાષા પૂરતા મર્યાદિત હતા. એમાં કંઈ નવું કરવા માટે કોઈ પ્રયાસ ન થયા. દાયકા બાદ આ જ પ્રોગ્રામ ફરી ઉપયોગમાં લેવાયા અને એમાં શું નવું પીરસી શકાય એ વિચાર કરીને ફરીથી ચેટબોટ તૈયાર થયા, જેને વોટ્સએપ અને ટેલિગ્રામ જેવી એપ્લિકેશન સાથે કનેક્ટ કરીને પ્રયોગ થયા, જે સફળ થયો. શરૂઆતના દાયકા સુધી આ ચેટબોટ બેંક સર્વિસ માટે માત્ર લેપટોપ કે કોમ્પ્યુટર પૂરતા જ મર્યાદિત હતા. એમાં પ્રાદેશિક ભાષા ઉમેરવાનું કામ ચીને કર્યું. છેલ્લા પાંચ વર્ષથી જે તે ચેટબોટે AI(આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ) સાથે હાથ મિલાવીને રિયલટાઈમ સર્વિસ આપી છે. એટલે કે સમયની કોઈ બાંધછોડ નહીં. યુઝર જ્યારે એમાં ઈનપુટ આપે ત્યારે તે એનો જવાબ આપે- એ પણ તાત્કાલિક. ફાયદો એ થયો કે, અંદર જે પ્રોગ્રામ લોડ કરાયા હતા એમાં માહિતીનું વૈવિધ્ય આવ્યું. આજે માર્કેટિંગ કરતી કંપનીથી લઈને બેંક સુધીની ઓનલાઈન સેવામાં ચેટબોટનો વ્યાપ વિસ્તર્યો છે. સાથે અન્ય સેવામાં પણ ફાયદો થયો છે.

**ચેટિંગથી ચિટિંગ સુધી...**

વર્ષ ૨૦૧૬માં જ્યારે ચેટબોટ માટે ખાસ પ્રકારના ટુલ્સ (જેમ રેડીમેડ કપડાં ડાયરેક્ટ પહેરી શકાય એમાં એ પેકેજ ખરીદીને મોબાઈલ કે કમ્પ્યુટરમાં સીધા જ ઉપયોગમાં લઈ શકાય) બનાવવાનું ચીને શરૂ કર્યું. પછીથી એનો પ્રયોગ 'યાહુ' જેવી કંપનીએ પણ કર્યો. એના પરથી ચેટરૂમ ડિઝાઈન થયા.

આ પછીની વાતથી સૌ કોઈ વાકેફ છે. માત્ર એક ઈમેલ આઈડીમાં લોગઈન કરો એટલે વીડિયોચેટથી લઈને વોઈસચેટ સુધી તમામ વસ્તુ થતી. પછી કેટલાક ભેજાબાજોએ આમાં એક કોમ્યુનિટી તૈયાર કરીને જાણીતા નામથી ચેટસર્વિસ શરૂ કરી, જેમાંથી ચેટિંગ ચિટિંગ બની ગયું. ઈમેલઆઈડી અને લોકેશનને છુપાવી દેવાના વિકલ્પ મળતા મનફાવે એવા ચેટબોટ સાથે લોકો વાતો કરતા. હવે એ મશીન છે કે હકીકતમાં કોઈ વ્યક્તિ એ અંગે ભાગ્યે જ કોઈને જાણ થતી. કેટલાક લોકો તો સામેથી સાચું આઈડી પૂછીને પછી વાતો કરતા થયા. આમ ટેકનોલોજી લોકોને જોડવાનું માધ્યમ બની.

**આટલું ધ્યાન રાખવું**

ચેટબોટ સર્વિસ આપતી કંપનીઓ ક્યારેય કોઈ પાસવર્ડ કે ઈમેલ પૂછતી નથી એટલે જ્યારે આવા કોઈ મેસેજ આવે ત્યારે એ વાત ત્યાંથી અટકાવી દેવી. આ એક મશીન લેવલની ભાષા છે. જ્યાં સુધી તમે ઈનપુટ નહીં આપો ત્યાં સુધી તે જવાબ નહીં આપે. હા, મોબાઈલથી ચેટ કરતા હશો તો નંબર અવશ્ય શેર થશે, પણ એમાંથી કોઈ પર્સનલમાં મેસેજ કરે ત્યારે ચકાસણી કરવી અનિવાર્ય છે. ચેટબોટમાં ક્યારેય કોઈ ફેક આઈડી મોકલવું નહીં, કારણ કે, AI આવ્યા બાદ ફેક વેરિફિકેશન માટે વપરાતા શબ્દોના સર્વરમાં ડિક્શનરી નહીં આખો ડેટાબેઝ હોય છે. પેમેન્ટ માટેના QR કે વ્યવહાર કદી કરવા નહીં. આ મશીન છે કોઈ વ્યક્તિ નથી. ■

**આઉટ ઑફ બોક્સ**

***'એલેક્સા' નામનું AI ડિવાઈસ માર્કેટમાં આવ્યા પહેલાં વર્ષ ૧૯૬૦માં પહેલું ચેટબોટ ડિવાઈસ આવ્યું હતું. જેનું નામ 'એલિઝા' હતું, જેના પરથી 'એલેક્સા' આવી***

## ૪. ધાર્મીક સંબંધી

**મહાશિવરાત્રી- મહાકુંભ**
નિમિત્તે 26/02/2025, બુધવારે (જાહેર રજા), શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન આયોજીત કરે છે ભવ્ય લઘુરૂદ્રી= રૂદ્રાભિષેક અને મહાકુંભનો સંયુક્ત ભક્તિમય કાર્યક્રમ કાંદીવલીમાં. સંપર્ક- 9082825482. (બી-૧૫૪૭૪)

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૪૨૮)

## ૯. લગ્ન સંબંધી

**વહેલો-પહેલો**
પરિચય સંમેલન 23/02/2025, રવિવારે, મુંબઈમાં સર્વજ્ઞાતિના લગ્નોત્સુક યુવક/યુવતીઓના રજિસ્ટ્રેશન ચાલુ છે. શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (બી-૧૫૪૨૨)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૫૫૬-એ)

JAIN HANDSOME BORN Abroad 1973 Engineer, 5'10" Issueless Divorcee Seeks Lively Charming Girl 9825167256. (No Dowry). (B-15531)

KEVAL MEHTA, JUNE '92/ 5'9", Canadian PR, looking for Gujarati Jain Girl (only), Contact +919322690065. (No Dowry) (B-15537)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (15520-A)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**આદિ કૈલાશ ઓમ પર્વત**
21 મે 11 દિવસ સાથે નીમ કરોલી બાબા, ગોલુ દેવતા, જાગેશ્વર ધામ, પાતાળ ભુવનેશ્વર, 41000/- પર વ્યક્તિ. આશિષભાઈ 9870222106. (૧૫૫૫૬-ઈ)

**અમરનાથ યાત્રા**
4 જુલાઈ ૧૩ દિવસ શ્રીનગર, પહેલગાંવ, ગુલમર્ગ અને માતા વૈષ્ણોદેવી, 21000/- પર વ્યક્તિ આશિષભાઈ 9870222106. (૧૫૫૫૬-એફ)


॥ શ્રી હરિ ॥
દિવ્ય ટુર
શશીકાંત કે. પાઠક શાસ્ત્રીજી દ્વારા સંચાલિત
39 વર્ષના અનુભવી
ચારધામ યાત્રા હેલીકૉપ્ટર દ્વારા 4N 5D
ચારધામ યાત્રા ચોપતા સાથે
કેદારનાથ હેલીકૉપ્ટર ટિકિટ ઉપલબ્ધ છે
કાશ્મીર | યૂરોપ | ભુતાન
9819304112
(બી-૧૫૫૨૧)


**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૪૨૯)

**લકઝરી રાજસ્થાન**
જયપુર, અજમેર, પુષ્કર નાથદ્વારા, સાંવરિયા શેઠ, ચિતોડગઢ, રણથંભોર પ્રસ્થાન 10/3, 12/4 દિવસ-8 ગ્લોબલ ટુર્સ- 9967894750. (બી-૧૫૫૪૭)

## ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સ મેનેજર**
**ગારમેન્ટ એસેસરીઝની જાણીતી મેન્યુફેકચરીંગ કંપની માટે ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીનો અનુભવી સેલ્સ ડેવલપમેન્ટ મેનેજરની જરૂરત છે. સેલરી 15k-25k. સંપર્કઃ 9870618006. (બી-૧૫૪૯૫)**

**■ જોઈએ છે મહિલા/પુરુષ કુક સુંદરવન, સિટિમોલ નજીક, અંધેરી (પશ્ચિમ)માં વય ૨૫-૪૫, નજીકના વિસ્તારમાંથી પ્રથમ પસંદગી. સંપર્કઃ ૮૭૭૯૬૫૧૮૧૯. (સ. ૯ ક.થી સાંજે ૫ ક.). (૧૫૫૭૬-એ)**


મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૪. નોકરી ખાલી છે

**''લેડી જોઈએ''**
**દહિસર (ઈસ્ટમાં) - પાર્ટ/ફુલટાઈમ મહેનતુ, સ્વતંત્ર હાર્ડવેર રિટેલ દુકાન સંભાળી શકે - 9820120537. (૧૫૫૯૦/એ)**

**FRESHER FEMALE**
Well-Reputed PHARMA Company at Andheri (East) requires Fresher (1) Lady Office Assistant and (2) Lady Office Admin staff. Candidate must have thorough Computer Knowledge & must be well-versed in day-to-day Office routine work. Kindly send your CV to: poltd@panchsheelorganics.in (KP-2527-A)

## ૧૭. જગ્યા આપવી છે

**ગ્રાન્ટરોડ / ચર્નીરોડ**
ફ્લેટો / લેવા-વેચવા ભાડેથી અથવા અન્ય પ્રપોઝલ માટે. 7506159533, 9619559533. (બી-૧૫૫૦૮)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**ઘાટકોપર (વેસ્ટ) કામા લેન**
**જોડી ફ્લેટ 565'+565', વેચાણથી 2.20 Cr. નેગોશીએબલ, બધી રૂમ રોડ ફેસીંગ, જૈન દેરાસરની બાજુમાં. ''કરણ નીતિન દવે'' 7738741851. (૧૫૪૭૦-એ)**

**મલાડ-બોરીવલી**
નાના-મોટા ફ્લેટ લેવા/વેચવા/ભાડેથી-માટે 9820490311. ''વર્ધમાન રિઅલ્ટર્સ''. (૧૫૫૪૦-બી)


ડિસ્ટ્રેસ સેલ ફ્લેટ્સ ઘાટકોપર ઈસ્ટ માં
2 BHK (635'+180')
3 BHK (1000'+150')
OC, પાર્કિંગ
યુઝર તથા ઈન્વેસ્ટર્સ માટે
વિવેક : 98208 56671
સંજય : 98210 08455
KParth
(૧૫૫૮૭-બી)


**વાલકેશ્વર**
ચોપાટી ગામદેવી તારદેવ ૨/૩/૪ બેડરૂમના ફ્લેટ સારી સોસાયટીમાં પાર્કિંગ વેચાણ / ભાડેથી રેડી કબજો. ભરતભાઈ 9322246950. (૧૫૨૯૬/સી)

**પાર્લા વેસ્ટ**
સ્ટેશનની બાજુમાં 3 બેડ ભાડા પર (1.30 લાખ) વેચાણથી 3.90 કરોડ. 7045622403. (બી-૧૫૫૨૭)

**દાદર હિન્દુ કોલોની**
રેડી પઝેશન 1 RK, 1-2-3-4 BHK નવા ટાવરમાં. જીતુભાઈ. 9869322453. (૧૫૫૭૯-એ)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૫૦૪)

**મુલુંડ (વેસ્ટ)**
2 BHK, 715 Sq. Ft. ડો. આમ્બેડકર રોડ અને RHB રોડ પર, પાર્કીંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડીંગ. સંપર્ક- 9930333456. (૧૫૫૬૬-એ)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/દેરાસર નજીક, રેડીમાં 4 બેડરૂમ (1567' ફૂટ કાર્પેટ) 31,500/- થી (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૩૮૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ દેરાસર નજીક રેડીમાં 3 બેડરૂમ 968' ફૂટ કાર્પેટ 3,03,00,000/- (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૩૮૪)**

**READY DUPLEX**
5 બેડરૂમ, ડુપ્લેક્સમાં Personal Lift, કાંદિવલી વેસ્ટ, ઓપન વ્યૂ, હાયર ફ્લોર, વાસ્તુ પ્રમાણે, જૈન વૈષ્ણવ ફેમીલી માટે ખાસ, માર્કેટ દેરાસર હવેલી નજીક 3 પાર્કિંગ. સંપર્ક - 9820344084. (જેપી-૪૯૬૪-એ)

**માટુંગા સેન્ટ્રલ**
ફોર સેલ, જેડ વેદાંત, શેઠ બી એન રોડ, ૨ બીએચકે ફ્લેટ, ૭૪૧ કાર્પેટ, છઠ્ઠા માળે, લીફ્ટ, પાર્કિંગ છે, માટુંગા સ્ટેશન, દેરાસર અને કિંગ્સ સર્કલથી ૫ મિનિટ, 3.35 કરોડ નેગોશીએબલ. સંપર્કઃ ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૫૪૩)

**બોરીવલી (વેસ્ટ)**
3.5 બેડરૂમ ફુલ્લી ફર્નિશ, ભાડું 95,000, ડિપોઝિટ 5 લાખ. યોગી નગરમાં. સંપર્ક- 9769777267. (૧૫૫૯૧-એ)

**જૂહુ**
**3 બેડરૂમ 2000' કાર્પેટ Community બિલ્ડિંગ સ્વિમિંગપૂલ, જીમ, ગાર્ડન, બેન્કવેટ સાથે વેચાણથી. મી. દેસાઈ - 8591072299, 7738934973. (એસડીબી-૨૪૪૧)**

**જૂહુ ગુલમોહર રોડ**
**4 બેડરૂમ 2370' કાર્પેટ 10.5' સીલીંગ હાઈટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ એમેનીટીઝ સાથે.- મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૨)**

## ૧૭. જગ્યા આપવી છે

**જૂહુ જેવીપીડી**
**પ્રીમિયમ ફુલ્લી ફર્નિશ્ડ ડુપ્લેક્સ ફ્લેટ 4000' કાર્પેટ 4 પાર્કિંગ સાથે વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૩)**

**જૂહુ**
**મલ્ટીપલ પ્લોટ્સ 500 સ્કે. યાર્ડથી 1500 સ્કે. યાર્ડથી વેચાણથી મળશે. સંયુક્ત સાહસ પણ ચાલશે. - મી. દેસાઈ - 9821096320. (એસડીબી-૨૪૪૪)**

**જૂહુ ગુલમોહર રોડ**
**મલ્ટીપલ ટોપ કલાસ બિલ્ડરના પ્રોજેક્ટમાં 3, 4, 5 બેડરૂમના ફ્લેટો - પેન્ટ હાઉસ વ્યાજબી ભાવે લેવા. - મી. દેસાઈ - 7738934973, 8591072299. (એસડીબી-૨૪૪૫)**

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૫૩૪)

**મલાડ (વેસ્ટ)**
ભાડેથી, 2 બેડરૂમ કપોળ સોસાયટી મારવે રોડ, Owner 8080354777. (જેપી/૪૯૬૪-જી)

**નમન ટાવર**
હવેલી કોમ્પ્લેક્સમાં, કાંદિવલી વેસ્ટ, 2 બેડરૂમ, 765' કાર્પેટ ડક કવર, હાયરફ્લોર, વેચાણથી. Owner 8080354777. (જેપી/૪૯૬૪-એફ)

**2 બેડરૂમ**
વેચાણથી કાંદિવલી વેસ્ટ એમ. જી. રોડ Aprox 875' કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, ગુજરાતી જૈન વૈષ્ણવ સોસાયટી, 2.59 કરોડ નીગોશીએબલ. રેડી પઝેશનથી લેવા 9820344084. (જેપી-૪૯૬૪-સી)

**''પૂનમ ગાર્ડન''**
**મીરા રોડમાં 1 બેડરૂમ (75 લાખમાં), OC છે :- 8007342828. (૧૫૫૮૯-ડી)**

**''કાંદિવલી (વેસ્ટમાં)...''**
સ્ટેશનની પાસેઃ ૧+૧ જોડી- 2.50 કરોડમાં એમેનિટીઝ સાથે, ૨ બેડ સ્પેશિયસ રેડીમાં- 2.60 કરોડમાં, ૩ બેડ - (980 કાર્પેટ) 3.65 કરોડમાં - નીગોશીએબલ.. સંપર્કઃ 9920599589. (બી-૧૫૫૫૦)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''-૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૫૨૫૩)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી - બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 - બેડરૂમ તેમજ 4 - બેડરૂમ એમિનિટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. ''નવકાર રીઅલ એસ્ટેટ'' 8356990950. (જેપી/૪૯૬૯-સી)

**મલબારહીલ**
3 + 4 બેડરૂમની જોડી ફરનીસ્ટ - 3500'- કાર્પેટ- પાર્કિંગ - સી.ફેસીંગ - શાહ - 9820068382. (૧૫૩૧૭-ડી)

**તારદેવ**
2 બેડરૂમ- 800'- કાર્પેટ- પાર્કીંગ- 3,50,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૫૩૧૭- સી)

**નાનાચોક**
4 બેડરૂમ - 2600' - કાર્પેટ - પાર્કિંગ 5,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૧૭- બી)

**ગામદેવી**
2½ બેડરૂમ - 825' - પાર્કિંગ - સી.ફેસીંગ - 5,0000000/= સ્ટેમ્પડ્યુટીની સાથે 9820068382. (૧૫૩૧૭- એ)

**નાનાચોક**
1 બેડરૂમ 500' - ફરનીસ્ટ-1,50,00000/= નેગોશીયેબલ શાહ - 9820068382. (૧૫૩૧૭-ઈ)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**


Shreenagar, M.G. Road, Near Jain Temple, GOREGOAN (W)
DPS AISHWARYA
SPACIOUS FLATS
1 BHK | 2 BHK | 3BHK
1BHK + 1BHK 900 Sq. Ft.
2BHK + 3BHK 1800 Sq.Ft.
Full Approval
With Balcony
Full Floor Available 1350 to 1800 Sq. Ft.
Approved from All Leading Banks
11 slabs completed out of 18 floors.
ROOF TOP AMENITIES
- Sky Garden
- Walking Path
- GYM
- Yoga Deck
- Senior Citizen Area
Call: +91 84335 76269
RERA NO. P51800010149
(B-15453)


**ANDHERI WEST**
1 BHK Second Floor 650 Carpet Near Paaneri 7208072007. (247)

**TANNA HEIGHTS**
**OC Received, Parekh Gally, Opposite Jain Derasar, Kandivali (West), Sale - 3 Bedroom - 1179', 2 Bedroom - 725'. [Owner] 98210 49249. (15578/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**ભાડુઆતવાળા**
**જુના બિલ્ડીંગ મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**પેલ્હાર વસઈ (ઈસ્ટ)**
**વેસ્ટર્ન એકસપ્રેસ હાઈવે ટચ, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ૨૦ ફૂટ હાઈટ ધરાવતું બિલ્ડિંગ, લોરી ટચ, બે ટનની ઈન્ડસ્ટ્રીયલ લિફ્ટ, ફાયર સેફ્ટી અને (૨૦૦ HP) પાવર સાથે ગ્રાઉન્ડ + ૨, સંપૂર્ણ બિલ્ડિંગ ભાડેથી આપવાનું છે. સંપર્કઃ 7506796880. (૧૫૫૫૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**''ઓપેરાહાઉસ''**
312' બેઝમેન્ટ - ઓફિસ, લેબ-ગોડાઉન, કલાસીસ લાયક 75,00,000/-. ''નિતીન'': 9867222020. (૧૫૫૬૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ફુલ્લી ફર્નીશ્ડ, 277'/ વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી/ વેચાણથી લેવા. 9321690977. (૧૫૫૮૩-એ)**

**જૂહુ ઓફિસ**
**પ્રીમિયમ કોમર્શિયલ ગ્લાસ ફેકેડ બિલ્ડિંગ હાયર ફ્લોર 2000' થી 4000' કાર્પેટ પ્રીમિયમ પ્રોજેક્ટમાં વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 8591072299. (એસડીબી-૨૪૪૦)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**'રાજહંસ હેલિક્સ 3'**
**વિજય સેલ્સની ઉપર, એલ.બી.એસ. રોડ ટચ મેટ્રો અને સ્ટેશનથી ફક્ત ૧૦ મિનિટ, કમર્શિયલ ગ્લાસ ફસાડ બિલ્ડિંગ, એરિયા 340' કાર્પેટથી શરૂ, ઓફિસ ભાડે તેમજ વેચાણથી ઉપલબ્ધ (રેડી પઝેશન) વધુ વિગત માટે સંપર્ક 'ભાનુશાલી હાઉસિંગ એજન્સી' ઘાટકોપર 09324003350 - 09821032931 (મહારેરા રજિસ્ટ્રેશન નંબર A51800000201). (૧૫૫૪૭-બી)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2430)

OFFICE OF 200 SF FOR Rent at Highway Commercial Center, I. B. Patel Road, Goregaon East, Mumbai - 400063, Contact:- 8850164874. (B-15532)

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2409)

**HAJIALI**
Near Heera Panna Shopping Centre 200'+100' Shop, Prime Location available on Rent 55000/2 Lakh, also available for Outright. Contact Owner - 9820973797. (JP/4969-A)

## ૨૩. મનોરંજન

**''હર્ષ શાહ''..**
"live".. લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૫૪૯)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બથડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૯૦-બી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**
ખરજવું- ચામડીની એલર્જી- વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં- ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૫૨૮)

## ૩૧. નાણાંકીય

**ZERO MARGIN**
**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15529)**

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૪૬૬-એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

## ૩૩. ધંધાદારી

■ ઘરે ડ્રોન પીપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ બે વર્ષનો કરાર- 9028160157. (બી-૧૫૫૪૮)

**ACCOUNTANT AVAILABLE with 2-3 years experience having knowledge of GST. Contact: 9869067584 / suanienterprises@gmail.com (B-15516)**

WANTED LENDERS/INVESTors for Clients with Big Projects / Business Finance (Pan India) (Genuine Lenders) Please Contact Mr. Goves - 9920689842. (B-15514)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**By Civil Engineer Dr. Fixit Applicator Licensed Plumber. Mob. 9833521709. (B-15525)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૪૪)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**"FOR FAMILY.."**
"Body Massage" Rs. 500/- at your Home Service.. Contact - 8070559922. (B-15550)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# આસામમાં સાત કરોડ રૂપિયાની યાબા ટેબ્લેટ પકડાઈ

ગુવાહાટી : આસામના શ્રીભૂમિ જિલ્લામાં બે અલગ ઓપરેશનમાં શનિવારે સાત કરોડ રૂપિયાની કિંમતની પ્રતિબંધિત યાબા ટેબ્લેટ પકડાઈ હતી અને આ સંદર્ભમાં ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી, એવી માહિતી મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા શર્માએ આપી હતી.

પોલીસે એક ઓપરેશનમાં પુવામારા વિસ્તારમાં દરોડા પાડીને ૫૦,૦૦૦ યાબા ટેબ્લેટ જપ્ત કરી હતી અને એક ઈસમની ધરપકડ કરી હતી. બીજા એક ઓપરેશનમાં લોન્ગાઈ વિસ્તારમાં ૫,૮૦૦ ટેબ્લેટ પકડાઈ હતી અને બે જણની ધરપકડ કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાને 'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે વહાલા ડ્રગ પેડલર, શ્રીભૂમિપોલીસ વતી હું તમારી ગંદી પાર્ટીની યોજના તોડવા માટે માફી ચાહું છું કારણ કે અમે પરોઢિયે સાત કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડયું છે. પુવામારામાં એકની ધરપકડ, ૫૦,૦૦૦ યાબા ટેબ્લેટ પકડાઈ, લોન્ગાઈમાં ૫,૮૦૦ યાબા ટેબ્લેટ પકડાઈ, બેની ધરપકડ.

યાબા ટેબ્લેટમાં મેથેમ્ફેટામાઈન અને કેફિનનું મિશ્રણ હોય છે. આ ક્રેઝી ડ્રગના નામે ઓળખાય છે અને ભારતમાં આના પર પ્રતિબંધ છે. (એજન્સી)■

### અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા લોકો વિરુદ્ધ કાર્યવાહી

# અટકાયતીઓને રાખવા ફેડરલ પ્રિઝનનો ઉપયોગ

ન્યૂ યૉર્કઃ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા ટ્રમ્પ વહીવટીતંત્ર ફેડરલ પ્રિઝનનો ઉપયોગ કરી રહ્યું છે અને એમ કરીને પ્રથમ મુદત દરમિયાન અપનાવવામાં આવેલા વ્યૂહ તરફ પાછું ફરી રહ્યું છે, એમ ફેડરલ બ્યૂરો ઑફ પ્રિઝને શુક્રવારે કહ્યું હતું.

ફેડરલ બ્યૂરો ઑફ પ્રિઝન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે યુએસ ઈમિગ્રેશન ઍન્ડ કસ્ટમ્સ ઍન્ફૉર્સમેન્ટ અંતર્ગત અમે અમેરિકામાં ગેરકાયદે વસતા લોકોને અટકાયતમાં લઈશું અને આમ કરીને અમે ટ્રમ્પ વહીવટીતંત્રના નીતિવિષયક લક્ષ્યને પાર પાડવામાં મદદ કરવાનું ચાલુ રાખીશું.

જોકે કેટલા લોકોને અટકાયતમાં લીધા છે અને તેમને રાખવા માટે કઈ જેલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ અંગે તેમણે કંઈ પણ જણાવવાનું નકારી કાઢ્યું હતું.

પ્રાઈવસી, સેફટી અને સિક્ટોરિટીના કારણોસર અમે વ્યક્તિના કાયદાકીય દરજ્જા, તેમની સંખ્યા તેમ જ તેમને અટકાયત બાદ ક્યાં રાખવામાં આવ્યા છે એ અમે જણાવી શકીએ નહીં, એમ તેમણે કહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા અને અટકાયતમાં લેવામાં આવેલા લોકોને લૉસ એન્જનલ, મિયામી, ફિલાડેલ્ફિયા, ઍટલાન્ટા, લીવૅનવર્થ, બર્લિન, ન્યૂ હૅમ્પશાયર અને કાન્સાસની ફેડરલ જેલમાં રાખવામાં આવ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. (એજન્સી)■

### સુભદ્રા યોજના

# માઝીએ ₹ ૯૦૦ કરોડનું વિતરણ કર્યું

જાજપુર (ઓડિશા): ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝીએ શનિવારે સુભદ્રા યોજના અંતર્ગત રાજ્યની ૧૮ લાખ કરતાં પણ મહિલાઓનાં ખાતામાં કુલ રૂ. ૯૦૦ કરોડ ટ્રાન્સફર કર્યા હતા.

યોજનાના ચોથા તબક્કાના પ્રથમ હપ્તા તરીકે રાજ્યની ૧૮ લાખ મહિલા લાભાર્થીનાં ખાતામાં રૂ. ૫,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઓડિશાના જાજપુર જિલ્લામાં શનિવારે યોજાયેલા એક સમારોહ દરમિયાન માઝીએ નાયબ મુખ્ય પ્રધાન પાર્વતી પરીદા અને આરોગ્ય પ્રધાન મહાલિંગાની ઉપસ્થિતિમાં લાભાર્થી મહિલાઓનાં ખાતામાં આ રકમ ટ્રાન્સફર કરી હતી. આ સાથે જ ઓડિશાની ભાજપ સરકારે સુભદ્રા યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યની ૯૮ લાખ કરતાં પણ વધુ મહિલાઓનાં ખાતામાં રૂ. ૫,૦૦૦ ટ્રાન્સફર કરી આપેલા વચનનું પાલન કર્યું છે. (એજન્સી)■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨00.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩00.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# શા માટે ટ્રમ્પની નીતિઓ ચર્ચાના ચકડોળે?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તામાં આવતા વેંત જ સાત ઘોડે સવારી શરૂ કરી દીધી હતી. પણ તેના ઉપર હવે બ્રેક લાગવા માંડી છે. શરૂઆત થઇ છે એક મહિના માટે કેનેડા અને મેક્સિકો ઉપર વધારેલી ઇમ્પોર્ટ ટેરિફને એક મહિના માટે પાછી ઠેલવાના નિર્ણયથી કારણકે આ દેશોએ ટિટ ફોર ટેટની જેમ અમેરિકાથી આયાત વસ્તુઓ ઉપર ટેરિફ વધારવાની ધમકી આપી દીધેલ હતી. ચીને તો અમુક અમેરિકન પ્રોડક્ટસ ઉપર ડ્યૂટી વધારવાની જાહેરાત કરી દીધી છે.

ટ્રમ્પનો બીજો એક્ઝિક્યુટિવ ઓર્ડર કે જન્મજાત નાગરિક હક્ક ઘૂસણખોર લોકોના બચ્ચાઓને પ્રાપ્ત નહીં થાય તેની સામે પણ સ્ટે ઓર્ડર આપેલ છે કે આ હુકમ અમેરિકન બંધારણે આપેલા અધિકારની વિરુદ્ધ છે. ટ્રમ્પનો ઓર્ડર કે ફેડરલ વર્કસએ કોમ્પેનસેસન લઇને પ્રિમેચ્યોર્ડ રિટાઇર્ડમેન્ટ લેવાની છે. જેમાં ૪૦૦૦૦ નોકરિયાતોએ ફોર્મ ભરવા છતાં અમેરિકન કોર્ટોએ તેના ઉપર રોક લગાવી અને બંધારણ વિરુદ્ધનું કાર્ય બતાવેલ છે. દુનિયાભરમાં યુએસ ફંડેડ રિસર્ચ ઉપર રોક લાગવાના નિર્ણયના કારણે વિશ્વભરમાં ચાલતા અમેરિકન રિસર્ચ અભ્યાનો જેમા મનુષ્યો ઉપર દવાના નવા રિસર્ચ કરીને તેઓને દવાના ઇન્જેકશનો અને દવાના ડોઝ આપીને નવી દવાના રિસર્ચ કરવામાં આવે છે તે રિસર્ચ પડતી મૂકવાના નિર્ણયના કારણે દુનિયાભરમાં હજારો નાગરિકો કે જેના ઉપર અખતરાઓ કરવામાં આવ્યા છે. તેના શરીરમાં આ દવાઓ અને ઇન્જેકશનો લગાવવામાં આવ્યા છે તેને અધવચ્ચે છોડીને મોટું માનવતા વિરુદ્ધ કાર્ય કરેલ છે. આ લોકોનો બિચાળાઓનો શું વાક?

અને આપણામાં કહેવત છે ને કે નબળો ધણી બાયડી પર શૂરો તેમ ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન પ્રોપર વિઝા ડોકયુમેન્ટસ વગર અમેરિકામાં મેક્સિકો અને અન્ય રૂટથી ઘૂસતા પકડાઇ ગયેલા અવૈધ લોકોને અમેરિકાથી હાથકડી અને પગમાં જંજીર બાંધીને ડિપોર્ટ કરવામાં આવી રહ્યાં છે. જેમાં ભારતમાં હાલમાં આવેલા ૧૦૪ ભારતીયોનો સમાવેશ થાય છે તેના ઉપર પણ મિશ્ર પ્રત્યાઘાતો આવેલા છે. કારણકે એક વર્ગનું માનવું છે કે કોઇપણ દેશમાં અવૈધ રીતે ઘૂસતા લોકો કયારેય દયાને પાત્ર ના હોય શકે. જેમ કે ભારતમાં બાંગ્લાદેશી ઘુસણખોરીની સમસ્યા અને તેથી જો તેઓને હાથકડી અને પગમાં સાંકળ બાંધીને પ્લેનમાં લાવવામાં ન આવે તો તેઓ બધા ભેગા મળીને પ્લેનમાં ક્રુ અને પાઇલટો ઉપર હુમલો કરવાનો ડર સતાવ્યા કરે તેથી આ રીતે લાવવામાં આવેલા હતા. અને કેટલાકનું કહેવું છે કે લાખો રૂપિયા ખર્ચીને અમેરિકામાં ઘૂસી રહેલા લોકો સામે અમાન્ય વહેવાર કરવામાં આવેલ છે અને તેઓ આર્થિક રીતે બરબાદ થઇને તેઓના દેશમાં પાછા ફરી રહ્યાં છે. ટ્રમ્પનો ડોળો ગ્રીનલેન્ડના ટેઇકઓવર ઉપર તેની ૨૦૧૯ની પહેલી ટર્મથી જ હતો પણ તે સ્વપ્ન પૂરું નહીં થતા ફરીથી તે ચળવળ શરૂ કરી દીધેલ છે અને કહે છે કે ડેન્માર્કના આ સેટેલાઇટ કન્ટ્રીને હાંસિલ કરવામાં તે મિલિટરી કે આર્થિક તાકાતનો ઉપયોગ કરી શકે છે. દુનિયાના સૌથી મોટો દ્વીપ ગ્રીનલેન્ડમાં રહેતા ૫૭,૦૦૦ લોકો માટે અત્યારે અસ્તિત્વની સમસ્યા સર્જી દીધી છે. જોકે અત્યારે તો ગ્રીનલેન્ડસ કહે છે કે ગ્રીનલેન્ડ ઇઝ નોટ ફોર સેલ પણ અંદરખાનેથી લોકો ડેન્માર્કના તાબામાં રહેવા કરતા અમેરિકાના શરણે જવાનું વધારે પસંદ કરતા દેખાઇ રહ્યાં છે.

ટ્રમ્પના ગ્રીનલેન્ડને ટેઇકઓવર કરવાના ઇરાદા પાછળ ઘણા કારણો છુપાયેલા છે જેમાં પ્રમુખ કારણો છે કે ગ્રીનલેન્ડમાં બરફના થરો પીગળી રહ્યાં છે અને કેટલીય જગ્યાએ તો બરફ પીગળી પણ ગયો છે જેના કારણે ગ્રીનલેન્ડના પેટાળમાં રહેલા મિનરલ્સ જેવા કે કોપર, લિથિયમ, નીકલ અને કોબાલ્ટ જેવા મિનરલ્સ ખાણોમાંથી બહાર કાઢી શકાય તેમ છે. આ બધા મિનરલ્સ આવતી કાલની દુનિયા માટે વીન્ડ ટર્બાઇન્ડ, ટ્રાન્સમિશન લાઇન્સ, ઇલેકિટ્રીકલ વ્હિકલની બેટરી માટે જરૂરી રો મટિરિયલ્સ છે અને ૨૦૨૩માં ડેન્માર્ક સરકારે બહાર પાડેલ રિસર્ચ રિપોર્ટમાં આનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. આના કારણે ટ્રમ્પની દીલચસ્પી વધી ગયેલ છે. બીજુ કે અમેરિકાથી યુરોપ જવા માટે ગ્રીનલેન્ડ એક શોટેસ્ટ રૂટ છે અને અમેરિકાની સ્પેસ ફેસિલિટીનો મોટો હિસ્સો ગ્રીનલેન્ડમાં સ્થિત છે. ઓટોનોમી હોવા છતાં પણ ગ્રીનલેન્ડ એ ડેન્માર્કના તાબાનો એક ભાગ છે. તેથી ડેન્માર્ક તો ના લઇ શકાય પણ ગ્રીનલેન્ડ જરૂર હાંસિલ કરી શકાય તેની હિલચાલ અમેરિકન પ્રશાસન કરી રહ્યું છે.

પીગળતા બરફના થરોના કારણે વેસ્ટર્ન યુરોપથી ઇસ્ટ એશિયામાં જવા માટેના દરિયાઇ રૂટમાં સુએઝ કેનાલના રૂટને બદલે ડાયરેક જવામાં દરિયાઇ રસ્તામાં ૪૦ ટકાનો ઘટાડો થઇ શકે છે. જેનાથી ભવિષ્યમાં અબજો ડૉલર્સની ઇંધણમાં, ફ્રેઇટમાં અને સમયમાં બચત થઇ શકે છે. અને પાછલા દશકોમાં આ ઑકટીક શિપ ટ્રાફિકમાં ૩૭ ટકાનો વધારો થઇ ચુકયો છે.

ટ્રમ્પની વિચિત્ર માંગ છે કે ફ્રીડમ માટે ગ્રીનલેન્ડ ઉપર અમેરિકાનો અધિકાર ગ્રીનલેન્ડ અને અમેરિકાની સલામતી માટે જરૂરી છે અને અમેરિકા ગ્રીનલેન્ડસને ફ્રીડમ પ્રદાન કરી શકે છે. ગ્રીનલેન્ડ ટેઇકઓવર એ માઇટ ઇઝ રાઇટનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે.

વિશ્વમાં અમેરિકન ડૉલર્સનુ એકચક્રી શાસન, બ્રીકસ દેશોને અમેરિકન ડૉલર્સ સામે બ્રીકસની નવી કરન્સી નહીં લાવવાની ધમકીઓ અને વર્લ્ડ નંબર વન સુપર મિલિટરી અને ફાઇનાન્શિયલ પાવર અને યુક્રેન વોર પછી પાછળ પડી ગયેલા રશિયાના કારણે અમેરિકન પ્રેશર રેઝિસ્ટ કરવું ઇમર્જિંગ ઇકોનોમી માટે ખરેખર મુશ્કેલ છે પણ આનો જવાબ પણ અમેરિકન જ આપશે. કારણકે મેઇડ ઇન અમેરિકા અને અમેરિકા ફર્સ્ટ સાથે ઇલીગલ ઇમ્મિગ્રન્ટની હકાલ પટી અમેરિકન ઇન્ડસ્ટ્રી સહન કરી શકે તેમ નથી કારણકે મોટા ભાગના બ્લુ કોલર્સ વૅકર્સ આજ ઇલીગલ ઇમિગન્ટ જ છે અને અમેરિકન લેબર કોસ્ટલી હોવાના કારણે અમેરિકન ઇન્ડસ્ટ્રિઆલિસ્ટ મેઇડ ઇન અમેરિકા પ્રોડક્ટ દુનિયાની એક્સપોર્ટ માર્કેટમાં કોમ્પિટિટીવ રેટથી વેંચી નહીં શકે અને તેથી તેઓએ વિદેશમાં ગુડ્ઝ અને સર્વિસીઝ માટે એકમો સ્થાપવા સિવાય કોઇ વિકલ્પ નહીં રહે. આ મલ્ટિપલ મોરચે એટેક કરી રહેલ ટ્રમ્પ સરકાર ભવિષ્યમાં કેટલી સફળ રહેશે તેની દુનિયા રાહ જોઇ રહી છે કારણકે 'ફીલિંગ ઓફ સુપિરિયોરિટી ઓલવેઝ સ્ટેમ ફ્રોમ એન ઇલ્યુઝન.' ■

# વર્ષ ૨૦૨૩-૨૪માં ફર્ટિલાઈઝરનું ઉત્પાદન ચાર ટકા વધ્યું

## ડીએપીની ૧૧૦.૧૮ લાખ ટનની આવશ્યકતા સામે ઉત્પાદન ૪૨.૯૬ લાખ ટન

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ફર્ટિલાઈઝરનું કુલ ઉત્પાદન વર્ષાનુવર્ષ ધોરણે ચાર ટકા વધીને ૫૦૩.૩૫ લાખ ટનની સપાટીએ રહ્યું હતું.

આજે લોકસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતાં રાજ્યકક્ષાના રસાયણ અને ખાતર ખાતાના પ્રધાન અનુપ્રિયા પટેલે વર્ષ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ સુધીની ફર્ટિલાઈઝરનાં ઉત્પાદનની આંકડાકીય માહિતી આપી હતી.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૨૫.૯૫ લાખ ટન, વર્ષ ૨૦૨૦-૨૧માં ૪૩૩.૬૮ લાખ ટન, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૩૫.૯૫ લાખ ટન, વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૮૫.૨૯ લાખ ટન અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૦૩.૩૫ લાખ ટન ફર્ટિલાઈઝરનું ઉત્પાદન થયું હતું.

વધુમાં ફર્ટિલાઈઝર પરની સબસિડીની રકમ વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૮૩,૪૬૬.૫૧ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧,૩૧,૨૨૯.૫૧ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૧,૫૭,૬૪૦.૦૮ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૨,૫૪,૭૯૮.૮૮ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧,૯૫,૪૨૦.૫૧ કરોડની સપાટીએ રહી હોવાનું તેમ જ સબસિડીની સમગ્ર સ્કીમ ખેડૂતોને સમયસર અને પોસાણક્ષમ ભાવથી ખાતરની ઉપલબ્ધિ થાય તેવી રીતે કેન્દ્રિત કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં અન્ય એક પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે જણાવ્યું હતું કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ડાઈ એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી)ની ૧૧૦.૧૮ લાખ ટનની આવશ્યકતા સામે સ્થાનિકમાં ઉત્પાદન ૪૨.૯૬ લાખ ટનનું રહ્યું હતું. આમ માગ અને પુરવઠા વચ્ચેનો ખાંચરો આયાતથી સરભર કરવા આયાત કરવી પડી હતી તેમ જ સ્થાનિકમાં રહેલા સ્ટોકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં દેશમાં ડીએપીનું ઉત્પાદન ૩૧.૫ લાખ ટનનું થયું છે અને વર્ષ દરમિયાન ૪૦.૧૫ લાખ ટન ઉત્પાદન થવાની ધારણા મુકવામાં આવી રહી છે.

વધુમાં ફોસ્ફેટિક અને પોટાસિક (પી ઍન્ડ કે) ફર્ટિલાઈઝર અંગે તેમણે જણાવ્યું હતું કે સરકારે ગત એપ્રિલ, ૨૦૧૦થી ન્યુટ્રિયન્ટ બેઝ્ડ સબસિડી પૉલિસી (પોષણ આધારિત સબસિડી પૉલિસી)નો અમલ શરૂ કર્યો છે. આ પૉલિસી હેઠળ પી ઍન્ડ કેમાં રહેલા પોષકત્વનાં આધારે વાર્ષિક-અર્ધવાર્ષિક ધોરણે ચોક્કસ રકમની સબસિડી નિર્ધારિત કરવામાં આવી છે. ■

# અમેરિકાની વેપાર નીતિ અને ટેરિફની ચિંતા વચ્ચે વિશ્વ બજાર પાછળ સોનામાં આગઝરતી તેજી

## રૂપિયો નબળો પડતાં આયાત પડતરો વધતાં તેજીને મળતું ઈંધણઃ સાપ્તાહિક ધોરણે ભાવમાં ૩.૧૮ ટકાનો ઉછાળો, તળિયે બેસેલી માગ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે હોદ્દો અખત્યાર કરવાની સાથે કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ૨૫ ટકા અને ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. જોકે, ત્યાર બાદ તેમણે કેનેડા અને મેક્સિકો પર લાદેલી ટેરિફ એક મહિનો સુધી મુલતવી રાખી હતી, પરંતુ ચીન પરની ટેરિફ યથાવત્ રાખી હતી. તેમ જ ચીને પણ અમેરિકાના આ નિર્ણયના પ્રતિસાદમાં અમેરિકાથી થતી આયાત સામે ૧૦થી ૧૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લેવાની સાથે અમેરિકાના આ પગલાંને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ) સમક્ષ પડકાર્યો હતો. આમ ભવિષ્યમાં આ ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ સપાટી પર આવતાં ગત સપ્તાહે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવા છતાં રોકાણકારોની સોનામાં સલામતી માટેની પ્રબળ માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. તેમ જ સતત છઠ્ઠા સપ્તાહમાં સાપ્તાહિક ધોરણે ભાવમાં તેજી જળવાઈ રહેતાં અંદાજે બે ટકા કરતાં વધુ માત્રામાં ભાવવધારો જોવા મળ્યો હતો.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૮૭ પૈસાનું ધોવાણ થવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો પણ વધવાથી ગત સપ્તાહે સ્થાનિકમાં સોનાના ભાવમાં વિશ્વ બજારનાં બે ટકા સામે ૩.૧૮ ટકા ઉછળી આવ્યા હતા અને તેજી વેગીલી બની હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૩૧મી જાન્યુઆરીનાં રૂ. ૮૨,૦૮૬ સામે સુધારાના અન્ડરટોને ૮૨,૦૯૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી સપાટીએ રહ્યા બાદ અંતે સપ્તાહની સર્વોચ્ચ રૂ. ૮૪,૬૯૯ની ઐતિહાસિક ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, તેજીના આ માહોલમાં એકંદરે રિટેલ સ્તરની માગ ઠપ થઈ જવાથી જ્વેલરી ઉત્પાદકોની માગ પણ શુષ્ક રહી હતી અને માત્ર છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જાહેર કરેલા ત્રિમાસિક આઉટલૂકમાં પણ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ દરમિયાન એકંદરે સોનાની ભાવ સપાટી ઊંચી રહેવાને કારણે ભારતની સોનામાં જ્વેલરી માટેની માગ ઘટવાની શક્યતા વ્યક્ત કરી હતી. જોકે, તેની સામે રોકાણલક્ષી માગમાં વધારો થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાનાં જાહેર થયેલા જાન્યુઆરી મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારમાં ૧,૪૩,૦૦૦નો ઉમેરો થયો હોવાના અહેવાલ હતા. જોકે, અર્થશાસ્ત્રીઓએ રોજગારમાં ૧,૭૦,૦૦૦નો ઉમેરો થવાની ધારણા મૂકી હતી. તેમ જ બેરોજગારીનો દર ૪.૧ ટકાની ધારણા સામે ચાર ટકાના સ્તરે રહ્યો હોવાના અહેવાલ હતા. તેમ છતાં હાલના તબક્કે વૈશ્વિક બજારમાં ખાસ કરીને વિશ્વના બે મોટાં અર્થતંત્રો ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ સપાટી પર હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૮૬૧.૪૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૮૮૭.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. એકંદરે હાલને તબક્કે બજારમાં કેન્દ્ર સ્થાને ટ્રમ્પની ટેરિફ નીતિની અનિશ્ચિતતા જ રહી હોવાનું હાઈ રિજ ફ્યુચર્સનાં મેટલ ટ્રેડિંગ વિભાગના ડિરેક્ટર ડેવિડ મિગરે જણાવતાં ઉમેર્યું હતું કે સામાન્યપણે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાઓના સંજોગોમાં રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતી હોય છે, જે હાલમાં જોવા મળી રહી છે.

ઝેનર મેટલ્સનાં મેટલ સ્ટ્રેટેજિસ્ટ અને વાઈસ પ્રેસિડૅન્ટ પીટર ગ્રાન્ટે જણાવ્યું હતું કે ટેરિફ વૉર શરૂ થવાની સાથે જ ચીને નવાં ચાઈનીઝ પ્રોગ્રામ હેઠળ વીમા ફંડોને સોનામાં રોકાણ માટે મંજૂરી આપવાની સાથે પીપલ્સ બૅન્ક ઑફ ચાઈનાની સોનામાં લેવાલીનો ટેકો મળી રહ્યો છે, જ્યારે ટીડી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ બાર્ટ મેલેકે જણાવ્યું હતું કે હાલમાં અમેરિકી ફેડરલ રિઝર્વ સામે વેતન વૃદ્ધિ, ઘટી રહેલી રોજગારી અને ફુગાવો નિયંત્રણમાં રાખવાના પડકારો છે અને જો આ તમામ મોરચે સાનુકૂળ સ્થિતિ નિર્માણ થાય તો જ ફેડરલ માટે વ્યાજદરમાં કપાત મૂકવાનું શક્ય બનશે.

અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં કપાતની શક્યતા પાતળી હોવાનો નિર્દેશ આપ્યો હોવા છતાં ગત સપ્તાહે સોનામાં ફૂંકાયેલી તેજીને ધ્યાનમાં લેતા ઐતિહાસિક સપ્તાહ પુરવાર થયું હતું. ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૮૮૬.૬૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ હાજર અને વાયદામાં ભાવ ઐતિહાસિક સપાટીને આંબી ગયા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું કે તાજેતરમાં સોનાની હાલની તેજીની રેલી માત્ર 'ટ્રમ્પ બમ્પ'ને કારણે જોવા મળેલી તાત્પૂરતી અથવા તો માત્ર થોડા સમય પૂરતી નથી, રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા અને આર્થિક અસ્થિરતાને ધ્યાનમાં લેતા આ તેજીના મૂળિયા ઘણાં ઊંડાં જણાય છે. આથી જ લંડન બુલિયન માર્કેટનાં ખેલાડીઓ વધતી માગને ધ્યાનમાં લેતા કેન્દ્રવર્તી બૅન્કો પાસેથી સોનું ઉછીનું લઈ રહ્યા હોવાથી ન્યૂ યોર્ક ખાતે ડિલિવરીઓ વધી રહી હોવાના અહેવાલ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે હજુ સુધી તેની ટેરિફ યોજનાઓમાં કિંમતી ધાતુઓનો સમાવેશ નથી કર્યો પરંતુ કોમોડિટીઝ સામેનાં જોખમોને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક ખાતે ડિલિવરીના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે, અમારા મતાનુસાર તાજેતરમાં સોનામાં જોવા મળેલી એકતરફી તેજી પશ્ચાત્ આગામી સપ્તાહ દરમિયાન તેજી થાક ખાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦,૦૦૦થી ૮૪,૦૦૦ની રેન્જમાં રહે તેવી ધારણ મુકાઈ રહી છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૧.૦૫ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૩૧મી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૦૫ અબજ ડૉલર વધીને ૬૩૦.૬૦૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં પણ દેશની અનામત ૫.૫૭૪ અબજ ડૉલર વધીને ૬૨૯.૫૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સપાટી સુધી પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણ અથવા તો ચંચળતાને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં સતત હસ્તક્ષેપ થઈ રહ્યો હોવાથી ઘણાં સપ્તાહ સુધી અનામતમાં એકતરફી ઘટાડો જોવા મળ્યા બાદ આ સાથે જ છેલ્લાં બે સપ્તાહથી વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો જોવા મળી રહ્યો છે. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨૦.૭ કરોડ ડૉલર ઘટીને ૫૩૭.૬૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત વિશ્વનાં અન્ય મુખ્ય ચલણો જેમ કે યુરો, પાઉન્ડ, યેન વગેરે સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર દેશની સોનાની અનામત ૧.૨૪૨ અબજ ડૉલર વધીને ૭૦.૮૯૩ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૯ કરોડ ડૉલર વધીને ૧૭.૮૮૯ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૪ કરોડ ડૉલર ઘટીને ૪.૧૪૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# આ વર્ષે દેશની નિકાસ ૮૦૦ અબજ ડૉલર સુધી પહોંચવાની શક્યતાઃ ગોયલ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશની નિકાસ વધીને ૮૦૦ અબજ ડૉલરની નોંધપાત્ર સપાટીએ રહે તેવી શક્યતા વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે વ્યક્ત કરી હતી.

ગત શુક્રવારે રાજ્યસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ગોયલે જણાવ્યું હતું કે દેશની નિકાસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેમાં પણ છેલ્લાં ચાર વર્ષમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષમાં નિકાસ ઈતિહાસમાં પહેલી વખત ૮૦૦ અબજ ડૉલરની સપાટીએ પહોંચે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે કૉંગ્રેસના નેતા રાજીવ શુકલાને જણાવ્યું હતું કે ભારતની નિકાસમાં ઘટાડો થઈ રહ્યો છે એ વાત સંપૂર્ણપણે સત્ય નથી. આ ઉપરાંત વિદેશી હૂંડિયામણની અનામતમાં થયેલા ઘટાડા અંગે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાય વખતથી અનામત ૬૦૦ અબજ ડૉલરની સપાટીએ જળવાઈ રહી હોવાથી તે ચિંતાનો કોઈ વિષય નથી.

જોકે, તેમણે ઉપલા ગૃહમાં જણાવ્યું હતું કે પેટ્રોલિયમ ઉત્પાદનો, કૉકિંગ કૉલ, કઠોળ અને તેલીબિયાં જેવી ચીજોની સ્થાનિકમાં માગ વધુ અને ઉત્પાદન ઓછું હોવાથી તેની આયાત અનિવાર્ય છે. તેમ છતાં સ્થાનિકમાં વપરાશ વધતાં જોવા મળી રહેલી આયાતમાં વૃદ્ધિ એ અર્થતંત્ર માટે સારી નિશાની હોવાનું જણાવ્યું હતું.

જો કોઈ ખાસ ક્ષેત્રમાં આયાત વધતી હોય ત્યારે તે ક્ષેત્રમાં ઉદ્યોગ આકર્ષિત થતાં હોય છે અને તેને કારણે જ રોજગારની તકો નિર્માણ થાય અને મોટાં રોકાણો થતાં હોય છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં વપરાશી માગમાં વધારો થાય તે માટે મધ્યમવર્ગનાં લોકોને વેરામાં રાહત આપવામાં આવી છે. ■


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન

**ઈ-ટેન્ડર નોટિસ**

**સ્ટોર્સ વિભાગ**

ટેન્ડર નં.: ૮૩૨૪૫૧૧૫ તારીખ: ૦૬/૦૨/૨૦૨૫ ડિવિઝનલ રેલવે મેનેજર (સ્ટોર્સ), રતલામ, પશ્ચિમ રેલવે, ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના સ્ટોર કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. કામનું નામ: તમામ ઉપભોજ્ય આઈટમ સાથે વેલ્ડીંગ પોર્શન ૬૦ કિગ્રા. R-૨૬૦ ગ્રેડ. વોરંટી મુદતઃ ડિલિવરીના તારીખ પછી ૩૦ મહિના [ઈન્સ્પેક્શન એજન્સીઃ TPI, સ્ટેજ ઈન્સ્પે.: નહીં. સ્ટેજસઃ 0] UVAM લીન્કિંગઃ આઈટમઃ ૩૧૦૦૪૯૪, એલ્યુમિનો થર્મિક પ્રોસેસસબ આઈટમ દ્વારા રેલ્સનું ફ્યુઝન વેલ્ડીંગઃ ઓટો ટેપીંગ થીમ્બલ અને SSC સાથે ૩ પીસ મોલ્ડ (Zr-વોશ્ડ) મેન્યુઅલી પ્રોસેડ/કોર શૂટેડ સાથે CAP/Oxy LPG/Oxy પ્રોપેન પ્રીહિટિંગનો ઉપયોગ કરીને ૨૫ મીમી ની નોમિનલ ગેમ સાથે ૬૦ કિગ્રા./૬૦ E૧ (R-૨૬૦ ગ્રેડ) રેલ માટે. આઈટમ ટાઈપઃ ગૂડ્સ (સપ્લાય). કામની અંદાજિત કિંમતઃ ૧૬૦૯૩૦૦૦.૦૦/- ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ ૦ (શૂન્ય) બાના રકમ ડિપોઝિટઃ ૩૨૧૮૬૦.૦૦/- ઓફરની માન્યતા (દિવસ): ત્યાર પછી ૯૦ દિવસની અંદર. ઈ-ટેન્ડર દસ્તાવેજની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ અને સમયઃ ૦૪-૦૩-૨૫, ૧૧.૦૦ ક, ઈ-ટેન્ડરની ખોલવા માટેની તારીખ અને સમયઃ ૦૪-૦૩-૨૫, ૧૧.૩૦ ક. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવી આવશ્યક.

Sr. ડિવિઝનલ મટેરિઅલ મેનેજર
પશ્ચિમ રેલવે, રતલામ

Apex/15/1/402

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન

**ઈ-ટેન્ડર નોટિસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્ર./પાવર) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ઓપન ટેન્ડર મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:- ઈ-ટેન્ડર નં.: EL-૨૦૨૪-૨૫-૩૩. કામનું નામઃ રતલામ ડિવિઝન-વિવિધ સ્થળ ડિવિઝન (૮૨૭ KW) ખાતે ગ્રીડ કનેક્ટેડ સોલાર પ્લાન્ટનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. અંદાજિત મૂલ્યઃ રૂ. ૪૪૧૯૭૯૪૪.૦૮/- ડિપોઝિટ કરાયેલ બાના રકમઃ- રૂ. ૩૭૧૦૦૦.૦૦/- પૂર્ણતાનો સમયગાળોઃ ૧૨ મહિના. કામનો સમાન પ્રકારઃ "સોલાર પેનલ્સ/સોલાર વોટર હીટર/સોલાર લાઈટિંગ સિસ્ટમ/સોલાર પાવર પેકનું સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ/AMC/રિપેરિંગ. આ કાર્ય નીચેની કોઈપણ સંસ્થામાં હાથ ધરવામાં આવવું જોઈએ. (એ) કેન્દ્ર સરકાર વિભાગ અથવા રાજ્ય સરકાર વિભાગ. (બી) કેન્દ્ર સરકાર PSUs અથવા રાજ્ય સરકાર PSUs." વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૪/૦૨/૨૦૨૫. ટેન્ડરની ખોલવાની તારીખઃ ૨૭/૦૨/૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

ડિવિઝનલ રેલવે મેનેજર
(ઈલેક્ટ્ર./પાવર)
રતલામ પશ્ચિમ રેલવે

Apex/7/1/398

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### મધ્ય રેલવે

**હિતની અભિવ્યક્તિ નોટિસ**

નં.: BY/લેબ/તપાસ/૨૦૨૫ તારીખઃ ૨૭/૦૧/૨૦૨૫

વિષયઃ ડૉ. B.A.M. હોસ્પિટલ, સેન્ટ્રલ રેલવે, ભાયખલા, મુંબઈ-૨૭થી સંદર્ભિત દર્દીઓની લેબોરેટરી તપાસ માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવવામાં આવે છે. ડૉ. B.A.M. હોસ્પિટલ સેન્ટ્રલ રેલવે ૨ વર્ષની મુદત માટે પ્રતિષ્ઠિત પ્રયોગશાળાઓ/સંસ્થાઓ પાસેથી મેડિકલ ડાયરેક્ટરની ઓફિસ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૨૭ ખાતે સીલબંધ કવરોમાં વિવિધ લેબોરેટરી તપાસ માટે ક્વોટેશન મંગાવે છે. EOI વિગતો વેબસાઈટ www.cr.indianrailways.gov.in પર ઉપલબ્ધ છે.

નીચેની શરતો પૂરી કરવી જરૂરી છેઃ

૧. લેબ NABL/CAP માન્યતા પ્રાપ્ત હોવી જોઈએ.
૨. લેબોરેટરી/એજન્સીએ દરરોજ કામકાજના દિવસે સ. ૯.૦૦ થી સાં. ૪.૦૦ કલાકની વચ્ચે અમારી હોસ્પિટલમાંથી લોહીના નમૂના એકત્ર કરવા માટે બે લાયકાત ધરાવતા ટેક્નિશિયન પોસ્ટ કરવા જોઈએ. અમારી હોસ્પિટલની પેથોલોજી લેબોરેટરીમાંથી સેમ્પલના દૈનિક સંગ્રહ માટે અને દર્દીઓને રિપોર્ટ પાછા પહોંચાડવાની સુવિધા ફરજિયાત છે. વોર્ડમાં દાખલ દર્દીઓના લોહીનું એકત્રીકરણ ફ્લેબોટોમિસ્ટ દ્વારા કરવાનું હોય છે. તમામ રિપોર્ટ દર્દીના ઈમેલ ID/મોબાઈલ પર મોકલવામાં આવશે. હાર્ડ કોપી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
૩. સુપ્રત કરવાના ક્વોટેશન મુંબઈ શહેરના નવીનતમ CGHS દરો કરતાં તુલનાત્મક અથવા ઓછા હોવા જોઈએ. બીન-CGHS પરિક્ષણો માટે પણ સ્પર્ધાત્મક દરો ટાંકવામાં આવશે. CGHS અને AIIMS પરિક્ષણ અને બીન-CGHS ની યાદી અલગથી જોડાયેલ છે. ઓફર કરેલા ટેસ્ટ મુજબના દરો તમામ કર સહિત હોવા જોઈએ.
૪. કોન્ટ્રાક્ટની માન્યતાની મુદત કામ શરૂ થયાની તારીખથી ૨ વર્ષ માટે રહેશે, દરોની સ્વીકૃતિને આખરી સ્વરૂપ આપવામાં આવશે.
૫. તમારે કામના અમલ પહેલા ૨,૦૦,૦૦૦/- બેંક ગેરંટી સુપ્રત કરવાની રહેશે.
૬. દરેક બિલ પર સંસ્થાઓના સ્ટેમ્પ સાથે અધિકૃત કર્મચારીઓની સહી હોવી જોઈએ.
૭. બીલ સાથે હોસ્પિટલનો સંદર્ભ લેટર અસલ અથવા ફોટોકોપીમાં જોડાવા જોઈએ.
૮. દરેક દર્દી માટેના ડુપ્લીકેટ બીલ દર મહિનાના અંતે વિગતોની સોફ્ટ કોપી સાથે સુપ્રત કરવામાં આવશે.
૯. બીલની ચકાસણી અને પ્રક્રિયામાં લગભગ ત્રીસ દિવસનો સમય લાગી શકે છે. આ મુદત પછી જ ચુકવણી કરવામાં આવશે.
૧૦. તમારી લેબોરેટરી વ્યક્તિ સંબંધિત હસ્તાક્ષર કરનાર સત્તાધિકારી પાસેથી દૈનિક ધોરણે સહી કરેલા તમામ સંદર્ભ ફોર્મ મેળવવા માટે જવાબદાર રહેશે.

દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખઃ ૩૧/૦૧/૨૦૨૫ ૧૧.૦૦ કલાકે
ટેન્ડરની બંધ થવાની તારીખઃ ૧૭/૦૨/૨૦૨૫ ૧૨.૦૦ ક.

DMO/મોઈક્રોબાયોલોજી/ભાયખલા

रेलवे फाटक को बंद स्थिती में पार करना मना है

759

### પશ્ચિમ રેલવે

#### મટેરિઅલ મેનેજમેન્ટ વિભાગ

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં.S/૦૯/૨૦૨૫ તારીખ ૦૫.૦૨.૨૦૨૫**

| ક્ર.નં. | આઈટમનું ટૂંકુ વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૭૦ | વ્હીલ પ્રોફાઈલિંગ ઈન્સર્ટ | ૫૭૮૨ નં. | ૦૪-૦૩-૨૫ |
| ૭૧ | માઈક્રોપ્રોસેસર આધારે ઈલેક્ટ્રોનિક સ્પીડ ઈન્ડિકેટિંગ, રેકોર્ડિંગ અને એનર્જી મોનિટરિંગ સિસ્ટમ (ESMON) | ૮૦ નં. | ૦૫-૦૩-૨૫ |
| ૭૨ | વર્ટિકલ ટેક ઓફ કેબલ હેડ | ૬૮ નં. | ૦૬-૦૩-૨૫ |
| ૭૩ | ૧૦ મીમી થીક સંયુક્ત ગ્રુવ્ડ રબર સોલ પ્લેટ | ૩૦૦૫૦૦૦ નં. | ૦૬-૦૩-૨૫ |
| ૭૪ | WAG7 લોકોમોટિવ્સ માટે પંચેડ ગ્રીડ એલીમેન્ટસ સાથે ૩ શન્ટીંગ નોચેસ માટે RS રેઝિસ્ટર ફીલ્ડ નબળું પડી રહ્યું છે. | ૨૫ નં. | ૦૭-૦૩-૨૫ |
| ૭૫ | ઉચ્ચ વોલ્ટેજ HRC ફ્યુઝ | ૭૯૯૬ નં. | ૨૬-૦૩-૨૫ |

વિગતવાર નોટીસ, બારડી ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.wr indianrailways.gov.inની મુલાકાત લો. 1050

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# દારૂની નીતિઓમાં આપ ધોવાઇ ગયો: હઝારે

મુંબઈ: દિલ્હીમાં ભાજપના થયેલા વિજય પર પ્રતિક્રિયા આપતા વરિષ્ઠ સામાજિક કાર્યકર્તા અણ્ણા હઝારેએ કહ્યું હતું કે દારૂ અંગેની નીતિઓ અને નાણાં ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાને કારણે દિલ્હીમાં અરવિંદ કેજરીવાલના આપની હાર થઇ છે.

દારૂની નીતિના મુદ્દામાં નાણાંની વાત આવી અને એમાં આપ ધોવાઇ ગઇ. આપની છબી જે હતી તે ખરડાઇ ગઇ. લોકોએ જોયું કે તેઓ (કેજરીવાલ) સ્વચ્છ પાત્રની વાત છે અને પછી દારૂની, એમ હઝારેએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૧માં હઝારેએ ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ ચલાવી હતી અને આ ચળવળને આધારે જ કેજરીવાલે ૨૦૧૨માં આમઆદમી પક્ષ (આપ)ની સ્થાપના કરી હતી. હઝારેની ચળવળ બાદ કેજરીવાલની ગણના તેમના ખાસ શિષ્ય તરીકે કરાઇ રહી હતી, પરંતુ આપની સ્થાપના બાદ બન્નેના માર્ગ અલગ થઇ ગયા હતા.

નિ:સ્વાર્થ ભાવે લોકો માટે કાર્ય કરવાની જરૂરને સમજવામાં આપ નિષ્ફળ રહ્યો હતો અને જનતાને ખોટા માર્ગે લઇ ગયો હતો, એમ હઝારેએ જણાવ્યું હતું. ■

# મહિલા કોન્સ્ટેબલે ટ્રેન સાથે ઘસડાતી મહિલાનો જીવ બચાવ્યો: વીડિયો વાયરલ

મુંબઈ: હાર્બર લાઈનના ચુનાભટ્ટી સ્ટેશને મહિલા પોલીસ કોન્સ્ટેબલે પોતાના જીવના જોખમે ચાલતી લોકલ ટ્રેન સાથે ઘસડાઈ રહેલી મહિલાનો જીવ બચાવ્યો હતો. ટ્રેનમાંથી ઊતરેલી મહિલાનો ડ્રેસ બીજી મહિલા પ્રવાસીની બૅગની ચેનમાં ફસાઈ ગયો હતો અને તે જ વખતે ચાલુ થયેલી ટ્રેન સાથે મહિલા ઘસડાઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની બપોરે ચુનાભટ્ટી રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ નંબર-૨ પર બની હતી. પ્લૅટફૉર્મ પર ઊભી રહેલી ટ્રેનમાંથી મહિલા પ્રવાસી ઊતરી ત્યારે તેનો ડ્રેસ બીજી મહિલા પ્રવાસીની બૅગની ઝિપમાં ફસાઈ ગયેલો હતો. ડ્રેસ ખેંચવા છતાં ચેનમાંથી છૂટ્યો નહોતો.

કહેવાય છે કે એ જ વખતે ટ્રેન ઝડપભેર ચાલુ થઈ હતી, જેને કારણે મહિલા ટ્રેન સાથે ઘસડાઈ હતી. પ્લૅટફૉર્મ પર હાજર પ્રવાસીઓએ મહિલાની મદદ માટે બૂમાબૂમ કરી હતી. એ વખતે ફરજ પર હાજર મહિલા કોન્સ્ટેબલ રૂપાલી કદમ દોડી આવી હતી.

કોન્સ્ટેબલ રૂપાલીએ મહિલાને બળપૂર્વક ખેંચી હતી, જેને કારણે ટ્રેનમાંથી મહિલા બહારની તરફ ધકેલાઈ ગઈ હતી. ત્રણેય મહિલા પ્લૅટફૉર્મ પર પટકાઈ હતી, પરંતુ

(જુઓ પાનું ૪) ▶▶

# ઘોડબંદર રોડ પરિસરનો ટ્રાફિક ૨૦ ટકા ઘટી જશો

**આંતરિક રસ્તાને જોડવા પર ભાર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણેના ઘોડબંદર પરિસરમાં આંતરિક પર્યાયી રસ્તાને જોડવાનું કામ પૂરું થયું તો ઘોડબંદર રોડ પરનો લગભગ ૨૦ ટકા ટ્રાફિક ઓછો થઈ જશે એવો દાવો રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે કર્યો છે.

તાજેતરમાં થાણે પાલિકા વિસ્તારમાં રાજ્ય સરકાર તરફથી મુંબઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, નાગલા બંદર ક્રીક કોસ્ટલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ઘોડબંદર રોડ પરના ટ્રાફિક જવા વિષયો પર પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે એક બેઠકનું આયોજન કર્યું હતું ,જેમાં થાણે પાલિકા સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેલવપમેન્ટ ઓથોરીટી (એમએમઆરડીએ), સાર્વજનિક બાંધકામ વિભાગ, ટ્રાફિક પોલીસ સહિત જુદા જુદા વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ઘોડબંદર રોડ પર રહેલા ટ્રાફિક સમસ્યાને મુદ્દે ફરી એક વખત વિગતવાર ચર્ચા થઈ હતી, જેમાં ઘોડબંદર રોડ સર્વિસ રોડને મેઈન રોડ સાથે જોડવાને લગતા અહેવાલ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમ જ ઘોડબંદર રોડ પરિસર અંતર્ગત આવતા પર્યાયી રસ્તાને જોડવાનું કામ પૂરું થયા બાદ ઘોડબંદર રોડ પર ટ્રાફિકમાં લગભગ ૨૦ ટકા ઘટાડો થશે, તેથી ઘોડબંદર રોડ પર પાંચ પૅકેજમાં લેવામાં આવેલા જુદા જુદા કામ કામ ઝડપથી કરવાનો આદેશ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપ્યો હતો. તે માટે જમીનનું સંપાદન અથવા અન્ય તમામ આવશ્યક મદદ થાણે પાલિકાના અર્બન ડેવલપમેન્ટ વિભાગ સાથે સમન્વયવ સાધીને તાત્કાલિક કરવાનો નિર્દેશ પણ તેમણે એમએમઆરડીએ અને થાણે પાલિકાને આપ્યો હતો. નાગલા બંદર ક્રીક કોસ્ટલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને મૅનગ્રોવ્ઝ પાર્ક આ બંને પ્રોજેક્ટ મહત્ત્વના છે. આ કામમાં અસરગ્રસ્ત થનારા પાત્રતા ધરાવતા લોકોનું પુનર્વસનનું કામ તાત્કાલિક પૂરું કરવું જેથી કરીને કામમાં કોઈ અડચણ આવે નહીં એવી સૂચના પણ પ્રતામ સરનાઈકે આપી હતી. ■

# કેજરીવાલ ભ્રષ્ટાચારના મુખ્ય સૂત્રધાર: ફડણવીસ

પુણે: દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના થયેલા વિજય પર આનંદ વ્યક્ત કરતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે દેશની રાજધાનીના લોકોએ દેખાડી દીધું છે કે તેઓ હવે ખોટું રાજકારણ સહન નહીં કરે.

આ સિવાય ફડણવીસે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને આમ આદમી પક્ષના પ્રમુખ અરવિંદ કેજરીવાલને ભ્રષ્ટાચારના મુખ્ય સૂત્ર ગણાવ્યા હતા.

૨૭ વર્ષ બાદ ભાજપ દિલ્હીમાં સત્તા પર આવશે એ વાતનો મને આનંદ છે. ખોટું રાજકારણ હવે સહન નહીં કરીએ એમ દિલ્હીના લોકોએ દેખાડી દીધું છે. જનતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દેશ માટેના સપનાંઓ પર ભરોસો રાખીને મતદાન કર્યુ હતું, એમ ફડણવીસે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. અરવિંદ કેજરીવાલ ભ્રષ્ટાચારના સૂત્રધાર છે, જ્યારે લોકોએ મોદીને પસંદ કર્યા છે. દિલ્હીમાં વસતા મરાઠી લોકોએ પણ મોદીજી માટે જ મતદાન કર્યુ છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. એક હૈ તો સૈફ હૈ સૂત્ર દેશમાં ભવિષ્યમાં પણ ઉપયોગી થઇ પડશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ■

**મહાયુતિમાં બધું સમુંસૂતરું નથી**

# મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીમાં અજિત પવારની એન્ટ્રીથી શિંદે નારાજ

મુંબઈ: મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સ્થાપના થયા બાદ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે નારાજ હોવાનું કહેવાઇ રહ્યું છે. રાજ્ય સરકારના વધુ એક નિર્ણયને કારણે શિવસેનામાં નારાજગી વધવાના સંકેત જણાઇ રહ્યા છે. ગુરુવારે સરકારે મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ)ની સ્થાપના પુનર્રચના કરી. નવ સભ્યવાળી આ ઓથોરિટીમાં મુખ્ય પ્રધાન સહિત નવ સભ્ય હોય છે. અન્ય સભ્યોમાં એકનાથ શિંદે સિવાય નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

મહાયુતિ સરકારે ગુરુવારે નવ સભ્યની જાહેરાત કરી. રાજ્યના મુખ્ય સચિવ એ મુખ્ય કાર્યકારી અધિકારી છે. અન્ય સભ્યોમાં મહેસુલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રધાન ગિરીશ મહાજન, પુનર્વસન પ્રધાન મકરંદ જાધવ-પાટીલ (એનસીપી) અને જાહેર આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરનો સમાવેશ થાય છે. શિંદે જૂથના એકમાત્ર સભ્ય આબિટકરનો ઓથોરિટીમાં સમાવેશ કરાયો છે. બિનસરકારી સભ્યોમાં આઇઆઇટી-મુંબઈના પ્રો. રવી સિંહા અને પ્રો, દીપાંકર ચૌધરી છે.

મહાયુતિ સરકારમાં ભાજપ બાદ શિંદેસેનાનો વધુ પાવર છે. તેમની પાસે ૫૭ વિધાનસભ્ય

(જુઓ પાનું ૪) ▶▶



**જય માતાજી:** મુંબઈ શહેરનું નામ જેમના પરથી રાખવામાં આવ્યું છે તે મુંબઈની કુળદેવી મુંબા દેવીની શનિવારે પાલખી કાઢવામાં આવી હતી અને નગરચર્યા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો ઊમટી પડ્યા હતા. (અમય ખરાડે)

# દિલ્હીના વિકાસમાં આવતી અડચણોનો સફાયો: એકનાથ શિંદે

મુંબઈ: ભાજપે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં જીત હાંસલ કરી છે ત્યારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ વિજયનું શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વચનો સાથે પક્ષે ચૂંટણીમાં કરેલી મહેનતને આપ્યું હતું અને કહ્યું હતું કે જુઠાણાના રાજકારણનો અંત આવ્યો છે.

એક્સ પર કરેલી ટ્વિટમાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે મહારાષ્ટ્ર બાદ દિલ્હીની જનતાએ પણ ભાજપની નેતાગીરી પર વિશ્વાસ દેખાડ્યો છે. દિલ્હીના વિકાસમાં આવતી અડચણોનો હવે સફાયો થઇ ગયો છે. મતદારોએ કેજરીવાલને બરાબરનો પાઠ ભણાવ્યો છે જેઓ જુઠાણું ફેલાવી રહ્યા હતા કે બંધારણ જોખમમાં છે.

આ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગેરન્ટીનો ચમત્કાર છે. ખોટાનું રાજકારણનો પરાજય થયો છે અને મતદારોએ સત્યનો સાથ આપ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

નાણા પ્રધાન નિર્મલા સીતારામને ગયા અઠવાડિયે રજૂ કરેલા કેન્દ્રીય બજેટ પર મતદારોએ પોતાનો ચુકાદો આપ્યો હોવાનું શિંદેએ જણાવ્યું હતું. ■

# બાન્દ્રાના સિવરેજ પ્લાન્ટનું કામ ૨૧ ટકા પૂર્ણ



**કામ પ્રગતિએ:** બાન્દ્રામાં તૈયાર થઈ રહેલા નવા સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામનું અત્યાર સુધી આટલું કામ થયું છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પશ્ચિમ)માં સી લિંક પાસે મુંબઈ મહાનગરપાલિકાએ સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ૨૧ ટકા કામ પૂરું કરી લીધું છે અને જુલાઈ ૨૦૨૭ સુધીમાં તેને પૂર્ણક્ષમતાએ ચાલુ કરી દેવાની યોજના છે. એક વખત પ્લાન્ટનું કામ પૂરું થઈ જશે ત્યારબાદ આ પ્લાન્ટની દરરોજની પાણી પર પ્રક્રિયા કરવાની ક્ષમતા ૩૬૦મિલ્યન લિટરની રહેશે, જેમાં સેકેન્ડરી અને ટર્શીયરી ટ્રીટમેન્ટ લેવલની રહેશે. પાલિકાની પીવાના પાણી પરની નિર્ભરતા ઘટાડવા સાથેના ઉદ્દેશ્ય સાથે પ્રક્રિયા કરેલા પાણીનો ઉપયોગ બિન-પીવાલાયક ઉપયોગ માટે કરવાની યોજના છે.

મુંબઈમાં સાત સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ને અપગ્રેડ કરવાની મુંબઈ મહાનગરપાલિકાની પહેલના ભાગરૂપે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ વરિષ્ઠ અધિકારીઓ સાથે શનિવારે બાન્દ્રા(પશ્ચિમ)માં વેસ્ટ પ્લાન્ટના કામની સમીક્ષા કરી હતી. તેમણે પ્રોજેક્ટના મોડેલનું નિરીક્ષણ કર્યું હતું અને 'વર્ચ્યુલ રિયાલિટી ગ્લાસેસ' દ્વારા વર્ચ્યુઅલ રીપ્રેઝેન્ટેશન પણ જોયું હતું. એ સાથે જ તેમણે દરિયામાં છોડવામાં આવતા પાણી માટેના આઉટફોલ અને ૨૫૦

(જુઓ પાનું ૪) ▶▶

# ૩૪૮૬ કરોડનો વાઢવણ હાઈવે

મુંબઈ: દહાણુ નજીક બની રહેલા એશિયાના સૌથી મોટા વાઢવણ પોર્ટ માટે એક નેશનલ હાઇ-વે બનાવવામાં આવશે, અને તેના માટે ૩૪૮૫.૯૯ કરોડ રૂપિયાનો ખર્ચ નક્કી કરવામાં આવ્યો છે. આ રસ્તા માટે ૩૧.૧૪ કિમી, ૩૨.૨૮ કિમી અને ૨૯.૪૦ કિમી. એમ ત્રણ વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી હતી. અભ્યાસ પછી, સૌથી ઓછી જમીન સંપાદન કિંમતને કારણે ૩૨.૨૮ કિમી લંબાઈનો બીજો વિકલ્પ મંજૂર કરવામાં આવ્યો હતો, અને નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઇ) એ તેના માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

વાઢવણ પોર્ટ બન્યા પછી, પ્રથમ તબક્કામાં, દરરોજ લગભગ ૫૦,૦૦૦ માલવાહક વાહનોની અવરજવર થશે. આ માટે, એનએચએઆઇ એક નવો આઠ-લેન નેશનલ હાઇ - વે બનાવી રહ્યું છે. આ માટે, ત્રણ વિકલ્પોમાંથી, પ્રસ્તાવિત ખર્ચ પહેલા વિકલ્પમાં રૂ. ૪૨૦૫.૮૧ કરોડ, બીજા વિકલ્પમાં રૂ. ૩૪૮૫.૯૯ કરોડ અને ત્રીજા વિકલ્પમાં રૂ. ૩૫૭૩.૮૬ કરોડ હતો. જોકે, બીજા વિકલ્પને બાદ કરતાં, અન્ય બે વિકલ્પોમાં બાંધકામ સિવાય અન્ય ખર્ચ ૧,૦૦૦ કરોડથી વધુ હતો. બીજા વિકલ્પની કિંમત ૯૨૭.૯૧ કરોડ હોવાથી, તેના આધારે આ હાઇવે બનાવવામાં આવી રહ્યો છે.

આ હાઇવે વરોરથી શરૂ થશે અને બાવડા, સુમાડી, ચિંચારે, નાનીવલી થઈને તાવા જશે. આ સમય દરમિયાન, આ હાઇવે રેલવેના સમર્પિત ફ્રેઇટ કોરિડોર, હાલની પશ્ચિમ રેલવે લાઇન, નિર્માણાધીન બુલેટ ટ્રેન લાઇન, નિર્માણાધીન બરોડા-મુંબઈ એક્સપ્રેસવેને પાર કરશે અને તાવા ખાતે નેશનલ હાઇ-વે ૪૮ સાથે જોડવામાં આવશે. તેમાં બરોડા-મુંબઈ એક્સપ્રેસ વે માટે ચિંચરે ખાતે અને બુલેટ ટ્રેનના બોઈસર સ્ટેશન માટે સુમાડી ખાતે ઇન્ટરચેન્જ હશે.

આ હાઇવે પર બે ટનલ હશે. તેમાંથી એક ટનલ સુમાડી અને રાવતે વચ્ચે, જંગલ વિસ્તારમાં હશે. બે મોટા પુલ, ૧૯ નાના પુલ, ત્રણ ફ્લાયઓવર, સાત અંડરપાસ, ૨૦ હળવા વાહન અને ૧૦ નાનાં વાહનો માટે સબવે હશે. ■

# દિલ્હીમાં પણ મહારાષ્ટ્ર પેટર્ન: સંજય રાઉત

મુંબઈ: દિલ્હીમાં આમઆદમી પક્ષ (આપ)ની થયેલી હાર અને ભાજપના થયેલા વિજય પર પ્રતિક્રિયા આપતા શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપ અને કાંગ્રેસે જોડાણ કર્યુ હોત તો ભાજપનો સફાયો થઇ જાત.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એકનાથ શિંદેની શિવસેના, અજિત પવારની એનસીપી અને ભાજપની મહાયુતિના વિજય બાદ ઇવીએમ મશીનો અને મતદાર યાદીમાં ગરબડ હોવાનો આક્ષેપ સંજય રાઉતે કર્યો. એ જ રડગાણું અહીં પણ અપનાવતા રાઉતે આક્ષેપ કર્યો હતો કે ભાજપે મહારાષ્ટ્ર પેટર્ન દિલ્હીમા પણ અપનાવી છે. આપ અને કોંગ્રેસે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાથ મિલાવ્યા હોત તો સારું થયું હોત. બન્ને પક્ષે અલગ અલગ ભાજપ વિરુદ્ધ લડત ચલાવી હતી. જો તેઓ સાથે લડ્યા હોત તો ભાજપને માત આપી દેવામાં સફળ રહ્યા હોત. આપણે આ પરથી શીખ લેવી જોઇએ, એમ રાઉતે વધુમાં જણાવ્યુ હતું.

લેફ્ટેનન્ટ જનરલ (એલજી)ને સંપૂર્ણ સત્તા આપી દેવામાં આવી હોવાથી આપને દિલ્હીમાં કોઇ કાર્ય કરવાનો મોકો જ મળ્યો નહોતો. આ સિવાય આપના મહત્ત્વના બધા નેતાઓ જેલમાં હતા એટલે પણ આપની હાર થઇ છે. ભાજપને સત્તા પર લાવવા માટે મહારાષ્ટ્ર પેટર્ન અપનાવવામાં આવી હતી, એમ રાઉતે આક્ષેપ કર્યો હતો. ■

# રાજ્યમાં ફળ નિકાસ વધારવા માટે ત્રણ ક્લસ્ટર સ્થાપવાનો પ્રસ્તાવ

મુંબઈ: રાજ્યમાંથી ફળ નિકાસ વધારવા માટે, જલગાંવમાં કેળાના, ચંદીગઢમાં કાજુના અને વિદર્ભમાં નાગપુર, અમરાવતી અને વર્ધામાં નારંગીના ક્લસ્ટર સ્થાપવા માટે એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ એક્સપોર્ટ ઓથોરિટી (અપેડા)ને વિનંતી કરવામાં આવી હતી. કેળાના ક્લસ્ટરને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે કાજુ અને નારંગીના ક્લસ્ટરને ટૂંક સમયમાં મંજૂરી મળશે.

ફળ ઉત્પાદનમાં મહારાષ્ટ્ર દેશમાં પહેલા ક્રમે છે. કેળા, નારંગી, ખાટાં ફળો, દાડમ, કાજુ, કેરી અને દ્રાક્ષની અહીંથી

નિકાસ થાય છે. આ ફળોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ એક્સપોર્ટ ઓથોરિટી એ પહેલ કરી છે. રાજ્યમાંથી ફળોની નિકાસ વધારવા માટે જલગાંવમાં કેળાના ક્લસ્ટર, વિદર્ભમાં નાગપુર, અમરાવતી અને વર્ધામાં નારંગી ક્લસ્ટર અને ચંદીગઢ (કોલ્હાપુર) માં કાજુ ક્લસ્ટર સ્થાપવાનો પ્રસ્તાવ હતો. તેમાંથી, જલગાંવમાં કેળાના ક્લસ્ટરને મંજૂરી મળી ગઈ છે, જ્યારે નારંગી અને કાજુના ક્લસ્ટરની મંજૂરી અંતિમ તબક્કામાં છે. અપેડાએ ત્રણેય ક્લસ્ટરનું કામ ઝડપથી પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે.

દરમિયાન, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અપેડા પ્રમુખ અભિષેક દેવને પત્ર મોકલીને વિદર્ભમાંથી ફળ નિકાસને પ્રોત્સાહન આપવા માટે નાગપુરમાં અપેડા વિભાગીય કાર્યાલય ખોલવાની માગ કરી હતી. આનો સકારાત્મક પ્રતિભાવ મળતાં, નાગપુરમાં એપેડા ડિવિઝનલ ઓફિસ ખોલવાનું કામે વેગ પકડ્યું છે. આનાથી વિદર્ભમાંથી ફળોની નિકાસમાં વધારો થશે. ■

"ચારધામ યા રાજા"
"સાવધાન"
'યાત્રા રજીસ્ટ્રેશન નહિ હોય તો ચારધામ યાત્રા નહિ કરી શકો'
રેલવે બુકીંગ પણ શરુ થઇ ગયું છે એપ્રિલ નું..જલ્દી કરો નામ નોંધાવો
યમનોત્રી - ગંગોત્રી
કેદારનાથ - બદ્રીનાથ
એ.ડી. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
વધુ વિગત માટે સંપર્ક: અજય દત્તાણી
9869070203, 7400170203
કુણાલ:9823996229, 8999152766

# આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચાર અને જુઠ્ઠાણામાં લિપ્ત હતી: અનુપ્રિયા પટેલ

મુંબઈ: દિલ્હીમાં આમ આદમી પાર્ટી (આપ) ભ્રષ્ટાચાર અને જુઠ્ઠાણામાં લિપ્ત હતી, પરંતુ લોકોએ તેમના મત દ્વારા તેનો જવાબ આપ્યો, એમ કેન્દ્રીય પ્રધાન અનુપ્રિયા પટેલે કહ્યું. તેણે કહ્યું કે દિલ્હીના લોકોએ આ વખતે વિકાસ માટે અને ''ભ્રષ્ટાચારથી મુક્તિ'' માટે મતદાન કર્યું છે. દિલ્હીની કુલ ૭૦ વિધાનસભા બેઠકોમાંથી, ભાજપ અત્યાર સુધીમાં ૪૫ બેઠકો પર જીતી છે અને અન્ય ત્રણથી આગળ છે.

ચૂંટણીમાં ઘણા અગ્રણી નેતાઓની હાર બાદ આપના ભવિષ્ય વિશે પૂછવામાં આવતા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યપ્રધાને કહ્યું કે જૂઠાણા પર આધારિત રાજનીતિ વધુ દૂર જતી નથી. ''તેમણે દિલ્હીના લોકોને ભ્રષ્ટાચાર અને જુઠ્ઠાણામાં ધકેલી દીધા, અને આજે લોકોએ તેમના મત દ્વારા જવાબ આપ્યો,'' તેણે ઉમેર્યું. ■

# રાહુલ ગાંધી પોતાના મોં પરની ધૂળ સાફ કરવાને બદલે અરીસો સાફ કરી રહ્યા છે: મુખ્ય પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીમાં નવા મતદારોની સંખ્યામાં થયેલા વધારા સામે આંગળી ચિંધતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ઝાટકણી કાઢતા રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાહુલ ગાંધી પોતાના મોં પરની ધૂળ સાફ કરવાને બદલે અરિસો સાફ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રની ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ગેરરીતી અપનાવવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી બાદ પાંચ મહિનામાં મતદારોની સંખ્યામાં જોરદાર વધારો થયો હતો. લોકસભાની અને વિધાનસભાની ચૂંટણી વચ્ચેના પાંચ મહિનામાં નવા ૩૪ લાખ મતદારોનો ઉમેરો થયો હતો. તેની સામે રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો હતો.

જયપુર ડાયલોગ્સ ડેક્કન સમિટ પુણે-

(જુઓ પાનું ૪) ▶▶

# બે વર્ષમાં થાણેને વધારાનું ૨૦૦ એમએલડી પાણી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે શહેરના ઘોડબંદર રોડ, કલવા, મુમ્બ્રા અને દિવા સહિતના જુદા જુદા વિસ્તારોમાં લાંબા સમયથી પાણીની અછતની ફરિયાદો આવી રહી છે ત્યારે પાલિકા કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું કે આગામી બે વર્ષમાં શહેરને વધારાનું ૨૦૦ મિલ્યન લિટર વધારાનું પાણી ઉપલબ્ધ થવાનું છે અને તેને કારણે શહેરની પાણીની અછતમાં ઘણી રાહત મળી રહેશે. તાજેતરમાં એક કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.